# વીવેક-વલ્લભ

## રમણ પાઠક ‘વાચસ્પતી’ના ચીન્તનાત્મક લેખો



(ડાબેથી) સર્વશ્રી છગન બરવાળીયા, સીદ્ધાર્થ દેગામી, હૃદયસ્થ રમણ પાઠક
વલ્લભ ઈટાલીયા, મીતા ઈટાલીયા, ડો. દીશા ઈટાલીયા

સમ્પાદક : સુનીલ શાહ

# અર્પણ..

આમુલ સુધારાવાદી

સામાજીક અગ્રણી



શ્રી. રામજીભાઈ ઈટાલીયા

ને

અત્યન્ત પ્રેમાદરપુર્વક

# વીવેક–વલ્લભ

(મે–૨૦૦૮માં શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાને

‘રમણભ્રમણ સુવર્ણચન્દ્રક’ એનાયત થયો તે નીમીત્તે પ્રકાશન)

♦લેખક♦


રમણ પાઠક ‘વાચસ્પતી’


●સમ્પાદક●


સુનીલ શાહ

sunilshah101@gmail.com


♦પ્રકાશક♦


જમનાદાસ કોટેચા,

(અફસોસ, જમનાદાસ હવે આપણી વચ્ચે નથી.)

માનસ પ્રદુષણ નીવારણ કેન્દ્ર

જોરાવરનગર–363 020

(A page from a printed book)

Vivek–Vallabh : (A collection of Essays) By Raman Pathak 'Vachaspati'

© પ્રકાશકના

પ્રથમ આવૃત્તી : ડીસેમ્બર, 2008

નકલ : 1000

કીમ્મત : રુપીયા 100/- (*હાલ અપ્રાપ્ય*)

♦પ્રકાશક♦

જમનાદાસ કોટેચા,

*(અફસોસ, જમનાદાસ હવે આપણી વચ્ચે નથી.)*

માનસ પ્રદુષણ નીવારણ કેન્દ્ર, જોરાવરનગર–363 020

●ટાઈપ સેટીંગ●

શીવ કમ્પ્યુટર, શીવનગર–3, મુ. રતનપર,

સુરેન્દ્રનગર મોબાઈલ : 99741 56227

♦મુદ્રક♦

ચન્દ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર, અમદાવાદ

(A page for eBook)

e.Book : 'Vivek–Vallabh': (A c ollection of Essays) By Raman Pathak

– Vachaspati

© સૌજન્યકારના

♦પ્રથમ પ્રયાસ : જુલાઈ, 2015♦ ●નકલ : અગણીત●

ઈ.બુક મુલ્ય : રૅશનલ વીચારોની મફ્ફત લહાણી

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ,
405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી. પોસ્ટ : એરુ એ. સી. – 396450
સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : manimaru1712@gmail.com

♦સમ્પુર્ણ સૌજન્ય♦

વલ્લભભાઈ ઈટાલીયા
74-B, હંસ સોસાયટી, વરાછા રોડ, સુરત - 395 006
સેલફોન : 98258 85900 ઈ.મેઈલ : vallabhitaliya@gmail.com

●માર્ગદર્શન અને પ્રુફવાચન●

ઉત્તમભાઈ ગજ્જર
ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006
ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

ગોવીન્દ મારુ
405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી. પોસ્ટ : એરુ એ. સી. – 396450
સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખના અન્તે લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે.


| ક્રમ | લેખનું શીર્ષક | પાનક્રમાંક |
|---|---|---|
| I | અંતરનો આવકાર : શ્રી. વલ્લભભાઈ ઈટાલીયા | 008 |
| II | સુગન્ધમાં સુવર્ણ : પ્રા. રમણભાઈ પાઠક (વાચસ્પતી) | 010 |
| 01 | વલ્લભ ઉર્ફે વહાલા ઉર્ફે માનવતાના મેરુ | 013 |
| 02 | એક મુલાકાત : વલ્લભભાઈ ઈટાલીયા સાથે | 017 |
| 03 | ધર્મકથાઓ અને પારાયણો ફક્ત રાતે જ યોજાય તો કેમ ? | 023 |
| 04 | તર્ક ત્રીજું નેત્ર છે; ત્યાં અન્ધત્વ કેવું ? | 028 |
| 05 | રૅશનાલીઝમના વીરોધીઓ કશું વાંચતા જ નથી | 032 |
| 06 | પીડા–તરંગથી ભુકમ્પ થાય ? હીંસા વીશેની ગેરસમજો | 036 |
| 07 | રૅશનાલીઝમ તર્કજડતા નથી; સંશયવાદ છે | 041 |
| 08 | રૅશનાલીઝમનું ભાવી એકદમ ઉજ્જ્વળ છે | 046 |
| 09 | મુમ્બઈયાત્રાનું તીર્થસલીલ : રૅશનાલીઝમનો પ્રસાર | 051 |
| 10 | અધ્યાત્મવાદ એટલે અસત્યની આરાધના : | 56 |
| 11 | ભ્રમણાને આધ્યાત્મીક સીદ્ધી રખે માનો ! | 61 |
| 12 | શ્રદ્ધા અને સંશય જોડીયાં ભાઈ–બહેન જ ! | 66 |
| 13 | વૈજ્ઞાનીક સત્ય અને ભાવનાત્મક સત્ય | 71 |
| 14 | આધ્યાત્મીક સુખશાન્તી એટલે બડાશ અને આત્મપ્રતારણા | 76 |
| 15 | શીક્ષીતો પણ ચમત્કાર એટલે અધ્યાત્મ એવું માને છે | 81 |
| 16 | ભયમાંથી ઉદ્‌ભવેલ ધર્મ આજે સ્વયં ભયજનક | 85 |
| 17 | આપણે એક ભયાવહ વીવેકભ્રષ્ટ પ્રજા છીએ | 89 |
| 18 | સ્વર્ગ આકાશમાં નહીં; ધરતી પર જ છે | 94 |

| | | |
|---|---|---|
| 19 | ભુકમ્પ, ભગવાન અને ચંગીઝખાન | 98 |
| 20 | પાંચ હજાર વરસમાં પણ ધર્મ માણસાઈ વીકસાવી ન શક્યો ? | 102 |
| 21 | માનવજાત 'સંયમ'થી અસહ્ય પીડાય છે ! | 107 |
| 22 | આપણે ઈશ્વરનાં માનીતાં કે મોંઘેરા સન્તાન નથી જ નથી | 112 |
| 23 | વીવેકપુત વીચારમૌક્તીક મંજુષા | 117 |
| 24 | ધર્મમન્ત્રોના પ્રભાવનું અગડંબગડમ્ | 122 |
| 25 | નાસ્તીકતા કોઈમાં ખુની ઉશ્કેરાટ પ્રેરતી નથી | 130 |
| 26 | વાસ્તુશાસ્ત્ર કે ફાલતુશાસ્ત્ર ? : દાવા અને દીશા | 135 |
| 27 | જ્યોતીષે સમાજનું નૈતીક અધઃપતન નોતર્યું છે | 138 |
| 28 | વીચારમાધુરીનું રૅશનલ માધુર્ય – લ્યો, એક વધુ પુસ્તક | 143 |
| 29 | ઈશ્વરની લીલા અકળ છે | 147 |
| 30 | આપનું સુખદ તથા શુભ મૃત્યુ હો ! નુતન વર્ષની શુભેચ્છા | 152 |
| 31 | સાવધાન ! એ લોકો આપને છેતરે છે ! | 157 |
| 32 | નીતીમત્તા એ તો નાગરીક આચારસંહીતા | 162 |
| 33 | શ્રદ્ધા નહીં, સંશય સેવો | 167 |
| 34 | વૃદ્ધાવસ્થાની SEX સમસ્યા | 171 |
| 35 | પ્રેમપત્ર : પ્રેમ : સેક્સ | 175 |
| 36 | સેક્સ સમ્બન્ધોનો એક ગહન – અજ્ઞાત ખુણો | 178 |
| 37 | એગ્નોસ્ટીસીઝમ એટલે શું ? | 182 |
| i | આભાર વ્યક્ત કરવાનો અવસર.... | 186 |
| ii | રમણ પાઠક 'વાચસ્પતી'નું સર્જન–ચીંતન | 188 |
| Iii | અન્તીમ ટાઈટલ પેજ | 190 |

અનુક્રમણીકા

## 'વીવેક–વલ્લભ'ની 'ઈ.બુક' અવતરણ વેળા

# અંતરનો આવકાર

વીજ્ઞાન અને તર્કવીજ્ઞાન રૅશનાલીઝમનો પાયો છે અને સમાજસુધારો, ધર્મસુધારો તેનું પ્રમુખ ધ્યેય છે. પ્રા. રમણભાઈ પાઠકનું સમગ્ર ચીન્તન મુળ તો માનવજાતને મીથ્યા માન્યતાઓમાંથી મુક્ત કરી, સુખી અને આનન્દપ્રદ જીવનપ્રદાન કરવાની એમની તીવ્ર ઝંખનાનું પરીણામ છે. માનવી કેમ વધારે સુખી થાય તે જ તેઓનો પ્રાણપ્રશ્ન અથવા પ્રથમ ચીન્તાનો વીષય. એથી જ તેઓ વીવેકબુદ્ધીવાદી હોવાની સાથે સાથે પ્રકાંડ સમાજસુધારક પણ છે. માનવજાતને સ્પર્શતાં લગભગ તમામેતમામ ક્ષેત્રોમાં તેઓની સુધારકદષ્ટી ભ્રમણ કરતી રહી છે.

રમણભાઈ પોતાના રસભર, આનન્દસભર અને ભાતીગળ આયુષ્યનાં 92 વર્ષ પુરાં કરી, તાજેતરમાં જ આપણી વચ્ચેથી વીદાઈ લઈ ગયા. એમનાં મુલ્યવાન વીચારો–પુસ્તકો ગુજરાતના સાહીત્યજગતની, વીચારજગતની મહામુલી મુડી છે. રમણભાઈ ગયા; પણ એમનો વીશાળ વીચારવારસો મુકતા ગયા છે, જે હમ્મેશાં આપણી સાથે અને આવનારી પેઢીઓ સાથે જીવંત રહેવાનો છે.

મુમ્બઈના દૈનીક 'સમકાલીન'માં તે કાળે પ્રકાશીત થયેલા રમણભાઈના લેખોનું, શ્રી. સુનીલભાઈ શાહ ( ઈ.મેઈલ : sunilshah101@gmail.com ) સમ્પાદીત એક પુસ્તક 'વીવેક–વલ્લભ'ની પ્રથમ આવૃત્તી ઘણા સમયથી ખલાસ થઈ ગઈ હતી. અમે બીજી આવૃત્તી પ્રકાશીત કરવાનું વીચારતા જ હતા, ત્યાં જ આદરણીય શ્રી ઉત્તમભાઈ ગજ્જરે તે પુસ્તકના મુલ્યવાન લેખોની 'ઈ.બુક' બનાવવાનો પ્રસ્તાવ મુક્યો. દોડવું હતું ને મને તો ઢાળ મળી ગયો ! મેં તે પ્રસ્તાવ તરત જ સ્વીકાર્યો અને 'રૅશનલવીચારો' વહેવડાવતા ને પ્રસારતા નવસારીના ભાઈ શ્રી. ગોવીન્દભાઈ મારુએ તો તે કામ ઉલટભેર, તત્કાળ ઉપાડી આરમ્ભી પણ દીધું...! આ બન્ને મહાનુભાવોને એમની અવીરત મહેનત, ધગશ અને નીષ્ઠા બદલ મારા અંતરથી અભીનન્દન..

હવે, માત્ર ગુજરાત રાજ્યના જ નહીં; દેશદેશાવરના અસંખ્ય વીચારવન્ત વાચકમીત્રો આ બહુઆયામી, બહુઅવગાહી અને બહુમુલ્ય 'ઈ.બુક'નો નીઃશુલ્ક લાભ મેળવી શકશે. અને એ રીતે ઈન્ટરનેટના માધ્યમથી આ પેઢી અને ભાવી પેઢી સુધી રમણભાઈના પથદર્શક વીચારો પહોંચવાના છે. રૅશનાલીસ્ટ મીત્ર શ્રી. ગોવીન્દભાઈ મારુ રૅશનાલીઝમ વીષયક વીવીધ લેખકોના સત્ત્વશીલ, મુલ્યવાન લેખો તો પોતાના 'અભીવ્યક્તી' બ્લોગ પર

વહેતા મુકવાની ‘રૅશનલ વીચારયાત્રા’, પોતાનું જીવનધ્યેયકાર્ય સમજીને સાત વર્ષથી કરી રહ્યા છે. સર્વશ્રી રમણભાઈ પાઠક, દીનેશભાઈ પાંચાલ અને મુરજી ગડાના ‘રૅશનલ લેખો’ની ત્રણ ઈ.બુક્સ ‘અભીવ્યક્તી’ બ્લોગ ( https://govindmaru.wordpress.com/e-books/ ) પર આ અગાઉ તેઓ પ્રગટ કરી ચુક્યા છે. એ જ રીતે હવે રૅશનાલીઝમનાં વીવીધ પાસાંને ઉજાગર કરતું, વૈવીધ્યસભર; છતાં રૅશનલકેન્દ્રી પ્રાણવાન પ્રકાશન ‘વીવેક–વલ્લભ’ને ‘ઈ.બુક’ સ્વરુપે તેઓ પ્રગટ કરી રહ્યા છે, ત્યારે તેમની ‘રૅશનલનીષ્ઠા’ અને તેમના ‘સેવાભાવ’ને અંતરથી મારો આવકાર અને અભીનંદન પણ..

સુરત

4થી જુન, 2015

–વલ્લભ ઈટાલીયા
vallabhitaliya@gmail.com



અનુક્રમણીકા

II

# સુગન્ધમાં સુવર્ણ

જાણીતા રૅશનાલીસ્ટ અગ્રણી, રૅશનાલીઝમના પ્રચારક તથા સચ્ચરીત્રબોધક ચીન્તનાત્મક નીબન્ધોના શક્તીશાળી લેખક–સર્જક એવા હીરા–ઉદ્યોગપતી શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાને ગત વર્ષનો ‘રમણભ્રમણ સુવર્ણચંદ્રક’ એનાયત થયો (જે વર્ષભર કે નીરન્તર રૅશનાલીઝમ વીચારધારાની નોંધપાત્ર વીસ્તારક પ્રવૃત્તી કરનાર વ્યક્તીને અપાય છે.); એના પ્રદાનવીધી પ્રસંગે, ખાસ તો શ્રી. વલ્લભભાઈનાં જ આયોજનદષ્ટી તથા પુરુષાર્થ–સહાયને પરીણામે જે ભવ્ય સમારોહ યોજાયો (મે–2008); એ પ્રસંગે રૅશનાલીઝમના પ્રચારના અનેક કાર્યક્રમો તો સમાવાયા જ, સાથે સાથે માનવતાના માનવવાદી વીવીધ કાર્યોને પણ એમાં વણી લેવામાં આવ્યાં. ત્યારે જ એવો વીચાર પણ પ્રગટ્યો જ કે, આ સત્વવન્તા સમારોહ નીમીત્તે જો એક પુસ્તક–પ્રકાશનનું કાર્ય પણ થઈ જ જાય, તો આ બૃહદ્–વ્યાપક વીવેકસમ્પન્ન સુગન્ધમાં વળી સુવર્ણ ભળે ! સર્વભાવે સખાદાતાર એવા વલ્લભભાઈની સમ્મતી તો નીઃશંક મળી જાય – એટલે એ નક્કી પણ થઈ ગયું. તત્કાળ, વીજ્ઞાનવીદ રૅશનાલીસ્ટ શ્રી. સુનીલ શાહનો સાથ સહકાર સામેથી જ મળી ગયો. તેઓએ મારા અનેક તથા અનેકવીધ લેખોમાંથી પસન્દગી કરી, સંગ્રહનો ગ્રન્થ તૈયાર કરી આપવો, એ કામ ખુશીથી સ્વીકાર્યું, અને ઝટપટ પુર્ણ પણ કરી આપ્યું. પ્રકાશનનું બીડું ઝીલનારાય રૅશનાલીઝમ ક્ષેત્રે સદાય તત્પર એવા જોરાવરનગરના જવાંમર્દ રૅશનાલીસ્ટ શ્રી. જમનાદાસ કોટેચા ઉત્સાહપુર્વક પ્રગટ થયા અને આમ પ્રસ્તુત ભવ્ય તથા સત્વશીલ સમારોહના સીદ્ધીકાર્યમાં એક વધુ સુરંગી મોરપીચ્છ ઉમેરાયું, જે હે વાચકમીત્રો, અત્યારે તમારા હાથમાં છે !

સંગ્રહના નામાભીધાનનું કાર્ય પણ સન્દર્ભોને ધ્યાનમાં લેતાં એકદમ સરળ બની ગયું: ‘વીવેક–વલ્લભ’, કારણ કે રૅશનાલીઝમની સીમાઓ આ રીતે સેંકડોગણી વીસ્તારનાર શ્રી. વલ્લભભાઈ જ જ્યારે સર્વ ઘટનાઓના નાયક હોય, ત્યારે આ મહાપ્રસંગની કાયમી સ્મૃતીમાં સુચકભાવે તેઓનું જ નામ વણી લેવું ઘટે ને ? ‘વીવેક–વલ્લભ’નો સમાસ જો આપણે છુટો પાડીએ તો, એ રીતે પાડી શકીએ કે, જેને રૅશનાલીઝમ–વીવેકબુદ્ધીવાદ વહાલો (વલ્લભ) છે એવી વ્યક્તીના આવા પુરુષાર્થથી, વીવેકબુદ્ધીવાદ બહુજન હીતાય બહુજનપ્રીય બની રહો !

આ પ્રકારના નૈમીત્તીક ગ્રંથ માટે મારા લેખોનો સંગ્રહ પ્રકાશનાર્થે પસંદ કરવામાં આવ્યો, એ બદલ હું આ સર્વની ઉંડી આત્મીયતાનો અન્તરથી ઋણી છું જ. અને વધારામાં,

એમાં ઔચીત્ય પણ ખરું જ ને ? 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક પ્રદાન પ્રસંગે, સમારોહ–સ્મૃતીગ્રંથ બહાર પાડવા માટે સૌથી વધુ નીકટની વ્યક્તી તરીકે તો હું જ યાદ આવું ને ? આભાર ! અહીં ત્વરીત તથા સ્વયંસ્ફુરીત એવી આવશ્યક સેવાઓ આપવા તત્પર થનાર શ્રી. વલ્લભભાઈ ઉપરાન્ત, શ્રી. સુનીલ શાહ અને શ્રી. જમનાદાસ કોટેચાનોય ઋણ સ્વીકાર તો કરું જ, બાકી આવા આત્મીય કાર્ય બદલ આભારનો ભાર તો તેઓને અણગમતો જ લાગે ને? આવાં સર્વ પ્રકાશનીય કે વાઙમયી સેવાકાર્યમાં જાણીતા કેળવણીકાર, ઉંઝા–જોડણીના જ્યોતીર્ધર શ્રી. ઉત્તમ ગજ્જરનો પ્રત્યક્ષ–પરોક્ષ સહકાર પણ વણમાગ્યો મળે જ, જે આ કાર્યમાં વીવીધ રીતે પ્રાપ્ત થયો છે. તો આ નીમીત્તે શ્રી. ઉત્તમભાઈનું અને શ્રીમતી મધુબહેનનું (જેઓને અમે કે સૌ કોઈ 'ઉત્તમ–મધુ'ના શુભ નામે ઓળખીએ છીએ) નામ સ્મરણ કરી, ઋણાનું બન્ધનો સ્વીકાર કરી લઉં !... વધુમાં, અત્રે ખાસ નોંધવું ઘટે કે શ્રી. સુનીલ શાહ સાચા અને પાકા, છતાં વીનમ્ર તથા સરળ રૅશનાલીસ્ટ છે; જેઓ વૈજ્ઞાનીક અભીગમના પ્રચારના ખાસ જ્યોતીર્ધર છે. આ પુસ્તકને જે વૈજ્ઞાનીકતાનો સંસ્પર્શ મળ્યો છે, એનો તમામ યશ શ્રી. સુનીલ શાહને ફાળે જ જાય છે.

ખાસ નોંધ એ જાહેર કરવાની કે આ પુસ્તક ભલે ઠીક ઠીક મોડું પ્રસીદ્ધ થાય છે, પરન્તુ એનું નીમીત્ત તો શ્રી. વલ્લભભાઈને અર્પણ થયેલ 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકના પ્રદાન–સમારોહ સાથે જ સંકળાયેલું છે. ભલે આ સ્મૃતીગ્રંથ પ્રસ્તુત સમારોહને એક વધુ શોભા તે કાળે ન અર્પી શક્યો; પરન્તુ ઉપર્યુક્ત નીમીત્ત તો આ સંગ્રહની શોભામાં અભીવૃદ્ધી કરનારું બને જ છે. પુસ્તક–પ્રકાશનનું કાર્ય આમેય અઘરું, જે આપણે ત્યાં કદાચ વધુ અઘરું છે, જેથી વીલંબ થઈ જ જાય, જે થયો; ખેર, બેટર લેઈટ ધેન નેવર !

શ્રી. સુનીલ શાહની એક વધુ ઉદારતાય અત્રે ચીંધી દઉં : સંપાદક તરીકે, (મારી મંજુરી બાદ) સર્વહક્ક તેઓનો જ હોય, ગણાય તેમ છતાં, આ વીનમ્ર પુરુષેએ અધીકાર પણ મને સોંપી દીધો : પાવર ઓફ એટર્ની ! અર્પણ, નામકરણ, સુધારા–વધારા, ઉમેરા સહીત બધો જ અધીકાર મને સુવાંગ સુપરત ! આવા નીઃસ્પૃહ અગ્રણીઓથી જ રૅશનાલીઝમનું નામ–કામ ઉજ્જ્વળ રહે છે અને એનો પ્રચાર–પ્રભાવ વેગવાન બને છે.

ધન્યવાદ..... જીવનભર રૅશનાલીઝમના સર્વાંગી પ્રચાર અર્થે ઝઝુમનાર શ્રી.જમનાદાસે પણ એવો જ ઉદાર અભીગમ દાખવ્યો : 'તમે કહો તેમ' – એ જ મારા પ્રતી તેઓનું ઉદાર સુવાક્ય. એમનેય પુનઃ પુનઃ સાભાર ધન્યવાદ !

અન્તમાં, નમ્રતાપુર્વક જણાવું કે, રૅશનાલીઝમ–પ્રચારક લેખોનો મારો આ પાત્રીસમો–છત્રીસમો સંગ્રહ છે, જે ઉપયોગી પણ નીવડે છે એવા હેવાલ મળતાં આનન્દ–

પરીતોષ અનુભવું છું. હજી તો, વધુ એક સંગ્રહ શ્રી. સુનીલ શાહ પોતે જ પ્રગટાવવા ઈચ્છે છે, એમ તેઓનું કહેવું છે. તેઓની આ સાદર આત્મીયતા બદલ, ન ઈચ્છું તોય, ઋણ વ્યક્ત થઈ જ જાય છે. આવા સક્રીય, ઉત્સાહી, ઉદાર તથા સેવાભાવી, રૅશનાલીઝમની સાચી લગનવાળા અનેક પુરુષોના હાર્દીક પુરુષાર્થથી રૅશનાલીઝમની ગતી મોટો વેગ પકડી રહ્યો છે, એ સુખદ પરીસ્થીતીનીય અત્રે નોંધ લઈ લઈએ !

અને છેવટે, એક સૌથી મહત્ત્વનો નામોલ્લેખ તથા ઋણસ્વીકાર, અને તે સુરતની ‘સત્યશોધક સભા’નો. આ તમામ પ્રવૃત્તીઓ, પ્રચારકાર્ય, સમારોહો તથા સમાયોજનો પાછળનું પ્રમુખ પ્રેરકબળ, નીમીત્ત તથા મુલાધાર તો આ સત્યશોધક સભા, સુરત જ છે ને ? યાદ રાખો કે, પ્રતીવર્ષ ‘રમણભ્રમણ સુવર્ણચંદ્રક’ પણ આ સંસ્થા દ્વારા જ અપાય છે. આજે, આ નીમીત્તે હું સત્યશોધક સભા તથા એના પ્રખર રૅશનાલીસ્ટ સુત્રોધારો (નામોલ્લેખ ટાળું) ને પણ સાભાર તથા લાગણીપુર્વક સ્મરી લઉં છું. આ સુવર્ણચંદ્રકની સ્થાપના પણ એ સંસ્થાના મારા પ્રત્યેના આત્મીય આદરભાવનું જ પ્રતીક છે ને ? એનું બહુવીધ ઋણ તે કેમ ભુલાય ?

એ જ રીતે, શ્રી. વલ્લભભાઈ ઈટાલીયા મારો આ સંગ્રહ પ્રગટાવે છે, એ તો ખરું જ; કીન્તુ એ ઉપરાંત પણ, મારા પ્રત્યે તેઓ અસીમ પ્રીતી તથા આદરભાવ સતત સેવતા–દાખવતા રહ્યા છે. મારી તો આ એક મોટી મુડી, મોટું આશ્વાસન છે. મારી વૃદ્ધ વયને ધ્યાનમાં રાખતાં, અહીં તેઓના ઋણનોય સ્વીકાર કરી જ લઉં, કારણ કે પછી સમય મળે, ન મળે !

અંતમાં સર્વ સાથી મીત્રોના, ચાહકોનો, વાચકોનો, સંબંધીતોનો, મારા લેખો પ્રગટાવનાર સામયીકોનો તથા આ સમગ્ર કાર્યમાં આત્મભાવે સહકાર આપનારા સૌ કોઈનો આભાર... આભાર... આભાર !

–રમણ પાઠક ‘વાચસ્પતી’

●

અનુક્રમણીકા

## 01

# વલ્લભ ઉર્ફે વહાલા ઉર્ફે માનવતાના મેરુ

વલ્લભભાઈને અગાઉ એક વીદ્વાન લેખકે 'માનવતાના મેરુ' કહ્યા છે. તે સચોટ ઉપમા આજે યાદ આવે છે તે સાથે સાથે જ, એમાં તાજેતરમાં જ થયેલ એક સીદ્ધી સોપાનનો ઉમેરો મેરુ પર્વતના એ ઉત્તુંગ શીખરને સાચા સુવર્ણના ઝળહળાટ સાથે વળી ઉત્તુંગતર બનાવે છે. એ આનન્દઘટનાની જ આજે અત્રે સંક્ષેપમાં વાત કરવી છે. તો એ સાથે, આ માનવતાવાદી પુરુષનાં કેટલાંક વીશીષ્ટ તથા સોનેરી વૈચારીક વ્યક્તીત્વનાં પાસાનેય ઉજાગર કરી લઈએ. એક આડવાત એ પણ કરી લઉં કે સંસ્કૃત શબ્દ 'વલ્લભ'નો ગુજરાતી અર્થ છે 'વહાલા', અને એ અર્થમાંય ખરે જ વલ્લભ ઈટાલીયા આપણને સૌને વહાલા જ છે.

એમને સુરતની 'સત્યશોધક સભા' તરફથી 2008ની સાલનો 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો નીર્ણય થયો, ત્યારે ચારે દીશાએથી વધામણાંના જ મંગલ ધ્વની સંભળાયા કે આથી બહેતર પસંદગી અન્ય કોઈ હોઈ શકે જ નહીં. આ બહુમાન કોઈ એક વ્યક્તીની રૅશનાલીઝમ (વીવેકબુદ્ધીવાદ)ના ક્ષેત્રે તેણે પ્રદાન કરેલી વીશીષ્ટ અને નોંધનીય પ્રવૃત્તી બદલ અર્પણ કરવામાં આવે છે – એ તો સર્વવીદત વાત છે. આથી અહીં એ સત્ય સમુજ્જ્વલ રુપે ધ્વનીત થાય છે કે માનવતાના મુર્તીમંત અને જીવંત પ્રતીક સમા આ પુરુષ વળી, એક અગ્રગણ્ય રૅશનાલીસ્ટ પણ છે. મારા નમ્ર મતે, સાચા અને પાકા રૅશનાલીસ્ટ બની રહેવું એ માનવીની વૈચારીક–માનસીક ઉર્ધ્વયાત્રાનું આખરી કપરું ચઢાણ છે, જે વીરલા જ સર કરી શકે છે; કારણ કે ચઢાણ સીધાં છે, તો પંથ પણ અનેક વીઘ્નોથી કાંટાળો બનેલો છે.

વારસામાં મળેલાં અને જન્મ સાથે માનવજીવનને ચોમેરથી સજ્જડ રીતે ઘેરી વળતાં માન્યતાઓ, શ્રદ્ધાઓ, વહેમો, કપોળકલ્પીત એવાં પાયારહીત ચીંતનો, રુઢીઓ–કુરીવાજો, કર્મકાંડો, સ્થાનભાન આદીના સર્વ સખ્ત બંધનોને ભારે હીમ્મત તથા સત્યના સાક્ષાત્કાર વડે છેદવા પડે છે. ત્યારે ભલભલા શુરવીરોય એમાં હીમ્મત હારી જાય છે, પારોઠનાં પગલાં ભરવા મજબુર બને છે. કારણ કે રૅશનાલીઝમ એટલે તો ઈશ્વર વીશે સંશય, 'માનવધર્મ' સીવાયના સર્વધર્મ સમ્પ્રદાયોનો ત્યાગ. કેવળ વીવેકબુદ્ધીથી ગ્રાહ્ય અને 'વીજ્ઞાનસીદ્ધ' સત્યનો જ સ્વીકાર અને તદનુસારનો પુરેપુરો બાહ્યાભ્યંતર વ્યવહાર; જે તીક્ષ્ણ વીવેકબુદ્ધ, સજાગ અને સભાન વીચાર–ચીન્તન, માનવકલ્યાણની અદમ્ય ઝંખના તથા ભાવના અને વીજ્ઞાનનું પુરતું જ્ઞાન તેમ જ વૈજ્ઞાનીક અભીગમ અનીવાર્યપણે માંગી લે છે. આ સર્વે કઠોર સાધના વલ્લભભાઈએ પ્રખર બળ–મનોબળથી પાર કરી છે અને એક ઉત્તમ–

ઉમદા માનવી બની રહેવાની સાથે જ, એક સાચા, સભાન, સુસજ્જ તથા સર્વતોમુખી રૅશનાલીસ્ટ તરીકે પણ તેઓ પ્રગટ થયા છે.

આવા વીરલ વ્યક્તીની ‘રમણભ્રમણ’ સુવર્ણચંદ્રક દ્વારા સુયોગ્ય કદર થઈ રહી છે. એથી વલ્લભભાઈનાં સીદ્ધી–શોભામાં એક સુન્દર, રંગબેરંગી મોરપીચ્છ તો ઉમેરાય જ છે; પણ તે સાથે જ ખુદ આ સુવર્ણચન્દ્રકનાં શોભા અને મુલ્ય ઘણાં વધી જાય છે. આ કાંઈ માત્ર ઔપચારીક શબ્દોચ્ચાર નથી, પરસ્પરની પ્રતીતી છે; કારણ કે છેક છેવટ સુધી, વલ્લભભાઈ ચંદ્રક સ્વીકારવાનો કેવળ ઈનકાર જ કરી રહ્યા હતા. તેઓ કેવળ વ્યવહાર તરીકે નહીં; સાચા અંતરની નમ્રતા–ભાવનાથી કહેતા હતા કે, ‘આવા મોટા બહુમાનને લાયક મારી જાતને હું ગણતો નથી !’ પરન્તુ બીજી બાજુ, સર્વ પરીચીતો તથા સમ્બન્ધીતો તેઓને એવા પુર્ણ લાયક પુરુષ ગણતા જ હતા એનું શું ? આખરે લાગણીનું સત્ય જીત્યું અને આ નીઃસ્પૃહ પુરુષે સૌના આગ્રહને વશ થઈ, પ્રસ્તુત ચંદ્રકનો સ્વીકાર કરી, સંસ્થાને અને સાથે સાથે મનેય ઋણી બનાવ્યાં. અહીં મારી અંગત ધન્યતા તો હું એ હકીકતને આધારે જ ઉદ્‌ગારું છું કે, ખુદ વલ્લભભાઈના કહેવા પ્રમાણે આ ચંદ્રકનો તેઓએ ના છુટકે કરેલો સ્વીકાર એ તેઓનાં મારા પ્રત્યેનાં આદર, પ્રેમ અને આત્મીયતાનું જ પરીણામ છે.

નખશીખ સાચા રૅશનાલીસ્ટ એવા વલ્લભભાઈ વ્યવસાયે તો એક મોટા ઉદ્યોગપતી–હીરા વ્યવસાયના અગ્રણી છે. આમ તો શ્રી અને સરસ્વતી (સંપત્તી અને સાહીત્ય) નો સુમેળ સંસારમાં દુશ્કર તથા દુર્લભ ગણાયો છે. પણ એ સીદ્ધી આ સજાગ પુરુષે સીદ્ધ કરી બતાવી છે. ધનવાન હોવાની સાથે સાથે જ તેઓ બુદ્ધીમાન અને વીદ્વાન પણ છે. એના મુળમાં જ, પેલો રૅશનાલીસ્ટ અભીગમ રહેલો છે. રૅશનાલીસ્ટ થવા માટે જ્ઞાની થવું પડે, સત્યનું જ્ઞાન અને જ્ઞાનનું સત્ય વીવેકબુદ્ધીથી તારવવું રહે, જુઠાં, જીર્ણ, નીરર્થક છતાં પીડાકારી, બહુવીધ બંધનો વડે બાંધનારાં જાળાં છેદવાં–ભેદવાં પડે; મીથ્યા મુલ્યો ત્યજવાં પડે. વલ્લભભાઈમાં આવી સંશયાત્મક બુદ્ધી, તર્કવીવેક જન્મજાત પ્રતીભારુપે હતાં જ, જેને તેઓએ વીશાળ વાચન તથા ઉંડી વીચાર પ્રક્રીયાથી સમૃદ્ધ અને સબળ બનાવ્યાં અને એમ તેઓ રૅશનાલીસ્ટ બન્યા. વળી, પોતે માનવતાવાદીય પુરા અને સક્રીય એટલે જ્યારે તેઓને પ્રતીતી થઈ કે, માનવકલ્યાણનો એક માત્ર એવો શ્રેષ્ઠતમ માર્ગ રૅશનાલીઝમ જ છે; ત્યારે તેઓ એવા ઉચ્ચતર ધ્યેય માટે સમજપુર્વક રૅશનાલીસ્ટ બન્યા. એટલું જ નહીં, રૅશનાલીઝમના પ્રચારમાં તન–મન–ધનથી સર્વભાવે સક્રીય થયા.

એમના લેખન–સર્જનની નીસર્ગદત્ત શક્તી–પ્રતીભા હતી જ, જે રૅશનાલીઝમના વીચાર–પ્રચારની યાત્રાના આરંભથી સોળે કળાએ ખીલી ઉઠી. તેમની અખબારી કટારનું

શીર્ષક જ ‘વીચારયાત્રા’ હતું. આ કટાર અતીલોકપ્રીય બની જવાનાં તથા બની રહેવાનાં મુખ્ય કારણો જ બે : એક તે, વીચારની નવીનતા, મૌલીકતા, જીવનલક્ષીતા, સ્પષ્ટતા તથા મીશનરી ધગશ અને બીજું, એમની લેખનકલા અર્થાત્ પ્રસન્નમધુર શૈલી. તેઓ એક ઉંચી કોટીના નીબંધકાર છે, જેની સહજ પ્રતીતી આપણને તેઓના લેખોમાંથી મળે જ છે. કવીત્વમય, રસમય, પ્રશાંત, ગંભીર, આક્રોશ–કટુતાથી મુક્ત, મીઠાં તથા સત્ત્વશીલ જળથી કલકલ નાદે વહેતી નદી જેવો તેઓનો એકધારો લેખન–પ્રવાહ અને સબળતા, સજ્જતા તથા સચોટતા એ તેઓની કટારમાં પ્રગટેલા લેખોનું સત્ત્વ છે. તો સાથેસાથે જ એમાં લલીત સાહીત્યગુણ પણ છે. આપણા આ બહુમાન વીજેતા રૅશનાલીસ્ટ અગ્રણીની વળી બીજી મોટી નીસર્ગદત્ત કલાસીદ્ધી તે તેઓની વકતૃત્વકલા–વકતૃત્વપ્રતીભા. વલ્લભભાઈનું પ્રવચન સાંભળવું એ પણ એક લહાવો છે. તેઓ બોલવાના છે, એવી જાણકારીથી જ શ્રોતાઓ ઉત્કંઠ બને; કારણ કે તેઓની કલામય, મધુર અને છટાદાર વાણીનો શ્રવણાનન્દ તો મળે જ, વધુમાં કશુંક નવું, સત્ત્વશીલ, આગવી–વૈજ્ઞાનીક રીતે તારવેલ સત્યમ્, શીવમ્, સુન્દરમ્ પણ જાણવા મળે. તેઓની એક અન્ય ખાસીયત પણ પ્રશસ્ય તેમ જ આવકાર્ય છે : તેઓ પુરી નીષ્ઠાથી સુસજ્જ થઈને, પુરતા અભ્યાસ તથા ચીંતનસભર બન્યા બાદ જ લેખન યા પ્રવચન કરે છે. કશુંય અધુરું કે આડેધડ, ઉતાવળું કે ઉપરચોટીયું આ ઠરેલ, ગંભીર, નમ્ર છતાં ગૌરવશીલ વ્યક્તીને જરાય પસંદ જ નહીં ! વળી સાહીત્યનો એક સીદ્ધાન્ત છે : શીલ તેવી શૈલી : અર્થાત્ વ્યક્તીનાં જેવાં સ્વભાવ–ગુણલક્ષણ, તેવું જ તેનું સર્જન–પ્રવચન હોય. એ જ રીતે, એક વ્યક્તી તરીકે વલ્લભભાઈ સુમધુર, સદા પ્રસન્ન, સૌજન્યશીલ, સુકુમાર (કઠોરતાનો એક અંશ પણ જ્યાં દીવો લઈ શોધતાંય ન જડે એવા), સુકોમળ, આકર્ષક, મુદ્રા તથા વ્યવહારના ધારક એવા નમ્ર અને મીલનસાર પુરુષ છે, એવાં જ સરસ–સુન્દર તત્ત્વ–સત્ત્વ તેઓનાં લેખન–પ્રવચનમાંય માણવા મળે છે.

એક રૅશનાલીસ્ટ તરીકે તેઓ જરુર પડ્યે તન–મન–ધનથી પણ રૅશનાલીઝમ પ્રચારક પ્રવૃત્તીમાં સહાયભુત થયા છે, થાય છે. પરન્તુ એથીય વધુ નોંધપાત્ર કે વ્યવહારમાં અને જીવનમાં પણ રૅશનાલીઝમયુક્ત, વીવેકબુદ્ધીવાદી, વૈજ્ઞાનીક અભીગમ સ્વીકાર્યો અને આચર્યો છે ને મુર્તીમંત પણ કરી બતાવ્યો છે. નાનપણથી જ, પોતાના મોટાભાઈ રામજીભાઈએ ઘરમાં કરેલા સામાજીક સુધારામાંથી નાના ભાઈ હકારાત્મક પ્રેરણા લેતા રહ્યા. રામજીભાઈએ હંમેશાં કુરીવાજો, હાનીકર્તા રુઢીઓનો ત્યાગ કરી, એવા મોટા ખર્ચ બચાવી, એ નાણાં માનવકલ્યાણ માટે વપરાય એવું ઉંચું ધ્યેય પોતાનાં સુધારક પગલાં અંતર્ગત સેવેલું, જે વલ્લભભાઈને પણ ઉંડેથી સ્પર્શી ગયું. દા.ત., ઉભયના પરીવારમાં છેલ્લા ચોવીસ વર્ષમાં બાર

લગ્ન થયાં, ક્યારેય એની નીમંત્રણ પત્રીકાઓ નથી છપાવી કે ભવ્ય ભોજનસમારંભો નથી યોજ્યા. લગ્નવીધી પણ એકદમ સાદો અને સરળ, તો વળી અમુક લગ્નપ્રસંગે તો ધાર્મીક વીધી મુદ્દલેય નહીં ! તેઓનાં માતુશ્રીનું અવસાન થયું ત્યારે મરણોત્તર ક્રીયાવીધી બીલકુલ બન્ધ રાખ્યો અને એમ, બચેલાં નાણાંમાંથી ગામમાં શાળાનું સુન્દર, સગવડભર્યું મકાન બંધાવ્યું. લગ્નમાં સાદાઈ પણ એટલી બધી કે સગા ભત્રીજાના એવા બે લગ્નપ્રસંગે તો ખુદ વલ્લભભાઈ જ ગેરહાજર !

ટુંકમાં, એમનો અંગત જીવનવ્યવહાર પણ વીવેકબુદ્ધીવાદી અભીગમ પર જ આધારીત. તેમણે તમામ મીથ્યા કર્મકાંડ, રુઢીરીવાજ, ખોટા દેખાડાઓની પાછળ નાણાંનો દુર્વ્યય, ધર્મધતીંગો કે અન્ધશ્રદ્ધાઓનો ધરમુળથી ત્યાગ કર્યો છે. તે એટલી હદે કે, કરોડોની ઉથલપાથલવાળા પોતાના નવા વ્યવસાયની નવી ઓફીસનું ઉદ્ઘાટન તેઓએ ખાસ ‘કાળ ચોઘડીયું’ જોઈને જ રાખેલું !

અંગત જીવનમાં વલ્લભભાઈ સર્વે વાતે સુખી જ છે; જે જોતાં પ્રતીતી થાય છે કે, આસ્તીકોનો કહેવાતો ઈશ્વર નાસ્તીકોને દંડી શકતો નથી. અર્થાત્ સુખી, પ્રશાંત, સ્વસ્થ તથા સંતુષ્ટ જીવનનો પાયો ધર્મ નહીં; પણ રૅશનાલીઝમ જ છે. પત્ની મીતાબહેન સુશીલ અને સમજદાર છે, જેઓ પોતાના રૅશનાલીઝમને યથાર્થપણે સમજી તો શકે જ છે. સંતાનો પણ બે જ : પુત્રી ‘દીશા’ મેડીકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. જ્યારે પુત્ર ‘દીવસ’એ આ વર્ષે બોર્ડમાં દસમા ધોરણની પરીક્ષા આપી. વલ્લભભાઈ પોતાના નાનકડા પરીવારને ‘પ્રસન્ન દામ્પત્ય’થી ઓળખાવે છે, જેમાં દંભ કે ક્લેશનો અભાવ, માનસીક ઉચાટ કે અસ્વસ્થતાનો અભાવ, પરસ્પર કોઈને કોઈનો કશો ભયસંકોચ કે છાનગપતીયાંનો અભાવ. અને એમાંથી પ્રગટતો સમ્પુર્ણ નીરામયતા અને પુર્ણ નીશ્ચીંતતાનો ભાવ સુચવાય છે.

અંતમાં, સર્વમીત્ર એવા આપણા આ રૅશનાલીસ્ટ બીરાદર વલ્લભભાઈ ઈટાલીયા લાંબું જીવો, સુખી રહો અને રૅશનાલીઝમને સર્વ વાતે સહાયક એવી પ્રવૃત્તીઓ કરતા રહો, એવી આ મંગલ પ્રસંગે હાર્દીક શુભેચ્છાઓ !.

નોંધ:

શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાને ‘રમણભ્રમણ’ સુવર્ણચંદ્રક પ્રદાન નીમીત્તે યોજાયેલા સમારોહ (તારીખ: 11/05/2008) પ્રસંગે અનેક સામયીકોમાં પ્રગટેલો લેખ.

●

અનુક્રમણીકા

## 02

# એક મુલાકાત : વલ્લભભાઈ ઈટાલીયા સાથે

તંત્રી : તમને 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક અર્પણ થયો એનો રોમાંચ કેવો ?

વલ્લભભાઈ : ચંદ્રક જાહેર થયા પછી મને નહીં, કોઈ બીજાને તે મળે એ માટે હું લગભગ એક અઠવાડીયા સુધી લડતો રહ્યો. પરન્તુ, ચંદ્રક સમીતી, સત્યશોધક સભાના મારા મીત્રો અને મુરબ્બી રમણભાઈ પાઠકને હું મનાવી શક્યો નહીં. અંતે સંકોચ સાથે, અને સમર્પણ ભાવે જ આ ચંદ્રક માટે મારે સંમત થવું પડ્યું છે. 'સમર્પણ'નો મારો અર્થ રમણભાઈ પ્રત્યેના આદરભાવ પ્રેરીત મારી મજબુરી.

મારા ચીંતન–લેખનની આમ કદર થાય, એનો આનન્દ તો ખરો જ; પણ આ ચંદ્રક કોઈ બીજાને અપાયો હોત તો મને વધારે આનન્દ થયો હોત, એનાં ચાર કારણો તમને કહું :

(1) ચંદ્રક એવી વ્યક્તીને મળવો જોઈએ, જેનો ઉત્સાહ એથી વધે.

(2) રમણભાઈ સમગ્રતયા મને પોતાના લાગે છે, પછી એમના નામ સાથે જોડાયેલ ચંદ્રકની આવશ્યકતા મારા માટે બચતી નથી.

(3) કોઈની પાસેથી કશું સ્વીકારવું મને ગમતું નથી. હું આપી શકું એવી સ્થીતીમાં છું. અને...

(4) સૌથી વધારે મહત્ત્વનું એ કે, હું આ અતી મુલ્યવાન ચંદ્રકને લાયક હોઉં તેમ મને લાગતું નથી.

તંત્રી : વીચારોનો ઝોક રેશનાલીઝમ તરફ ક્યારથી ? કઈ રીતે ? કોઈનું માર્ગદર્શન ખરું ?

વલ્લભભાઈ : સ્વભાવથી જ વીચાર–ચીન્તન કરવાનું વલણ અને વધુમાં વાચનમાં રસ. થોડો સંશયાત્મા પણ ખરો, એટલે બધી વાંચેલી–સાંભળેલી વાત ગળે ન ઉતરે. મારા મોટાભાઈ રામજીભાઈ એક સુધારાવાદી માણસ. એટલે ઘરમાં રીવાજો અને પરમ્પરાગત રુઢીઓમાં એમણે કરેલું પરીવર્તન હું નાનપણથી જોતો રહ્યો છું. કૉલેજમાં હતો ત્યારે રમણભાઈના લેખો નીયમીત વાંચતો અને પછી તો રમણભાઈનો પરીચય થયો અને રેશનાલીઝમની ફીલસુફીને નજીકથી સમજવાનો અવસર મળ્યો.

તંત્રી : ઘર–કુટુમ્બનો વૈચારીક ઝોક રેશનાલીઝમ તરફ ખરો ? કેટલા પ્રમાણમાં ?

વલ્લભભાઈ : જેઓને રુઢીચુસ્ત કહી શકાય એવાં મારા સ્વજનો છે જ નહીં. મોટાભાઈ રામજીભાઈના પ્રયાસો તો હંમેશાં વ્યક્તીને કે સમાજને હાનીકારક રુઢીઓ, કર્મકાંડો અને રીવાજોને ધરમુળથી બદલી માણસનું જીવન વ્યવહારુ–સરળ બને અને માણસ ખોટા ખર્ચથી બચે એ માટેના જ રહ્યા છે.

પરમ્પરાગત રીવાજો પાછળ વેડફાતાં નાણાં પરીવારનાં શીક્ષણ અને સ્વાસ્થ્ય પાછળ વપરાય તો માણસ વધારે સુખી થાય – એવો પ્રચાર રામજીભાઈ વર્ષોથી કરતા રહ્યા છે અને તેનું પાલન અમે અમારા ઘરથી કરવાનો પ્રયાસ કર્યો છે. છેલ્લા 24 વર્ષમાં અમારા ઘરમાં લગભગ 12 લગ્નો થયાં, પરન્તુ કદી નીમંત્રણ કાર્ડ છપાવ્યું નથી, ભોજન સમારંભ યોજ્યો નથી. એમાં કેટલાંક લગ્ન તો વીધી વીના જ કર્યાં છે. અમારાં માતુશ્રીનું અવસાન થયું ત્યારે પણ દહાડો કરવાને બદલે અમારા ગામમાં નીશાળ બાંધવા માટે એ રુપીયા આપી દીધેલા. મારા સગા બે ભત્રીજાનાં લગ્નમાં હું પોતે પણ હાજર રહ્યો નહોતો. આટલી સાદગી જાળવવાનો પ્રયત્ન કર્યો છે.

તંત્રી : 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક પાછળનો ઉદ્દેશ તમે શું માનો છો ?

વલ્લભભાઈ : ઉદ્દેશ તો અલબત્ત તે સ્થાપનાર સંસ્થાએ જ નક્કી કરવાનો હોય. હું જાણું છું અને માનું છું ત્યાં સુધી તો, રૅશનાલીઝમની પ્રચારક–પ્રસારક પ્રવૃત્તીને પ્રોત્સાહન મળે, એની કદર થાય, સમાજને જાણ થાય અને સમાજ ભ્રાન્તી, વહેમ–અન્ધશ્રદ્ધામાંથી બહાર આવે તથા રૅશનાલીઝમ પ્રતી અભીમુખ થાય અને સાથે સાથે રમણભાઈ પાઠકે આ કૉલમ દ્વારા જીવનભર કરેલી રૅશનાલીઝમની સેવા કે તેના વીરાટ પ્રચારકાર્યની સ્મૃતી જળવાય એવા ઉદ્દેશો હોઈ શકે કે હોવા જોઈએ.

તંત્રી : કલમ સાથે સંબંધ કઈ રીતે ? તમારું લખાણ અને વકતવ્ય પણ પ્રભાવી હોય એમ લાગે છે. આની પાછળનું રહસ્ય ?

વલ્લભભાઈ : હું પચ્ચીસેક વરસથી હીરાઉદ્યોગમાં છું. લખવાનો હું આળસુ માણસ છું. જ્યારે જ્યારે મીત્રો દ્વારા લખવાની ફરજ પાડવામાં આવી છે ત્યારે જ લખાયું છે. સુરતમાં 'લોક સમર્થન' અખબાર શરુ થયું ત્યારે તેના તંત્રી મીત્રે લખવાની ફરજ પાડી અને 'વીચારયાત્રા' કૉલમનો આરંભ થયો. લગભગ બે વર્ષ એ કટાર લખી શક્યો. હવે સમયની પ્રતીકુળતાના કારણે લખવાનું ટાળું છું. બીજું, કે હું પ્રવચનો દ્વારાય મુખ્યત્વે રૅશનાલીઝમનો જ પ્રચાર કરું છું.

મારાં વકતવ્યો સાંભળનારાને ગમે છે, એમ તો હું નહીં કહી શકું; પરન્તુ લોકો હંમેશાં મને આદરથી સાંભળતા હોય એમ લાગે. ઘણી શાળા–કોલેજો તરફથી અને વીવીધ સમારંભો માટે નીમંત્રણ મળે છે; પરન્તુ હવે સમયની પ્રતીકુળતાના કારણે ક્યાંય પણ જવાનું ટાળું છું.

તંત્રી : વાચન નીયમીત ખરું ? કયા પ્રકારનું ?

વલ્લભભાઈ : શાળા–કૉલેજમાં હતો ત્યારે પાઠ્યપુસ્તકો ઓછાં; પરન્તુ મુખ્યત્વે ઓશો રજનીશ, ગુણવંત શાહ, રમણ પાઠક વગેરેને વાંચતો. હવે વ્યસ્તતાને કારણે ખપ પુરતું જ વાંચું છું. મનોરંજક કરતાં, પ્રેરક, ચીન્તનાત્મક, સુધારાવાદી, રચનાત્મક અને વૈજ્ઞાનીક અભીગમ પ્રેરીત પુસ્તકો વાંચવાનું વધારે ગમે છે. પુસ્તક વાંચી લીધા પછી સાચવવાની આદત નથી, શોખીન મીત્રોને મોકલી આપું છું.

તંત્રી : લેખન પ્રત્યે હાલની ઉદાસીનતા માત્ર વ્યાવસાયીક કારણોસર જ કે અન્ય કોઈ કારણ ખરું ? દા.ત., 'આનો કોઈ અર્થ નથી' એવું અનુભવાયું હોય ?

વલ્લભભાઈ : ના, એમ નથી. માત્ર વ્યાવસાયીક કારણે જ કલમનું ઢાંકણું બંધ છે. હવે તો પત્ર પણ ભાગ્યે જ લખું છું. મારા મનમાં લેખક તરીકે લોકપ્રીય થવાની ઝંખના જ નથી, તેમ લેખન દ્વારા ઉપાર્જનની જરુર નથી. બાકી, તમે કહ્યો એવો નીરાશાવાદ નથી. આપણે તો પ્રમાણમાં ઓછી ફળદ્રુપ જમીનમાં બીજ વાવવાનાં છે. એટલે જેટલાં પણ ઉગે એથી સંતોષ માનવો જોઈએ. તમે ઈતીહાસ જુઓ–પરીવર્તન હંમેશાં પ્રયાસથી જ આવ્યું છે; નીરાશાથી નહીં.

તંત્રી : આર્થીક સદ્ધરતાને જીવનની જડીબુટ્ટી માનો છો ? સમ્પત્તીનો વીનીયોગ કઈ રીતે થાય તે ગમે ?

વલ્લભભાઈ : આર્થીક સદ્ધરતા કોને ગણી શકાય એ ચર્ચાનો વીષય છે. કારણ કે એ માટે દરેકનો માપદંડ અલગ હોય છે. મારે થોડો વખત 'સ્વપુર્ણ મહારાજ' સાથે રહેવાનું બનેલું, એ ખીસ્સાં વગરનાં વસ્ત્રો જ પહેરતા, રુપીયાથી વહેવાર કરતા નહીં; છતાં આર્થીક દષ્ટીએ મને બીલ ગેટ્સ કરતાં ઓછા સધ્ધર નથી લાગ્યા ! જે માણસ પોતાનું અને પોતાના પરીવારનું ભરણપોષણ સારી રીતે કરી શકે તેને હું આર્થીક રીતે સધ્ધર ગણું.

એક રેશનાલીસ્ટ તરીકે હું જીવનના એક ધ્યેયરુપે સુખસગવડને તથા આનન્દને સ્વીકારું છું; પરન્તુ વધારાની સમ્પત્તીનો વીનીયોગ સમાજહીતમાં, કોઈના વ્યક્તીગત, દુ:ખ–

આપત્તી કે શીક્ષણ–સ્વાસ્થ્ય પાછળ થાય એ યોગ્ય માનું છું. અંતે તો ઓછામાં ઓછી જરુરીયાત એ જ મોટામાં મોટી સધ્ધરતા છે !

તંત્રી : તમે 'સ્વપુર્ણ મહારાજ' ની વાત કરી; અન્ય સાધુસન્તો પ્રત્યે આકર્ષણ ખરું ?
વલ્લભભાઈ : સ્વપુર્ણ મહારાજ એક રૅશનાલીસ્ટ સાધુ હતા. તમે એમનું 'માનવતા' પુસ્તક વાંચ્યું ના હોય તો વાંચવું જોઈએ. માત્ર વેશધારી હોવાના કારણે હું કોઈને સાધુ–સન્ત માનતો નથી. સાધુની મારી વ્યાખ્યા જરાક જુદી છે :

'જે માણસ પોતાનો રોટલો જાતે પેદા કરતો હોય, કોઈને નડતો ન હોય અને બીજાના ખપમાં આવતો હોય એને હું સાધુ માનું અને સ્વપુર્ણ મહારાજ એ જ અર્થમાં સાધુ હતા !'

હું વેશધારી સંતો કરતાં સુટ–બુટધારી સન્તોને વધારે ઓળખું છું. સંસારમાં જ રહીને વગર યુનીફૉર્મે સમાજહીતનું કાર્ય કરનારા 'સન્તો' પ્રત્યે મને વધારે આદર છે. માત્ર ભગવો યુનીફૉર્મ પહેરી લેનારાને સાધુ માની લેવો એ 'સાધુ' શબ્દનું અપમાન છે.

દા.ત., સ્વપુર્ણ મહારાજ જે ગામમાં રોકાતા તે ગામના હીતમાં ઓછામાં ઓછો ત્રણ કલાક શરીરશ્રમ કરતા અને પછી જ એ ગામમાં રોટલો માગતા. લગભગ 85 વર્ષની વયે શારીરીક ક્ષમતા ઘટી એટલે તેમણે સ્વેચ્છાએ જ અન્નનો ત્યાગ કરી સ્વેચ્છામૃત્યુ સ્વીકારી લીધું. સ્વપુર્ણ મહારાજે છેલ્લી ચીઠ્ઠીમાં મને લખેલું : 'હું હવે કોઈના ખપમાં આવી શકું તેમ લાગતું નથી. મારા શરીરને ફોગટનો રોટલો પચાવવાની ટેવ નથી. ઉમ્મરે પોતાનો ધર્મ નીભાવ્યો છે; બે દીવસથી ખાવાનું બંધ કરી હું મારો ધર્મ નીભાવું છું.'

આમ, બીજા માટે જીવવા અને મરવા તૈયાર હોય, એ જ મહાત્મા અને એ જ સંત.

તંત્રી : તમારી દૃષ્ટીએ રૅશનાલીઝમ શું છે ? વધુ લોકોને રૅશનાલીઝમ તરફ વાળવા માટેના ઉપાયો સુચવી શકો ?
વલ્લભભાઈ : રૅશનાલીઝમ એટલે વીવેકબુદ્ધી : શું સારું ને શું ખરાબ ? શું સાચું અને શું ખોટું? શું લાભકર્તા અને શું હાનીકર્તા ? –એની સાચી સમજ– કોઈ પણ કાર્ય માત્ર રીવાજ કે પરમ્પરાના કારણે જ કરવું ઠીક નથી. માણસે દરેક કાર્ય કરતી વખતે તેની પાછળના હેતુ અને લાભાલાભનો પણ વીચાર કરવો જોઈએ – બસ, એ જ રૅશનાલીઝમ.

વધુ લોકોને રૅશનાલીઝમ તરફ વાળવા માટે તમે જે ‘વીવેકપંથી’ દ્વારા કરો છો એ લેખન અને પ્રકાશન ઉત્તમ રસ્તો છે. મુરબ્બી રમણભાઈએ એમની કૉલમ દ્વારા જનજાગૃતીનું એક વીરાટ કાર્ય કર્યું છે અને કરે છે. એ પણ આજ વાત સીદ્ધ કરે છે. અન્ધશ્રદ્ધા ફેલાવતાં તત્ત્વોને ખુલ્લાં પાડી, શોષણ અટકાવતા પ્રતીબંધક કાયદાઓ છે તેને વધારે કડક કરવાની સરકાર પાસે માંગ પણ થઈ રહી છે. આ ઉપરાન્ત કહેવાતા ચમત્કારોના પર્દાફાશની પ્રવૃત્તી સત્યશોધક સભા, સુરત અને દેશભરની રૅશનાલીસ્ટ સંસ્થાઓ કરે છે. એને ભરપુર પ્રોત્સાહન આપવું જોઈએ. શાળા–કોલેજોમાં પણ કીશોરો અને બાળકોને વૈજ્ઞાનીક પ્રયોગો–પ્રવચનો દ્વારા અન્ધશ્રદ્ધા ફેલાવતાં તત્ત્વો સામે માનસીક રીતે તૈયાર કરવા જોઈએ.

તંત્રી : રૅશનાલીસ્ટ સમાજ અને પરમ્પરાગત સમાજ વચ્ચે પાયાનો ભેદ શું માનો છો ?

વલ્લભભાઈ : રૅશનાલીસ્ટ સમાજમાં સારા, હીતકારી પાસાને જ વ્યવહારમાં ઉતારાય અને તે પ્રમાણે સામાજીક તથા વ્યક્તીગત જીવન ગોઠવાયેલું રહે. પરીણામે રૅશનાલીસ્ટ સમાજમાં મીથ્યા કર્મકાંડો, હાનીકારક રીવાજો, રુઢીઓ, ભ્રાન્તીઓ, ખોટા દેખાડા, બગાડ, ધાર્મીક ધતીંગો કે એ નીમીત્તે થતા ઝઘડાનો મુખ્યત્વે અભાવ હોય. જ્યારે પરમ્પરાગત સમાજમાં અનુચીત અને પ્રદુષણ ફેલાવતા ઉત્સવો, મૃત્યુ પછીનાં મીથ્યા ક્રીયાકાંડો, સ્ત્રીજાતી પરનાં બંધનો, જ્ઞાતી–જાતીના ભેદો અને ખોટા રીવાજો પાછળ માણસોનાં સમય, શક્તી અને નાણાંનો દુર્વ્યય થાય છે. અમે પંદર વર્ષ પહેલાં અમારી નવી ઓફીસનું ઉદ્ઘાટન ‘કાળ’ ચોઘડીયામાં જ કરેલું.

તંત્રી : કુટુમ્બ–પરીવારની વીગત સંક્ષેપમાં કહેશો ? રૅશનાલીઝમ વીષયે જીવનસાથીનું વલણ કેવું ?

વલ્લભભાઈ : હું મારી જાતને સમ્પુર્ણ રૅશનાલીસ્ટ સમજતો નથી. પત્ની મીતા પણ પાકી રૅશનાલીસ્ટ તો નથી. પરન્તુ શું સારું અને શું નરસું એ મારા કરતાં તે વધારે સમજી શકે છે. સંયુક્ત વહેવારમાં ભાગ્યે જ કદી મતભેદ થાય. બાકી, બે બાળકો છે : દીકરી ‘દીશા’ મોટી, જે ત્રીજા વર્ષમાં મેડીકલ કોલેજમાં છે અને પુત્ર ‘દીવસ’ આ વર્ષે બોર્ડની ધોરણ 10 ની પરીક્ષા આપી છે. જરુર પુરતાં સુખી છીએ.

તંત્રી : સુખી દામ્પત્યની વ્યાખ્યા શી કરો છો ?

વલ્લભભાઈ : સુખી દામ્પત્ય એટલે પતી–પત્નીમાં સમ્પુર્ણ સુમેળ, એટલે કે સંયુક્ત વ્યવહારોમાં મતભેદ નહીં. એ સીવાય પરસ્પર વ્યક્તીગત સ્વાતંત્ર્ય. પોતાના વીચાર કે વ્યવહાર સામા પક્ષ પર જબરજસ્તીથી ઠોકી બેસાડવાના નહીં. 'સુખી દામ્પત્ય' ને બદલે હું 'પ્રસન્ન દામ્પત્ય' શબ્દને વધારે પસન્દ કરું છું. 'પ્રસન્ન' એટલે નીર્દમ્ભ, કશાય માનસીક ઉચાટ વગરનું, પરસ્પર ભયસંકોચ વગરનું.

નોંધ:

શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાને 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક અર્પણ થતાં, 'વીવેકપંથી'ના તંત્રીશ્રી ગુલાબભેડાએ લીધેલી તેમની ખાસ મુલાકાત.

●

અનુક્રમણીકા

## 03

# ધર્મકથાઓ અને પારાયણો ફક્ત રાતે જ યોજાય તો કેમ ?

કીં તદ બ્રહ્મ, કીમધ્યાત્મમ,
કીં કર્મ પુરુષોત્તમ ?
અધીભુતં ચ કીં પ્રોક્તમ,
અધીદૈવં કીમુચ્યતે ?
(શ્રી–ગીતા, 8/1)

એક નીવૃત્ત વૃદ્ધે બાગમાં કહ્યું કે હું વૃદ્ધાવસ્થાનો સમય ધાર્મીક પ્રવૃત્તીમાં ગાળું છું, તો બીજાએ વળી બીજા પ્રસંગે જણાવ્યું કે મારો મોટા ભાગનો સમય આધ્યાત્મીક પ્રવૃત્તીમાં વીતે છે. એ સાંભળી સાથેના મીત્રે પ્રશ્ન કર્યો કે ‘ધાર્મીક’ અને ‘આધ્યાત્મીક’ એ બે શબ્દોનો ચોક્કસ અર્થ શો ? એ બે વચ્ચે કોઈ અર્થભેદ ખરો ?

મેં કહ્યું, આવો જ પ્રશ્ન શ્રીમદ્‌ભગવદગીતામાં અર્જુને શ્રી. કૃષ્ણને કર્યો છે. જોકે કૃષ્ણભગવાને સ્પષ્ટ તથા વીગતવાર ઉત્તર નથી આપ્યો, ટુંકમાં જ બધું પતાવી દીધું છે. તો ચાલો, એ પરત્વે થોડું ચીન્તન કરીએઃ વળી, એ એટલા માટે પણ જરુરી છે કે આજ કાલ સારા લેખકો અને વીદ્વાનો પણ ‘આધીભૌતીક’ શબ્દ ‘અલૌકીક’ના અર્થમાં પ્રયોજે છે; કારણ કે ‘અધી’ પુર્વગ એવો આભાસ ઉત્પન્ન કરે છે. કીન્તુ ખરેખર તો, આધીભૌતીક એટલે કેવળ ભૌતીક જ, અર્થાત્ સ્થુળ, જડ પદાર્થને લગતું. આ દુનીયાને લગતું વગેરે. ‘અલૌકીક’નો અર્થ ‘ભૌતીક’ શબ્દને અર્પવો હોય તો ‘અતીભૌતીક’ થાય, અર્થાત્ ‘અતી’ પુર્વગ લગાડવો રહે. ચાલો બસ, ભાષાવીજ્ઞાનનો આટલો ઈશારો જરા જરુરી જણાયો એટલે કરી લીધો.

મીત્રને મેં દાખલા દ્વારા આધ્યાત્મીક અને ધાર્મીક વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતાં કહ્યું, ડૉ. ગુણવંત શાહનાં ‘ગીતાપ્રવચનો’ તે આધ્યાત્મીક પ્રવૃત્તી કહેવાય, જ્યારે પુ. મોરારીબાપુની ‘રામાયણકથા’ તે ધાર્મીક પ્રવૃત્તી કહેવાય. શ્રી. અરવીંદનું ‘ચીન્તન’ તે આધ્યાત્મીક વીષય ગણાય, જ્યારે ‘શીક્ષાપત્રી’નો ઉપદેશ એ ધાર્મીક બોધ લેખાય. અગાઉ મેં એક પ્રસંગે ધર્મની ત્રણ શાખાઓ દર્શાવેલી : (1) ચીન્તન (2) ભક્તી અને (3) વીધીનીષેધો. જોકે ધાર્મીકતામાં કર્મકાંડ પણ સમાવીષ્ટ છે; પરન્તુ અમુક કર્મકાંડને પુજા ભક્તીમાં અને અન્યને વીધીનીષેધોમાં સમાવી લઈ શકાય. દા.ત., દેવને નવડાવવા, પત્ર, પુષ્પ, સુગંધ કે ફલાદી અર્પણ કરવાં એવું કર્મકાંડ તે ભક્તીમાં આવે, જ્યારે સંધ્યાકાળ પુર્વે જમીજ લેવું યા ભોજન

પુર્વે સ્નાન કરવું જ, જેવા કર્મકાંડ વીધીનીષેધોમાં સમાવી લઈ શકાય. એવું જ લગ્નવીધી, શ્રાદ્ધવીધી આદી પરત્વે સમજી લેવું.

કેટલાક પુરુષો, વીશેષતઃ શીક્ષીત તથા સજાગ સામાજીકો, આજકાલ ધાર્મીકતા કરતાં આધ્યાત્મીકતાને ઉંચી ગણાવે છે અને શબ્દવ્યંજના પણ એમ જ સુચવે છે કે ધર્મની અપેક્ષાએ અધ્યાત્મ કંઈક સુક્ષ્મતર વીષય કે વીભાવના છે. ધર્મ મહદંશે સામાજીક વ્યવસ્થા લેખાય, જેમાં વ્યવહાર, ફરજો, માન્યતાઓ, ઉત્સવો, લેબલો આદી અનેક જીવનલીલાઓનો સમાવેશ થાય છે. જ્યારે અધ્યાત્મ એટલે આત્મા–પરમાત્મા વીષયક જ્ઞાન તેમજ ચીન્તન.

જોકે આખરે તો આ બધી જ કપોળકલ્પનાઓ છે, એટલે કેવળ મીથ્યા પ્રવૃત્તી છે. કારણ કે આત્મા યા પરમાત્મા જેવાં કોઈ તત્ત્વો–સત્ત્વો વાસ્તવીક અસ્તીત્વ ધરાવે છે કે નહીં? – એ વીજ્ઞાને હજી શોધવું અને સીદ્ધ કરવું બાકી જ છે. અત્યાર સુધીમાં પ્રાપ્ત થયેલાં જ્ઞાન તથા તર્કવીવેક વડે તો એ જ સીદ્ધ થાય છે કે આત્મા યા પરમાત્મા જેવું કશું જ અસ્તીત્વ ધરાવતું નથી, જે છે તે બધી જ પદાર્થ લીલા છે, જડના જ બધા વીવર્તો છે. સદીઓ પુર્વે ચાર્વાક મુનીએ કહેલું કે ચૈતન્ય જેવો કોઈ સ્વતંત્ર પદાર્થ છે જ નહીં, માટે આત્મા નથી; પંચમહાભુતોના સંમીશ્રણમાંથી જ ચૈતન્યભાવ ઉદ્ભવે છે. હવે આધુનીક વીજ્ઞાન પણ એ જ સીદ્ધ કરે છે કે દ્રવ્ય (પદાર્થ) અને ઉર્જા એ બે ભીન્ન ભીન્ન તત્ત્વો નથી, એક જ છે અને એકનું અન્યમાં રુપાંતર થઈ શકે છે. દા.ત., કોઈપણ સ્થુળ પદાર્થ પ્રકાશના વેગે ગતી કરે તો એ ઉર્જામાં પરીવર્તીત થઈ જાય છે વગેરે...

થોડીક આડવાત કરીએ તો, આવું સાદું અને સાચું સત્ય સહેજે સ્વીકારી લેવાને બદલે, લોકો આત્મા – પરમાત્માનાં કાર્યો તથા પરસ્પર સમ્બન્ધો સમજવા જીવનભર કથાપ્રવચનો સાંભળવા દોડે છે અને કેવળ મીથ્યા પ્રવૃત્તીમાં કીમતી સમય બરબાદ કરે છે. એક સરસ પ્રેરક પ્રસંગ અત્રે ટાંકવા જેવો સમજું છું : 1961ના વર્ષની આ ઘટના છે, જ્યારે ઈંગલેન્ડમાં ફ્રી–થીંકરો, એટલે કે રૅશનાલીસ્ટોની એક વીશ્વ પરીષદ મળેલી, જેમાં ભારતના જગવીખ્યાત તથા વીદ્વાન વીવેકબુદ્ધીવાદી અગ્રણી, શ્રીલંકાની રૅશનાલીસ્ટ સંસ્થાના પ્રતીનીધી તરીકે ડૉ. અબ્રાહમ કોવુર હાજરી આપવા માટે ગયા હતા. પરીષદમાં મુખ્ય વક્તા તરીકે બ્રીટનના મજુર પક્ષના તે વખતના સાંસદ લૉર્ડ ફ્રેનર બ્રોકવે પણ હતા, જેઓએ પોતાના પ્રવચનમાં કહ્યું કે, ‘પશ્ચીમના સુવીકસીત દેશોએ તથા ભૌતીકવાદી રાષ્ટ્રોએ પુર્વના ગરીબ અને અધ્યાત્મવાદી દેશોને મદદ આપવાનું બંધ કરી દેવું જોઈએ.’ આવું વીધાન સાંભળતાં ડૉ. કોવુરને તો તીવ્ર આઘાત લાગ્યો; કારણ કે લૉર્ડ બ્રોકવે ભારત, શ્રીલંકા જેવા પુર્વના દેશો પ્રતી વીશેષ સહાનુભુતી ધરાવનાર એક ઉદારમતવાદી તરીકે જાણીતા રાજપુરુષ હતા.

પરીષદ બાદ ડૉ. કોવુરે, લૉર્ડ બ્રોકવેને આશ્ચર્યવત્ પ્રશ્ન કર્યો કે 'આપ નામદાર તો અમારા હમદર્દ છો; છતાં કેમ એવું કહો છો કે સમૃદ્ધ પશ્ચીમી દેશોએ દરીદ્ર એશીયાઈ દેશોને મદદ કરવી જોઈએ નહીં ?'

જવાબમાં મંદ સ્મીત કરતાં લૉર્ડ બ્રોકવે બોલ્યા, 'અમે પશ્ચીમી પ્રજાઓ સુખી તથા સમૃદ્ધ છીએ, એનું કારણ તો જાણો છો ને ? અમે લોકો દીનરાત કઠોર પરીશ્રમ કરીએ છીએ, વીજ્ઞાન તથા ટૅકનોલૉજીનો સમ્પુર્ણ વીનીયોગ કરીને અમે અમારી આ ધરતી પરના જ ભૌતીક જીવનને વધુ ને વધુ સુખી તથા સગવડભર્યું બનાવવાનો પુરુષાર્થ ખેડી રહ્યા છીએ, જ્યારે તમે પુર્વની 'આધ્યાત્મીક' પ્રજાઓ, મૃત્યુ અને મૃત્યુ પછીના બીજા ભવનું જીવન યા પછી જે હોય તે – એ અવસ્થા સુધારવા માટે કલ્પીત દેવીદેવતાઓને ખુશ કરવા પાછળ જ મોટા ભાગનાં સમય–શક્તી નીરર્થક વેડફ્યા કરો છો ! તમારા દેશોનાં કામ કરી શકે એવા સર્વ સશક્ત ને યુવાન સ્ત્રી–પુરુષો સુધ્ધાં જીવનના કેટલા બધા કલાકો કથાપારાયણો, દેવદર્શન, ભક્તીપુજા યા યાત્રાપ્રવાસો ને પદયાત્રાઓ પાછળ બરબાદ કરો છો અને કામ કરતા નથી ! ચાલુ ફરજે પણ કામ છોડી તમે લોકો ભક્તીવન્દના માટે નીકળી પડો છો ! આમ તમે તમારાં પાપે જ દુઃખી થાઓ છો. અરે ! જ્યારે તમારો હજાર હાથવાળો ભગવાન જ તમને સહાય કરશે એવી શ્રદ્ધા તમે લોકો ધરાવો છો તો પછી શા માટે અમારી મદદ માંગો છો ? વગેરે.'

લૉર્ડ બ્રોકવેની વાત સાવ સાચી : બાવાબાપુઓનાં કથા–પારાયણોમાં આઠ–દસ દીવસો સુધી રોજના આઠદસ કલાક આપણા લાખો લોકો નવરાધુપ બેઠા જ રહે, કંઈ જ ઉત્પાદક કાર્ય ન કરે, અને વર્ષભર અનેક સ્થળે આવી વીનાશક પ્રવૃત્તી વળી અનેકાનેક રુપે ચાલ્યાં જ કરે ! પછી દેશ સમૃદ્ધ થાય જ ક્યાંથી ? અને આખર, આવાં કથા–પારાયણોથી લાભ શો ? પ્રજાનું આર્થીક ધોરણ તો કથળે જ; છતાં ધારો કે, નૈતીક ધોરણ પણ ઉંચુ આવતું હોય તોય ભલે માફ ! પરન્તુ એય કરુણ રીતે કથળ્યું જ સ્પષ્ટ રીતે સમજાય છે : આપણા જેવી ભયંકર ભ્રષ્ટાચારી તથા ઘોર અનૈતીક પ્રજા, આ દુનીયામાં બીજી બહુ થોડી જ હશે. ચાલો, તત્કાળ એક સુધારો તો કરી જ નાખીએ : કથાવાર્તા ને પાઠપારાયણો ફક્ત રાતે જ યોજી શકાય એવો કાયદો કરો ! બાપુઓ, સ્વામીઓ, મહારાજો તમેય સાંભળો છો કે ? તો જરા સહકાર આપશો !

આ થઈ ધાર્મીક પ્રવૃત્તીઓના વીનાશક પરીણામની વાત ! તો વળી, આધ્યાત્મીક પ્રવૃત્તીય એટલી જ મીથ્યા તથા મહદંશે વ્યક્તીગત અને થોડે અંશે રાષ્ટ્રીય અવનતી–હાની જન્માવનારી જ છે; કારણ કે એની પાછળ પણ નીરર્થક જ સમય–શક્તી વેડફાય છે. દા.ત.,

મારા એક મીત્ર મોટા વીદ્વાન તથા ઘણા સમજદાર પુરુષ છે; છતાં સંસ્કારવશ રોજ ધ્યાન કરે છે. હવે પોતાની એવી અન્ધશ્રદ્ધાનો બચાવ કરવા, એને 'ગ્લોરીફાય' કરવા એકદા તેઓ મને કહે, 'હું કાંઈ પુજાભક્તીરુપે કે ચીત્તનાં શાંતીસ્વાસ્થ્ય જેવા સામાન્ય હેતુસર આ ધ્યાન નથી કરતો; હું તો વૈશ્વીક–કોસ્મીક લય સાથે મારા પોતાના લયનું અનુસંધાન સાધવા આવી આધ્યાત્મીક સાધના કરું છું.'

એ સાંભળી મેં તેઓની સમક્ષ ચાર પ્રશ્નો મુક્યા :

(1) વીશ્વમાં યા બ્રહ્માંડમાં કશું લય જેવું છે ખરું ? ત્યાં તો અંધાધુંધ બળનો જ સીદ્ધાન્ત પ્રવર્તે છે, અને ઘોર અવ્યવસ્થા ચાલે છે. દા.ત., હમણાં જ એક વીરાટ ધુમકેતુને ગુરુનો ગ્રહ નીર્મમ ભાવે આખો ને આખો જ ગળી ગયો ! તો મીત્ર, બ્રહ્માંડમાં તો આવો છે કોસ્મીક લય !

(2) આપણો પોતાનો લય એટલે શું ? આ દેહ તો કુદરતના સર્વ અન્ધ કાનુનને જ આધીન એવું એક જડવત્ યંત્ર માત્ર છે, વધુમાં, વળી ભદ્દું અને ગંદું ! એમાં યાંત્રીક સંચલન સીવાય કોઈ ઉચ્ચતર લય નથી દેખાતો.

(3) કોસ્મીક લય સાથે આપણા લયનું, જો એવું કંઈ હોય તો; એનું અનુસન્ધાન ધ્યાન દ્વારા સીદ્ધ થાય, એવો કોઈ નીયમ છે ખરો ? એનો પુરાવો શો ?

(4) અને આખર, આવી બધી અનીશ્ચીત કડાકુટો કરવાથી લાભ શો ?

આપણો આત્મા પરમાત્મારુપ પરમ વૈશ્વીક ચૈતન્યનો જ એક અંશ છે, એવી અજ્ઞાનજનીત, પુરાણી આધ્યાત્મીક માન્યતામાંથી જ આવાં બધાં કર્મકાંડ પ્રગટ્યા સમજાય છે. અને હવે આ એકવીસમી સદીના વીજ્ઞાનયુગમાં જેમ અનેક કાલગ્રસ્ત અને કાલસાપેક્ષ ધાર્મીક માન્યતાઓ, વીધીનીષેધો તથા કર્મકાંડ આમુલ પરીવર્તન માગી લે છે; એજ રીતે આધ્યાત્મીકતાના ખોટા ખ્યાલો પણ બદલાવા જોઈએ. નાનાલાલીય પરીભાષામાં અંતે ઉદ્‌બોધું તો : 'આત્મા તો દીઠો હોય તે દાખવે, આપણાં માનવીનાં તો છે આ શરીર !'

## ભરતવાક્ય

યોગીક ક્રીયાઓ અથવા માનસીક એકાગ્રતા કે ધ્યાનાદી વડે જેવી અલૌકીક (અવાસ્તવીક) મનોગત અનુભુતીઓ પ્રાપ્ત થઈ શકે છે, બરાબર એવી જ (દીવ્ય) અનુભુતીઓ ગાંજો, એલ.એસ.ડી., મેસ્કેલીન, હેરોઈન, અફીણ, ભાંગ ઈત્યાદી નશીલાં દ્રવ્યોના સેવન દ્વારા પણ પ્રાપ્ત થઈ શકે છે. વળી, એવો જ અનુભવ ચોક્કસ બીમારીઓ દરમીયાન પણ માણસને થાય છે. એનો અર્થ એ જ કે કેફી દ્રવ્યો, તાન્ત્રીક પ્રયોગો, સમ્મોહન અથવા આત્મસમ્મોહન તેમ જ હોર્મોન–વીટામીનોની ખામીને પરીણામે ઉદ્‌ભવતા માનસીક

રોગો એ સર્વ દ્વારા એકસરખી જ માનસીક ભ્રમણાઓ માણસના મનમાં ઉદ્ભવે છે. પરન્તુ અન્ધશ્રદ્ધાળુ જણ એને વીશ્વચેતના, બ્રહ્મજ્ઞાન યા મુક્તાવસ્થા ગણી–ગણાવી ખોટો જ ખુશ થતો ફરે છે.*–ડૉ. અબ્રાહમ કોવુર*

●

અનુક્રમણીકા

## 04

# તર્ક ત્રીજું નેત્ર છે, ત્યાં અન્ધત્વ કેવું ?

As right is in the body, so is reason in the soul.

...Aristotle...

'તર્કાન્ધ' શબ્દ સ્વયં વદતોવ્યાઘાત છે. 'વદતોવ્યાઘાત' એટલે પુર્વપદ અથવા પુર્વવીધાન અને ઉત્તરપદ–ઉત્તરવીધાન પરસ્પર વીરોધી હોય, ઉભય એકબીજાનો છેદ ઉડાડી દેતાં હોય, એવું શબ્દ જોડકું કે એવી ઉક્તી. એરીસ્ટોટલ ઉપરના અવતરણમાં કહે છે તેમ, 'તર્ક એ તો આત્માની આંખ છે, ત્રીજું નેત્ર છે, જેના વડે માણસ સત્યદર્શન પામી શકે.' હવે જે વ્યક્તી આંખવાળી છે એને સ્પષ્ટતા કરવી જ રહી કે આત્માની આંખ એટલે 'મનની આંખ' સમજવી; કારણ કે આ દેહમાં આત્મા જેવું કોઈ સ્વતન્ત્ર તત્ત્વ અસ્તીત્વ ધરાવતું જ નથી.

મગજના વીકાસ સાથે માનવબુદ્ધી વીકસતાં જ, વીશ્વને પામવાના તેના પુરુષાર્થમાં તથા તદનુસારનાં વર્તન–વ્યવહારમાં માણસે અપરમ્પાર અસત્યોનો આશ્રય લેવા માંડ્યો; કારણ કે તે લાચાર હતો, સત્ય જાણવાનાં વૈજ્ઞાનીક સાધનોનો અભાવ હતો, નરી આંખની તથા અન્ય ઈન્દ્રીયોની શક્તીઓ મર્યાદીત હતી; જેના દ્વારા જેવું અને જેટલું નીરીક્ષણ થાય તેવું અને તેટલું કર્યું. પછી તેથી આગળ તેણે કલ્પના તેમ જ કપોળ કલ્પનાઓનો વીનીયોગ કર્યો, અને અનેક અસત્યમુલક તારણો પ્રતીષ્ઠીત કર્યાં, જેવાં કે ઈશ્વર, આત્માપરમાત્મા, પાપપુણ્ય, સ્વર્ગનરક, ધર્મ–અધર્મ વગેરે.. સંસ્કૃતીની આગેકુચ સાથે માણસે સત્યને માનસીક રીતે ચકાસવાની વીદ્યાય વીકસાવી, જેને તર્કશાસ્ત્ર Logic કહે છે. પશ્ચીમી તર્કશાસ્ત્રનું મુળ ગ્રીસમાં છે, તો ભારતમાં પણ આ વીદ્યા એટલી જ ખેડાઈ હતી. આપણા પ્રાચીન શાસ્ત્રગ્રંથોમાં 'તર્કભાષા' નામક એક ગ્રંથ છે જ, જે સહેલાઈથી પ્રાપ્ય છે. આજથી પુરાં અઢીત્રણ હજાર વર્ષ પુર્વે, ત્યારના મનીષી અગ્રણીઓએ તર્કની એક નીયમાવલી સ્થાપીત કરી, જેના વડે સત્ય તારણ જ સીદ્ધ થાય. દા.ત., ગ્રીક લૉજીકનો એક નીયમ:

સઘળા મનુષ્યો મરણશીલ છે,
સોક્રેટીસ મનુષ્ય છે,
આથી સોક્રેટીસ મરણશીલ છે.

આ એક અફર સીદ્ધાન્ત છે, જે તર્કશાસ્ત્રનો નીયમ છે. હજી સુધી કોઈ અમર માણસ જોવા મળ્યો નથી. અશ્વત્થામા અમર છે અને આજેય તે ભારતવર્ષમાં વીચરે છે, એ

વાત તર્કમાં કે તર્કશાસ્ત્રમાં બેસતી નથી. વીજ્ઞાનના નીયમોમાં અપવાદ હોઈ શકે છે; કીન્તુ તર્કશાસ્ત્રના નીયમોમાં અપવાદ સંભવતા નથી. અલબત્ત, વીજ્ઞાનની પ્રગતી સાથે નવી શોધો થાય ત્યારે અમુક તર્કસીદ્ધાન્તનું પ્રથમ પદ જ બદલાઈ જાય. મતલબ કે તર્કસરણી તો અક્ષુણ્ણ જ રહે છે, પરીસ્થીતી પલટાઈ ગઈ હોય છે. દા.ત., વીજ્ઞાન માણસને અમર બનાવી દેવાની વીદ્યા શોધે, તો પછી ઉપરના સીદ્ધાન્તનું પ્રથમ પદ જ ઉડી જાય !

આમ, 'તર્કાન્ધ' શબ્દ એક વદતોવ્યાઘાત હોઈ, એના વીનીયોગ પાછળ કેવળ સમ્બન્ધીત પુરુષનું ઝનુન જ પ્રેરકબળ સીદ્ધ થાય છે. તર્ક, શ્રદ્ધાનો વીરોધી છે, અને ઉપર્યુક્ત ઝનુનના મુળમાં તે તે જનની શ્રદ્ધાઘેલછા જ કારણભુત હોય છે. શ્રદ્ધાની પણ એક અવૈજ્ઞાનીક આપત્તી છે; કારણ કે કક્ષા કે સ્તર પ્રમાણે શ્રદ્ધામાં ઉંચનીચના ભેદ પડે છે. આ એક વીચીત્ર હકીકત છે. ભગવાનમાં શ્રદ્ધા સેવનારો ભુતપ્રેતમાં શ્રદ્ધા રાખનારની ટીકા કરી જ કેવી રીતે શકે ? બન્ને પદાર્થો અમુર્ત હોઈ, કેવળ માન્યતાનો વીષય છે. ધારો કે કોઈ સાધુબાવાજી એમ માને અને કહે કે, 'મારી બાયપાસ સર્જરી સફળ થઈ, એને હું ઈશ્વરની પરમ કૃપા માનું છું.' હવે અહીં પ્રશ્ન એ ઉદ્‌ભવે કે જે લોકોની સર્જરી નીષ્ફળ ગઈ, અને મરણશરણ થયા એમનું શું ? ઈશ્વરે પોતાના કયા નીયમના આધારે એ લોકો પર અવકૃપા કરી ? આનો જવાબ આસ્તીકો દ્વારા બે રીતે આપવામાં આવે છેઃ એક તો 'નીયતી યા પ્રારબ્ધ', 'આયુમર્યાદા' વગેરે. હવે જો આવું બધું પુર્વનીર્ણીત અને અફર જ હોય, તો પછી ઈશ્વર કે ઈશ્વરકૃપાનો છેદ જ ઉડી જાય. બીજું, તે પાપ–પુણ્યનો બદલોઃ મતલબ કે પાપી જીવોની સર્જરી નીષ્ફળ જાય, અને પુણ્યશાળી ભક્તજનની સર્જરી ઈશ્વરકૃપાથી સફળ નીવડે! ભક્તી દ્વારા ઈશ્વરની 'સ્પેશીયલ' કૃપા પ્રાપ્ત કરનારા માણસો એક તાર્કીક તારણ–તથ્ય વીસરી જાય છે કે તેઓ પોતાના જ ઈશ્વરને ખુશામતખોર અને પક્ષપાતી સીદ્ધ કરી રહ્યા છે !

'તર્કાન્ધ' જેવો અસત્યમુલક, ઝનુની શબ્દપ્રયોગ ફગાવવા પાછળ એક કારણ છે, અને એ છે, 'શ્રદ્ધા માટેની પાયા વગરની આસક્તી.' શ્રદ્ધાળુઓ સ્વયં 'શ્રદ્ધા'ની વીભાવના કે વ્યાખ્યા જ જાણતા નથી, એમાંથી તેઓની આ કરુણતા પ્રગટે છે. તર્કવીવેક શ્રદ્ધાનો છેદ ઉડાડી દે એ તેઓ સહી શકતા નથી, એવો ચુસ્ત તેઓનો શ્રદ્ધામોહ છે. અમુક શબ્દો સામાન્ય જનના લાડીલા હોય છે. તો અત્રે શ્રદ્ધાની વ્યાખ્યા પ્રસ્તુત કરું : 'પ્રકૃતીના – કુદરતના કાર્ય–કારણ ન્યાયથી ભીન્ન, ઈતર કશુંક બનશે એવી મજબુત મનોદશા સેવવી એનું નામ શ્રદ્ધા'; પરન્તુ ખુદ શ્રદ્ધાળુઓ જ 'શ્રદ્ધા', 'દૃઢ વીશ્વાસ' તેમ જ 'મજબુત મનોબળ' વચ્ચે ભેળસેળ કર્યા જ કરે છે. રસેલે એક સરસ દાખલો આપ્યો છે : 'આવતી કાલે સુર્ય

ઉગશે જ એવી મને પુર્ણ શ્રદ્ધા છે.' એમ કદી કોઈ બોલતું નથી. આ વીધાનનું પુરું અર્થઘટન કરીએ તો સહેલાઈથી સમજાશે કે અફર, વૈજ્ઞાનીક સત્યોને 'શ્રદ્ધા' શબ્દ લાગુ પડતો નથી. અર્થાત્ શ્રદ્ધાનો સમ્બન્ધ કશાક અસત્ય યા તો શંકાસ્પદ હકીકત સાથે જ છે. દા.ત., કોઈ ધાર્મીક મોવડી એવો આદેશ આપે કે 'રોજ રાત્રે હનુમાનચાલીસા અચુક પઢો, તો તમારું નગર ભુકમ્પથી બચી જશે.' (વડોદરામાં ખરેખર ગુજરાતના મોટા ભુકમ્પ પ્રસંગે આવું ઘોડાપુર રમણે ચડ્યું હતું !) હવે શ્રદ્ધાળુઓ જે માનતા હોય તે, તર્કવીવેકવાદીઓ તથા વૈજ્ઞાનીકો તો કદીય ના સ્વીકારી શકે કે હનુમાનચાલીસાનો કોઈ પ્રભાવ, પ્રત્યક્ષ યા પરોક્ષ, ભુકમ્પ ઉપર પડતો હોય ! આવા તર્કવીવેકનીષ્ઠ, વૈજ્ઞાનીક સત્યનીષ્ઠોને તર્કાન્ધ કહેવા એ ઝનુની વીવેકહીનતા લેખાય.

શ્રદ્ધાપ્રેમીઓ કેટલાક સીદ્ધાન્તો અસમ્બદ્ધ રીતે, પુર્વાપર સમ્બન્ધ વીના ફગાવીને તર્કવીવેકવાદીઓને જેર કરવાનો પાગલ પ્રયાસ કરતા હોય છે. દા.ત., એવો એક સીદ્ધાન્ત છે: 'પુરાવાનો અભાવ એ અભાવનો પુરાવો નથી'. આ સીદ્ધાન્ત તો સાવ સાચો જ; પરન્તુ એય તર્કવીવેકથી પર નથી. દા.ત., કોઈ એમ કહે કે, 'આ પૃથ્વીપટે ક્યાંક શીંગડાવાળા માણસો પણ વસે છે, ભલે એનો પુરાવો પ્રાપ્ય ન હોય. પરન્તુ પુરાવાનો અભાવ એ વસ્તુના અભાવનો પુરાવો નથી.' એ ન્યાયે, હું નથી માની શકતો કે કોઈ પણ શ્રદ્ધાળુ જીવ આ દલીલ સ્વીકારી લેશે. અહીં તર્કવીદ્યાનું તથા વીજ્ઞાનનું મુલ્ય સમજી શકાશે. અલબત્ત, આજે તો લગભગ આખીય પૃથ્વીને માણસે ડખોળી નાખી છે એ જુદી વાત છે. પરન્તુ એ સીવાય પણ, શીંગડાવાળા માણસની હસ્તી પરત્વે શંકા તો ઉદ્‌ભવે જ. આજે એવી એક માન્યતા પ્રચલીત છે પણ ખરી, અને તે હીમમાનવની (યેટી). છતાં ભાગ્યે જ કોઈ સમજદાર વ્યક્તી સ્વીકારે છે કે હીમમાનવ જેવો કોઈ ખરેખરો મનુષ્ય અસ્તીત્વ ધરાવતો હોય. શક્ય છે કે માનવીને ઓછોવત્તો મળતો આકાર ધરાવતું કોઈ પ્રાણી હીમાચ્છાદીત પહાડોમાં ખુબ ઉંચાઈએ વસતું હોય ! પરન્તુ એ જુદી વાત છે.

અહીં નકારાત્મક પુરાવાનો પ્રશ્ન ઉદ્‌ભવે છે, અને એની સદન્તર અવગણના કરનારા જ પેલો સીદ્ધાન્ત ફગાવે છે કે પુરાવાનો અભાવ એ અભાવનો પુરાવો નથી. 'પુરાવાનો અભાવ' શબ્દપ્રયોગ જ સ્પષ્ટ સુચવે છે કે હકારાત્મક પુરાવો તો એક પણ નથી જ. બીજી બાજુ, નકારાત્મક પુરાવા સંખ્યાબન્ધ મળતા હોય, એનું શું ? ઈશ્વર છે – એવો નક્કર પુરાવો એક પણ મળતો નથી, સીવાય કે ટુંકી દૃષ્ટીવાળાં, ટુંકી બુદ્ધીનાં આત્મકેન્દ્રી તારણો, પેલી બાયપાસ સર્જરી જેવાં ! ટુંકી બુદ્ધી ઈત્યાદી તો એટલા માટે કે ભુકમ્પમાંથી બચી જનારા પણ એને ઈશ્વરકૃપા જ લેખાવે છે. તેઓના મનમાં કેમ એવો પ્રશ્ન નથી થતો કે

પેલા મરણ પામનારા હજારો પ્રત્યે પરમકૃપાળુ પરમાત્માએ કેમ જરાય કૃપા ન દર્શાવી ? જો આ વીશ્વનો સંચાલક, રાખણહાર, તારણહાર ઈશ્વર જ હોય તો, તે ભુકમ્પ લાવે જ શું કામ? આવા સંખ્યાબન્ધ નકારાત્મક પુરાવાઓ હોય ત્યાં પુરાવાનો અભાવ એ અભાવનો પુરાવો નથી– એ સીદ્ધાન્ત સાંગોપાંગ લાગુ ના જ પાડી શકાય. શ્રદ્ધા સેવવી અને સંશય ન કરવો એ અત્યન્ત હાનીકર્તા એવી પ્રમાદી મનોદશા છે, જેણે સદીઓથી માનવજાતને ઘોર યાતનાનો ભોગ બનાવી છે. ફીલસુફી–ચીન્તનદર્શનનું ઉદ્ભવસ્થાન જ સંશય છે : Philosophy is doubt – સંશય એટલે જ તત્ત્વચીન્તન. આપણા પુર્વજોએ ધર્મનાં ફરમાનો પ્રત્યે થોડોક પણ સંશય દાખવ્યો હોત, તો કેટકેટલી ઘોર નરકયાતનામાંથી માણસ બચી ગયો હોત ! દા.ત., બાઈબલનું ફરમાન છે કે, 'તું ડાકણને જીવતી જવા દેતો નહીં !' અને ડાકણ મનાતી સ્ત્રી ઉપર પાશવી અત્યાચારો ગુજારવાનો અને એને જીવતી જલાવી દેવાનો રવૈયો મધ્યયુગમાં શરુ થયો. ભારતમાં પતી પાછળ સતી થવાના ધાર્મીક ફરમાન નીમીત્તે લાખો કોડીલી કન્યાઓ, યુવતીઓ, પ્રૌઢાઓને એમનાં જ સ્વજનોએ જબરજસ્તી જીવતી જલાવી દીધી. આ ઉપરાન્ત, ધર્મપાલનને નામે માણસ તેમ જ પશુની રાક્ષસી રીબામણીનો રવૈયો ભીષણ ચાલ્યો, અને આજેય નથી ચાલતો એવું આશ્વાસન લઈ શકાય એમ તો નથી જ. ચારપાંચ હજાર વર્ષ પુરાણો ધર્મનો ઈતીહાસ ઘોર માનવયાતનાથી ભયાનક કમકમા પ્રેરક છે, જેમાં કોઈ ધર્મ અપવાદ નથી. માટે આજે શ્રદ્ધાળુઓએ ચેતી જવા જેવું છે; કારણ કે ઈતીહાસની ભુંડી આદત છે કે તે કશો બોધપાઠ આપતો નથી, અને એનું પુનરાવર્તન થયા જ કરે છે ! ક્ષીતીજ ઉપર કાળાં વાદળો ઘેરાઈ રહ્યાં છે.

## ભરતવાક્ય

પ્રકૃતી (કુદરત) વીષયક અજ્ઞાન એ માનવીનાં તમામ દુઃખોનું મુળ છે. બાળપણમાં જ વજ્રલેપ સમ ચોંટી ગયેલા અન્ધ મતને જે હઠાગ્રહથી માણસ વળગી રહે છે, જે એના અસ્તીત્વનો એક અંશ બની રહ્યો હોય છે, તે તેના ચીત્તને પુર્વગ્રહોથી પ્રદુષીત કરી નાખે છે. એ પછી તે ગુલામ બની જાય છે, તેનો વીકાસ અટકી જાય છે, અને નીરન્તર તે ભુલોનું પુનરાવર્તન કરતો જ રહે છે. –દ'હોલબાશ (ફ્રેન્ચ ચીન્તક)

●

અનુક્રમણીકા

## 05

# રૅશનાલીઝમના વીરોધીઓ કશું વાંચતા જ નથી

Rationalism may be defined as the mental attitude, which unreservedly accepts the supremacy of reason and aims at establishing a system of philosophy and ethics verifiable by experience and independent of all arbitrary assumptions of authority.

(લંડનના રૅશનાલીસ્ટ એસોશીયેશને આપેલી અને વ્યાપકપણે સ્વીકૃત થયેલી રૅશનાલીઝમની વ્યાખ્યા તથા વીભાવના)

મુમ્બઈમાં, મુમ્બઈના અગ્રણી રૅશનાલીસ્ટોના પુરુષાર્થથી અને શુભ હેતુથી રૅશનાલીસ્ટ કોન્ફરન્સ મળી ગઈ : એ મુલ્યવાન–અભીનન્દનીય ઉપક્રમના અનુસન્ધાનમાં જે ચર્ચાઓ થઈ એ વાંચતાં થયેલા ખેદથી પ્રેરાઈને અત્રે અમારે રૅશનાલીઝમની એક માન્ય વ્યાખ્યા પુનઃ ટાંકવી પડી છે.

'રૅશનાલીઝમ' એક એવો માનસીક અભીગમ છે કે જેમાં વીવેકશક્તી તથા તર્કશક્તી (રીઝન)ની સર્વોપરીતાનો બીનશરતી સ્વીકાર કરવામાં આવે છે અને જેનો હેતુ ફીલસુફી તથા નીતીશાસ્ત્રની એવી તરાહ સ્થાપવાનો છે કે જે અધીકારી મનાતા કોઈ પણ વ્યક્તી કે ગ્રંથ (ઓથોરીટી)ની એકપક્ષી માન્યતાઓથી સદંતર મુક્ત હોય અને જે તરાહને તર્ક તેમ જ વાસ્તવીક અનુભવ–પ્રયોગ દ્વારા ચકાસી સત્ય યા અસત્ય સીદ્ધ કરી શકાતી હોય.

મીત્રો, જુઓ ઉપર્યુક્ત વ્યાખ્યા લંડનના રૅશનાલીસ્ટ એસોસેશને ઘડેલી છે અર્થાત્ અંગ્રેજીભાષીઓ વડે રચીત છે. છતાં એમાં ક્યાંય બુદ્ધી શબ્દ (intellect કે intelligence) પ્રયોજવામાં આવ્યો નથી, એને સ્થાને વીવેક (રીઝન) શબ્દ પ્રયોજાયો છે. એનું કારણ એ જ કે માણસ જાતની બધી જ સીદ્ધીઓ, તેમ બધાં જ અનીષ્ટોનું મુળ તેની બુદ્ધી જ છે; કારણ કે બુદ્ધી અવળે માર્ગે પણ ગતી કરે છે. ત્યારે તર્કવીવેકથી એને રોકવી તેમ જ ઉચીત માર્ગે વાળવી રહે છે; કારણ કે 'વીવેક' એટલે 'શું સત્ય અને શું અસત્ય ?' તેમ જ 'શું સારું અને શું ખરાબ ?' – એ નક્કી કરનાર નીરક્ષીરવીવેકની શક્તી. બાકી તો ઈશ્વરની કલ્પનાથી માંડીને તે સત્યનારાયણની કથા, મન્દીરો–ધર્મસ્થાનોનું બાંધકામ, ભુતપ્રેતની માન્યતા અને એને કાઢવાના ઘોર ક્રુર વીધીઓ, ઉંચનીંચના ભેદો અથવા આત્મા–પરમાત્માની ફીલસુફી ને કર્મકાંડ આદી તમામ માન્યતાઓ અને વીધીનીષેધો એ માણસની બુદ્ધીનું જ સર્જન–કુસર્જન

છે; કારણ કે ઈતર પ્રાણીઓ તો ભગવાનને ભજતાં જ નથી યા તો ભુત ઘુણાવતાં નથી, જેનું કારણ એ જ કે તેઓમાં બુદ્ધીનો અભાવ છે.

આ વાત હું અત્રે પ્રથમ વાર જ નથી દર્શાવતો એ આ કટારમાં લખાઈ ગયેલી છે અને મારાં એકથી વધુ પુસ્તકોમાં પણ મેં ચર્ચી છે અને તેમ છતાં મુમ્બઈ ખાતેના રૅશનાલીઝમના ટીકાકારો, ખંડનકારો તેમ જ વીરોધીઓએ મહદંશે રૅશનાલીઝમ પરત્વે બુદ્ધી, બુદ્ધીજીવી, બુદ્ધીનીષ્ઠ આદી બુદ્ધીકેન્દ્રી શબ્દપ્રયોગો જ કર્યા છે. એ દુઃખદ છે; કારણ કે એનો અર્થ જ એ કે તેઓ કશું વાંચતા જ નથી કે જાણતાય નથી ! તો સર્વપ્રથમ મારો નમ્ર અનુરોધ કે કોઈ પણ વીચાર કે વીભાવનાનું ખંડન–મંડન કરતા પુર્વે, એનો પુર્ણતઃ અભ્યાસ કરો, તેનાં તમામ પાસાં બરાબર જાણો ને સમજો ! તો 'રૅશનકાર્ડ ધરાવે તે રૅશનાલીસ્ટ' જેવી બાલીશ ઠેકડીઓનો આશરો લેવો ન પડે. એક જાણીતા સર્જકે અમારી આવી મજાક ઉડાવેલી.

દુઃખદ આશ્ચર્યની ઘટના તો એ કે સુરતમાં હું છેલ્લાં પચ્ચીસ વર્ષથી આવી જ એક કટાર 'રમણભ્રમણ'લખું છું. પાંચેક વર્ષ પુર્વે મુમ્બઈમાં 'સમકાલીન' માં એવી જ એક કટાર શરુ થઈ ત્યારે પ્રથમ જ માસમાં પુ. દંડીસ્વામીએ પડકાર ફેંકેલો કે 'અહીં મુમ્બઈ વીસ્તારમાં તો બધા મહાન વીદ્વાનો વસે છે, માટે અહીં તમારું બેફામ ટટ્ટુ ચાલશે નહીં...' કીન્તુ પછી દુઃખદ અનુભવ એવો થયો કે સુરત જેટલી અને જેવી સત્ત્વશીલ ચર્ચા પણ મુમ્બઈના વાચકોએ ભાગ્યે જ કરી. એને બદલે રૅશનાલીસ્ટોને મુર્ખા કહેવા કે રૅશનકાર્ડના ધારકો ગણાવવા જેવી અણસમજુ, ઉતાવળી, અધકચરી, અજ્ઞાનજનીત, અસત્યમુલક, અતાર્કીક એવી ક્ષુદ્ર ચર્ચાઓ જ બહુધા વાંચવા મળી.

એક ઘટના આ સન્દર્ભે યાદ કરું તો આ કટારના પ્રારંભકાળમાં નગીનદાસ સંઘવીએ મારી વીરુદ્ધમાં લખ્યું કે 'શંકરાચાર્ય જેવો બીજો રૅશનાલીસ્ટ મેં જોયો નથી, કારણ કે તેઓએ કહેલું કે 'અગ્ની શીતળ છે એમ સો વેદોમાં લખ્યું હોય તોય હું માનું નહીં !' – આમાં શંકરાચાર્યે બહુ મોટી વાત નથી કરી. કારણ કે કોઈ પણ સામાન્ય સ્વસ્થ વ્યક્તી પણ આમ જ કહે; કારણ કે રોજીંદા સાક્ષાત અનુભવથી વીપરીત વાત સામાન્યતઃ કોઈનાય ગળે ઉતરે જ કેવી રીતે ? જેમ કે સુર્ય પશ્ચીમમાં ઉગે છે – એવી વાત ગમે તેવા માન્યગ્રંથમાં લખેલી હોય તોય કોણ માને ? (અહીં 'પશ્ચીમ' શબ્દ સામાન્ય અર્થમાં જ સમજવાનો છે, બાકી વૈજ્ઞાનીક સન્દર્ભે પુર્વ–પશ્ચીમ જેવું કંઈ જ નથી – એવા અવકાશી સન્દર્ભની આ વાત નથી) ત્યારે શંકરાચાર્યની વાત કરીએ તો જે પુરુષે 'ભજ ગોવીન્દમ્' જેવાં ઉપદેશસ્તોત્રો તથા દેવીસ્તુતી (સૌદર્યલહરી ?) લખી હોય કે 'બ્રહ્મ સત્યમ્ જગન્મીથ્યા' જેવા સીદ્ધાન્ત

પ્રચાર્યો હોય, તેઓને રૅશનાલીસ્ટ કહેવાય જ કેવી રીતે ? મારા વીનમ્ર મતે, વાદ–વીવાદમાં સ્વસ્થ, શાસ્ત્રીય ભાષા ને વૈજ્ઞાનીક દલીલો તથા સર્વાંગદર્શન પ્રયોજાવું જોઈએ, ગાળાગાળી, મજાકમશ્કરી યા ઝનુન એ શાસ્ત્ર–ચર્ચાની રીત નથી.

એવી જ ગંભીર ભુલ અનીલ જોશીએ કરી છે. તેઓ લખે છે કે 'રૅશનાલીઝમની ચર્ચા કરીએ ત્યારે ગાંધીયુગના મહાન વીચારક કીશોરલાલ ઘ. મશરુવાળા અચુક યાદ આવે...' પ્રીય ભાઈજોશી, કોઈકને તો પુછવું હતું કે મશરુવાળા જેવા શ્રદ્ધાળુ આસ્તીક આત્માને કદીય રૅશનાલીસ્ટ કહેવાય ? ના, તેઓ રૅશનાલીસ્ટ નહોતા જ. અમે કૉલેજમાં મશરુવાળાની 'સમુળી ક્રાંતી' ભણાવતા ત્યારે રમુજમાં એવી ટકોર કરતા કે 'સમુળી ક્રાંતી' એટલે 'નમુળી ક્રાંતી' અથવા 'અવળી ક્રાંતી' ! પ્રભુકૃપાની વાતો કરનારા, ભક્તીમાં માનનારા, ચીલાચાલુ સંયમ પ્રબોધનારા, પરમ્પરાગત સ્ત્રી–પુરુષ મર્યાદાનું સમર્થન કરનારા એવા મશરુવાળાનો રૅશનાલીઝમની ચર્ચામાં ઉલ્લેખ જ અસ્થાને ! ગાંધીયુગનો જ દાખલો ટાંકવો હોય તો નરસીંહભાઈ પટેલનો ટાંકી શકાય. તેઓનાં તથા તે વીષયક કેટલાંક સરસ પુસ્તકો હમણાં પ્રગટ થયાં છે જે અનીલભાઈ, જરા વાંચો ! **પ્રાપ્તીસ્થાન :** જમનાદાસ કોટેચા, જોરાવરનગર – 363 020. **જીલ્લો :** સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર) [હવે તેઓ હયાત નથી] રૅશનાલીસ્ટો પર ભાંડણલીલાનો આક્ષેપ કરતા જોશીએ પોતે ફીફાં 'ખાંડવાં', 'છોડીયાં પાડવાં' કે 'બુદ્ધુ' કહેવા જેવી પાયા વગરની ભાંડણલીલા આચરી છે. ગાલીપ્રદાનનો પણ જો પાયો હોય તો એ શીરસાવંદ્ય જ. બાકી કીશોરલાલને 'આજે તો અપ્રાપ્ય જ એવા રૅશનાલીસ્ટ' કહેનાર ચર્ચાકાર રૅશનાલીઝમ પરત્વે કેટલું સમજતા હશે એ જ પ્રશ્ન.

અનીલ જોશીએ રૅશનાલીસ્ટોના શ્રદ્ધાવીરોધની ઠેકડી વળી નીચે પ્રમાણે ઉડાવી છેઃ 'ભાઈ, શ્રદ્ધામાં તને શ્રદ્ધા નથી, એ તારી માન્યતામાં તો તને શ્રદ્ધા છે ને ?' આ શબ્દખેલ તથા વાક્યપ્રપંચના જવાબમાં જણાવવાનું કે આદરણીય અનીલભાઈ, કોઈ પણ મુદ્દા યા શબ્દની ચર્ચા કરતાં પુર્વે વીવાદકારોએ પ્રસ્તુત મુદ્દાની કે શબ્દની વીભાવના સમ્પુર્ણ સ્પષ્ટ કરીને પછી જ આગળ વધવું ઘટે. 'શ્રદ્ધા' શબ્દનો અર્થ સામાન્ય ભાષકો ખુબ જ શીથીલ રીતે કરે છે, એ જ અનીશ્ચીત અર્થમાં ચર્ચા કરવી વીદ્વાનોને શોભે નહીં. દા.ત., શ્રદ્ધા એટલે 'દૃઢ વીશ્વાસ', 'મનોબળ' આદી અનેક અર્થછાયાઓ માટે આપણે સામાન્ય વાતચીતમાં 'શ્રદ્ધા' શબ્દનો સેળભેળીયો વીનીયોગ કરીએ છીએ. કીન્તુ તાત્ત્વીક ચર્ચામાં એમ ન ચાલે, અમે રૅશનાલીસ્ટો જે શ્રદ્ધાનો વીરોધ કરીએ છીએ, એ શ્રદ્ધાની અમારી સ્પષ્ટ વ્યાખ્યા છે અને તે એ કે 'કુદરતના કાર્ય–કારણના ન્યાયથી કશુંક ભીન્ન યા વીપરીત બનશે – એવો અડગ વીશ્વાસ સેવવો એનું નામ શ્રદ્ધા.' દા.ત., બાલાજી કે બાપાજીની બાધા રાખવાથી છોકરો

પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે પાસ થઈ જશે અથવા જપમાળાથી કે કર્મકાંડથી સ્વજન અસાધ્ય રોગમાંથી ઉગરી જશે – એવી અસંભવીત આશા અડગ ભાવે સેવવી એનું નામ શ્રદ્ધા. માટે જ હું કહું છું કે શ્રદ્ધા માત્ર અન્ધશ્રદ્ધા જ હોય છે અને એવી શ્રદ્ધાને અમે રૅશનાલીસ્ટો લેશમાત્ર માન્ય રાખતા જ નથી. કેવળ હું જ નહીં, મહાત્મા ગાંધીજીએ પણ એ જ કહ્યું છે કે 'શ્રદ્ધા આંધળી જ હોય' કુદરતમાં કાર્ય–કારણ ન્યાય સમ્પુર્ણ અફર છે. એમ અનેક મહાન ચીન્તકોએ પણ સ્વીકાર્યું જ છે અને વીજ્ઞાનીઓ તો દઢપણે એમ માને જ છે. આસ્તીક એવો જર્મન ફીલસુફ કાન્ટ પણ કહે છે કે 'કાર્ય–કારણ ન્યાયના સીદ્ધાન્તનો અસ્વીકાર કોઈપણ વર્તમાન અનુભવને આધારે થઈ શકે તેમ છે જ નહીં. (ક્રીટીક ઓફ પ્યોર રીઝન). એ જ રીતે છેક આઠમી સદીમાં થઈ ગયેલો ભારતીય ચીન્તક કુમારીલ ભટ્ટ લખે છે, 'ન લોકવ્યરીક્તીં હી પ્રત્યક્ષં યોગીનામપી ! ' અર્થાત્ લોક એટલે કે વીશ્વના નીયમથી ભીન્ન એવું કશું યોગીઓ પણ જોઈ–જાણી, પ્રમાણી શકતા નથી. આ લોકનીયમ એટલે જ કાર્યકારણ ન્યાય.

મુમ્બઈના મારા મીત્રોનું દુ:ખ, અર્થાત્ દુ:ખદ અભીગમ એ જ છે કે તેઓ કશું વાંચતા નથી, વ્યાપક તલાવગાહી અભ્યાસ કરતા જ નથી અને છતાં ચર્ચાના રણમેદાનમાં બુઠ્ઠી તલવારે કુદી પડે છે. અત્રે નમ્રતાપુર્વક જણાવું કે આ જ કટારમાં અગાઉ મેં 'શ્રદ્ધા' વીષયે ચર્ચા કરી જ છે. ઉપરાંત તેઓને વીનવું કે મારાં પુસ્તક 'મધુપર્ક' તથા 'સંશયની સાધના' માં તેઓ અનુક્રમે પ્રકરણ–01 અને પ્રકરણ–16 વાંચે ! આવી ભલામણ હું મારી ચોપડીઓ ખપાવવા માટે જ કરું છું – એવી ઠેકડી ભાઈ અનીલભાઈ બીનધાસ્ત કરે, મને વાંધો નથી. બાકી તેઓ મોટા સાહીત્યકાર છે એટલે જાણતા જ હશે કે ગુજરાતીમાં પુસ્તકોની રૉયલ્ટી બહુધા ઉચ્ચક જ મળે છે. (જો કે મુદ્દલે મળતી નથી– એ વળી જુદી વાત છે.)

તા.ક.: જો કે મુમ્બઈના જ કેટલાક નીર્ગ્રંથ, મુક્ત મનના, તાત્ત્વીક વીચારના સજ્જનો રૅશનાલીઝમનો મર્મ–ધર્મ યથાર્થ સમજ્યા પણ છે અને મુખ્યત્વે આ કટારમાંથી જ, 'સંશયની સાધના'માંથી જ પ્રેરણા કે વીચાર ગ્રહણ કરીને, રૅશનાલીસ્ટોનું મંડળ ત્યાં સ્થાપ્યું છે અને સામયીક પણ પ્રગટ કરવા માંડ્યું છે ('વીવેકપંથી'). તેઓને ધન્યવાદ !

●

અનુક્રમણીકા

## 06

## પીડા–તરંગથી ભુકમ્પ થાય ? હીંસા વીશેની ગેરસમજો

મધુપર્કે ચ યજ્ઞે ચ
પીતૃદેવાર્થ કર્મણી, ।
અત્રૈવ પશવો હીંસ્યા :
નાન્યત્રૈત્વબ્રવીત્મનુઃ ॥

એક સમય એવો હતો જ્યારે માંસ ખાધા વીના કોઈ બ્રાહ્મણ રહી શકતો જ નહીં. વેદોમાં જ આપણે વાંચીએ છીએ કે, જ્યારે કોઈ સન્યાસી કે રાજા જેવો કોઈ મોટો માણસ મહેમાન તરીકે આવે, ત્યારે સારામાં સારા વાછરડાને વધેરવામાં આવતો.

–સ્વામી વીવેકાનન્દ

એક આદરણીય જગત્પ્રવાસી સ્વામીજીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં લખ્યું કે, મને એ હકીકતથી ખુબ આશ્ચર્ય થાય છે કે, લગભગ સર્વભક્ષી એટલે કે જાતજાતનાં પ્રાણીઓને ખાઈ જનારી જાપાની પ્રજા કેમ આટલી બધી માનવતાવાદી છે ! (આ અવતરણ શબ્દશઃ નથી, કેવળ ભાવાર્થ છે, જે વળી સ્મૃતી આધારે જ ટાંકેલ છે) ઉપરના શ્લોકમાં, મનુભગવાને તો વળી કંઈક અંશે વીચીત્ર વાત કરી છે કે, મધુપર્ક માટે, યજ્ઞમાં બલી ચઢાવવા માટે, પીતૃઓ તથા દેવ પ્રીત્યર્થ કર્મકાંડ માટે પશુઓની હીંસા કરવામાં દોષ નથી એમ મનુએ કહ્યું છે. પયગંબરસાહેબે એક સુન્દર ઉપદેશ આપ્યો છે કે, જો આહાર અર્થે પણ તું કોઈ પ્રાણીની હત્યા કરે, તો એવી રીતે તું એની કતલ કરજે કે જેથી એને ઓછામાં ઓછી પીડા થાય.

આ વીચારો અત્રે હું એટલા માટે પ્રસ્તુત નથી કરી રહ્યો કે, મારે માંસાહારનો પ્રચાર કરવો છે; પરન્તુ હમણાં એક પુસ્તીકા વાંચવામાં આવી, જેનું તારણ યા જેનો ભાવ કંઈક એવી વાત પર છે કે પૃથ્વીપટે બેફામ જીવહીંસા થાય છે એથી જ આજકાલ મોટા ધરતીકંપો થાય છે ! અર્વાચીન યુગમાં હીંસા વધી ગઈ છે, એના પરીણામે કુદરત કોપે છે વગેરે. ત્યારે મને એક ઘટના તથા એક સીદ્ધાન્તનું સ્મરણ થઈ આવે છે. પ્રસ્તુત સીદ્ધાન્ત એવો કે, કોઈ પણ સારા, શુભ હેતુ માટે પણ અસત્યનો આશ્રય લેવો જોઈએ નહીં; કારણ કે એમ કરવાથી એક શુભ હેતુ સીદ્ધ કરવા જતાં, અનેક અનીષ્ટો પેદા થવાનું કે વકરી જવાનું જોખમ ઉદ્‌ભવે છે. જો કે માસાંહાર એ ખરાબ આચરણ છે અને શાકાહારનો આધાર એ શુભ હેતુ લેખાય – એમ સુચવવાનો મારો હેતુ નથી. સવાલ અવૈજ્ઞાનીકતા તથા અન્ધશ્રદ્ધાઓના પુરસ્કારનો છે.

પ્રસ્તુત ઘટના એવી છે કે, કેટલાક દાયકા પુર્વે, બીહારમાં પ્રચંડ, વીનાશક ધરતીકંપ થયેલો, ત્યારે ગાંધીજીએ બરાબર એવું જ શુભ હેતુવાળું છતાં અન્ધશ્રદ્ધા–સમર્થક વીધાન કરેલું કે – 'ભારતમાં પાપ વધી ગયાં છે, એનો બદલો કે સજા ઈશ્વરે આપણને આ રીતે આપ્યાં.' મને યાદ છે ત્યાં સુધી, ગાંધીજીએ એમ કહેલું કે, 'હરીજનો પરના અત્યાચારની સજા ઈશ્વરે આપણને ધરતીકંપરુપે ફટકારી.' ગાંધીજીનું આ એક અનુચીત, અન્ધશ્રદ્ધા–પ્રચારક પગલું હતું, જેથી કવીવર ટાગોરે તત્કાળ એનો વીરોધ કરેલો. ટાગોરે મહત્મા ગાંધીને વીનન્તી કરેલી કે બાપુ, કૃપા કરીને આવી અન્ધશ્રદ્ધાઓ ન ફેલાવો.

હવે ડૉ. એમ. એમ. ભમગરાએ બરાબર આવી જ એક પુસ્તીકા લખી, ત્યારે આપણે આ વીષયની ચર્ચા કરીએ; કારણ કે આવી માન્યતામાં સંશયને ઘણો જ અવકાશ છે. આવો કાર્ય–કારણ ન્યાય અવૈજ્ઞાનીક અસત્ય જ છે. મનુષ્યની પ્રકૃતી જ એવી છે કે, મહદંશે બીનપાયાદાર યા કવચીત પાયાદાર એવી પોતાની માન્યતાના સમર્થનમાં જો થોડુંય કંઈક, સાવ ગૌણ પક્ષેથી પણ કહેવામાં આવે, તોય એના તરફદારો એને મહાન વેદવાક્ય માનીને ખુશીથી નાચી ઉઠે જ. અમુકતમુક ધર્મના અનુયાયીઓ તેમ જ ગાંધીવાદીઓ અહીંસાની ધાર્મીક ભાવનાથી જ મુખ્યત્વે શાકાહારના જબરજસ્ત સમર્થકો છે. એટલે તેઓને કતલખાનામાં મોટે પાયે કતલ થતાં પ્રાણીઓના સંહારની પ્રતીક્રીયારુપે ભયાનક ધરતીકંપો થાય એવું વીધાન ગમી જ જાય. ત્યારે આપણા જેવા તટસ્થ અને સ્વસ્થ મને ચીન્તન કરનારા, વૈજ્ઞાનીક અભીગમવાળા મનુષ્યોના મનમાં સંશય જાગે, જાગવો જ જોઈએ; કારણ કે 'સંશય હમેશાં સત્યના હીતાર્થે વધુ આવકાર્ય માનસીક પ્રત્યાઘાત ગણાય' એ સ્વાભાવીક છે.

એ સન્દર્ભે ડૉ. ભમગરાનું વીધાન–લખાણ જોઈએ : તેઓ લખે છે કે, 'ડૉ. નેમીચન્દ્ર જૈને એક નવો જ અભીપ્રાય રજુ કર્યો છે. આ મહાનુભવ કહે છે કે ધરતીકંપ માટે જેમ ભૌતીક અને ભૌગોલીક કારણો છે, તેમ અતીભૌતીક તથા અભૌતીક કારણો પણ હોય છે. એ વીશે પહેલી વાર 1995માં દીલ્હી વીશ્વવીદ્યાલયના ત્રણ નીષ્ણાતો નામે ડૉ. મદનમોહન બજાજ, એમ. એસ. ઈબ્રાહીમ અને વીજયરાજ સીંહે રશીયાના એક કતલખાનામાં પ્રાણીઓની કતલ વેળા ઉદ્‌ભવતા 'પેઈન વેવ' એટલે કે 'પીડા–તરંગો' અને એનાથી ધરતી પર થતી અસરનો એક અભ્યાસ પ્રકાશીત કરેલો. આ અભ્યાસ દ્વારા ઉપર્યુક્ત વૈજ્ઞાનીકોએ એવો અભીપ્રાય રજુ કર્યો કે, 'ધરતીકંપોનું કારણ માનવી જે હત્યા અને ક્રુરતા આચરે છે તે છે. કતલખાનામાં માનવી જે પ્રાણીઓનો સંહાર કરે છે, તે યુદ્ધ દરમીયાન માનવી માનવનો જેટલો સંહાર કરે છે તેના કરતાં કરોડોગણો વધારે છે. જો આવો હત્યાકાંડ બંધ કરવામાં આવે, તો ધરતીકંપ પર પણ અંકુશ આવી શકે યા એની તીવ્રતા

ઓછી થઈ શકે એમ આ વૈજ્ઞાનીકોનું માનવું છે. ડૉ. જૈન કહે છે કે આ પુસ્તકમાં વર્ણવેલા નીષ્કર્ષોનો એક આધાર મહાન વૈજ્ઞાનીક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો 'પેઈન વેવ'–પીડાતરંગોનો સીદ્ધાંત જ છે. આ સીદ્ધાંત પ્રમાણે, પશુ–પક્ષીઓને અથવા કોઈ પણ જીવને કતલખાનામાં કતલ કરવામાં આવે છે ત્યારે એને જે પીડા થાય છે, તેની તીવ્રતા સૌથી વધારે હોય છે.' ઉક્ત લેખના બન્ને લેખકોએ ડૉ. જગદીશચન્દ્ર બોઝના એ સીદ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે કે બ્રહ્માંડનો કણેકણ સંવેદનશીલતાથી ધબકે છે, બધા જીવો–વનસ્પતી જગત પણ પરસ્પર સંવેદનશીલતા અનુભવે છે. વૈજ્ઞાનીકોએ 'પેઈન–વેવ'ના સીદ્ધાન્ત મુજબ, જાહેર કર્યું છે કે પ્રાણીહત્યાના કારણે પેદા થતાં પીડાતરંગો વનસ્પતીસૃષ્ટીમાં કંપન જગાડે છે. એના સ્પંદનો ધરતીને ધ્રુજાવી શકે છે. (આપણા દેશમાં પ્રતી વર્ષ કદાચ ત્રીસ કરોડ પ્રાણી કપાતાં હશે એમ ડૉ. ભમગરા લખે છે – મને તો આ આંકડો ઘણો નાનો લાગે છે; કારણ કે અહીંસા ને કરુણાના અણસમજુ દાવેદાર એવા આ દેશમાંય એંસી ટકા લોકો માંસાહારી છે).

મને પ્રથમ તો એમ લાગે છે કે, 'હીંસા' શબ્દ બાબતે ધાર્મીક તેમ જ અહીંસાવાદીઓ ભારે ગેરસમજ કરી રહ્યા છે : સમગ્ર સજીવ સૃષ્ટી હીંસાના આધાર પર જ ટકી રહી છે, ત્યારે પ્રાણીહત્યાને હીંસા માનીએ તોય એનો કશો જ અર્થ નથી. વળી, જો હત્યા એવી યુક્તીપુર્વક કરવામાં આવે કે સંબંધીત પ્રાણીને લેશ માત્ર પીડા ન થાય, તો એવી હત્યા નહીવત હીંસા ગણાય અથવા ગણાય જ નહીં; કારણ કે માનવેતર પ્રાણી મૃત્યુ વીશે કંઈ જ જાણતું–સમજતું હોતું નથી. મૃત્યુ અતીગંભીર આપત્તી કે હીંસા–ઘોર પાપ કૃત્ય માનવ સન્દર્ભોમાં તો એટલા માટે ગણાયું કે માણસ મૃત્યુને બરાબર ઓળખે છે, તે જીવવા ઈચ્છે છે, વળી પાછળ જીવનારને માથે અપરમ્પાર કે અસહ્ય આપત્તીઓ ત્રાટકે છે. બાકી આમ તો, મરનારને મૃત્યુ સાથે લેવાદેવા જ શી ? એપીક્યુરસે યોગ્ય જ કહ્યું છે કે, 'મૃત્યુ સાથે આપણે કશો સંબંધ જ નથી, કારણ કે જ્યાં સુધી આપણે જીવીએ છીએ, ત્યાં સુધી મૃત્યુ જ નથી, અને આપણે મરણ પામીએ, પછી આપણે ખુદ રહેતા નથી !'

પીડાનો પ્રશ્નેય પ્રાણી જ્યાં સુધી સજીવ છે, ત્યાં સુધી જ ઉદ્ભવે છે. અને પીડન એ જ ખરી હીંસા છે, હત્યા ભાગ્યે જ હીંસા ગણાય. એક દાખલાથી આ વાત સ્પસ્ટ કરું તો, એક બળદ કે ઘોડાને ગાડીએ જોડવો, એને ચાબુકો ફટકારતાં દોડાવ્યા જ કરવો, એનાં થાક, ભુખ–તરસ કશાની જ ખાસ પરવા કર્યા વીના, આપણા સ્વાર્થ–ઈચ્છા–યોજના મુજબ જ હાંક્યે રાખવો, ભયંકર ગરમી, ઠંડી કે ધોધમાર વરસાદમાંય દોડાવ્યા જ કરવો, ગજા બહારનો બોજ ભરવો, એની દયાજનક અશક્તીના સંજોગોમાં જંગલી ઉપાયો રુપે બેરહમ મારફાડ, ઘોંચપરોણા, આંખમાં મરચાં આંજવા, આગ ચાંપવી– ટુંકમાં, અસહ્ય, જીવલેણ,

અતીક્રુર, રાક્ષસી રીબામણી એ ઘોર કમકમાંપ્રેરક હીંસા છે. માટે કુતરા મારવા કે નહીં ? એવા પ્રશ્નને બદલે બળદને, ઘોડાને કે ઉંટને ગાડાંએ જોડી દોડાવવાં કે નહીં ? એ પ્રશ્નને અહીંસા તથા કરુણાનો પ્રશ્ન ગણવો ઘટે. આપણા મહાન અહીંસાવાદીઓ હીંસાનો આવો ખરો મર્મ સમજતા જ નથી. બાકી, જીવન છે, ત્યાં હીંસા રહેવાની જ; કારણ કે એ ક્રમ દીસે છે કુદરતી ! જીવો જીવસ્ય જીવનમ ! પ્રકૃતીનો એ નીયમ છે કે, એક જીવ બીજા જીવને ખાઈ જાય, તો જ તે ખાનારો જીવી શકે.

કુદરતમાં તો એક પ્રાણી બીજા પ્રાણીને સાવ નીર્દય રીતે મારી ખાઈ જાય છે. એમ રોજીન્દા અબજો જીવો ખવાય છે. જો પ્રાણીહત્યાનાં 'પેઈન વેવ'થી ધરતીકંપો થતા હોય, તો રોજ જ ધરતી ધણધણવી જોઈએ. જો વનસ્પતીનાં સ્પંદનો ધરણી ધ્રુજાવી શકતાં હોય તો, ચોમાસામાં તૃણાહારી પશુઓને લીલુંછમ ઘાસ દીનભર ભચડભચડ ચર્યા જ કરતાં જોઉં છું, એટલે સ્વાભાવીક જ પ્રશ્ન ઉઠે છે કે આ ઘાસ વનસ્પતી કહેવાય કે નહીં, એને સંવેદન થાય કે નહીં ? એના દર્દના તરંગો કેમ ધરતીકંપ નથી જગાવતા ? એ જ રીતે, જંગલના કાયદામાં તો રોજના કરોડો નહીં; બલકે અબજોનાં અબજો પ્રાણીઓની હત્યા થાય છે; કારણ કે જંગલનું જીવન એટલે જ ખાવું અને ખવાઈ જવું. જો એના 'પીડા તરંગો'ની પૃથ્વીના વ્યવસ્થાતંત્ર પર માઠી અસર થતી જ હોય તો, ધરતી કેવળ ધ્રુજે નહીં, ફાટી જ પડે... મુળમાં, વીરોધ માનવીના માંસાહાર સામે જ છે, એથી આવાં તેવાં ગતકડાં વહેતાં મુકવામાં આવે છે. (વધુમાં, ધાર્મીક માન્યતા પણ ખરી જ.)

વનસ્પત્યાહારનો આગ્રહ મુખ્યત્વે ધાર્મીક ઝનુન છે; કારણ કે સર્વપ્રથમ તો એક જીવ બીજા જીવને ખાઈ જાય, તો જ પોતે જીવી શકે અને વનસ્પતી પણ 'જીવ' જ છે. બાકી ધુળ, રેતી ને પથરા ખાઈને જે જીવી શકે, એ જ સાચો અહીંસક કહેવાય ! મનુષ્ય મુળભુત રીતે એક માંસાહારી પ્રાણી જ છે. તેના અસ્તીત્વને જો સો ટકાના માપથી ગણીએ તો નવ્વાણું ટકા જેટલાં વર્ષો સુધી માનવી એક શીકારી પ્રાણી જ હતો, અને મુખ્યત્વે જંગલમાં વસી, જંગલનાં પ્રાણી–પક્ષીને મારી ખાતો. ફક્ત છેલ્લા ત્રણ ટકા વર્ષોથી જ તે ખેતી કરતો અને અનાજ ખાતો થયો છે. પાચનતંત્રની રચનાની દલીલ અત્રે નથી છેડતો; પણ એટલો નીર્દેશ કરી લઉં કે, ઘણી જાતનાં અનાજ–કઠોળ માણસ કાચાં નથી જ ખાઈ શકતો, તેમ કાચું માંસ પણ બહુધા તે નથી ખાતો. તેનું બન્ને પ્રકારનું ભોજન મુખ્યત્વે રાંધેલું જ હોય છે.

અંતમાં, પેલા સુધારક સ્વામીજીના આશ્ચર્ય વીશે બે શબ્દ : વનસ્પત્યાહારી માણસ દયાળુ, અને માંસાહારી ક્રુર હોય છે – એવી જે લોકવાયકા છે એ નીરાધાર છે. ખોરાક દેહ માટે પોષક તત્ત્વો પેદા કરે છે; મન માટે સ્વભાવના ગુણદોષ પેદા નથી કરતો.

અમુક વ્યક્તીઓ માટેના પુર્વગ્રહમાંથી સંભવતઃ ઉપર્યુક્ત જોખમી લોકવાયકા પ્રગટી છે... જીવહત્યા અને જીવદયા પરત્વે એક જ વાત પ્રાણસમ મહત્વની સમજાય છે, જે માન્યતા તથા પાળ્યા વીના આજે છુટકો જ નથી અને એ છે : 'પર્યાવરણની સમતુલા.'

## ભરત વાક્ય

I conjure you, my brethren, remain faithful to Earth, and do not believe those who speak unto you of super terrestrial hopes ! Poisoners they are whether they know it or not.

–Friedrich Nietzsche

●

અનુક્રમણીકા

## 07

## રૅશનાલીઝમ 'તર્કજડતા' નથી; 'સંશયવાદ' છે

The persons who live in obedience to reason are worth to be accounted free. They alone live as they will, who have learned what they ought to will. –Plutarch

જે જે સાથીઓ, મીત્રો, હમસફર, પ્રશંસકો મળી જતાં, જ્યારે દીલ ખોલીને વાત કરી બેસે છે, ત્યારે ભાવવીભોર, પ્રસન્ન ચીત્તે એક પ્રાપ્તી કે સંપ્રાપ્તી ઉદ્ગારે છે કે, 'તમારી વીચારસરણી સ્વીકારવાથી અમે હળવાફુલ થઈ ગયા. તમામ ખોટો બોજો મનમાંથી તેમ જ જીવનમાંથી ઉતરી ગયો' (દા.ત., હમણાં જ અમદાવાદમાં દોશીદમ્પતી – આશીતભાઈ, કલ્પનાબહેને બરાબર આમ જ કહ્યું). જે માનવબન્ધુઓ ધર્મમાં અને ઈશ્વરમાં તેમ જ તદનુસારનાં પરમ્પરાઓ, કર્મકાંડો, મીથ્યા મુલ્યો અને આચારોમાં માને છે એ લોકો પોતાને માથે અને વ્યવહારમાં કેટલો મોટો અને મીથ્યા બોજ વેંઢારીને લડખડતા વીચરતા હોય છે. જ્યારે રૅશનાલીસ્ટો હળવાફુલ !

એનું કારણ એ જ કે રૅશનાલીઝમનો પાયો 'વીવેક' છે. રૅશનાલીસ્ટ થવું એટલે શું સારું અને શું ખરાબ, શું સત્ય અને શું અસત્ય, શું હીતકર અને શું અહીતકર, શું આવશ્યક અને શું અનાવશ્યક – એ યથાર્થ પારખવાની શક્તી અને તદનુસાર જીવનને જીવવાનો નીર્ણય. માટે જ ઉપર ટાંકેલ વીધાનમાં પ્લુટાર્ક કહે છે કે 'જે વ્યક્તીઓ વીવેકશક્તી કે વીવેકબુદ્ધીને આધીન બનીને જીવે છે, તેઓ જ સાચા સ્વતંત્ર મનુષ્યો ગણાય; કારણ કે તેઓ પોતાની ઈચ્છાનુસાર જીવે છે અને પોતે ખરેખર શું ઈચ્છવું એ પણ તેઓ બરાબર નક્કી કરી શકતા હોય છે.' ખાસ યાદ રાખો કે વીવેકબુદ્ધીની આવી તારીફ કરનાર પ્લુટાર્ક આજથી બે હજાર વર્ષ પુર્વે થઈ ગયો.

જે વીદ્વાન મીત્રો રૅશનાલીઝમની વ્યાખ્યા કે વીભાવના યથાર્થ નથી જાણતા, કદાચ કડવી ને કઠોર ટીકા કરી શકાય એટલા ખાતર જાણવા જ નથી માગતા, એ લોકો જ એમ જાહેર કરે છે કે રૅશનાલીઝમનો પાયો તર્ક છે અને એથી રૅશનાલીસ્ટો 'તર્કાન્ધ' છે, પરન્તુ આવી મનસ્વી વ્યાખ્યા તથા મનસ્વી મુલ્યાંકનનો અર્થ જ શો ? સીવાય કે પાયારહીત ટીકા માટે એ કામ લાગે ! રૅશનાલીઝમનો પાયો તો મનુષ્યે મહામહેનતે, મંથનથી, વાચન–મનનથી પ્રાપ્ત કરેલી વીવેકબુદ્ધી જ છે. Reason શબ્દનો એક અર્થ 'વીવેકશક્તી' એવો થાય છે એ પણ ગત લેખમાં જણાવ્યું જ છે. તદનુસાર રૅશનાલીસ્ટ sound of judgment હોય

છે, એથી જ રૅશનાલીઝમનું ગુજરાતી અમે ‘વીવેકબુદ્ધીવાદ’ એવું કરીએ છીએ. તર્ક એ તો વીવેકનું એક અંગ છે. સત્ય પામવા માટે પ્રથમ કોઈ પણ માન્યતા કે માની લીધેલ સત્ય પરત્વે તર્કપુત ચીન્તન કરવું ઘટે, એ પછી જે તારણ નીકળે તેનો વાસ્તવીકતા સાથે તંતોતંત મેળ બેસવો જોઈએ અને ત્યાર બાદ પ્રયોગાદીથી તે એ જ પ્રમાણે સીદ્ધ થવું જોઈએ. આટલો શ્રમ કરી સત્યની નીરન્તર ખોજ કરતા માનવીને ‘તર્કાન્ધ’ કહી જ કેમ શકાય ? વાસ્તવમાં, રૅશનાલીસ્ટ સંશયવાદી હોય છે અને સંશય અને અન્ધતા વચ્ચે તો ઉત્તર ધ્રુવ–દક્ષીણ ધ્રુવ જેટલું અમીટ અન્તર છે એ સ્પષ્ટ છે. સંશયની સાધના એ હકીકતે સત્યની જ સાધના છે. આસ્તીક અન્ધશ્રદ્ધાને વળગી રહે છે; જ્યારે રૅશનાલીસ્ટ સંશય કરી સત્ય શોધતો રહે છે.

એક દાખલો લઈ આ મુદ્દાને સ્પષ્ટ કરીએ : વળી, આ પ્રશ્ન જ આસ્તીક–નાસ્તીક વચ્ચેની વીરાટ ખાઈ – great rift valley છે. પ્રશ્ન એ છે : આત્મા–પરમાત્મા છે કે નહીં? આસ્તીક મીત્રો ખુદ જણાવે છે તેમ, શ્રદ્ધાળુઓ તો અન્ધશ્રદ્ધાળુઓ હોય છે. તેઓના મનમાં આ પ્રશ્નના હકારાત્મક પ્રત્યુત્તર પરત્વે કશી શંકા જાગતી જ નથી; પરન્તુ સંશયવાદી એવા રૅશનાલીસ્ટોના ચીત્તમાં તો શંકા જાગે જ કે જો કોઈ ઈશ્વર ખરેખર હોય તો આ દુનીયા આટલી બધી ખરાબ અથવા તો ભયાનક અને યાતનાપુર્ણ શા માટે છે ? આસ્તીકો જવાબ આપશે કે સંસારના અનીષ્ટો એ ઈશ્વરનું સર્જન નથી, માનવીનું કર્મફળ છે, તેનાં દુષ્કૃત્યોનું દુષ્પરીણામ છે. એ સાંભળતાં તત્કાળ રૅશનાલીસ્ટના ચીત્તમાં બીજો પ્રશ્ન જાગશે કે એવાં દુષ્કૃત્યો બનાવ્યાં કોણે ? વળી, એ ખરાબ કામો કરવાની શક્તી માણસને કોણે આપી ? એવું શા માટે ? ‘સત્યમ્ , શીવમ્ , સુન્દરમ્’ની ભાવના કે પ્રક્ષેપ સાથે આવાં ઘોર અનીષ્ટોનો મેળ જ કેમ કરીને બેસે ? શું દુષ્કૃત્યો બનાવનાર કોઈ અન્ય શક્તી છે ? તો તો એ ઈશ્વર કરતાં ચઢીયાતી જ ગણાય. હવે આવા સંશયો ન જાગે તેને અન્ધ કહેવો કે આવા સંશયવાદી રૅશનાલીસ્ટને અન્ધ કહેવો ? એ પ્રશ્નનો ઉત્તર સમજદાર વ્યક્તી તો સહેજે પામી શકે.

હવે આત્માની વાત કરીએ તો સજાગ ચીત્તમાં પ્રથમ પ્રશ્ન એ જાગવો જ જોઈએ કે આ આત્મા એટલે શું ? સામાન્યતઃ જવાબ મળશે કે આત્મા તે પ્રાણીમાત્રના દેહમાં વસેલું ચૈતન્ય. તત્કાળ સંશયવાદીના ચીત્તને એ પ્રશ્ન થશે કે ચૈતન્યરુપ એવા એ આત્માને આવા ગંદા અને ભદ્દા સ્થુળ દેહનો આશ્રય લેવાની અનીવાર્યતા કેમ ઉદ્‌ભવી? વળી એવા જડ અને નીર્બળ દેહના આધાર વીના ચૈતન્યમય આત્મા કેમ કશું જ કરી શકતો નથી ? કેટલાક આસ્તીકોને મતે તો આત્મા વળી પરમ અને વીરાટ ચૈતન્યરુપ પરમાત્માનો જ અંશ છે. તો પછી તેનું સ્વતંત્ર અસ્તીત્વ શા માટે શક્ય જ નહીં ? ઉપનીષદના રચયીતા એવા મનીષી મુનીઓ આ અકળ પરીસ્થીતીને ‘અંધ–પંગુ ન્યાય’ વડે સમજાવવા મથે છે કે આત્મા અથવા

પુરુષ તે પંગુ છે, જ્યારે દેહ અર્થાત્ પ્રકૃતી એ અન્ધ છે. પરીણામે આ ઉભય તત્ત્વો એકબીજાની સહાયથી જ ગતી કરી શકે છે. પંગુ ચૈતન્ય અન્ધ પ્રકૃતીને ખભે ચઢીને ચાલે છે ઈત્યાદી; કીન્તુ આવી મર્યાદા ચૈતન્યને શા માટે નડવી જોઈએ ? અન્ધ–પંગુ ન્યાય એ જવાબ નથી; જે વાસ્તવમાં છે એનું દૃષ્ટાંતરુપ, પ્રતીકાત્મક વર્ણન માત્ર જ છે. માટે જ ચાર્વાકનું તારણ વધુ સત્ય પ્રતીત થાય કે પ્રકૃતીનાં તત્વોના, પંચમહાભુતોના સંઘાતથી જ ચૈતન્ય કે આત્મા ઉદ્ભવે છે. તે કોઈ સ્વતંત્ર તત્ત્વ છે જ નહીં.

સંશયાત્માના મનમાં વળી અન્ય એક ગહનતર પ્રશ્ન પણ ઉદ્ભવે છે કે આત્મા જો પરમ ચૈતન્યનો જ અંશ હોય અને દેહનો તે જ શક્તીમાન કર્તાહર્તા હોય તો, જીર્ણ દેહ ત્યજી અન્ય દેહમાં પ્રવેશતાંની સાથે જ તે પુર્વજન્મનું સર્વસ્વ સદંતર ભુલી કેમ જાય છે? જડ દેહની શક્તીના ખરા સ્રોતરુપ એવો આત્મા સ્વતંત્ર રીતે પોતાના પુર્વકાળનું કોઈ જ જ્ઞાન– પોતાના ખુદના વીશેના કશાય સન્દર્ભો સાથે લઈને વીચરી જ ન શકે, એવી તે કેવી પરમાત્માની યોજના ? એમ બને જ કેમ ? શ્રીમદ્ ભગવદગીતા જેવો સન્માન્ય ચીન્તનગ્રન્થ તો કહે છે કે ‘મારા, એટલે કે પરમાત્માના (શ્રીકૃષ્ણના) અંશરુપ એવો જીવાત્મા જ્યારે એક દેહ છોડે છે ત્યારે પાંચ ઈન્દ્રીયો તથા છઠ્ઠા મનને, વાયુ જેમ ગન્ધને વહી જાય તેમ, સાથે લઈને જ ચાલ્યો જાય છે (15/7-8). હવે આવી બધી સામગ્રી અર્થાત્ સંપ્રજ્ઞતાનાં સાધનો સાથે લઈ જનાર આત્મા પોતાના પુર્વજીવન દરમીયાનની તમામેતમામ ઘટનાઓ નવા દેહમાં પ્રવેશતાંની સાથે જ સાવેસાવ વીસરી જાય એવું બને જ કેમ ? આ પ્રશ્નનો પ્રતીતીકર જવાબ અદ્યાપી મળ્યો જ નથી અને જે મળે છે તે ગળે ઉતરતો નથી; કારણ કે એથી અન્ય અનેકવીધ પ્રશ્નો તથા સંશયો ઉદ્ભવે છે. હવે આવી અવસ્થાને તર્કાન્ધતા કહેવાય કે પછી વીવેકપુત સંશયવાદ કહેવાય ? એ પ્રશ્નનો ઉત્તર ગમ્ભીરતાથી વીચારવા જેવો છે. એને બદલે ઝનુનથી ઉતાવળે કશો ચુકાદો આપી દેવો એને કદાચ આસ્તીકતાની અન્ધતા કહેવાય. ચાર્વાક તથા વીજ્ઞાન પાસે કહેવાતા આત્માની આ મર્યાદાનો જે ઉત્તર છે એ ખરેખર પ્રતીતીકર છે : સ્થુળ તત્ત્વોના સંઘાતને કારણે જ ચૈતન્ય ઉદ્ભવે છે અને એ તત્ત્વોનું વીઘટન થતાં જ ચૈતન્યનું તે ચોક્કસ સ્વરુપનું અસ્તીત્વ નષ્ટ થાય છે. પછી કોઈ સ્વતંત્ર આત્માતત્ત્વના કોઈ અન્ય દેહમાં પ્રવેશવાની કશી શક્યતા જ સંભવતી નથી. આવા પ્રશ્નો જાગે અને ચીન્તન–મંથન પ્રગટે એ તર્કાન્ધ નથી, સંશયની અને એ માર્ગે તે સત્યની સાધના જ છે.

છતાં કશા આખરી નીર્ણયો, કેટલીક બાબતોમાં રૅશનાલીસ્ટ સ્વીકારી લેતો નથી, તેમ જડપણે એને તે વળગી રહેતો પણ નથી. ઈશ્વરના અસ્તીત્વ પરત્વે પણ તેનો અભીગમ

આ પ્રકારનો, એટલે કે અજ્ઞેયવાદી યા અજ્ઞાતવાદી (agnostic) હોઈ શકે. વીશ્વના એક મહાન ફીલસુફ એવા રેશનાલીસ્ટ બટ્રાન્ડ રસેલે પણ પોતાને ચોક્કસ પ્રસંગે agnostic ગણાવ્યા જ છે અને અજ્ઞાતવાદની તારીફ પણ કરી જ છે. જો કે તેઓએ પ્રયોજેલા આ શબ્દની વ્યંજના atheism નીરીશ્વરવાદની છે. Absence of evidence is not the evidence of absence – એ કાર્લ સાગનનું સુત્ર પણ અજ્ઞાતવાદનું જ સમર્થક છે. સાગન પણ જબરો રેશનાલીસ્ટ હતો. પુરાવાનો અભાવ એ અભાવનો પુરાવો નથી એ વાત તો સાવ સાચી જ; પરન્તુ નકારાત્મક પુરાવા અનેક ગણા વધુ હોય ત્યારે શું કરવું ? વળી, ઈશ્વરના અસ્તીત્વના સક્રીય સ્વીકારથી તો આ સંસારમાં અપરમ્પાર આપત્તીઓ ત્રાટકી છેઃ ઝઘડા, પક્ષાપક્ષી, બગાડ, લોહીયાળ યુદ્ધો, ક્રુરતા, છેતરપીંડીઓ, શોષણ વગેરે વગેરે. મહાન અભીનેતા અને પ્રખર રેશનાલીસ્ટ એવા ડૉ. શ્રીરામ લાગુએ સુરત ખાતેના તેઓના પ્રવચનમાં એ જ કહ્યું કે આપણી અનેકાનેક આપત્તીઓ (ખાસ કરીને ધર્મ સમ્બન્ધી)ના મુળમાં ઈશ્વરની કલ્પના છે. જો આ કલ્પના નષ્ટ થાય તો ઘણાં જ ઘણાં દુઃખો–યાતનાઓ, અનીષ્ટો પણ નષ્ટ થાય વગેરે. આવાં બહુવીધ દુષ્પરીણામો જોતાં કેવળ agnostic, (અજ્ઞેયવાદના અર્થમાં) થઈને નીષ્ક્રીય બેસી રહેવું એ તામસી પ્રમાદ જ, અપરાધ જ બની રહે. આપણી વીવેકબુદ્ધી એમ ન જ કરવા દે.

પ્લુટાર્ક ઉપરાંત પણ અનેક મહાન ચીન્તકોએ વીવેકબુદ્ધી–reasonની યથાર્થ તારીફ કરી જ છે, તે અંતે ટુંકમાં ટાંકી લઈએ:

(1) ઈશ્વરનો કશોય ઉલ્લેખ કર્યા વીના જ, મનુષ્યની વીવેકબુદ્ધી એ સત્ય અને અસત્યનો તેમ જ સારા અને નરસાનો નીર્ણય કરવાનું એક માત્ર કામીયાબ સાધન છે. વીવેકબુદ્ધી સ્વયં એક કાનુન છે, જે માનવજાતનાં તથા રાષ્ટ્રોનાં હીત અને કલ્યાણ સાધવા માટેનું એક સહજ, પ્રાકૃતીક પરીબળ છે.

–પોપ પાયસ–9

(2) વીવેકપુત જીવન એક એવો આદર્શ છે કે જેની સમક્ષ સંસારની સર્વ ગતીવીધીને ગૌણ જ લેખવી જોઈએ. એ સત્યને અસત્યથી સદાને માટે જુદું પાડી આપે છે.

–સાંત્યાયન

(3) જીવનનો સાચો સદ્ગુણ તે વીવેકબુદ્ધીના માર્ગદર્શનયુક્ત જીવન છે.

–સ્પીનોઝા

(4) વીવેકનીષ્ઠ મનુષ્ય પોતાનું જેવું અને જેટલું હીત વાંચ્છે છે એવું અને એટલું જ હીત તે માનવજાતનું પણ ઝંખે છે.

–સ્પીનોઝા

(5) જો મનુષ્ય પોતાની વીવેકબુદ્ધીનો વધુ શાણો અને વધુ હીમ્મતભર્યો વીનીયોગ કરે તો તે માનવભાવીની એ જ એકમાત્ર આશા છે.

–લ્યુકાસ

(6) ધર્મ અને શ્રદ્ધા પ્રતી મીટ માંડવી એ પોતાની વીવેકબુદ્ધી પ્રતી અન્ધ બની રહેવા સમાન છે.

–બેન્જામીન ફ્રેન્કલીન

## ભરતવાક્ય

The agnostic suspends judgment, saying that there are not sufficient grounds either for affirmation or for denial. At the same time, an agnostic may hold that the existence of God, though not impossible, is very improbable; he may even hold it so improbable that it is not worth considering in practice. In that case, he is not far removed from atheism.

–Bertrand Russell

•

અનુક્રમણીકા

## 08

## રૅશનાલીઝમનું ભાવી એકદમ ઉજ્જવળ છે

એ જ સત્યના પંથે
હે ડૉ. કોવુર !
તમે તમારા ઉન્નત હસ્તે
એ જ ચીરાગ સાહીને,
આગળ અને આગળ વધી રહ્યા છો !

–પી. શ્રીધરન

અગાઉ જ્યારે જગતના મહાન નીરીશ્વરવાદીઓ વીશે લખ્યું ત્યારે એક વીરાટ વ્યક્તીત્વ વીસરાયું એમ કદાચ કોઈને લાગ્યું હોય, અને તેય વળી એક ભારતીય જગવીખ્યાત નીરીશ્વવરવાદી રૅશનાલીસ્ટ. પણ ના, એમ હેતુસર જ કરવામાં આવેલું, કારણ એ જ કે હમણાં જ 'એ લોકો તમને છેતરે છે' પુસ્તકની ચોથી આવૃત્તી પ્રગટ થઈ. ત્રીજી આવૃત્તી બાદ પુરાં બે વર્ષ પણ નથી થયાં ત્યાં આ ચોથી પ્રગટી – આ પ્રોત્સાહક હકીકત એ મંગલ અને આશાસ્પદ સત્ય પ્રગટ કરે છે કે, રૅશનાલીઝમ–વીવેકબુદ્ધીવાદનો પ્રચાર દીનપ્રતીદીન વધતો જાય છે અને વધુ ને વધુ જાગ્રત જનો પ્રસ્તુત વીચારધારા પ્રતી આકર્ષાઈ રહ્યા છે.

આ ય એક ચમત્કાર છે કે રૅશનાલીસ્ટ સાહીત્ય આજે ગુજરાતમાં જથ્થાબંધ પ્રગટ થઈ રહ્યું છે અને વળી ધોધમાર વેચાઈ રહ્યું છે. એ બદલ તો ખાસ તો ત્રણ સંસ્થાઓને ધન્યવાદ ઘટે છે : શ્રી. મુકુન્દ સીંધવ, ડૉ. સુજાતવલી અને ડૉ. અશ્વીન કારીયા, બીજી એવી સંસ્થા તે, જોરાવરનગરનું માનસ પ્રદુષણ નીવારણ કેન્દ્ર, જેનો એકલવીર સંચાલક છે જમનાદાસ કોટેચા. ત્રીજી સંસ્થા તે સુરતની સત્ય શોધક સભા. એક અન્ય આવકાર્ય હકીકત પણ જે આ પ્રકાશનો પરત્વે નોંધપાત્ર છે તે એ કે થોડાં વર્ષ પુર્વે ગુજરાતમાં એક અજોડ એવી સંસ્થા – 'સસ્તુ સાહીત્યવર્ધક પુસ્તકાલય', પુસ્તકો પ્રગટ કરી ખુબ ઓછી કીંમતે વેચતી, બરાબર એવી જ કીમતી સેવા આ રૅશનાલીસ્ટ મીત્રો અને સંસ્થાઓ બજાવી રહ્યાં છે. કેટલાંક પુસ્તકો ખુબ ઓછી કીંમતે, પડતર ભાવે વેચવામાં આવે છે, તો અમુક વળી અમુલ્ય વહેંચવામાં આવે છે. મતલબ કે રૅશનાલીઝમનું ભાવી ઉજ્જ્વળ છે. દા.ત., 'એ લોકો તમને છેતરે છે' – દોઢસો પાનાંના પુસ્તકની કીંમત છે ફક્ત ત્રીસ રુપીયા.

ના, એ મહાજનની વાત અત્રે પુનઃ વીસરાઈ નથી જ. તો આ પ્રખર નીરીશ્વરવાદી પુરુષનાં કેટલાંક વીધાનો ટાંકીએ :

## 'મહાત્મા બનવા માટે
## કઈ કઈ લાયકાતો જોઈએ ?'

'પ્રથમ તો આત્મમુક્તી, આત્મસાક્ષાત્કાર, આત્મશુદ્ધી, પરમ ચૈતન્ય, વૈશ્વીક ચેતના, બ્રહ્મજ્ઞાન, બ્રાહ્મી સ્થીતી, બ્રહ્મભાવ, અધીમનસ, કર્મફલ, દીવ્ય શક્તી, દીવ્ય પ્રકાશ, ઈન્દ્રીયાતીત અનુભુતીઓ, કુંડલીની આદી અર્થહીન (કે અસ્પષ્ટ અને ભ્રામક) શબ્દોનો બંધબેસતો વીનીયોગ કરીને સંદીગ્ધ વાર્તાલાપ આપવાની કુશળતા કેળવવી જોઈએ.

બીજું, 'ચમત્કાર' લાગે એવી અમુક યુક્તી–પ્રયુક્તીઓ (તથા ચાલાકીઓ) કરતાં તેને આવડવું જોઈએ.

અને ત્રીજી સૌથી મહત્ત્વની લાયકાત એ કે પુસ્તકો, અખબારો, ફીલ્મો, રેડીયો અને ટીવી જેવાં શક્તીશાળી માધ્યમ દ્વારા સમ્બન્ધીત 'ગોડમેન' – અવતારી પુરુષની ચમત્કારીક શક્તીઓ વીશે રહસ્યમય તથા ગેબી વાતો ચારે તરફ ફેલાવવામાં કુશળ પ્રચારક એવા થોડા દલાલો હસ્તગત કરવા જોઈએ.'

આજકાલ આવા અનેક કહેવાતા અવતારી પુરુષો ટીવી ઉપરથી નીયમીત રીતે આવી ગોળગોળ, ગેબી અને સરવાળે અર્થહીન વાણી વહાવ્યા જ કરે છે, જેથી હવે આપણે સમજી શકીએ કે આ બાવાઓ કેવું જબરજસ્ત પ્રચારતંત્ર નીભાવી રહ્યા છે અને નીભાવી શકે એટલી લખલુટ દોલત તેઓ જમા કરી શકે છે અને શક્યા છે. દેશની આ એક વીનાશક કરુણતા છે. જો આવા બધા જ સીદ્ધ પુરુષો લોકહીતાર્થે પોતાની સમ્પત્તી દેશને ચરણે ધરી દે તો પ્રત્યેક દેશવાસીને કમસે કમ એક નાનકડું સુઘડ ઘર તો રહેવા મળી જ શકે. સન્તોને વળી સમ્પત્તીનું શું કામ ? આજે દેશના ચાલીસ ટકા બાંધવો બીસ્માર ઝુંપડપટ્ટીઓમાં વસે છે અને એક ટકો તો શય્યા ભુમીતલમ્ , દીશો–પી વસનમ્ અને માથે આભના ઉઘાડા છાપરા હેઠળ ગમે તેમ પડી રહે છે. વાસ્તવમાં આવી અવસ્થામાં તો ત્યાગી સન્તોએ વસવું જોઈએ. 'શય્યા ભુમીતલમ્' – એ તો યોગીની વ્યાખ્યા છે.

'એ લોકો તમને છેતરે છે' એ આવા કહેવાતા મહાન સન્તો, દીવ્ય પુરુષો, અવતારી આત્માઓ, ગોડમેનો દ્વારા ચલાવાતી છેતરપીંડી, હાથચાલાકી તથા અન્ય અનેક કરતુતો અને પાખંડોને ખુલ્લાં પાડતું પુસ્તક છે, જેના લેખક છે : જગવીખ્યાત નીરીશ્વરવાદી રૅશનાલીસ્ટડૉ. અબ્રાહમ ટી. કોવુર. પ્રસ્તુત પુસ્તકમાં ડૉ. કોવુરે ચમત્કારો ખુલ્લા પાડ્યા છે અને સર્વ ચમત્કારીઓને પડકાર્યા છે. સત્ય સાંઈબાબાની હાથચાલાકી, તેઓના જાદુટોણાં અને જુઠી પ્રચારલીલા વીશે તથા તેના પર્દાફાશ વીશે તો આ પુસ્તકમાં આખું એક લાંબુ પ્રકરણ લખવામાં આવ્યું છે : 'ડૉ. ભગવન્થમ' અને સત્ય સાંઈબાબા, જેમાં પેલી જાપાનીઝ

ઘડીયાળના નમુનાવાળી સાંઈબાબાની બનાવટ હતી, તે ડૉ. કોવુરે ભારે શ્રમ તથા ખંતપુર્વક ખુલ્લી પાડી છે. પ્રકરણને અંતે તેઓ લખે છે :

'આ પત્રનો (શ્રી. ભગવન્થમને ડૉ. કોવુરે લખેલા સાંઈબાબાના પેલા ઘડીયાળવાળા ચમત્કાર બાબતે) પણ આજ સુધી કોઈ જવાબ ન હોવાથી મારે એ જ માનવું રહ્યું કે ડૉ. ભગવન્થમ ખાસ ઈરાદા તથા સ્વાર્થ ખાતર પાખંડી સત્ય સાઈબાબાના મળતીયા તરીકે તેઓનો જુઠો પ્રચાર કરી રહ્યા છે.'

ભારતના દીવ્ય પુરુષો વીશેના પ્રકરણ–2માં ડૉ. કોવુર લખે છે : 'આઝાદી પછી તો તેઓએ નવાં નવાં ક્ષેત્રોની શોધમાં પરદેશોમાં પથારો કર્યો છે, ખાસ કરીને સમૃદ્ધ એવા પશ્ચીમી દેશોમાં, જ્યાં ભારતની આધ્યાત્મીકતાને મીથ્યા પ્રતીષ્ઠા પ્રાપ્ત થયેલી છે. વધુ ને વધુ ભારતીય ચાલબાજો–ગુરુઓ, સ્વામીઓ, મહાત્માઓ, બાબાઓ, ભગવાનો, મહર્ષીઓ, મહારાજો અને યોગીરાજો આકર્ષક નામો ધારણ કરીને વીદેશ જવા માંડ્યા છે. આ પદ્ધતી એવો ધીકતો વેપાર બની છે કે આ દીવ્ય પુરુષો ભારત માટે મોટું વીદેશી હુંડીયામણ કમાનારા બન્યા છે. ધર્મનીરપેક્ષ ભારત માટે આ ઈશ્વરીય વ્યાપાર લાગે છે.' મહર્ષી મહેશ યોગી બીજા કરતાં વધુ સફળ થયા, કેમ કે સદનસીબે કરોડપતી એવા પોપસંગીતવાળા બીટલ્સ મહર્ષીના શીષ્યો બન્યા અને મહર્ષી પોતાનું ખાનગી વીમાન પણ રાખી શક્યા ! જો કે પાછળથી બીટલ્સ એમને છોડી ગયા. બીટલ જૉન લીનોનના કહેવા મુજબ મહર્ષી મહેશ યોગીએ તેઓની એક શીષ્યા માયા ફેરા ઉપર બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો હતો (***આ પણ કદાચ કશીક ટ્રાન્સેન્ડેન્ટલ યૌગીક વીધી હશે***). એ પછી બીટલ્સે આ ગુરુનો ત્યાગ કર્યો. ત્યાર બાદ તો આ મહર્ષી દાણચોરી માટે પણ પકડાયા અને છતાં આજેય મહર્ષી મહેશ મોટી સંખ્યામાં શીષ્યગણ ધરાવે છે !

'એ લોકો તમને છેતરે છે' એ પુસ્તકમાં ડૉ. કોવુરે એવી અનેક રહસ્યમય ઘટનાઓનું બયાન આપ્યું છે કે જે ઘટનાઓ દૈવી ચમત્કાર, ભુતપ્રેત, વળગાડ, ડાકણચુડેલ, જ્યોતીષ કે ઈલમરુપ ગણાતી હતી; પરન્તુ એના રહસ્યસ્ફોટ કરી ડૉ. કોવુરે એ વૈજ્ઞાનીક સત્ય સ્થાપીત કર્યું કે વીશ્વમાં કોઈ ચમત્કાર એટલે કે ભૌતીક–વૈજ્ઞાનીક કાર્યકારણ ન્યાયથી પર એવી ઘટના કદાપી બનવી સંભવીત જ નથી. જેનું કાર્યકારણ પ્રાપ્ત ન હોય યા તો સમજાતું ન હોય એને ચમત્કાર ગણી સામાન્ય જનો એથી અભીભુત થાય છે.

પરન્તુ આ પુસ્તકમાં વધુ અગત્યની સામગ્રી તો ડૉ. કોવુરનું ચીન્તન છે, જે નીરીશ્વરવાદી, વૈજ્ઞાનીક તથા રૅશનાલીસ્ટ છે. ઈશ્વર વીશે તેઓ કટાક્ષમાં લખે છે કે 'વીશ્વમાં બનતી સર્વ ઘટનાઓ ઈશ્વર દ્વારા યોજીત યા પુર્વયોજીત હોય તો સર્વ દુઃખો, ખુન, લુંટફાટ,

બળાત્કાર, અત્યાચારો, યુદ્ધો, કત્લેઆમ, દુષ્કાળ, રોગચાળા અને અન્ય તમામ અનીષ્ટો તથા દુષ્કૃત્યો પણ ભગવાનની જ યોજના ગણાય. આવો તે કેવો ભગવાન ? પુનર્જન્મ વીશે તેઓ એક સરસ નીદર્શન પ્રસ્તુત કરતાં જણાવે છે કે સળગતી મીણબત્તી બુઝાવી દેવામાં આવે એટલે પ્રકાશ તથા ઉષ્ણતા નષ્ટ થાય છે, પરન્તુ એને ફરી સળગાવવામાં આવે એથી એ પ્રક્રીયાઓ પુનઃ ચાલુ થઈ જાય છે. આમ ઉક્ત ગરમી અને પ્રકાશ એ મીણબત્તીથી સ્વતંત્ર એવું કોઈ ભીન્ન તત્ત્વ નથી, જે રીતે મીણબત્તીમાં આવજા કરતું હોય. મતલબ કે દેહથી સ્વતંત્ર એવો કોઈ આત્મા નથી અને એથી પુનર્જન્મ પણ નથી. ચૈતન્ય એ માત્ર ચોક્કસ પ્રકારની રાસાયણીક પ્રક્રીયાનું જ પરીણામ છે.' ચાર્વાક પણ બરાબર આમ જ કહે છે અને તે જ વૈજ્ઞાનીક સત્ય છે.

જ્યોતીષ વીશે ડૉ. કોવુર લખે છે કે 'પ્રાચીન જ્યોતીષવીદો ને ગ્રંથપંડીતો એ પણ જાણતા નહોતા કે સુર્ય કોઈ ગ્રહ નથી, પણ તારો છે. એ જ રીતે ચન્દ્ર પણ ગ્રહ નથી, કીન્તુ ઉપગ્રહ છે. તેઓ તે સત્ય પણ જાણતા નહોતા કે જ્યોતીષની ગણતરીના પાયારુપ બાર રાશીમાંનો એક પણ તારો એવો નથી કે જેનો પ્રકાશ પૃથ્વી સુધી પહોંચતાં સાડાચાર વર્ષથી ઓછો સમય લાગતો હોય. કેટલાક તારકો તો લાખ્ખો પ્રકાશવર્ષ દુર છે, તેનું જ્ઞાન પણ તેઓ ધરાવતા નહોતા. આવા તારકો ફાટી પડે એ પછીય હજ્જારો વર્ષ સુધી માણસને એની ખબર ન પડે એ હકીકત પણ તેઓ નહોતા જાણતા. આવા જ્ઞાની માણસોએ જ્યોતીષનું તરકટી વીજ્ઞાન–સ્યુડોસાયન્સ રચ્યું. એ સત્ય હોઈ જ કેવી રીતે શકે ?'

ડૉ. કોવુર જન્મે ખ્રીસ્તી હતા અને પછી નાસ્તીક–રૅશનાલીસ્ટ બન્યા. એથી પવીત્ર બાઈબલના ઉપદેશો–આદેશોનાં સારાંમાઠાં તત્ત્વો તેઓ યથાર્થ મુલવી શક્યા છે. તેઓ લખે છે : 'ઈશ્વરનું અસ્તીત્વ જ જ્યાં હજી સીદ્ધ નથી થયું ત્યાં બાઈબલને 'ઈશ્વરની વાણી' તરીકે સ્વીકારી જ કેવી રીતે શકાય ? છતાં ધારો કે ઈશ્વરનું અસ્તીત્વ સીદ્ધ થાય; તો પણ બાઈબલ તેની જ પ્રેરણા છે એવા દાવાને તો એથી કોઈ ટેકો સાંપડતો જ નથી. બાઈબલ ઈશ્વરી સત્તાનું સર્જન હોઈ શકે જ નહીં; કારણ કે એના ઉપદેશમાં તો અનેક ભયાનક તત્ત્વો પણ સમાવીષ્ટ છે. બાઈબલ ગુલામી પ્રથાને સમર્થન આપે છે, તે અસહીષ્ણુતા શીખવે છે અને એમાં સ્ત્રી વીશે અનેક હલકી વાતો લખવામાં આવી છે. યહોવાહને મન સ્ત્રીઓ એ પુરુષની વાસના સંતોષવાનું રમકડું જ છે.' (પુસ્તકના અનુવાદક : મનોજ ઓઝા).

## *ભરતવાક્ય*

ધ્યાન ધરનાર વ્યક્તી 'ક્રીપ્ટેસ્થેસીયા' નામક રોગનો ભોગ બને છે, જેથી તે એવી ભ્રમણાનો શીકાર બને છે કે પોતે કશીક ગુઢ, દૈવી શક્તીઓ ધરાવે છે. સામાન્ય માણસની

માનસીક સમતુલા ખોરવાઈ જાય ત્યારે એને પાગલ કે ઉન્માદી કહેવામાં આવે છે; પરન્તુ જ્યારે કોઈ પ્રભાવશાળી વ્યક્તી ભ્રમણાનો ભોગ બને ત્યારે લોકો એને દીવ્ય સાક્ષાત્કાર યા ઈશ્વરની અનુભુતી ગણી લે છે. વાસ્તવમાં અસાધારણ બુદ્ધીશક્તી ધરાવતી વ્યક્તીની માનસીક સમતુલા ખોરવાય ત્યારે ઘણી વાર તે ધર્મોપદેશક બની જાય છે.

–ડૉ. અબ્રાહમ કોવુર

●

અનુક્રમણીકા

## 09

# મુમ્બઈયાત્રાનું તીર્થસલીલ : રૅશનાલીઝમનો પ્રસાર

હું વારંવાર જે એમ કહું છું કે ગુજરાતમાં રૅશનાલીઝમનું ભાવી ઘણું ઉજ્જ્વળ છે. મારા આ વીધાનના ઉત્સાહપ્રેરક એવા દસ્તાવેજી પુરાવા દીનપ્રતીદીન વધુ ને વધુ પ્રાપ્ત થતા જ જાય છે : ફક્ત બે–અઢી દાયકા પુર્વે, કદાચ ગુજરાતમાં 'રૅશનાલીઝમ' શબ્દ જ લગભગ અજાણ્યો હતો– આજે અનેક નગરો–ગામોમાં રૅશનાલીસ્ટો (વીવેકબુદ્ધીવાદીઓ)નાં મંડળો ચાલે છે અને વળી ખુબ સક્રીયતાથી ચાલે છે. અરે, એક જ વર્ષમાં અડધો ડઝન ઉપરાંત પુસ્તકો પ્રગટ થયાં, બધાં જ વળી સત્ત્વશીલ ! એકલવીર જવાંમર્દ જમનાદાસે તો રૅશનાલીઝમ–પ્રચારક પુસ્તકોના પ્રકાશનનું કાર્ય ભારે ધગશથી, મીશનરી ભાવે ઉપાડ્યું છે ને તે સરસ ચાલે છે. તેઓ પુસ્તકો ખુબ સસ્તા ભાવે વેચે છે ને વળી વહેંચે પણ છે ! એ જ રીતે ગોધરાની હ્યુમેનીસ્ટ રૅશનાલીસ્ટ સોસાયટી તથા સુરતની સત્યશોધક સભા પણ મુલ્યવાન પ્રકાશનો કરે છે અને એ જ રીતે, પ્રસ્તુત સંસ્થાઓ તથા અન્ય રૅશનાલીસ્ટ સંસ્થાઓની ઈતર પ્રવૃત્તી પણ ધમધોકાર તથા પ્રોત્સાહક પ્રતીત થાય છે...

(મારા તાજેતરમાં જ પ્રગટેલા નવા નીબંધસંગ્રહ 'ઉજાસનાં એંધાણ'માંથી જરુરી ફેરફાર સાથે.).

મજાનો યોગાનુયોગ તો જુઓ : આ પુસ્તક મેં 'મુમ્બઈના સર્વ રૅશનાલીસ્ટ મીત્રોને' અર્પણ કર્યું છે અને એના પ્રાકટ્યના એકાદ જ મહીનામાં તો મારે એ જ રૅશનાલીસ્ટ મીત્રોના નીમંત્રણે મુમ્બઈ જવાનું થાય છે. એટલું જ નહીં, કાર્યક્રમ પણ વળી પુસ્તક – પ્રકાશન અંગેનો જ અને તેય ગુજરાતી–મરાઠી રૅશનાલીસ્ટ બીરાદરીનો. વાત એમ બની કે, મરાઠી ભાષાના ક્રાન્તીકારી લેખક–વીચારક, માર્ક્સવાદી–રૅશનાલીસ્ટ એવા શ્રી. નારાયણ દેસાઈના પુસ્તક 'ઈશ્વર નહીં; સત્ય મૈં હું' નો ગુજરાતી અનુવાદ મુમ્બઈના રૅશનાલીસ્ટ 'વીરાંગના' બહેનશ્રી વીણાબહેને કર્યો તે, 'જગત સત્ય, ઈશ્વર મીથ્યા' અને આ પુસ્તક શ્રી. જમનાદાસ કોટેચાએ તેઓની એકપાત્રી રૅશનાલીસ્ટ–કમ–પ્રકાશન સંસ્થા 'માનસ પ્રદુષણ નીવારણ કેન્દ્ર', જોરાવરનગર–363020) ને ઉપક્રમે પ્રસીદ્ધ કર્યું. મુમ્બઈના વીવેકબુદ્ધીવાદી જુથે (રૅશનાલીસ્ટ મંડળે) આ ત્રણ બીરાદરોનું સન્માન યોજ્યું અને હું એમાં હાજર રહ્યો. મુમ્બઈના રૅશનાલીસ્ટ બંધુઓએ તો 'વીવેકપંથી' નામક સામયીક (પત્રીકા) પ્રગટાવવું શરુ પણ કરી દીધું છે. બોલો, આ બધા જ 'ઉજાસના એંધાણ' ખરાં કે નહીં ? 'દીસે અરુણુ પરભાત, જય જય ગરવી ગુજરાત!'

સર્વપ્રથમ તો મારો એ આનન્દ–સંતોષ વ્યક્ત કરું કે, મુમ્બઈના રૅશનાલીસ્ટ મીત્રોના ઉત્સાહ તેમ જ સમુચીત દૃષ્ટીમાં ભરતી છે, સંપન્નતા છે અને સાચી દીશા પણ છે; કારણ કે આજે હવે જ્યારે રૅશનાલીઝમની પ્રવૃત્તી એક વ્યાપક આન્દોલનરુપે ગુજરાતમાં (અને ભારતમાંય) જોશભેર વીસ્તરી રહી છે, ત્યારે એકલા ચમત્કારના પર્દાફાશ ઉપર જ શક્તી કેન્દ્રીત કરી રાખવાથી કામ સમ્પુર્ણતઃ સીદ્ધ ના થઈ શકે. આવો ઉલ્લેખ ફક્ત એટલા જ માટે કે આ પ્રવૃત્તી તો લાંબા વખતથી સરસ ચાલે છે અને એ ખુબ જ આવશ્યક તથા મુલ્યવાન પણ છે જ; કારણ કે ચમત્કાર આધારીત નવાંનવાં ધતીંગ રોજબરોજ આપણા દેશ–પ્રદેશમાં ચેપી અને જીવલેણ રોગની જેમ ફાટી નીકળતાં રહે છે ને એથી ભયાવહ અનીષ્ટો સર્જાય છે. દા.ત., હમણાં જ સુરતની સત્યશોધક સભાએ અદ્ધર લટકતા ત્રીશુલનો ભેદ ખોલ્યો અને એ દાવો પોકળ ઠરાવ્યો. આપણા લોકોનું માનસ પ્રદુષણ પણ આજકાલ નીરાશાજનક હદે વકરી ગયું છે, એ હકીકત જાણવા જેવી છે : માંડવી (જી. સુરત)ના ઉન ગામમાં એક ‘સજજન’ના વાડામાં માતાજીનું નાનકડું મન્દીર છે, એની બાજુમાં એક ત્રીશુળ હવામાં ત્રણ ફુટ અદ્ધર જ લટકતું રહે છે – અખબારોમાં આવા સમાચાર પ્રગટ્યા, (આવાં અખબારોનેય શું કહેવું ?) અને દર્શનાર્થી લોકનાં ટોળેટોળાં ઉમટ્યાં ! પૈસાનો ઢગલો થઈ ગયાના પણ સમાચાર છે. સુરતની સત્યશોધક સભા તરફથી શ્રી. ગુણવંત ચૌધરી અને કરુણાબહેને સ્થળ પર જઈને, ભક્તનો વેશ લઈને, પછી પડકાર કર્યો, તો તે સજ્જનનાં પત્નીએ કબુલ્યું કે, પ્રસ્તુત ત્રીશુળ ક્યારેય હવામાં અદ્ધર લટકતું રહ્યું જ નથી. આવું બનવું અશક્ય છે, એમ આપણું લોક સમજે કેમ નહીં ? અને રૅશનાલીસ્ટો સીવાય અન્ય શીક્ષીત નાગરીકો લોકોને આવું સત્ય સમજાવેય કેમ નહીં ?

વધુ દુઃખદ હકીકત તો એ છે કે, આ ગૃહસ્થ મન્ત્રતન્ત્ર અને દોરાધાગાનો જ ધંધો કરે છે અને વળી એ ધમધોકાર ચાલે છે ત્યારે એને કોણ રોકશે ? સરકારો તો છુટી પડે છે એટલું જ નહીં, હવે તો આવા ફરેબને તે સમર્થન પણ આપે છે. થોડા જ માસ પુર્વે, વડોદરામાં બનેલો એક ભયાનક કરુણ બનાવ ભુલ્યો ભુલાતો નથી. એક દંપતીનો સોળ વર્ષનો એકનો એક પુત્ર માંદોસાજો રહેતો હતો. ભુવાએ તેને ડામ દેવા માંડ્યા, તે એટલા બધા ડામ દીધા કે છોકરો બીચારો ચીસો પાડીપાડીને અંતે મરણશરણ થયો. કેવી લાચારી હશે એની ? જ્યારે ખુદ માતાપીતા જ તેને મારી બાંધીને ડામ દેવડાવતાં હોય !

કહેવાનો ભાવાર્થ એ જ કે, આવી કરુણીકાઓ તથા વીભીષીકાઓથી નીરાધાર ને લાચાર લોકને કોણ બચાવે ? માટે જ રૅશનાલીસ્ટ મંડળોની સક્રીય સૈનીક–પાંખ તથા એની પ્રવૃત્તી અત્યંત આવશ્યક, બલકે અનીવાર્ય જ છે.

હવે મુળ વાત પર આવીએ તો, કેવલ પર્દાફાશો અને પડકારોથી ધાર્યું ધ્યેય સીદ્ધ ન થાય. વધુમાં, પ્રત્યેક રૅશનાલીસ્ટ બંધુમાં સૈદ્ધાન્તીક સજ્જતા પણ એટલી જ અનીવાર્ય લેખાય. રૅશનાલીઝમ એટલે અલૌકીકતા, અદ્‌ભુતતા યા ચમત્કારોમાં ન માનવું એટલું જ નથી; બલકે એ તો એક જીવનવ્યવસ્થા છે, જીવનકલા છે અને આપણે રૅશનાલીસ્ટોએ આમ જનતાને આ દીશામાં સુશીક્ષીત કરવાની છે. ખાસ તો, આજે જ્યારે શાળાકીય કેળવણી નવી પેઢીને અવળી દીશામાં આંખે અન્ધશ્રદ્ધાના પાટા બાંધી, ધકેલી રહી છે, ત્યારે રૅશનાલીસ્ટોએ કમર કસવી જ પડશે, શસ્ત્રો સજવાં જ પડશે અને ઘણુંક ઘણું ભાંગવા ઘણ ઉપર ઘણ ઝીંકવા પડશે. આ શસ્ત્રોમાં એક અગત્યનું કે અમોઘ શસ્ત્ર તે શાસ્ત્ર, અર્થાત્ સૈદ્ધાન્તીક સજ્જતા, વૈચારીક સજ્જતા. મને જણાવતાં પરમ આનન્દ થાય છે કે, આ આવશ્યકતા પરત્વે મુમ્બઈના રૅશનાલીસ્ટ મીત્રો ખુબ સજાગ છે, ઉત્સુક છે અને સક્રીય પણ છે જ : દા.ત., મારા બે દીવસના રોકાણ દરમીયાન તેઓએ ભરપુર જીજ્ઞાસાથી બહુવીધ ચર્ચા કરી. સૌથી સુખદ હકીકત તો એ કે એમની તેવી જીજ્ઞાસા વળી એવી વીનમ્ર કે મને દીલથી પ્રશ્નો કરવામાં કોઈનેય પોતાનો અહમ્ આડો આવતો ન દેખાયો. ધન્યવાદ !

જાણી લો કે, રૅશનાલીઝમનો મુલાધાર વીજ્ઞાન છે અને તેય પછી કોઈ એકાદ નહીં; પરન્તુ લગભગ બધાં જ મુખ્ય વીજ્ઞાનો : ખગોળ વીજ્ઞાન તથા ભૌતીક વીજ્ઞાન, જીવશાસ્ત્ર, ઉત્ક્રાંતીનો સીદ્ધાંત અને પ્રજનનશાસ્ત્ર, મનોવીજ્ઞાન, ભૌતીકવીજ્ઞાન–રસાયણવીજ્ઞાન ઈત્યાદી... ઉપરાંત ધર્મશાસ્ત્ર કે શાસ્ત્રોય ખાસ ઉંડાણથી જાણવાં પડે– ધર્મ એટલે બધા જ ધર્મો, કારણ કે જગતસમગ્ર ઈશ્વર તથા ધર્મની વેદનાથી અસહ્ય પીડાઈ રહ્યું છે, માનો કે હાહાકાર મચ્યો છે. આ કોઈ એક જ ધર્મની ચર્ચા કે આપત્તી નથી. કોઈ પણ વીચારસરણીના પ્રસાર–પ્રચાર માટે વૈચારીક ખંડનમંડન અનીવાર્ય ઠરે છે અને એક વણલખ્યો નીયમ જ છે કે મંડન એટલે કે સમર્થન માટે વીષયનું જ્ઞાન જેટલું જોઈએ, તે કરતાં જેનું ખંડન કરવાનું છે એટલે કે જેને ખોટો ઠરાવવાનો છે એવા વીષયનું જ્ઞાન ઘણું વધારે જોઈએ; બલકે તે પુરતું યા પરીપુર્ણ હોવું ઘટે. તો જ વીવાદમાં ટકી શકાય અને પ્રચાર થઈ શકે. દા.ત., કેટલીક ધાર્મીક માન્યતાઓ યા દંતકથાઓને ઐતીહાસીક ઘટનાઓ માની લેવી, એવું સામાન્ય લોકનું વલણ હોય છે, પરીણામે અનેકવીધ અન્ધશ્રદ્ધાઓ પ્રવર્તે છે. લોકોના આવા ભ્રમનું નીરસન કરવા આપણી પાસે ઈતીહાસનું સાધાર જ્ઞાન હોવું જ રહે.

જેમ કે, આજ કાલ એવો વીવાદ ઉદ્‌ભવ્યો છે કે જેમાં એવું પ્રતીપાદીત કરવાનો પ્રયત્ન છે કે, આર્યો મુળ ભારતના જ આદ્ય વતનીઓ છે, તેઓ બહારથી આવેલા આક્રમકો નથી. અલબત આવી માન્યતા પ્રચારનારા નીઃશંક વીદ્વાન પુરુષો છે; પરન્તુ અમુક ગ્રંથીથી

બદ્ધ છે. બાકી આ મુદ્દો વીવાદાસ્પદ જ રહે છે. પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે, તો પછી મોહેં–જો–દડો અને હડપ્પાની સંસ્કૃતી કઈ પ્રજાની ? અને ભારતીય દ્રવીડી પ્રજા વળી કેમ દક્ષીણનાં ચાર રાજ્યોમાં જ જઈને વસી ? પુરાણોમાં આવતી દેવો અને રાક્ષસો વચ્ચેનાં યુદ્ધની કથાઓ શું સુચવે છે ? સૌથી વધુ તો એ કે, બલુચીસ્તાનની આસપાસના એક નાનકડાં વીસ્તારમાં આજેય દ્રવીડ કુળની ભાષા બોલાય છે એનું ઐતીહાસીક કારણ શું સંભવે ?.... અહીં કોઈને પ્રશ્ન થશે કે, આર્યો મુળ ભારતના કે પછી બહારથી આવેલા ? – એવા પ્રશ્નને રૅશનાલીઝમ સાથે શો સંબંધ ? આ પ્રશ્નનો જવાબ મીત્રો, કંઈક એવો છે કે આપણો જંગ, ધર્મ તથા ઈશ્વર જનીત અનીષ્ટો સામે છે, ત્યારે માનવસમાજની આવી બધી સમસ્યાઓ મહદંશે એકબીજી સાથે સંકળાયેલી હોય છે. માટે જ સમ્બન્ધીત વ્યાપક જ્ઞાન એ પ્રસ્તુત જંગનું સૌથી વધુ રામબાણ શસ્ત્ર છે. સાચું કહીએ તો, આર્યો મુળ ભારતના વતની છે, એવા હઠાગ્રહ પાછળ અમુક અંશે ધાર્મીક ઝનુન પ્રવર્તે છે.

સદીઓથી આવો સંઘર્ષ ચાલ્યા જ કરે છે : દા.ત., કવી નર્મદને, આજથી આશરે સવાસો વર્ષ પુર્વે આવી કસોટીનો સામનો કરવો પડેલો. પ્રશ્ન હતો : વીધવા પુનર્લગ્નનો. ત્યારે આ વીવાદ – સંઘર્ષ જીવસટોસટનો મનાતો હતો. ભલભલા વીદ્વાન મહારથીઓ વીધવા બીજું લગ્ન કરે, તેને ધર્મવીરોધી, પાપ–પગલું ગણતા અને પોતાનો વીરોધના સમર્થનમાં ધર્મગ્રંથોનો આધાર ટાંકતા. મને થાય છે કે માનવજાત કેટલી મુરખ તેમ જ આત્મઘાતી છે ? સો જ વર્ષ પુર્વે જે પ્રશ્નને લઈને નર્મદ જાનના જોખમે વાદવીવાદ કરવા ગયેલો અને માર ખાઈને ઘાયલ થઈને ભાગ્યો, રુઢીચુસ્તો જેને પ્રાણપ્રશ્ન ગણી અધર્મયુદ્ધે ચડેલા, એ જ મુદ્દાને આજે કોઈ પ્રશ્નેય ગણતું નથી ! આજે વીધવા એક વાર તો શું, બેપાંચ વાર પુનર્લગ્ન કરે, તોય કોઈનું રુવાડું રોષથી ના ફરકે. હવે એ જ સન્દર્ભે આજની પરીસ્થીતી વીચારો : કેટકેટલા તુચ્છ, ક્ષુલ્લક તથા ગંભીર હાનીકર્તા પ્રશ્નો લઈને આપણે અંદરઅંદર ગળાકાપ ઝઘડીએ છીએ; કીન્તુ કાલે એ જ પ્રશ્નનો કોઈ મતભેદનો મુદ્દોય નહીં માનતું હોય. ખેર, રૅશનાલીસ્ટો અને સુધારકો હંમેશાં પોતાના જમાનાથી હજાર વર્ષ આગળ હોય છે. આપણા પછીની પાંચમી પેઢીનાં સંતાનો સાશ્ચર્ય ઉદ્‌ગારશે કે ‘ઓહો, આપણા પુર્વજો કેટલા અજ્ઞાન, અણઘડ તથા કેવા મુર્ખ હતા !’

હા, તો ક્રાંતીકારી સુધારક કવી નર્મદ વૈષ્ણવ ધર્મગુરુ જદુનાથ મહારાજ સાથે, ‘પુનર્વીવાહ શાસ્ત્રોક્ત પણ છે જ’ – એ મુદ્દે વાદવીવાદ કરવા પહોંચી ગયો. બહાર કમસે કમ પાંચસો વૈષ્ણવ ભક્તો લાઠીઓ સાથે સજ્જ થઈને ખડા હતા. નર્મદે મહારાજશ્રીને સીધો જ પડકાર કર્યો કે, ‘તમે વેદોને ઈશ્વર–પ્રણીત માનો છો ? તો હું વેદ–ગ્રંથોમાંથી જ વીધવા

પુનર્લગ્ન માન્ય હોવાનું પ્રમાણ કાઢી બતાવું.' મહારાજશ્રી તો ગભરાયા, ગલવાયા અને ચુપ થઈ ગયા, એટલે પેલા શસ્ત્રસજ્જ ભાટીયા–ભક્તો નર્મદ પર લાઠીઓ વીંઝતા તુટી પડ્યા. ઘાયલ થયેલો નર્મદ તો ભાગી છુટ્યો, પણ પેલા કટ્ટર વૈષ્ણવધર્મીઓને ત્યારે એ ખ્યાલ જ ન આવ્યો કે ઘાયલ વીર નર્મદ નથી થયો, વાસ્તવમાં, એમનો ધર્મ જ ખરો ઘાયલ થયો છે.

પરન્તુ આસ્તીકોને બીજું આવડે પણ શું ? મારફાડ, ધાકધમકી ને દાબદબાણ. માટે જ વોલ્ટર કહે છે ને કે આસ્તીકો જ ઝનુની હોય. નાસ્તીકોને તો ઝનુન માટે કોઈ કારણ જ નથી, કારણ કે તેની પાસે સત્યની પ્રતીતી છે.

ખેર, મુળ સવાલ એ છે કે, નર્મદ જ્ઞાનની દૃષ્ટીએ સુસજ્જ હતો, એ વેદો તથા પુરણોમાંથી વીધવા–પુનર્લગ્નનાં પ્રમાણ દર્શાવવા સમર્થ હતો, તો જ વાદવીવાદમાં તે તેના પ્રતીસ્પર્ધી જદુનાથ મહારાજને ચુપ કરી દઈ શક્યો ને ? ઝનુની ભક્તગણના ટોળામાં ગણ્યાગાંઠ્યાય સમજુ જનો તો હશે જ. તેઓ તો સમજી ગયા હશે ને કે આપણા ગુરુજી વાદવીવાદમાં હાર્યા ! (અત્રે નર્મદ–જદુનાથ સંવાદ કે વીવાદની આખીય ઘટના સ્મૃતી આધારે જ વર્ણવી છે, એથી થોડો વીગતદોષ કદાચ હોઈ શકે. બાકી બધું મુળ મુદ્દાના સન્દર્ભે ઐતીહાસીક સત્ય જ છે.) તાત્પર્ય એ જ કે રૅશનાલીસ્ટ મંડળોની વૈચારીક પાંખે તાત્ત્વીક યુદ્ધ માટે જરુરી સર્વ જ્ઞાનથી સજ્જ રહેવું જોઈએ. અને મને જણાવતાં આનન્દ થાય છે કે, મુમ્બઈના રૅશનાલીસ્ટ મીત્રો આ દીશામાં પુરા સજાગ તેમ જ પુર્ણ પ્રયત્નશીલ છે. શીવાસ્તે પંથાનઃ સન્તુ !

## ભરતવાક્ય

ધર્મથી માનવજાતને એકંદરે લાભ કરતાં ગેરલાભ જ વધારે થયો છે. ધર્મ–ધર્મ વચ્ચે જ પરસ્પર ભારે વીસંવાદો છે, એટલે કયો ધર્મ સત્ય એ નક્કી જ કોણ કરે ? આ ધર્મોને નામે જ ઢોંગ, ધતીંગ, અન્ધશ્રદ્ધાઓ અને કારમી ક્રુરતાઓ ઉદ્ભવ્યાં અને ભીષણ અત્યાચારો પ્રવર્ત્યાં. ધર્મના નામે બુદ્ધીનો અનાદર થયો અને માનવી દ્વારા માનવી ઉપર અસંખ્ય પાશવી જુલમો થયા.... ત્યારે માનવપ્રેમ એ જ ઈશ્વરની મીથ્યા તથા વૃથા શોધમાંથી મુક્તી મેળવવાનો સાચો માર્ગ હોવાનું સમજાય છે. –બર્ટાન્ડ રસેલ

●

અનુક્રમણીકા

## 10

## અધ્યાત્મવાદ એટલે અસત્યની આરાધના :

એવા રે એવા અમે એવા રે !
ભક્તી કરતાં ભ્રષ્ટ કહેશો,
તોય કરશું હરીની સેવા રે !

નરસીંહ મહેતા જ્યારે તેના સમયમાં અસ્પૃશ્ય ગણાતા એવા ભક્તજનોના વાસમાં ભજન કરવા ગયા, ત્યારે નાગરી નાતે તેને ભ્રષ્ટ કહ્યા અને જ્ઞાતી બહાર કાઢ્યા. પણ નરસીંહ મહેતામાં એ ખુમારી હતી કે તે કહે, 'અમે તો ભાઈ એવા જ. અમે તો ભગવાનની ભક્તી કરીએ છીએ, એમાં ઉંચનીચના કોઈ ભેદ જોતા નથી. એમાં તમારી પ્રશંસા કે તમારા તીરસ્કારને તો કોઈ સ્થાન જ નથી. માટે જે ગાલીપ્રદાન કરવું હોય તે ચેનથી કર્યા કરો. અમને એની કોઈ પરવા નથી.'

કહેવાનો ભાવાર્થ ફક્ત એટલો જ કે પોતાના જમાનાથી જે વ્યક્તીઓ સદીઓ આગળ છે એમણે ચીલાચાલુ સમાજની ગાળ ખાવા હમ્મેશાં તૈયાર રહેવું રહ્યું. બલકે, એથી ખુશ થવા જેવું લેખાય, કારણ કે પાંચસો વર્ષ પુર્વે જ્યારે ગેલેલીયોએ સત્ય જાહેર કર્યું કે પૃથ્વી સુર્યની આસપાસ ફરે છે ત્યારે તેને કડક સજા કરવામાં આવી. તેણે માફી તો માગી; પણ બોલ્યો તો એમ જ કે, 'જે બ્રહ્માંડગત સત્યો છે એ તો તમારી પહોંચની જ સદંતર બહાર છે. તમારો ધર્મ ગમે તે કરે, મને ગમે તેવી સજા ફરમાવે; કીન્તુ તમારામાં કે તમારા એ ધર્મમાં લેશ માત્ર તેવી તાકાત નથી જ કે ઉક્ત અવકાશી સનાતન સત્યને રજમાત્ર પણ બદલી શકે.' એ જ સજા પામનાર અને ઘુંટણીયે પડીને માફી માગનાર ગેલીલીયોની આજે નામદાર પોપ ખુદ માફી માગે છે. રૅશનાલીઝમ એ પણ પ્રવર્તમાન જમાનાથી સદીઓ આગળની વીચારધારા છે. એટલે ચીલાચાલુ માન્યતાઓથી ગ્રસ્ત માણસો તો રૅશનાલીસ્ટને 'મુર્ખ' જ કહેવાના. એવા માણસોની તો દયા જ ખાવી રહી. રૅશનાલીસ્ટોએ તો પ્રેમપુર્વક એટલું કહેવાનું કે, 'Who cares ? અમે તો ભાઈ, એવા જ.'

વાત જાણે એમ બની કે ચીન્તકમીત્ર શ્રી. સર્વેશ વોરાએ રૅશનાલીસ્ટોને 'મુર્ખાઓ' કહ્યા અને એથી નાસીકના રૅશનાલીસ્ટ મીત્ર શ્રી. ઈશાક રંગવાલાની લાગણી દુભાઈ. જો કે તેઓએ તો શ્રી. વોરાને એટલો જ ઠપકો આપ્યો કે 'ગીતાના અધ્યયનકાર – પ્રવચનકાર તથા આધ્યાત્મીક ચીન્તક એવા શ્રી. વોરાએ આમ મગજ ગુમાવીને અપશબ્દો ન વાપરવા જોઈએ, એ તેમને માટે શોભાસ્પદ નથી, વગેરે...'

અત્રે મારે શ્રી. વોરાને તો કંઈ જ કહેવું નથી; કારણ કે આધ્યાત્મીક સાહીત્ય વાંચવા માત્રથી માણસ કાંઈ માણસ તરીકે સુધરી જતો નથી કે સ્થીતપ્રજ્ઞ, રાગદ્વેષથી મુક્ત બની શકતો નથી. જો ધાર્મીક–આધ્યાત્મીક વાચન–મનન–ચીન્તન–શ્રવણથી માનવજાત સુધરી શકતી હોત તો આજે દુનીયા સર્વતોભદ્ર બની ચુકી હોત. એથી ઉલટું, પાંચ પાંચ હજાર વર્ષથી સમગ્ર દુનીયામાં આ ખેલ તો ચાલી જ રહ્યો છે; છતાં માનવજાત જરાય સુધરી લાગતી નથી. છેક ઓગણીસમી સદીના અન્ત સુધી તો લગભગ તમામ ધાર્મીક સમાજોમાં બળીયો માણસ નબળા માણસ ઉપર ધર્મને નામે અમાનુષી ત્રાસ જ ગુજારતો, જેવું અફઘાનીસ્તાનમાં આજે તાલીબાનો કરી રહ્યા છે. (ઈ.સ. 2000ના અરસામાં) અને યુરોપીયન ખ્રીસ્તી સમાજમાં લગભગ ગઈ સદીના અન્ત સુધી ડાકણ ગણાતી સ્ત્રી ઉપર એવા જ પાશવી, કમકમાપ્રેરક અત્યાચારો ગુજારવામાં આવતા. અરે, આજેય દલીતો પર જે સીતમ ગુજારવામાં આવે છે એના મુળમાં પણ ધાર્મીક વ્યવસ્થા જ કારણભુત છે. માટે જ રસેલ સત્ય જ કહે છે કે ‘વીસમી સદીમાં આજનો માણસ જે સુધરેલો પ્રતીત થાય છે એનું કારણ ધર્મ નહીં; કીન્તુ વીજ્ઞાન છે.’ સાચી જ વાત છે; કારણ કે આજની વીસમી–એકવીસમી સદી એ વીજ્ઞાનયુગ છે અને માનવગૌરવનો જે ખ્યાલ આજે વ્યાપક બન્યો છે યા બની રહ્યો છે એ પણ વીસમી સદીની જ નીપજ છે. જ્યાં સુધી માનવસમાજ ઉપર ધર્મનાં પ્રભાવ–પકડ હતાં ત્યાં સુધી વ્યક્તીનાં ત્રીવીધ સ્વાતંત્ર્યનો કોઈને ખ્યાલ કરવાનો સુધ્ધાં અધીકાર નહોતો : ‘ન સ્ત્રીસ્વાતંત્ર્યમર્હતી । દંડમઅર્હતી અધાર્મીકા ।’ આવાં શાસનસુત્રો ગાજતાં !

આજનાં બેત્રણ નક્કર સત્યો પણ પ્રગટ કરી લઉં : ‘દલીતો પેન્ટમાં ખમીસ ઈન્સર્ટ કરીને નીકળે તો બેફામ માર પડે, એ જમાનો ગયો.’ આ સન્દર્ભે હું એવું વીધાન કરનાર મીત્રને અમદાવાદથી નીકળતું ‘નયા માર્ગ’ પાક્ષીક વાંચવાની ભલામણ કરું, જેથી તેઓને જાણ થાય કે આજેય દલીતમીત્રો પર આ દેશમાં ને ગુજરાતમાં કેવા કેવા ને એવા ને એવા જ સીતમ ગુજરે છે ! ધાર્મીક આસ્તીકો–પરમ્પરાવાદીઓ માને છે કે, જુગાર એક મોટું અનીષ્ટ છે. માટે પોલીસે જુગારીઓને બેરહેમ પીટવા જ જોઈએ અને તેમની આંખમાં ટાઈગર બામ ઘસીને એમને આંધળાય બનાવી જ દેવા જોઈએ. આ મીત્રને હું એક વાર અમેરીકાની દ્યુતનગરી લાસ વેગાસ જોઈ આવવાની ભલામણ કરું છું; છતાં અમેરીકાની પ્રજા મહાન છે યા કમ સે કમ એ જુગારી દેશ દુનીયાની નંબર વન સત્તા તો નીઃશંક છે જ. માટે મીત્ર, જુગારબન્ધી કે દારુબન્ધીથી પ્રજાઓ ને રાષ્ટ્રો કદાપી મહાન નથી બની જતાં. શરાબ કે ગુટખા ઉપરના પ્રતીબન્ધના પ્રેમી મીત્રો આનન્દો કે હવે નવો ‘ટાડા’ આવે છે અને એક નવો પ્રતીબન્ધ પણ આવી રહ્યો છે, આવી ગયો છે : આપણી બહેનદીકરીઓને જીન્સ(પેન્ટ)

પહેરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ફાસીઝમનું હમ્મેશાં એ ખુશનસીબ હોય છે કે, તે આવતો હોય ત્યારે પ્રજા તેને વધાવે છે અને પછી એ જ પ્રજા ત્રાહી મામ પોકારે છે.

ક્ષમા કરજો, ખુબ જ લાંબુ વીષયાંતર થઈ ગયું, પણ મારી તો શૈલી જ કંઈક એવી છે. તો હવે મુળ વાત પર આવીએ તો, શ્રી. સર્વેશ વોરાએ રૅશનાલીસ્ટોને ગાળ દીધી અને એથી મીત્ર ઈશાક રંગવાલાનું દીલ દુખાયું. એ સન્દર્ભે મારે શ્રી. વોરાને તો કશું જ નથી કહેવું; પરન્તુ ઈશાકભાઈને આશ્વાસન આપું કે જ્યારે માણસ પાસે તાર્કીક દલીલ ન હોય, તેને પક્ષે વજનદાર સત્યો ન હોય ત્યારે તેવો માણસ ગાલીપ્રદાનથી જ સંતોષ માને છે. એટલે એથી નીર્બળતા તો તેવા જણની જ પ્રગટ થાય છે. માટે આપણે રૅશનાલીસ્ટોએ એથી દુઃખી થવાનું કોઈ કારણ જ નથી. અધ્યાત્મવાદીઓની તો આપણે દયા જ ખાવી રહી; કારણ કે અસત્યના આરાધકો હોવાથી તેઓ પાસે તાર્કીક, વીવેકપુત, લોજીકલ દલીલો જ નથી. એથી તેઓ બાપડા શું કહી શકે છે, એનો એક નમુનો જુઓ : ‘અમુક અનુભુતીઓ તર્કથી સાબીત થઈ જ ન શકે. કેટલીક બાબતો ભાષા યા તર્કથી સમજાવી શકાય જ નહીં, અમુક વીષયો તર્ક–વીવેકથી પર છે, એ બધા શ્રદ્ધાના વીષયો છે.’ એવી દલીલ કરનારા મીત્રોને હું પુછું કે તર્કથી પર, વીવેકથી પર અને બુદ્ધીથી પણ પર એવી અનુભુતીઓ આખરે વસે છે ક્યાં ? શ્રદ્ધાનું ઉગમસ્થાન કયું છે ? એ તો બસ એ જ માનવચીત્ત ને ? કે પછી અધ્યાત્મવાદીઓએ મનથીય પર એવો કોઈ અવયવ યા એવી કશી ઈન્દ્રીય વીકસાવી છે ? બાકી, અનુભુતી માત્ર મનનો જ વીષય છે, એટલે તે અવશ્ય તર્કવીવેક તથા વીવેકપુત બુદ્ધીથી પામી–પ્રમાણી જ શકાય. જો અધ્યાત્મવાદીઓ મગજથીય ઉંચેરો એવો કોઈ અવયવ ધરાવતા હોય તો પછી અમારે કંઈ જ કહેવાનું રહેતું નથી. છતાં એટલો નીર્દેશ કરું કે બરાબર એ જ રીતે ભુતપ્રેત, ડાકણ–ચુડેલ, મન્ત્ર–તન્ત્ર, મેલી વીદ્યાઓ, જોગણીઓ અને મેલડીમાતાઓ આદી પણ બુદ્ધીથી પર, તર્કવીવેકથી મુક્ત એવો શ્રદ્ધાનો જ વીષય ગણાય અને તદનુસાર એને ઉચ્ચતર અનુભુતી જ ગણવી રહી. ગણપતી દુધ પી જાય કે ડુંગરપુરવાળા બાબા કેન્સરની ગાંઠ કાઢીને બતાવે એ બધું જ મનબુદ્ધી–તર્કવીવેકથી પર, લોકોત્તર અનુભુતીઓ છે. આપણે તો તે સર્વેને મહાન સીદ્ધીઓ ગણી વધાવી જ લેવી રહી. પછી વહેમો, અન્ધશ્રદ્ધાઓ જેવું સમાજમાં કંઈ રહેશે જ નહીં. કેટલું સરસ ? સત્યં પરં ધીમહી ।

સત્યોનું પરમ સત્ય તો એ છે કે જે અનુભુતીઓને તર્ક, વીવેક યા બુદ્ધીથી પર માની, મનની માનીતી ને ઉંચી ગણવામાં આવે છે એ વાસ્તવમાં ભ્રમણાઓ માત્ર હોય છે. માટે જ મહાન વીજ્ઞાની કાર્લ સાગન એક સ્થળે લખે છે કે, ‘માંદા, મનોરોગી માનવીની ભ્રમણાઓ પરત્વે તો તબીબી વીજ્ઞાને તથા મનોવીજ્ઞાને ઘણી મોટી શોધખોળો કરી છે; પરન્તુ તંદુરસ્ત

માણસો જે ભ્રમણાઓનો ભોગ બને છે એ વીશે ખાસ કશું સંશોધન થયું નથી.' મતલબ એ જ કે કુંડલીની, આત્મજ્ઞાન, સાક્ષાત્કાર, શક્તીપાત જેવી કાલ્પનીક પ્રાપ્તીઓ યા આંતરીક અનુભુતીઓ એ અન્યથા તંદુરસ્ત એવી વ્યક્તીની માત્ર માનસીક ભ્રમણાઓ જ હોય છે.

આધ્યાત્મજ્ઞાન યા અનુભવ તો સદીઓ પુર્વે, હજ્જારો વર્ષ પુર્વે અજ્ઞાન માણસોએ કરેલા કલ્પનાવીહારના જ અવશેષો છે. અલબત્ત, તર્ક, બુદ્ધી તથા સમજ–વીવેકથી ન પામી શકાય એવું તો ઘણું જ ઘણું બ્રહ્માંડમાં છે જ; પરન્તુ એ તો વીજ્ઞાનની પ્રગતીએ હજી પામવાના પ્રદેશો છે. કીન્તુ એ માનવમનથી પરનો વીષય છે અને અમુક મહાન વ્યક્તીઓ એવા વીષયોની અનુભુતી પોતાની કોઈ અલૌકીક શક્તી દ્વારા (મનથી પણ નીરપેક્ષ રીતે) કરી શકે છે, એવી એવી વાતો એ બધાં ભ્રમ, છલના યા કલ્પનાવીહાર છે. તે જ રીતે, માનવી અદ્યાપી નથી પ્રમાણી શક્યો તે બધુંય દીવ્ય, આધ્યાત્મીક, ઈશ્વરીય તથા ઈશ્વરના અસ્તીત્વનો પુરાવો–એવો દાવોય સદન્તર બેબુનીયાદ છે. મતલબ કે જ્ઞાનવીજ્ઞાન દ્વારા જે અદ્યાપી નથી પામી શકાયું તે કદાપી જ કોઈથી પણ નથી પામી શકાયું – બસ એટલી વાત સાચી.

ઈશાકભાઈ, રૅશનાલીસ્ટ થવું એ રમતવાત નથી, એ તો ઘણી કપરી પ્રાપ્તી છે; કારણ કે એ માટે અનેકાનેક ગ્રંથીઓ, અન્તરાયો ને મનમાં જટાજુટ જાળાં ભેદવાં ને ઉલ્લંઘવાં પડે છે. એ અસંભવીત છે યા સામાન્ય માણસના ગજા બહારની સીદ્ધી છે એવી વાત (અધ્યાત્મવાદીઓની જેમ) હું નથી કરતો. કોઈ પણ વ્યક્તી એ ભેદી, જરુર રૅશનાલીસ્ટ બની શકે; કારણ કે તે તો સત્યનો, પ્રત્યક્ષનો, વીવેકબુદ્ધીનો એકદમ સરળ વીષય છે. દા.ત., શંકરાચાર્યે કહ્યું કે, 'અગ્ની શીતળ હોય એવું હજાર વેદોમાં લખ્યું હોય તો પણ હું ન જ સ્વીકારું'. બસ, આટલી સાવ સાદીસીધી વાત છે આ. પરન્તુ માણસને સાદાં સત્યોમાં મજા નથી આવતી. એને બદલે ભ્રમણાઓમાં રાચવું તેને ગમે છે. સૅમ્યુઅલ બટલર યોગ્ય જ લખે છે:

A credulous mind finds most delight in believing strange things, and the stranger they are the easier they pass with him. But it never regards those that are plain and feasible**…**

રૅશનાલીસ્ટ થવું એ અવકાશયાનના ઉડ્ડયન જેવી વૈજ્ઞાનીક સીદ્ધી છે. રૉકેટને મુક્ત અવકાશમાં પહોંચતાં પુર્વે અનેક પાર્થીવ સ્તરો અને અંતરાયો ઉલ્લંઘવા પડે છે, એથી એટલા વેગથી તેણે છુટવું જ રહ્યું. છેવટે જ્યારે તે ગુરુત્વાકર્ષણની ખેંચના અન્તરાયથી પણ મુક્ત થાય એ પછી જ તે અવરોધરહીત, નીર્બન્ધ અવકાશમાં પ્રવેશી યથેચ્છ ઉડ્ડયન કરી શકે. એ જ રીતે વ્યક્તી એના બહુવીધ સંસ્કારવારસાને પરીણામે મગજમાં જામેલાં ગ્રંથીઓ,

જાળાં આદી ભેદી નાખે એટલે સહેલાઈથી તે રૅશનાલીસ્ટ બની શકે. સવાલ ફક્ત વૃત્તી–વલણ, વીવેકશક્તી અને મનોબળનો છે. અલબત્ત, સ્વાર્થ તથા સ્થાપીત હીતની વાત જુદી.

## ભરત વાક્ય

જે વીચાર કે વસ્તુ પોતાના જ સત્યના પાયા ઉપર અડીખમ ઉભાં રહેવા સમર્થ ન હોય, જે તથ્યરહીત, વીસંગત યા અપુર્ણ હોય–એવાં વીચાર–વસ્તુને સમર્થન આપવાનો અન્ધ પ્રયત્ન એટલે ઝનુન ! –એરીક હોફ્ફર

●

અનુક્રમણીકા

# 11

## ભ્રમણાને આધ્યાત્મીક સીદ્ધી રખે માનો !

The practice of superstition is so congenial to the multitude that if they are forcibly awakened, they will regret the loss of their pleasing vision. Their love of the marvelous and supernatural, their curiosity with regret to future events and their strong propensity to extend their hopes and fears beyond which favored the establishment of polytheism…. –Edward Gibbon

આ વીધાન તો ગીબ્બને અઢારમી સદીના મધ્ય અરસામાં કરેલું, જેની સાથે સાથે તેણે એવો આશાવાદ પણ વ્યક્ત કરેલો કે એ પરીસ્થીતી સુધરતી જાય છે. તેના જણાવ્યા મુજબ આમ જનતાને એટલે કે ગ્રામ જનતાને વહેમો તથા અન્ધશ્રદ્ધાઓ એટલી બધી પ્યારી તથા અનુકુળ લાગે છે કે જો એ લોકને એમાંથી જગાડી, સત્યનું ભાન કરાવવામાં આવે તો તેઓ સખેદ દુઃખ વ્યક્ત કરે કે અમારું મનગમતું સપનું તમે શા માટે છીનવી લીધું ? એ લોકને ચમત્કારીક અને રહસ્યમય એવી અલૌકીક દુનીયા ખુબ પ્યારી છે. તેઓને આ દૃશ્યમાન લોકની બહારના દીવ્ય લોકનું પ્રચંડ આકર્ષણ છે, ભાવીની ઘટનાઓ આદી પ્રત્યે એવું તો તીવ્ર કુતુહલ છે કે એ માટે તેઓ જાતજાતના દેવીદેવતોની આરાધના કરે છે. ધર્મ તથા ઈશ્વરની કલ્પનાએ જન્માવેલું આ એક મોટામાં મોટું અનીષ્ટ છે.

ગીબ્બનને આશા છે કે પરીસ્થીતી સુધરતી જાય છે, અને વહેમો–અન્ધશ્રદ્ધાઓ બહુધા આમ પ્રજા અને ગ્રામ પ્રજા પુરતી જ પ્રચલીત રહી છે, જ્યારે બીજી બાજુ, શીક્ષીતો સંશયવાદ તેમ જ વીવેકબુદ્ધીવાદ પ્રતી વળી રહ્યા છે.... પરન્તુ આજે એકવીસમી સદીના પ્રારંભે આપણે શું જોઈ રહ્યા છીએ ? ગીબ્બનની આશા ઠગારી નીવડી છે, અને ઉલટો ઉચ્ચ વર્ગ, શીક્ષીત વર્ગ, સમ્પન્ન તથા સુખીયો વર્ગ જ વહેમો તથા અન્ધશ્રદ્ધાઓ પ્રત્યે વધુ ને વધુ આકર્ષાઈ રહ્યો છે. અને આપણા ભારતવર્ષમાં તો ધર્મ–અધ્યાત્મે જે હાહાકાર મચાવ્યો છે એ સર્વ આવા સુખીયા વર્ગની જ અવીચારી લીલા છે, વીનાશક તાંડવ છે, કદાચ આખરી સનેપાત છે ! બાપુઓ, મહર્ષીઓ, યોગીરાજો, યોગેશ્વરો, તાંત્રીકો, સ્વામીઓ, બાબાઓ, બાપાઓ અને દીવ્ય શક્તીઓ ધરાવતા સીદ્ધ પુરુષોની આખી વીરાટ પરોપજીવી જમાત ઉભી થઈ ગઈ છે, અને બહુધા શીક્ષીતો જ ભરપટ્ટે આવા વંચકોના શીષ્યો બને છે, કથાઓ, પારાયણો, પ્રવચનો, સત્સંગો, શોભાયાત્રાઓ, પોથીયાત્રાઓ, પ્રાગટ્ય મહોત્સવો,

પ્રાણપ્રતીષ્ઠાઓ, દીક્ષા સમારોહો, અખંડ ભજનધુનો–અહાહા, આખો દેશ જ જાણે કે પાગલ થઈ ગયો છે !! જવા દો !

બે હજાર ઉપરાંત વર્ષ પુર્વે મહર્ષી ચાર્વાકમુની ભારપુર્વક ઉદ્‌બોધી ગયા કે,

न स्वर्गो, नापवर्गो वा
नैवात्मा पारलौकीकः
नैव वर्णाश्रमादीनाम्
कीयाशच फलदायकाः

સ્વર્ગ નથી, નરક નથી, આત્મા નથી, પરલોક નથી, મોક્ષ નથી, જે છે તે બધું તો આ સાક્ષાત નજરે દેખાય છે તે પાર્થીવ સંસાર જ છે. આત્મા જેવો, ચૈતન્ય જેવો દેહથી ભીન્ન એવો કોઈ પદાર્થ અસ્તીત્વ ધરાવતો જ નથી, જે છે તે આ બધી પંચ(મહા)ભુતોની જ લીલા છે. ચાર મહાભુતોના સંઘાતમાંથી એટલે કે સંમીશ્રણમાંથી જ આત્મા નામે ઓળખાતી આ ચેતના પેદા થાય છે, બાકી એવું કોઈ અલગ સ્વતંત્ર અસ્તીત્વ ધરાવતું જ નથી. ચાર્વાક લખે છે કે : ‘જે પદાર્થનું પ્રત્યક્ષ દર્શન શક્ય હોય, કેવળ એના જ અસ્તીત્વનો સ્વીકાર કરવો જોઈએ.’

સમ્પુર્ણ વૈજ્ઞાનીક વાત છે આ તો. અલબત્ત, ચાર્વાક અને વીજ્ઞાન ઉભય જેને ‘પ્રત્યક્ષ દર્શન’ કહે છે તે ચક્ષુગ્રાહ્ય અર્થમાં નહીં; પરન્તુ ઈન્દ્રીયગોચરતાના અર્થમાં જ સમજવાનું છે. મતલબ કે જે પાંચમાંથી કોઈ પણ એક ઈન્દ્રીય દ્વારા ગોચરીભુત થાય તે જ સત્ય. અને વીજ્ઞાનની આગેકુચ બાદ તો વળી, અનેકવીધ દર્શન, શ્રવણ આદીનો વીશેષ અનુભવ કરાવનારાં વીવીધ સાધનો પણ વીકસાવાયાં છે. એ સાધનોને પણ ઈન્દ્રીયશક્તીનો જ વીસ્તાર ગણીને માન્ય રાખવાં રહે. દા.ત., નરી આંખે દેખાય એ સત્ય એમ નહીં, ટેલીસ્કોપથી દેખી શકાતા દુરસુદુરના પાદાર્થો પણ ઈન્દ્રીયગોચર સત્ય જ.

આજની અનીશ્ચીત તેમ જ નજાકતભરી જોખમી પરીસ્થીતીમાં દુરસુદુરથી–અમેરીકાથી એક સજ્જન નામે શ્રી. છગનભાઈ ભારતમાં ઉતરી પડે છે, અને જાણ્યેઅજાણ્યે બળતામાં ઘી હોમવાનો અન્ધશ્રદ્ધા–યજ્ઞ આરંભે છે. આપણે એની વૈજ્ઞાનીક ચર્ચા કરીએ : છગનભાઈએ કદાચ પુરો એક મહીનો આ દેશનાં દીનદુખીયાંની જે સેવા કરી, તે બસ, એક જ કે ભુકમ્પથી મરણ પામેલા અને હાલ તુરતને માટે સ્વર્ગમાં, અર્થાત્ છગનભાઈની પરીભાષામાં ‘સ્પીરીટ વર્લ્ડ’માં વસતા આત્માઓ સાથે તેઓનાં હયાત સગાંની મુલાકાત કરાવવી ! (નામ બદલ્યું છે)

છગનલાલને આવી દૈવી સીદ્ધી વરેલી છે; પરન્તુ એનું વૈજ્ઞાનીક પૃથક્કરણ અત્રે પ્રસ્તુત કરું, એ પુર્વે પ્રખ્યાત વીજ્ઞાની કાર્લ સાગનનું એક પ્રેરક–સુચક વીધાન જરા ટાંકી લઉં :

'સ્પષ્ટ છે કે, તમામ માનવીય વ્યવહાર અથવા તો અનુભવો, જે સામાન્ય હોય યા અસામાન્ય; પરન્તુ એ સર્વમાં બહુધા ભ્રમ કે ભ્રમણા વ્યાપારનું પ્રવર્તન હોય જ છે. આપણે માનસીક બીમારીનો ભોગ બનેલી વ્યક્તીઓની ભ્રમણાગ્રસ્તતા વીશે સારું એવું સંશોધન કર્યું છે; પરન્તુ તંદુરસ્ત દેખાતા, સાજાસમા સામાન્ય માણસો પણ વીવીધ ભ્રમો તથા ભ્રમણાઓ (illusions and hallucinations) નો ભોગ બનેલા હોય જ છે, એ વીશે ખાસ શોધખોળ કરતા નથી. જો એ કાર્ય યથાર્થ રીતે થાય, તો અનેક અતીન્દ્રીય તેમ જ અલૌકીક ઘટનોનો ઉકેલ મળી જાય.'

બસ આ જ વાત છે. છગનભાઈની કહેવાતી દીવ્ય સીદ્ધીની ચાવી જ એ છે કે તેઓશ્રી પોતે ભ્રમણા–રોગનો ભોગ બનેલા છે; મતલબ કે માનસીક બીમારીના દર્દી છે, જેથી તેઓને પરલોકની ભ્રમણા થાય છે, 'મૃતાત્માઓ' દેખાય છે, એ લોકો સાથે તેઓ વાતચીત કરી શકે છે અને દુભાષીયાની જેમ આ પૃથ્વી પર પાછળ જીવી ગયેલાં સ્વજનોનો પોતાનાં પ્રીયજનો સાથે સમ્પર્ક કરાવે છે... તેઓના 'દર્શન' મુજબ, આ પૃથ્વીથી બસો માઈલ (ફક્ત ?) ઉંચે છ લોક ('સ્પીરીટ વર્લ્ડ') છે, જેમાંથી કોઈ એકમાં પોતપોતાની લાયકાત મુજબ આત્માઓ વસે છે. તેઓશ્રી જણાવે છે કે, આ અધ્યાત્મલોકની વ્યવસ્થા આપણા અહીંના જેવી જ છે, જ્યાં બાલમન્દીરો હોય, રમતગમતનાં સાધનો હોય, મીટીંગો થાય, કમીટીઓ રચાય, ચુંટણીઓ થાય, અરે, રસોઈ થાય અને કઢીશાક પણ બને ! (મૃતાત્મા શબ્દ યોગ્ય નથી, તેઓ તો 'મૃતદેહ'ના જીવંત આત્મા છે !)

અત્રે એક અંગુલીનીર્દેશ પણ કરી લઈએ કે મનોવીજ્ઞાનની એક પરામનોવીજ્ઞાન નામક શાખા છે ખરી; જેમાં આવા મરણોત્તર યા અતીન્દ્રીય શક્તી દર્શનોના સીદ્ધાંતો ચર્ચાયા છે. પરન્તુ વીસમી સદીના અંત ભાગે પરામનોવીજ્ઞાને એની શ્રદ્ધેયતા ગુમાવી દીધી છે અને લગભગ સીદ્ધ થઈ ચુક્યું છે કે, આવી શક્તીઓ કે જ્ઞાન અસંભવ જ છે, અને બધા સીદ્ધાંતો વાહીયાત છે. યુનીવર્સીટીઓએ પરામનોવીજ્ઞાન (પેરાસાયકોલોજી)ની શાખાઓ એક પછી એક બંધ કરવા માંડી. દા.ત., ઉદેપુર યુનીવર્સીટીમાં આવું એક ડીપાર્ટમેન્ટ હતું, જે આવા જ કારણસર પછી બંધ કરી દેવામાં આવ્યું. ટુંકમાં, ઈન્દ્રીયાતીત અનુભવ શક્ય જ નથી, એ કેવળ 'ભ્રમણા' જ હોય છે. દા.ત., રામકૃષ્ણ પરમહંસને થયેલો અતીન્દ્રીય અનુભવ વાંચીએ, તો સ્પષ્ટ સમજાય કે આમ બનવું એ તો સ્વપ્ન યા ભ્રમણા જ હોઈ શકે.

'પહેલાં કદી નહોતો અનુભવ્યો, એવો ગાઢ આનન્દનો પ્રવાહ હૃદયમાં વહેતો અનુભવ્યો. મકાનો, મન્દીરો, બધું મારી આંખો સામેથી ઓગળી ગયું એનો અણસાર પણ ન રહ્યો. ગમે તેટલું દુર અને ગમે તે દીશામાં હું જોતો, તોયે મને માત્ર મારા તરફ સતત એક પછી એક ધસી આવતાં મોજાં જ દેખાતાં. ભારે વેગથી એ આવતાં હતાં. હું જાણે કે પુરમાં સપડાઈ ગયો... બેભાન થઈ ઢળી પડ્યો.'

રામકૃષ્ણજીનો આવો અનુભવ 'આધ્યાત્મીક સાક્ષાત્કાર' હતો; પરન્તુ લગભગ આવો જ અલૌકીક અનુભવ વીખ્યાત લેખક આલડુસ હકઝલીને તો નશીલી દવા 'મેસ્કેલીન' લેવાથી, કેવળ નશાથી થયો હતો – એ હકીકત ખુબ જ સુચક છે. મતલબ કે આવા બધા ઈન્દ્રીયાતીત, અલૌકીક, દીવ્ય અનુભવો કેવળ માનસીક ભ્રમણા જ હોય છે... ચાર્વાક સાચો છે અને કાર્લ સાગન પણ સાચો જ છે. કારણ કે આજે તો માનવસર્જીત અવકાશયાનો બાહ્ય અવકાશનો બૃહદ વીસ્તાર ખુંદી વળ્યા છે, ખુંદી રહ્યાં છે. અને વીજ્ઞાને ઉર્જા તત્ત્વનાં સુક્ષ્મતમ પૃથક્કરણો પણ કર્યાં છે; છતાં ક્યાંય સ્વર્ગ–નરક જેવાં આત્માનાં નીવાસસ્થાનોનું અથવા તો સ્વયં આત્મા જેવા, દેહથી ભીન્ન એવા કોઈ ઉર્જાતત્ત્વનું, ચૈતન્યનું અસ્તીત્વ જોવા અનુભવવા મળ્યું નથી. કારણ એ જ કે, વાસ્તવમાં એવું કંઈ મુદ્દલે છે જ નહીં

હવે પ્રો. છગનલાલની કરામત, શક્તી યા સીદ્ધીની કહાણી : સ્વાભાવીક જ પ્રશ્ન ઉદ્ભવે કે, તેઓ આવું કરે છે શું કામ ? શું તેઓ ઠગ છે, ધુતારા છે ? પૈસા પડાવવાનો ધંધો લઈ બેઠા છે ? તો જવાબ છે, નાજી, જરાય નહીં ! ખરેખર જ, તેઓ કોઈનીય પાસે એક પાઈ પણ લેતા નથી, અને દીનભર આવો તનતોડ–મનતોડ પરીશ્રમ મફતમાં જ કરે છે, છગનભાઈ તો ચોત્રીસ વર્ષથી અમેરીકામાં વસે છે, જાણીતા પીયાનોવાદક સંગીતકાર છે, ચીત્રકાર છે, ચીત્રકલાના અધ્યાપક પણ છે, જેથી પૈસાની તો તેઓને કશી ખોટ કે તમા જ નથી.

છતાં નોધપાત્ર હકીકત એ છે કે છગનલાલ અમુક ખોટા જવાબો આપે છે, ગલ્લાંતલ્લાં કરે છે, ભયંકર ભુલચુક પણ કરે જ છે, એનો સીધો મતલબ એ જ કે, ભાઈશ્રીની આવી કસબ કે કામગીરી એ કોઈ દુર્લભ એવી દીવ્ય, અલૌકીક શક્તી–સીદ્ધી નથી જ, પરન્તુ કશીક માનસીક ધુન, ક્ષતી યા ઘેલછા છે. અર્થાત્ સ્પષ્ટ જ છે કે, છગનલાલ ભ્રમણાના મનોરોગના દર્દી છે. આ કેવળ મારું જ તારણ નથી; ગુજરાતના વીખ્યાત મનોચીકીત્સક ડૉ. ભચેચ કહે છે કે, છગનલાલને સાઈકીક કેસ ગણી શકાય. એમને નાનપણથી જ ગુઢ, અલૌકીક યા ગેબી વાતોમાં અતીશય રસ હોવો જોઈએ. પરીણામે આ પ્રકારનું ચોક્કસ માન્યતાતંત્ર, ગ્રંથી (Belief System) તેઓના મગજમાં વીકસી અને જામી

ગઈ. આવી વ્યક્તીઓનાં મગજનો આગળનો ભાગ–ભાલપ્રદેશ (lobe) જરા વધુ પડતો વીકસીત દેખાય છે. આવા માણસો પોતાની ભ્રમણાઓને ગુઢ–અગમ્ય એવી વાસ્તવીક અનુભુતી માનીને ચાલે છે. છગનભાઈનો કેસ આવો જ છે. તેઓએ પોતે જ પોતાના આત્મકથાત્મક પુસ્તકમાં નોંધ્યું છે કે, બાળપણથી જ એમને અગમનીગમની વાતો તથા ગુઢ–ગેબી બાબતોમાં ભારે રસ પડતો.

## ભરતવાક્ય

Whatever their neurological and molecular antecedents, hallucinations feel real. They are sought out in many cultures, and considered a sign of spiritual enlightenment... Hallucinations are common. If you have one, it doesn't mean you are crazy ! –Carl Sagan

આપણા ભારતદેશમાં પણ ભ્રમણાઓને આધ્યાત્મીક સીદ્ધી–અનુભુતી જ માનવામાં આવે છે.

●

અનુક્રમણીકા

## 12

## શ્રદ્ધા અને સંશય : જોડીયાં ભાઈ–બહેન જ !

કો અદ્ધા વેદ ક ઈહ પ્રવોચત

કુત આજાતા કુત ઈયમ વીસૃષ્ટી : ।

...યો યસ્યાધ્યક્ષઃ પરમે વ્યોમન્સતો

અઙ્ગવેદ યદી વા ન વેદ ॥

(ઋગવેદ)

જવા દો, અહીં કોઈ શંકરાચાર્યજી યા દંડીજી ઉપસ્થીત હશે તો પડકારશે : 'શુદ્રોને વેદપાઠનો અધીકાર નથી.' મારી જીભ કાપી નાખશે ને તમારા કાનમાં ધગધગતું સીસું રેડશે, કારણ કે રૅશનાલીસ્ટ એટલે શુદ્ર, અને શુદ્ર દ્વારા વેદપાઠ એ તો ઘોર અપરાધ (કેટલા મીથ્યાભીમાની, સંકુચીત, ક્રુર માનસના હતા આપણા પુર્વજો !).

પણ મજા તો જુઓ : ખુદ વેદના સર્જકોમાં જ કોઈ મહર્ષી રૅશનાલીસ્ટ પ્રગટ્યો, જેણે ઉપર્યુક્ત 'નાસદીય સુક્ત' દ્વારા સંશય કર્યો કે 'ખરેખર કોણ જાણે–કોણ કહે કે આ વૈવીધ્યપુર્ણ સૃષ્ટી ક્યાંથી ઉત્પન્ન થઈ, ક્યાંથી ફંગોળાઈ ? દેવો પણ કદાચ આ વીવીધતાપુર્ણ સર્જન પછીનું જ સર્જન હોઈ શકે, તો પછી આ સૃષ્ટી ક્યાંથી આવી, એ કોણ જાણે ? એ તો પરમવ્યોમમાં આ સર્વનો જે અધ્યક્ષ વીરાજે છે તે જ જાણે –અરે કદાચ તે પણ નહીં જાણતો હોય !' આને skepticism – સંશયવાદ કહેવાય, અને સંશય એ તો રૅશનાલીઝમનો પાયો છે. ઋગવેદને જો પાંચ હજાર વર્ષ પુરાણો ગ્રંથ ગણીએ તો રૅશનાલીઝમનો ઈતીહાસ પણ કમસે કમ પાંચ હજાર વર્ષ પુરાણો છે એમ સીદ્ધ થાય.

અને એ સાવ જ સ્વાભાવીક છે; કારણ કે ધર્મ–અધ્યાત્મ અને ઈશ્વરની કપોળકલ્પના એ એટલી તો અસત્યમુલક તથા અપ્રતીતીકર વીભાવનાઓ યા સ્થાપનાઓ છે કે જે વીશે કોઈ પણ સંનીષ્ઠ બુદ્ધીનીષ્ઠ, વીવેકનીષ્ઠ, પ્રામાણીક, મૌલીક વીચારનારા નીગ્રંથ જનને સંશય ઉદ્ભવે જ. મતલબ કે શ્રદ્ધા અને સંશય એ બે જોડીયા ભાઈ–બહેન ગણાય, ઉભય સાથે જ જન્મે ને વળી શ્રદ્ધાબહેન માયાવી ને ફરેબી છે; એટલે હરપળે સંશયભાઈ એને પડકારતો અને નીયંત્રીત કરતો રહે જ. એ જ રૅશનાલીઝમનો ઉદ્ભવ. ઈન્દ્ર, વરુણ, મીત્ર, સવીતા, રુદ્ર, મરુત, અગ્ની, પુષા, ઉષા, પ્રજાપતી – જાતજાતના દેવો કલ્પ્યા, પ્રકૃતીનાં તત્ત્વો–સત્ત્વોની સ્તુતી કરી, પછી એક વીરાટ પુરુષની પણ કલ્પના કરી, જે પોતાનાં સહસ્ર શીર્ષ, સહસ્ર બાહુ, સહસ્ર પાદ આદી વડે આ સમગ્ર બ્રહ્માંડને આવરીને, છતાં એનાથી

દશાંગુલ ઉર્ધ્વ ખડો છે ઈત્યાદી. તેમ છતાં વીવેકબુદ્ધીનીષ્ઠ પ્રજ્ઞાવાળા જનના મનમાં આવી વાત કંઈ તત્ત્વતઃ અને તંતોતંત બેઠી નહીં. એને સંશય જાગ્યો જ કે કોણ પ્રતીતીપુર્વક કહી શકે કે 'આ બધું ક્યાંથી આવ્યું, કે કોણે બનાવ્યું ? કશું જ સમજાતું નથી...' આજે તો વીજ્ઞાનના પ્રતાપે આપણે લગભગ પ્રતીતીપુર્વક જાણી શકીએ છીએ કે આ બ્રહ્માંડ આપોઆપ અને અકસ્માત જ સર્જાયું છે. સોળેક અબજ વર્ષ પુર્વે પ્રચંડ વીસ્ફોટ – Big bang – થયો ને આજના સ્વરુપની સૃષ્ટી આરંભાઈ એટલું લગભગ સુનીશ્ચીત. કીન્તુ કોઈ વધુમાં એમ પુછે કે 'પણ વીસ્ફોટ પામનારું પ્રસ્તુત આદીમ દ્રવ્ય આવ્યું ક્યાંથી ?' તો આપણેય પેલા વૈદીક ૠષીની જેમ લાચારી જ વ્યક્ત કરવી રહી કે એ તો કોણ જાણે ? કોણ કહી શકે ? પણ એથી પરમેશ્વર નામક કોઈ સભાન, વીવેકસંપન્ન, સર્વશક્તીમાન એવા સર્વોપરી સર્જનહાર તત્ત્વે એ બનાવ્યું એમ તો સીદ્ધ નથી જ થતું. માટે જ પેલા વૈદીક ૠષીએ સંશય વયક્ત કર્યો કે કદાચ તે (પરમેશ્વર) પણ એ વાત નહીં જાણતો હોય !'

બીજી એક શંકાનો અહીં આછો જ ઉલ્લેખ કરી લઈએ તો, સર્વશક્તીમાન ને સભાન એવા પરમેશ્વરે ચોક્કસ હેતુસર જો આ સૃષ્ટી સર્જી હોય તો, એ આવી અન્ધાધુન્ધ, અર્થહીન, નીર્મમ, નીર્દય, ક્રુર અને ઘોર યાતનામય તો ન જ હોય ને ? રસેલ કહે છે તેમ, કોઈ પાગલ પણ આવી દુનીયા તો ન જ સર્જે. કોઈ અત્રે કર્મનો સીદ્ધાન્ત રજુ કરશે; કીન્તુ એ ચર્ચા વળી ભવીષ્યમાં કોઈ વાર : એક વીરાટ ધુમકેતુને સુવીરાટ એવો ગુરુનો ગ્રહ ગળી જાય અથવા એક નીર્દોષ, નીર્બળ મૃગલાને બળીયો સીંહ ગળી જાય એ તત્ત્વતઃ કર્મનો સીદ્ધાન્ત કે પછી બળનો સીદ્ધાન્ત ?

... અને વેદકાળમાં જ એક એવા ૠષીનો નામોલ્લેખ પણ મળે જ છે કે જેઓ નાસ્તીક હતા. તેઓ દ્વારા લીખીત ગ્રંથ 'બાર્હસ્પત્ય દર્શન' તો આજે પ્રાપ્ય નથી, લુપ્ત છે; કીન્તુ અનેક પ્રાચીન ગ્રંથોમાં બૃહસ્પતી–મતનું ખંડન કરવામાં આવેલું જોવા મળે છે, જે એમ સીદ્ધ કરે છે કે 'બાર્હસ્પત્ય દર્શન' એ સર્વથીય ઠીક ઠીક પ્રાચીન અને સમર્થ હશે. મતલબ એ જ કે સંશયવાદ, નાસ્તીકવાદ, ભૌતીકવાદ કે રૅશનાલીઝમ જેવી સત્યનીષ્ઠ, વીવેકબુદ્ધીજનીત, વૈજ્ઞાનીક વીચારધારાઓનો જન્મ પણ લગભગ આસ્તીકતા સાથે જ થઈ ચુક્યો હોવો જોઈએ.

જો કે પ્રાચીન ભારતીય ચીંતનધારામાં નીરીશ્વરવાદ એ કોઈ વીરલ, ઉદ્દંડ કે છુટક, અસામાજીક અપવાદરુપ ઘટના નથી. બૃહસ્પતી પછી લગભગ તરત જ કપીલમુનીએ સાંખ્યદર્શન રચ્યું એ પણ ઈશ્વરના અસ્તીત્વને પડકારનારું જ ચીંતન હતું. કપીલ સૃષ્ટીના ઉદ્ભવનું કારણ પરમાત્માની લીલા નહીં; કીન્તુ પ્રકૃતીનાં તત્ત્વોનાં પ્રવર્તનને જ ગણાવે છે

અને એવાં મુળભુત તત્ત્વોની સંખ્યા તેઓ પચીસની આપે છે. ‘સંખ્યા’ શબ્દ ઉપરથી જ ‘સાંખ્ય’ શબ્દ વ્યુત્પન્ન થયો છે. લોકાયતવાદ નામક એક અન્ય ચીન્તનધારા પણ ઘણા પ્રાચીન કાળથી ભારતીય દર્શનોમાં ગણનીય બની ચુકી હતી. ‘લોકાયત’ એટલે ઈહ લોકને જ, મતલબ કે પાર્થીવ જગતને જ માન્ય રાખતો મત, જેમાં પરલોકના યા પરમાત્માના અસ્તીત્વનો સદંતર અસ્વીકાર કરવામાં આવ્યો છે.

લોકાયતવાદને સ્મરીએ એટલે ચાર્વાક ઋષીને ઉલ્લેખ્યા વીના ચાલે જ કેમ ? આ વીદ્વાન ભારોભાર અને પ્રકાંડ નાસ્તીક હતો. એટલું જ નહીં, તેણે વેદોક્ત ધર્મનાં ચીન્તન તથા કર્મકાંડનાં તમામ પાસાંને પોતાની બલીષ્ઠ અને સચોટ તર્કબુદ્ધીથી પડકાર્યાં. તે વૈજ્ઞાનીક દૃષ્ટીવાળો પરમ જ્ઞાની પુરુષ હતો અને એનો મત પણ એટલો તો સત્ત્વશીલ, વીવેકનીષ્ઠ, સચોટ તથા પ્રભાવશાળી હતો કે લોકોએ તેને ‘ઋષી’ કહી બીરદાવ્યો. વેદોના ઉદ્‌ગાતાઓ અને એનો અમલ કરનારા–કરાવનારા બ્રાહ્મણોને ચાર્વાકે ધુર્ત, પાખંડી, પેટભરા, લોભી અને ઠગ ઠરાવી ખુલ્લા પાડ્યા.

ચાર્વાક પુર્ણતઃ ભૌતીકવાદી (વીજ્ઞાનવાદી) હતો. તેણે એક પ્રચંડ સત્ય પુરસ્કાર્યું. તર્ક તથા સત્યને આધારે તેણે પ્રતીપાદન કર્યું કે સ્થુળ પદાર્થથી ચૈતન્ય ભીન્ન નથી, તેમ દેહથી આત્મા ભીન્ન નથી. પ્રકૃતીનાં ચાર મુળભુત જડ તત્ત્વો – પૃથ્વી, જળ, અગ્ની અને વાયુના સંઘાતથી ચેતના ઉત્પન્ન થાય છે, જે કોઈ સ્વતંત્ર તત્ત્વ નથી. તેણે મદીરાનો દાખલો દર્શાવી સીદ્ધ કર્યું કે જેમ કીણ્વાદી દ્રવ્યો છુટક છુટક લેવાથી નશો ચઢતો નથી; પરન્તુ એ સર્વને ભેગા કરી, સંમીશ્રીત સ્વરુપે લેવાથી નશો ઉદ્‌ભવે છે, એવું જ આત્માનું છે. પંચમહાભુતજનીત દેહની સાથે જ આત્મા જન્મે છે અને દેહનો નાશ થતાં તે નષ્ટ થાય છે. તેણે દર્શાવ્યું કે આ સૃષ્ટીનો કોઈ સર્જનહાર નથી, એ પ્રકૃતીમાંથી અકસ્માત જ ઉદ્‌ભવી છે. આ વીચાર પુર્ણતઃ રૅશનાલીસ્ટ છે; કારણ કે આપણે રૅશનાલીસ્ટો પણ સાધાર માનીએ છીએ કે આ સૃષ્ટીના ઉદ્‌ભવ પાછળ ન તો કોઈ હેતુ છે, ન પ્રયોજન કે યોજના, યા ઉદ્દેશ; એ કેવળ પ્રાકૃતીક અકસ્માત છે. ઉપરાંત આ જીવનનું ધ્યેય શું ? એક જ, અને તે આનન્દ. ચાર્વાક પ્રબોધે છે કે ઋણં કૃત્વા ધૃતં પીબેત – દેવું કરીને પણ ઘી પીઓ, મતલબ કે ખાઈ–પીને આનન્દ કરો ! સ્વર્ગ નથી, નરક નથી, પુનર્જન્મ પણ નથી, માટે ઐહીક જીવન સુખથી જીવી લો. યાવત જીવેત ! સુખં જીવેત ! અલબત્ત, ચાર્વાક કે અન્ય ભૌતીકવાદીઓ સંકુચીત સ્વાર્થપરસ્તો કે ભોગવીલાસી, માનવતાના વીરોધીઓ નહોતા જ. તેઓ માનવમાત્રને સુખી જોવા મથતા હતા અને એથી જ ભારપુર્વક કહેતા કે આનન્દ કરો; કીન્તુ અન્યના ભોગે નહીં.

બરાબર આવો જ મત અને આવું જ ચીન્તન–દર્શન પ્રસ્તુત કરનારા એક નાસ્તીક વીચારક લગભગ એ જ અરસામાં ગ્રીસમાં પણ થઈ ગયો અને તે એપીક્યુરસ. એપીક્યુરસ ગ્રીસનો ચાર્વાક ગણાય છે; કારણ કે ઉભયની વીચારધારામાં જબરદસ્ત સામ્ય છે, જે સંશયવાદ–રૅશનાલીઝમની સહજોત્પત્તી જ સીદ્ધ કરે છે. આ સૃષ્ટીની ઉત્પત્તીને કેવળ આકસ્મીક ગણાવતાં એપીક્યુરસ જણાવે છે કે અણુઓની નીર્હેતુક random ગતીમાંથી આ વીશ્વ આવું રચાઈ ગયું છે, જેનો કોઈ સર્જનહાર નથી. દેવોને માનવીના જીવનમાં કોઈ રસ નથી, દેવોને આપણી સાથે કશી લેવાદેવા નથી. જીવન એક અર્થહીન નાટક છે, જેનો એક માત્ર ઉદ્દેશ આનન્દ છે. આશરે ત્રેવીસસો વર્ષ પુર્વે ગ્રીસમાં થયેલા એપીક્યુરસ માટે કહેવાયું છે કે Epicurus was the least of the Epicurean મતલબ કે તે પુર્ણ માનવતાવાદી હતો, જે પ્રબોધતો કે આનન્દથી જીવો અને જીવવા દો. આનન્દથી જીવવામાં બીજાને મદદગાર બનો. એપીક્યુરસ પોતે તો વળી ખુબ સાદાઈથી જીવતો. ચાર્વાકનો અને એપીક્યુરસનો આનન્દધર્મ એ પ્રેમધર્મ હતો. પ્રખર રૅશનાલીસ્ટ ચીન્તક પ્રો. રમેન્દ્ર દર્શાવે છે તેમ, ભારતની પ્રમુખ પ્રાચીન ચીન્તનધારાઓમાં પુરી પચાસ ટકા તો નીરીશ્વરવાદી જ હતી.

રૅશનાલીઝમનો ઈતીહાસ આલેખનાર કોઈ પણ વ્યક્તી એક મહાન ધર્મ યા સમ્પ્રદાય તેમ જ એના સ્થાપકને કદી અવગણી શકે નહીં અને એ છે બૌદ્ધ ધર્મ અને તેના આદ્ય પુરુષ ગૌતમ બુદ્ધ. 'ભગવાન' બુદ્ધ, ભગવાનની સત્તાને સ્વીકારતા નથી અને ભક્તી દ્વારા ભગવાનની પ્રાપ્તીના ધ્યેયને પુરસ્કારતા પણ નથી. તેઓ તો પ્રબોધતા કે આ દુનીયાનાં સાક્ષાત દુઃખદર્દોની જ ચીંતા કરો. પરન્તુ એથીય આગળ તેઓનો પ્રખર રૅશનાલીસ્ટ અભીગમ તો એ કે તેઓ પોતાના શીષ્યોને ભારપુર્વક કહેતા : હું કહું છું માટે અમુક વાત માની લેશો નહીં, તમુક વાત પુરાણા ધર્મગ્રંથોમાં લખેલી છે, એટલામાત્રથી એને સાચી માની લેશો નહીં; પરન્તુ તમારી વીવેકબુદ્ધીથી જે વાત તમારા ગળે ઉતરે એને જ સાચી માનજો ! પુરાં અઢી હજાર વર્ષ પુર્વે તેઓએ આપેલો આવો ઉપદેશ ખરેખર જ સમર્થ રૅશનાલીસ્ટ અભીગમ લેખાય. જૈન દર્શનો પણ નીરીશ્વરવાદી જ ગણાય છે. આશરે અઢી હજાર વર્ષ પુર્વે થઈ ગયેલો મહાન ચીની ચીંતક કન્ફ્યુશીયસ પણ નીરીશ્વરવાદી હતો.

ચૌદમી–પંદરમી સદી પછી તો કોપરનીક્સ, ગેલેલીયો વગેરેએ એવાં એવાં નક્કર, વૈજ્ઞાનીક, ભૌતીક સત્યો શોધીશોધી સમર્થતાપુર્વક પ્રસ્તુત કરવા માંડ્યા કે ઈશ્વર તથા ઈશ્વરીય સર્જનની દન્તકથા જ myth કકડભુસ તેમ જ નષ્ટ થઈ ગઈ. વીજ્ઞાનનાં અભીનવ સત્યોએ ધર્મનાં કહેવાતાં જરીપુરાણાં અસત્યોને ખુલ્લાં પાડ્યાં–પુર્ણતઃ જુઠાં સાબીત કર્યાં; વીજ્ઞાને જ રૅશનાલીઝમ–વીવેકબુદ્ધીવાદની વીરાટ તથા વેગીલી પ્રગતીનો માર્ગ એકદમ

વીશાળ અને ખુલ્લો કરી દીધો. ઓગણીસમી, વીસમી સદીમાં પ્રકાંડ રૅશનાલીસ્ટ ચીંતકો તથા કાર્યકરો પ્રગટ્યા, જેમણે પોતાની સમર્થ ચીન્તન–પ્રવૃત્તી દ્વારા આજે તો રૅશનાલીઝમને એક અપરીહાર્ય એવી સ્થીર–નક્કર ભુમીકા પર લાવીને સ્થાપીત કરી દીધો છે કે જેણે આસ્તીક પક્ષની તમામ નીર્બળતાઓ–પોકળતાઓ સચોટ સીદ્ધ કરી આપી છે.

## ભરતવાક્ય

હવે ભય નથી પથે,
વીજય છે જ.... આગે બઢો.

●

અનુક્રમણીકા

## 13

# વૈજ્ઞાનીક સત્ય અને ભાવનાત્મક સત્ય

હીરણ્મયેન પાત્રેણ
સત્યસ્યાપીહીતં મુખમ ।
તત્ ત્વં પુષન્ અપાવૃણુ
સત્યધર્માય દૃષ્ટયે ॥

'સુવર્ણના પાત્ર વડે સત્યનું મુખ ઢંકાયેલું છે, તો હે પુષન્, તું એને ખોલી નાખ, જેથી અમે સત્યધર્મના દર્શન પામી શકીએ !'

રૅશનાલીસ્ટ શ્રી. ઈશાક રંગવાલાએ (નાસીક) પ્રશ્ન પાઠવ્યો છે કે, 'પણ આ સત્ય એટલે શું ? અને એ પુર્વે, ચર્ચાપત્ર દ્વારા શ્રી. નેમચંદ શાહે એવો દાવો કરેલો કે 'શ્રદ્ધાથી સત્ય પામી શકાય.' – એ દાવાને શ્રી. રંગવાલાએ પડકાર્યો છે અને પુછ્યું છે કે 'શ્રદ્ધા દ્વારા કયું સત્ય શોધાયું ?' ઈત્યાદી..

હવે શ્રી. ઈશાકભાઈના પ્રથમ પ્રશ્નના ઉત્તરમાંથી થોડી ચર્ચા કરીએ તો, સત્યવાદી રાજા હરીશ્ચન્દ્રથી માંડીને તે મહાત્મા ગાંધીજી સુધીના સત્યપ્રેમીઓએ 'સત્ય'ની ભારે પ્રતીષ્ઠા કરી છે; પણ એની મોટી કરુણતા એ કે 'સત્ય' શબ્દનો અર્થ કે મર્મ જ તેઓ પામી શક્યા નથી. ગાંધીજીએ આ શબ્દના એટલા જ આંશીક અર્થ ઉપર બીનજરુરી ભાર મુક્યો કે સાચું બોલવું તે સત્ય, અને પછી એનો અર્થવીસ્તાર કરીને એટલે સુધી એને ખેંચી ગયા કે 'ઈશ્વર સત્ય છે' એમ નહીં; 'સત્ય જ ઈશ્વર છે.' છતાં એમાંથી પેલા મુળભુત પ્રશ્નનો ઉત્તર તો મળતો જ નથી કે, પણ 'સત્ય' એટલે શું ? વાસ્તવમાં, આ બધા 'સત્ય' શબ્દના ભાવનાત્મક અર્થો છે, જેનો કોઈ ભૌતીક યા વૈજ્ઞાનીક નક્કર અર્થ સંભવતો જ નથી. દા.ત., 'સત્ય એ જ ઈશ્વર છે' – એનો, અથવા તો, સામ્યવાદી શાસન વીરુદ્ધના સોલ્ઝે–નીત્સીન પ્રકરણ પ્રસંગે જે એક એવું સુત્ર પ્રચલીત કરવામાં આવેલું કે, 'સત્યના એક શબ્દનું વજન પૃથ્વીના વજન કરતાંય વધુ છે' – આવાં વીધાનનો કોઈ ભૌતીક અર્થ નીકળતો નથી. એથી આવા ભાવનાત્મક સત્યનો અર્થ વ્યક્તીએ વ્યક્તીએ ભીન્ન ભીન્ન, મનફાવતો કાઢી શકાય. 'શ્રદ્ધા' શબ્દ પણ એવો જ ભાવનાત્મક છે. માણસના માનસીક પુર્વગ્રહોને માટે આવા અનીર્ણીત અર્થવાળા શબ્દ ખુબ જ અનુકુળ અને માનીતા બની રહે છે. એથી જ આવાં તેવાં વીધાન કે, 'સત્ય એ જ ઈશ્વર છે' યા 'શ્રદ્ધા વડે સત્ય પામી શકાય' ઈત્યાદી સુત્રો લોકપ્રીય બની જાય છે. વધુમાં એમાં ધાર્મીકતાનો, આધ્યાત્મીકતાનો અર્થ ઉમેરાય છે.

હકીકતે 'સત્ય' શબ્દ 'સત' ઉપરથી વ્યુત્પન્ન થયો છે, જેનો સાદોસીધો ભાષાકીય અર્થ તો એટલો જ થાય છે કે 'સત્ય એટલે જે ખરેખર છે તે, જે નક્કર અસ્તીત્વ ધરાવે છે તે.' વીજ્ઞાન પોતાનાં શોધકાર્યોમાં ફક્ત આ એક જ અર્થ સ્વીકારીને ચાલે છે કે વીશ્વમાં ખરેખરું નક્કર અસ્તીત્વ ધરાવતા પદાર્થો કયા છે, અને તે શું છે ? એ જ રીતે, ઋતના નીયમો અર્થાત્ ક્રીયા શું છે, અને કેવી છે ? શાથી, ઉદ્ભવે છે ? વગેરે. આ છે, સત્યની શોધ. એમાં શ્રદ્ધા જેવી ભાવનાત્મક વીભાવનાઓનું કશું પ્રદાન કે મુલ્ય સંભવી શકે જ નહીં. જ્યારે 'સંશય' શબ્દનો અર્થ એવો થાય કે, હજારો, સેંકડો વર્ષોથી અથવા દાયકાઓથી માનવ સમાજ અમુક બાબતે અમુક માન્યતા ધરાવતો આવ્યો છે, એ વાસ્તવીક, હકીકતરુપ પદાર્થ યા ઘટના છે કે નહીં ? – એવો પ્રશ્ન થવો, એવી શંકા થવી તે. અને આવી શંકા સમ્બન્ધીત પદાર્થ યા ઘટના પરત્વે સાક્ષાત અર્થાત્ ઈન્દ્રીયગોચર તથ્ય કે તત્ત્વ પામવા માટે સંશોધન કરાવે અને સંભવતઃ યા બહુધા તે પામે – એ જ સંશયનો મોટો લાભ. શ્રદ્ધામાં આવો લાભ પ્રાપ્ય નથી.

માટે જ મથાળે ટાંકેલા ધાર્મીક પ્રાર્થના–વીધાનનો જો આપણે એવો વીશીષ્ટ અર્થ ઘટાવીએ કે શ્રદ્ધાના સુવર્ણપાત્ર હેઠળ સત્યનું મુખ ઢંકાઈ રહ્યું છે, તો હે સંશયરુપ પુષનદેવ, તું સંશોધનરુપ બની એને ખોલી નાખ, જેથી અમે સત્યનાં દર્શન પામી શકીએ, તો એ અર્થ વૈજ્ઞાનીક સન્દર્ભે ઘણો યથાર્થ તથા મુલ્યવાન બની રહે. આપણા પુર્વજો પાસે વીજ્ઞાન નહોતું અને વૈજ્ઞાનીક સાધનો પણ નહોતાં. અત્રે યાદ રાખવું ઘટે કે વીજ્ઞાનને સત્ય અને કેવળ સત્ય સાથે નીસબત હોય છે, આવું વૈજ્ઞાનીક નક્કર કે વાસ્તવીક સત્ય શોધવા આપણા પુર્વજો અસમર્થ હતા. આથી તેઓએ અનેકવીધ, અનેકાનેક કલ્પનાઓ દોડાવી ને ભાવનાત્મક દૃષ્ટીએ લોકોના પ્રશ્નોના ઉત્તરો બનાવી કાઢ્યા. સ્વાભાવીક જ આવા ઉકેલો બધા જ કાંઈ સત્ય ન સંભવે, પરીણામે બુદ્ધીસમ્પન્ન, તર્કસજ્ઞ વ્યક્તીઓને એ પરત્વે શંકા જન્મે એય સ્વાભાવીક. આ રીતે પ્રચલીત માન્યતા વીરોધી વલણ પ્રવર્તતું રોકી દેવા માટે તત્કાલીન સમાજના અગ્રણીઓએ 'શ્રદ્ધા' નામક અમુક માનસીક અવસ્થા યા અભીગમ પર સર્વ વજન મુકી, એનો જ આદેશ ફરમાવ્યો અને કહી દીધું કે શ્રદ્ધાથી જ જ્ઞાન પ્રાપ્ત થાય, જ્યારે સંશય કરવાથી તો વીનાશ જ થાય.

એટલું જ નહીં; પરન્તુ આવી સાચી–ખોટી માન્યતાઓને સત્ય, પરમ સત્ય કે અફર સત્ય ઠરાવી, એને વળી ધર્મ સાથે જોડી દીધી. એથી પછી સંશય કરવા ઉપર ચુસ્ત ધાર્મીક પ્રતીબંધ આવી ગયો. પરીણામે સદીઓની સદીઓ સુધી માણસ અજ્ઞાનમાં સબડતો ને સબડતો રહ્યો. આમ શ્રદ્ધા અજ્ઞાનની જનની જ બની રહી અને છે જ – એ સ્પષ્ટ હકીકત

છે. આ સન્દર્ભે, વૈજ્ઞાનીક સત્યોના પ્રકાંડ સત્યાગ્રહી એવા ગેલીલીયોએ બહુ વેધક વાત કરી છે. તે કહે છે : 'જો ધર્મગ્રંથોનાં ફરમાનો સત્ય હોય તો એક અફર પ્રાકૃતીક કાનુન છે કે સત્ય હંમેશાં સત્ય સાથે સુમેળમાં જ પ્રવર્તે, તદનુસાર ધાર્મીક સત્યો પ્રકૃતીનાં સત્યોથી ભીન્ન સંભવે જ નહીં, અને પ્રકૃતીનાં સત્યો તો તર્કવીવેક તથા પ્રયોગથી પામી શકાય છે.' આ થઈ વૈજ્ઞાનીક સત્યની વાત, જે વડે નક્કર ભૌતીક સત્યરુપ ઘટના કે પદાર્થને પામી શકાય.

એથી જ ગેલીલીયો આવાં 'ધાર્મીક સત્યો' પરત્વે આગળ બોલતાં, ધર્મગુરુઓ પર એક વેધક પ્રહાર કરે છે કે કોઈ માન્યતાને સ્વીકારવી કે તીરસ્કારવી એ બાબતે ધર્મસંસ્થા અબાધીત સત્તા જરુર ધરાવી શકે છે; પરન્તુ બ્રહ્માંડની પ્રકૃતીમાં જે નક્કર, ભૌતીક સત્યમય પદાર્થો યા ઘટનાઓ પ્રવર્તમાન છે, એને અસત્ય ગણાવી નાબુદ કરવાની રજ માત્રેય સત્તા ધર્મ પાસે નથી. તેના આવા વીધાનને તેણે જ શોધેલા એક સાદાસીધા સત્ય વડે સ્પષ્ટ કરીએ તો, પૃથ્વી સુર્ય ફરતે ફરે છે – એવી હકીકતને સ્વીકારવી યા તીરસ્કારવી એ ધર્મસંસ્થાના સત્તાક્ષેત્રની બાબત છે; પરન્તુ એથી જે મુળભુત પ્રાકૃતીક સત્ય છે એમાં કશો જ ફરક પડી શકવાનો નથી, અથવા પાડી શકાવાનો નથી. ધર્મની એ મોટામાં મોટી મજબુરી છે, મર્યાદા છે.

આમ વૈજ્ઞાનીક સત્યો એ તો સાદીસીધી, સરળ અને સમજાય તેવી ઘટના યા તો તેવા પદાર્થ છે, એમાં તે સમ્પુર્ણ સીદ્ધ થયા બાદ સંશયને ખાસ સ્થાન જ રહેતું નથી. અલબત્ત, વૈજ્ઞાનીક સત્ય સમ્પુર્ણ સીદ્ધ થયું ત્યારે જ લેખાય કે જ્યારે એ ત્રણે તબક્કામાંથી નીઃશંક, નીર્વીઘ્ને પસાર થઈ શકે. આ ત્રણ કસોટી છે : સાક્ષાત અનુભવ, તર્કસંગતતા અને પ્રયોગ. પરન્તુ વીજ્ઞાનનાં કેટલાંય ક્ષેત્રો એવાં છે કે જ્યાં સાક્ષાત અનુભવ યા પ્રયોગની શક્યતા જ નથી. ત્યાં સતત સંશય કરવાની સ્વતંત્રતા પણ વીજ્ઞાન તો સ્વયમેવ રીતે જ બક્ષે છે. મતલબ કે વીજ્ઞાન સદાય સ્વાતંત્ર્યને પક્ષે રહે છે, જ્યારે ધર્મ ગુલામી અને બંધનને આધારે જ પ્રવર્તી શકે છે. દા.ત., 'બીગ બેંગ' (મહાવીસ્ફોટ)નો સીદ્ધાન્ત યા ઉત્ક્રાન્તીનો નીયમ એનાં સાક્ષાત દર્શન યા પ્રયોગ અશક્ય જ. ત્યારે કેવળ પરીણામોના સર્વાંગી અભ્યાસ તેમ જ તજ્જન્ય તર્ક દ્વારા જ કશોક નીર્ણય યા નીયમ તારવી શકાય. અને છતાં એમાં સંશયનું સ્થાન તો સદાય રહેવાનું જ. આજેય ઘણા વીજ્ઞાનીઓ 'બીગ બેંગ' સીદ્ધાન્તને આખરી ગણી, સ્વીકારી લેતા નથી. એ જ રીતે ઉત્ક્રાન્તીના નીયમ બાબતે ઘણા સંશય દર્શાવે છે; પરન્તુ વીજ્ઞાનને એની સામે ક્યારેય, કશો વાંધો હોતો નથી, બલકે તે તો આવા અભીગમને આવકારે જ છે કે 'વધુ ને વધુ શોધખોળ ચાલુ જ રાખો !' ધર્મ અને વીજ્ઞાન વચ્ચે અભીગમનો યા ઉદારતાનો આવો મુળભુત ભેદ છે.

બીજી બાજુ, ભાવનાત્મક ‘સત્યો’ એ વાસ્તવમાં સમાજજીવનના ઉચ્ચ આદર્શો માત્ર હોય છે, ને એથી એ અફર યા અપરીવર્તનીય સંભવે જ નહીં. સત્યનો જ દાખલો લઈએ તો ‘સત્યમેવ જયતે’ – આખરે તો સત્ય જ જીતે છે; પરન્તુ વાસ્તવીકતા સાથે એનો સુમેળ સદાય સધાતો નથી. વાસ્તવીક વ્યવહારમાં તો ક્યારેક સત્ય જીતે તો ક્યારેક અસત્ય પણ જીતી જાય. એટલું જ નહીં, અસત્યે જીતવા માટે ઘણી વાર સત્યની સહાય લેવી પડે. તો એથી ઉલટુંય સાચું જ છે કે, સત્યને પણ જીતવા માટે અસત્યની મદદ મેળવવી પડે. દા.ત., ન્યાયાલયના મુકદ્દમા કેવળ સત્ય બોલીને, એને જ વળગી રહેવાથી જીતી શકાતા નથી. વકીલનો આશરો બહુધા લેવો જ પડે છે, મતલબ કે સાચા–ખોટા સાક્ષી પુરાવા વીના અદાલતી ખટલા જીતી શકાય જ નહીં.

અલબત્ત, એથી ભાવનાત્મક સત્યોનું અવમુલ્યાંકન કરવું, એવું તારણ કદાપી માન્ય રાખી શકાય નહીં. સમજી લેવાનું ફક્ત એટલું જ કે, એવાં સત્યો, સીદ્ધાંતો કે માન્યતાઓ અબાધીત અફર સત્ય હોતાં જ નથી; કારણ કે એ તો માનવીય મુલ્યો છે. પ્રકૃતીને એની લેશ માત્ર લેવાદેવા હોતી નથી. પ્રકૃતી એક સમ્પુર્ણ અન્ધ, અભાન, વીવેકરહીત, અફર પરીબળ છે અને વળી એનાથી ઉપર કોઈ નીયામક એવું તત્ત્વ (ઈશ્વર) પણ નથી જ. આથી જ ઉચ્ચ કે ઉચ્ચોચ્ચ માનવીય આદર્શો કે સીદ્ધાન્તોને પ્રકૃતી તતસન્દર્ભે કદી સ્વીકારીને ચાલતી જ નથી. અને એથી જ જીવનમાં શ્રદ્ધાનો છેદ તો સ્વયમેવ, સદંતર ઉડી જ જાય છે. જે કોઈ આદર્શ કે માનવીય સીદ્ધાન્ત પ્રકૃતી સાથેના સુમેળમાં હશે, એટલાને જ પ્રકૃતી માન્ય કરશે. એ સીવાયના સીદ્ધાન્તો–આદર્શો કેવળ માનવીય મુલ્ય હોઈ એમાં, માનવીય સન્દર્ભે, વીવેકબુદ્ધીપુર્વક બાંધછોડ થઈ શકે અને કરવીય પડે. જો કે આ ખુબ નાજુક મુદ્દો છે અને ખુબ ચતુરાઈ, સમજ તથા તટસ્થતાપુર્વક જ એનો અમલ થઈ શકે. બાકી, સ્વહીત ખાતર સામાજીક યા માનવીય દષ્ટીએ અનુચીત હોય, એવી બાબતને પણ વીવેકબુદ્ધીમાન્ય ઠરાવવાની, rationalize કરવાની ટેવ પડે, એ ઈચ્છવાજોગ નથી. સત્યવચન, પ્રામાણીકતા, અહીંસા વગેરે આવાં ઉચ્ચ આદર્શરુપ માનવીય મુલ્યો છે, જે અફર રીતે સફળ જ અર્થાત્ લાભકારક જ નીવડે એવો આગ્રહ સેવી શકાય નહીં. (ક્યારેક અસત્યનો આશરોય કેટલો બહુજનહીતાય ઉપયોગી નીવડે – એના નમુના માટે શ્રી. રજનીકુમાર પંડ્યાની ‘જુગાર’ વાર્તા ટાંકી શકાય; જેમાં એક તબીબે એક કન્યા બાબતે આપેલું અસત્ય પ્રમાણપત્ર કેવળ તે કન્યાની જ નહીં; એક પરીવાર સહીત સ્વજનોની જીન્દગી સુધારી દે છે.)

## ભરતવાક્ય

By the spirit of truth, I mean that frame of mind, by which men who acknowledged their own fallibility, and who desire above all things to discover what is true, should adjudicate between conflicting arguments. Reason, reason alone, should determine their opinions.

—W. E. H. Lecky

(History of Rationalism)

પોતાનોય દોષ પારખીને, નીરપેક્ષ ભાવે વીવેકબુદ્ધીથી સત્યની ખોજ કરવી – એનું નામ Sprit of truth

●

અનુક્રમણીકા

## 14

# આધ્યાત્મીક સુખશાન્તી એટલે બડાશ અને આત્મપ્રતારણા

ઘણી વાર એમ કહેવામાં આવે છે કે પશ્ચીમ ભૌતીકવાદી છે, જ્યારે પુર્વ અધ્યાત્મવાદી છે; પરન્તુ આ ‘પુર્વ’ એટલે શું એ હું નથી સમજી શકતો. પુર્વમાં તો ભારતના હીન્દુઓ છે, તો અરબસ્તાનના રખડું બેદુઈનો પણ છે, મોંગોલીયાના ભરવાડો પણ પુર્વના છે અને ચીનના નીરીશ્વરવાદી કન્ફ્યુશીયનોય પુર્વના જ છે. વાસ્તવમાં પુર્વ અને પશ્ચીમ જેવો કોઈ ભેદ જ નથી. હીતસાધુ સામ્રાજ્યવાદીઓના ભેજાની જ એ નીપજ છે અથવા કેવળ બહાનું છે, યા તો જેઓનાં મનનો પુરો કબજો કોઈ ધુંધળા ભુતકાળની પુરાણકથાઓ તથા દન્તકથાઓએ લીધો છે એવા લોકની એ મનગમતી કલ્પના છે. –જવાહરલાલ નહેરુ

બરાબર આવી જ વાત તે દીવસે વહેલી સવારની ફોર્ટી–સીક્સ્ અપ પેસેન્જરમાં સ્વાધ્યાયવાદી શીક્ષકમીત્ર એ કરેલી : તેઓ કહે, ‘પશ્ચીમની સંસ્કૃતી ભૌતીકવાદી છે, એટલે ત્યાં બધુંય છે; પણ માનસીક શાન્તી નથી. જ્યારે આપણી ભારતીય સંસ્કૃતી આધ્યાત્મીક છે. અહીં ગમે તેવો ગરીબ માણસ પણ માનસીક રીતે સુખી છે; કારણ કે આપણી સંસ્કૃતીનો પાયો ‘તેન ત્યકતેન ભુંજીથાઃ’ નો છે, ત્યાગનો છે. ત્યાગીને ભોગવવું એ જ આપણી વીશીષ્ટ જીવનવ્યવસ્થા છે. માટે જ આપણા સમાજમાં પરસ્પર પ્રેમ, સુખ અને શાન્તી છે.’

મને થયું, કમસે કમ આ દેશમાં આ શીક્ષકમીત્ર તો માનસીક શાન્તી માણી જ રહ્યા છે; કારણ કે એ ટ્રેનની આવી આબોહવામાં આટલી ગહન ચર્ચા તો તેઓ જ કરી શકે. ચોમેર ગંદકી, ઘોંઘાટ, સવારના અધોવાયુની દુર્ગન્ધ અને ક્ષુદ્ર પ્રકારના ઝઘડાઓ ત્યાગ તથા શાન્તીની આપણી સંસ્કૃતીનો રમુજી પુરાવો આપતાં હતાં. એક પણ ઉતારુ એકાદ સેન્ટીમીટર પણ આઘોપાછો થઈને બીજા ઉભેલાને જગ્યા આપી, ત્યાગીને ભોગવવા તૈયાર નહોતો. એથી ઉલટું, કેટલાક તો જાણીબુજીને વધુ પહોળા થઈને બેસતા હતા. હું મનોમન રાજકુમાર ભોજે મુંજને લખેલો શ્લોક સ્મરી રહ્યો :

‘આજ પર્યંત આ પૃથ્વી, મર્યા બાદ કોઈનીય સાથે પરલોકમાં આવી નથી; કીંતુ હે મુંજ, એ તારી સાથે તો અવશ્ય આવવાની જ ! (ભુલચુક માફ, કારણ કે સ્મૃતી આધારે જ આ ટાંકું છું). હુંય પહોળા થઈ બેઠેલા પેસેન્જરોને સમ્બોધીને મનોમન બોલ્યો કે ગાડીની આ પાટલી, હે પૃથુનીતંબી પ્રવાસી ભાઈ, કદાપી કોઈની સાથે ઘરે આવી નથી; પણ તે જરુર તારી સાથે તો આવશે ને આવશે જ !’

એક પણ ઉતારુ અન્યના બે ઘડી સુખને ખાતર પોતાનું સ્વલ્પતમ સુખ પણ ત્યાગવા તત્પર નહોતો. ઉભેલામાં ભલે ને પછી કોઈ બીમાર હોય, અપંગ હોય, વૃદ્ધ–

સીનીયર સીટીઝન હોય કે કેડે બાળક તેડીને માંડ માંડ સમતુલા જાળવતી ઉભેલી કોઈ દુર્બળ અબળા હોય. એથી ઉલટું, ઉભેલાની મજબુર હલચલ પ્રતી બેઠેલા પોતાનું મોં કટાણું કરતા હતા. કેટલીક બર્થ વચ્ચે ગાળાગાળી, મારામારી ને ખુનખાર જંગ પણ ખેલાઈ રહ્યો હતો. મને થયું, ડાર્વીનના 'સરવાઈવલ ઓફ ધી ફીટેસ્ટ'ના સીદ્ધાન્તનો સૌથી મજબુત પુરાવો ખરેખર ભારતીય સંસ્કૃતી જ છે. આવા વાતાવરણમાં પેલા સ્થીતપ્રજ્ઞ શીક્ષકમીત્ર વળી 'ત્યેન ત્યક્તેન ભુંજીથા'નો મન્ત્ર રટી રહ્યા હતા !

મને એક રમુજી પ્રસંગ પણ યાદ આવી ગયો : બાગમાં મળી ગયેલા એક ગાંધીવાદી આધ્યાત્મીક મીત્ર બરાબર એ જ વાત કહે કે, 'પશ્ચીમમાં બધુંય છે; પણ માનસીક શાન્તી નથી.'

પછી થોડા દીવસ બાદ પુનઃ તેઓ મળ્યા ત્યારે કહે, 'પાઠકસાહેબ, આજકાલ બાળકોને એકલાં મુકીને ઘરબહાર નીકળાય એવુંય રહ્યું નથી. તે દીવસે હું બપોરે જરા બહાર ગયેલો ત્યાં તો હીજડા ઘરમાં ઘુસી આવ્યા, નાચે, ગાય ને જોરજોરથી તાબોટા પાડે. બાળકો તો બાપડાં ભયંકર ગભરાઈ ગયાં, શું કરે ? હીજડા કહે, 'પાંચસો રુપીયા આપો તો જ ઘર બહાર નીકળીએ.'

મેં જરા રમુજમાં પેલા અધ્યાત્મવાદી સજ્જનને કહ્યું, 'હીજડાય આપણી આધ્યાત્મીક સંસ્કૃતીની જ દેન કહેવાય ને ?'

ખરે જ આપણે કાં તો ભોળી પ્રજા છીએ, કાં તો મીથ્યા શેખીખોર, બડાશમારુ ! સદીઓ પુર્વે કોઈ પ્રાચીન મહર્ષી પ્રબોધી ગયા કે 'ત્યાગીને ભોગવો.' એટલે એના પોપટીયા રટણ માત્રથી આપણે માની જ લીધું કે ત્યાગીને જ ભોગવવાનો મહાન સદ્‌ગુણ આપણા રક્તના કણકણમાં વસી ગયો છે ! તસુએ તસુ જમીન માટે કે ઘરેણાં ને ઘરવખરી ખાતર જીવલેણ જંગ ખેલતા ભાઈઓના ખટલાઓથી તો આપણી અદાલતો ફાટફાટ થાય છે. ધાર્મીક ઝઘડાઓની તો વાત જ જવા દો. ટુંકમાં, તુચ્છ સ્વાર્થવશ માણસ માણસને રહેંસે એ જ આપણા ધર્મ–સંસ્કૃતી. અને પછાત–ગરીબ દેશોમાં એવું જ હોય : દારીદ્ર્યદોષો ગુણરાશીનાશી. જાણીતા લેખક કન્વરલાલ લખે છે :

Now for all their profession to the country, the Indians are about the most materialistic and money–loving people in the world.

('Good–bye, Mr. Gandhi')

આદરણીય વીચારક એવા વીશ્વપ્રવાસી સ્વામીજીએ એક પ્રસંગ ટાંક્યો છે : સ્મરણ છે ત્યાં સુધી એ બનાવ લંડનનો છે, કોઈ પશ્ચીમી દેશનો તો છે જ :

કોઈ ચીક્કાર પીધેલો ગોરો પોતાની કાર હંકારીને જઈ રહ્યો હતો, ત્યાં તેની કાર રસ્તે પાર્ક કરેલી બીજી કાર સાથે અથડાઈ ગઈ. મધરાતનો સમય, એટલે બીજું તો શું થઈ શકે ? એથી પેલા પીધેલા ગોરાએ, કોઈ જોનાર તો હતું જ નહીં; છતાંય ટક્કરનો ભોગ બનેલી કારમાં એક ચીઠ્ઠી મુકી, માફી માગી ને પોતાનાં નામઠામ જણાવ્યાં... અલબત્ત, એય હું બરાબર જાણું છું કે પશ્ચીમમાંય પાક્કા બદમાશો અપરમ્પાર છે જ; પરન્તુ ઘણીવાર બદમાશોય ત્યાં પ્રામાણીક હોય છે. તીવ્ર વેદનાની વાત તો એ કે ભારતમાં તો આવી એક પણ વ્યક્તી નહીં જ મળે જે પીધેલી હાલતમાં તો શું, સભાન દશામાંય ટક્કર માર્યા પછી રોકાય ને પોતાના નામ–સરનામાં જણાવે. અહીં તો ટક્કર મારનારો વળી ઓર વધુ ઝડપે હંકારી જશે અને આજુબાજુવાળાય આંખ આડા કાન કરી આઘાપાછા થઈ જશે; કારણ કે ‘રખેને પોલીસનું લફરું થાય !’ ફ્રેન્ચ ક્રાંતી પુર્વે ફ્રાન્સમાં હતી, એવી પરીસ્થીતી આજે આપણે ત્યાં પ્રવર્તે છે; પણ અહીં ક્રાન્તી નહીં થાય. કારણ એ જ કે પ્રજા આધ્યાત્મીક છે. આધ્યાત્મીકતા માનવ–ખમીર હણી નાખે છે. ડીકન્સે એની જગવીખ્યાત નવલકથા ‘એ ટેઈલ ઓફ ટુ સીટીઝ’ માં એક પ્રસંગ ટાંક્યો છેઃ પેરીસના રાજમાર્ગ ઉપરથી પોતાની છ ઘોડાની બગી હંકારીને ઉમરાવશ્રી માર્ક્વીસ ઝડપભેર જઈ રહ્યા હતા. ત્યાં એની ગાડીની અડફેટે એક ગરીબ–માસુમ બાળક આવી ગયું અને મરી ગયું. એટલે ઉમરાવ–જાનનો મીજાજ ગયો, તેણે મૃત બાળકના પીતાને તતડાવ્યો કે ‘તમે તમારા છોકરાને કાબુમાં કેમ નથી રાખતા ? મારા ઘોડાઓને કેટલી ઈજા થઈ એ દેખાતું નથી ?’

અખબારમાં એક એવા સમાચાર વાંચ્યાનું યાદ છે કે ગુજરાતનો પ્રવાસ કરતા કોઈ યુરોપીય સફરીઓની કાર હેઠળ એક બાળકી કચડાઈ મરી. એટલે એ પ્રવાસીઓ જાતે જ પોલીસથાણે ખબર કરવા ગયા. મારો કહેવાનો ભાવાર્થ એ જ છે કે સમૃદ્ધી વીના માનવીય સદ્‌ગુણો કદાપી ખીલી શકતા જ નથી. ધર્મ–અધ્યાત્મના બોધથી કાંઈ ન વળે. આપણો બૃહદ સમાજ જે અનેકાનેક અમાનવીય દોષોથી ખદબદે છે એના મુળમાં આપણી ગરીબી છે (આ ઉલ્લેખ માફીયા ટોળકીઓનો નથી, સામાન્ય માણસની વાત છે).

પશ્ચીમી સંસ્કૃતી ભૌતીકવાદી ને ભોગવાદી છે. આથી ત્યાં બધુંય છે; પણ માનસીક શાન્તી નથી, જ્યારે ભારત અધ્યાત્મવાદી ત્યાગવાદી રાષ્ટ્ર છે, એટલે ભલે અહીં કશુંય નથી; કીન્તુ માનસીક શાન્તી છે, માનવતા છે, પ્રેમ છે – આવી માન્યતા એ કેવળ લોકોક્તી કે દન્તકથા માત્ર છે, જેને આપણે ધુમકેતુશાહી ભાવનાવાદ કહી શકીએઃ વાર્તાસમ્રાટ લેખક સ્વ. ધુમકેતુની વાર્તાઓના ગામડામાં કેવળ ઘીદુધની જ નહીં; માનવતાની પણ નદીઓ વહેતી ! ગ્રામજનો ભોળા, નીઃસ્વાર્થ, નીષ્કપટ, પ્રેમાળ, બંધુતાવાદી તથા ત્યાગ

ભાવનાવાળા જ હોય, જ્યારે શહેરવાસીઓ સ્વાર્થી, દુષ્ટ ઈત્યાદી આ વાર્તાકાર આલેખતા. હકીકતે આપણા ગામડાં અને શહેરોના વાસીઓની મનોદશા વચ્ચે ઝાઝો ફરક જ નથી. બલકે અનુભવી તો બરાબર જાણે છે કે ગામડામાં સંકુચીતતા, વેરઝેર, દ્વેષ–ઈર્ષ્યા, નીન્દાકુથલી, અજ્ઞાન–વહેમો, મીથ્યા અહંભાવ, ઉંચનીચના બેવકુફ ખ્યાલો, મીથ્યા માન્યતાઓ વગેરે અનેકગણા વધુ પ્રમાણમાં જોવા મળે છે. સારું જ છે કે વીનોબાપ્રેરીત ગ્રામસ્વરાજ નથી આવતું. જેને આ મત સાચો ન લાગતો હોય તે કોઈ એક ગ્રામપંચાયતની ચુંટણીની આબોહવા જઈને જોઈ આવે. થોડીઘણી જે માનવીયતા હતી તેય આ સ્વાતંત્ર્યોત્તર પંચાયતરાજે ધોઈ કાઢી (સમૃદ્ધીમાં સુખ–શાન્તી કેમ હોય ને કેવા છે એ વીશે વળી ક્યારેક).

આજે ભારતીય પ્રજા ભારે ભીંસમાં છે, ત્યારે એને પટાવીને શાન્ત રાખવા ખાતર તેના ઠાલા હાથમાં આવાં ઠાલાં સુત્રો પકડાવી દેવામાં આવે છે. પ્રજાના આવા મીથ્યા ગર્વને પોષવા પાછળનું એક પરીબળ સ્થાપીત હીતોની ભયંકર સ્વાર્થપટુ રાજરમત પણ છે. તેઓ પ્રજાની ભુખને કચરાપટ્ટીથી સંતોષે છે અને તૃપ્તીના ખોટેખોટા ઓડકાર ખવડાવ્યે રાખે છે. માર્ક્સે કહ્યું જ છે કે ધર્મ એ નશો છે. આધ્યાત્મીક તત્ત્વજ્ઞાનની અફીણી ગોળીપીવડાવીને આ બાળપ્રજાને ઉંઘાડી રાખવામાં આવે છે, જેથી તે તોફાન ન કરે અને મોટા લોકની સુખની નીંદરને ઉની આંચ ન આવે.

મીથ્યા બડાશ હાંકી આત્મ સંતોષ માનવાનું વલણ આપણને સ્વામી વીવેકાનન્દે તથા ગાંધીજીએ શીખવ્યું યા તો એને ઉશ્કેર્યું : વીવેકાનન્દે યુરોપીય પ્રજાને પડકારતાં ઘોષણા કરી કે ‘તમારા દેશમાં માણસો વસ્ત્રોથી શોભે છે, જ્યારે મારા દેશવાસીઓ ચારીત્ર્યથી શોભે છે.’ સો વર્ષ પુર્વે સ્વામીજીએ આ પ્રજામાં કયું ચારીત્ર્ય જોયું એ તો રામ જાણે ! કારણ કે ત્યારે તો કલકત્તાના મહાકાલીના મન્દીરમાં વધ્ય પશુઓના લોહીની નદીઓ વહેતી અને દરવાજા બહાર ભીખારીઓનાં ટોળેટોળા ઉભરાતાં.

એ જ રીતે ગાંધીજીએ ઘોષણા કરી કે ‘મને લેશમાત્ર શંકા નથી કે ભારતવર્ષનું નીર્માણ વીશ્વની ધાર્મીક સર્વોપરીતા માટે જ કર્યું છે, religious supremacy ! પ્રકાશ અર્થે પશ્ચીમ તરફ મીટ માંડવાની વૃત્તી ખોટી છે. પ્રકાશ હંમેશાં પુર્વમાંથી જ પશ્ચીમમાં જાય છે, ગયો છે. પુર્વ પાસે જે આ પ્રકાશ છે એ કદાપી ખુટતો નથી; કારણ કે બાળપણથી જ હું સમજ્યો છું કે આ પ્રકાશ તો આપવાથી જ વધતો રહે છે. પશ્ચીમની સંસ્કૃતી ભૌતીકવાદી છે, એમાં ધર્મ નથી તેમ નીતી પણ નથી. અંતે તો ભારતે ઉત્ક્રાંતી કરેલી સંસ્કૃતીનો જ વીશ્વવીજય થવાનો છે.’ (હીન્દસ્વરાજ) એથી ઉલટું, આજે આ દેશની હાલત કેવી છે અને કેવું સ્થાન છે ?

માટે આવી બધી વાતો કરવી એ નીરાધાર બડાશ માત્ર જ ગણાય–એમ કેવળ હું જ નથી કહેતો, કવીવર ટાગોરે પણ એની ટીકા કરી જ છે. તેઓ લખે છે, 'ગાંધીના આવાતેવા આદેશો એ કેવળ સંકુચીત ક્ષેત્રની જ નીપજ છે. તેઓ ફક્ત એટલું જ શીખવે છે કે કાંતો અને વણો ! આવો તે કાંઈ નવસર્જન માટેનો, નુતન યુગનો સંદેશો હોઈ શકે ?' જવાહરલાલે પણ ગાંધીજીના આવા ઉદ્‌ગારોની ટીકા કરી જ છે, જે અહીં પ્રારંભે ટાંકી છે.

ટૂંકમાં, આપણે અધ્યાત્મવાદી પ્રજા છીએ, એથી ભલે આપણી પાસે કશુંય નથી, કીન્તુ માનસીક શાન્તી છે, માનવતા છે. આવી આવી માન્યતાઓ કેવળ અર્થહીન અહંસંતોષ સીવાય બીજું કંઈ જ નથી. આપણે દુઃખી છીએ અને દુર્ગુણોનો ભંડાર છીએ; કારણ કે આપણે દરીદ્ર છીએ; સમૃદ્ધી વીના સુખ નહીં, અને સદ્‌ગુણોય નહીં.

## ભરતવાક્ય

A good world needs knowledge, kindness and courage; it does not need a regretful hankering after the past or fettering of the free intelligence by the words, uttered long ago by ignorant men. It needs a fearless outlook and a free intelligence. –Bertrand Russell

●

અનુક્રમણીકા

## 15

# શીક્ષીતો પણ ચમત્કાર એટલે અધ્યાત્મ એવું માને છે

Man may fail, even God may fail, but the nature will not.

'માણસ ભુલ કરે, કદાચ સ્વયં ઈશ્વર પણ ભુલ કરી બેસે, પરન્તુ પ્રકૃતી કદાપી ભુલ કરતી જ નથી' – આ વીધાન કોનું છે એ તો યાદ નથી આવતું; કીન્તુ એ સનાતન સત્ય છે. હવે પ્રસ્તુત સીદ્ધાન્તમાંથી અન્ય બે એવા જ અફર સીદ્ધાન્તો ફલીત થાય છે તે એ કે :

(1) 'કારણેન વીના કાર્યં ન ભવતી', અર્થાત્ પ્રત્યેક ઘટનાને અવશ્ય એનું કારણ હોય જ. ઈમેન્યુઅલ કાન્ટ જેવો આસ્તીક ફીલસુફ પણ કહે છે કે કાર્ય–કારણના સીદ્ધાંતનો અસ્વીકાર વર્તમાન અનુભવને આધારે કોઈ પણ રીતે થઈ શકે તેમ છે જ નહીં. આપણા સર્વ સત્યનો એ જ આધાર છે.

(2) કુદરતના કાનુન–Law of nature અફર છે, પ્રકૃતી એના નીયમોમાં રજમાત્ર પણ બાંધછોડ કરતી નથી. માટે જ કુમારીલ ભટ્ટ જેવા વેદપ્રેમી વીચારકે પણ આશરે દોઢેક હજાર વર્ષ પુર્વે કહ્યું કે ન લોકવ્યતીરીક્તં હી પ્રત્યક્ષં યોગીનામપી– લોક અર્થાત્ – ભૌતીક જગતના નીયમથી વ્યતીરીક્ત એવું કંઈ જ યોગીઓ પણ જોઈ–જાણી શકે નહીં.

પ્રકૃતીના નીયમોની અફરતા દર્શાવતા આ બધા સીદ્ધાન્તો તો એટલા માટે ટાંક્યા કે આજકાલ લોકોને ચમત્કારનું ભારે ગાંડપણ વળગ્યું છે. અભણ અને અજ્ઞાન લોકો તો દૈવી ચમત્કારમાં માને એ સમજી શકાય; પરન્તુ શીક્ષીત એવા ઉપલા–સુધરેલા વર્ગમાં પણ કંઈક એવું સમીકરણ લોકપ્રીય બનવા લાગ્યું છે કે ચમત્કાર એટલે જ અધ્યાત્મ. વીજ્ઞાનીઓ કે તબીબો જ્યારે આત્મા–પરમાત્મામાં માને ત્યારે સમજવું કે દેશનો વીનાશ નક્કી જ છે ! અરવીન્દ–માતાજીથી માંડીને છેક કેશવાનન્દ સુધીના, સ્થાન અને સમૃદ્ધીના ઉપલક્ષમાં ઉચ્ચાવચ સાધુસંતો આજે મુખ્યત્વે ચમત્કારને આધારે જ પ્રભાવ જમાવી રહ્યા છે યા ટકાવી રહ્યા છે. દા.ત., સત્ય સાંઈબાબા માયનસ ચમત્કાર બરાબર શુન્ય ! શ્રી. અરવીન્દ તો ભલે આસ્તીક અને કપોળકલ્પીત સીદ્ધાન્તના પુરસ્કર્તા; છતાં વીદ્વાન વીચારક હતા, મોટા કવી હતા, પરન્તુ સત્ય સાંઈબાબા યા કેશવાનન્દનું ચીન્તન ક્ષેત્રેય પ્રદાન શું ? ઓશો રજનીશ ચમત્કારના સમર્થક નહોતા; છતાં પ્રકાંડ વીદ્વાન હતા અને સારા ચીન્તક હતા, જેથી વીરાટ જનસમુહ–શીષ્યગણને આકર્ષી શક્યા– એ સમજી શકાય અને ક્ષમ્ય પણ ગણીએ. જો કે ઉત્તરાવસ્થામાં ઓશો પણ કેવળ એક mystic જ બની ગયા એ અફસોસ ! જે. કૃષ્ણમુર્તી પણ સરવાળે તો એવા જ 'મીસ્ટીક' સીદ્ધ થયા. જોકે કૃષ્ણમુર્તી વીશે તેઓએ પોતે યા તેમના

શીષ્યોએ જે ચમત્કારીક શક્તીના દાવા ફેલાવ્યા, એવો તુચ્છ ઉપક્રમ ઓશોવાદીઓએ ભાગ્યે જ આદર્યો. જેમ કે લાફો મારીને કાનનો દુખાવો મટાડી દેવાનો દાવો ઓશો નથી કરતા ! તેમ છતાં ધ્યાનથી માનવજાત સુધરી જશે અને નવમાનવનું પ્રાગટ્ય થશે, એવી થીયરી તથા પ્રવૃત્તી એ પણ અંતે તો mysticism જ છે.

ખેર ! આજે આપણે આવા દાખલા–ઘટનાઓ ટાંકવાને બદલે મુખ્યત્વે તાત્ત્વીક ચર્ચા કરીએ, જેનો હેતુ એ જ કે ચમત્કાર એ અધ્યાત્મ નથી, એમ સીદ્ધ કરવું, ઉપરાંત વીશ્વમાં કોઈ ચમત્કાર બનતા જ નથી, બની શકે જ નહીં, એમ પ્રતીપાદીત કરવું. એ સન્દર્ભે સર્વ પ્રથમ ચમત્કારની વ્યાખ્યા તેમ જ વીભાવના સ્પષ્ટ કરું તો કુદરતના–પ્રકૃતીના કાર્ય–કારણ ન્યાયથી પર કોઈ પણ ઘટના બનવી તે ચમત્કાર. દા.ત., માણસ પાણીમાં ડુબી જાય તે ચમત્કાર નહીં; પરન્તુ જો કોઈ મનુષ્ય પાણી પર ચાલે તો એ ચમત્કાર ગણાય, કારણ કે વધુ ઘનતાવાળો કોઈ પણ પદાર્થ ઓછી ઘનતાવાળા પ્રવાહીમાં ડુબી જ જાય એ પ્રકૃતીનો અફર નીયમ છે. આ દેશમાં આધ્યાત્મીકતાનાં જે ઘોડાપુર ઘુઘવી રહ્યાં છે એનાં કારણો પણ તપાસીએ; પરન્તુ હું જાતે એ કહેવાને બદલે અત્રે પંડીત કેદારનાથજીનું પૃથક્કરણ જ ટાંકું :

(આ દેશના પ્રજાજનો પાસે) ‘દરરોજની જરુરીયાતો પુરી કરવા માટે યોગ્ય માર્ગ ન હોવાથી, જે સમાજમાં અસંતોષ અને દીનતા ઘણા પ્રમાણમાં વધેલાં હોય છે અને જે સમાજ અનેક પ્રકારના અજ્ઞાનથી ભરેલો હોય છે તે સમાજમાં દૈવી ચમત્કારનો પ્રતાપ મોટા પ્રમાણમાં જણાઈ આવે છે. તપાસ કરતાં એ બધા ચમત્કારોમાં ભ્રમ જ હોય છે. કોઈ દેવતા અથવા સત્પુરુષ અથવા તેની સમાધી કે મુર્તીની આસપાસ ચમત્કારની સૃષ્ટી નીર્માણ થયેલી હોય છે. આ બધાંની પાછળ લોભલાલચ, પુરુષાર્થહીનતા અને અજ્ઞાન જ મુખ્ય દેખાઈ આવે છે... ચમત્કાર જ સાધુનો અને સત્પુરુષનો ખરો માપદંડ. ચમત્કારીક શક્તી જ તેનું ખરું લક્ષણ છે– એમ સમાજમાં સમજવામાં આવે છે. પરન્તુ આવા ચમત્કારનું ખરું કારણ ઈશ્વરભક્તી કે દીવ્ય સામર્થ્ય નહીં; પરન્તુ લોકોની કામના, સ્વાર્થ, અતૃપ્તી, પુરુષાર્થહીનતા, અજ્ઞાન, ભોળપણ અને ભક્તી વીશેની ખોટી કલ્પના (તો બીજી બાજુ) સાધુનો સીદ્ધ કહેવડાવવાનો દંભ, સત્યોપાસનાનો અભાવ અને ગુરુપણાને લઈને મળનારાં ઐશ્વર્ય અને પ્રતીષ્ઠાનો લાભ એ જ ચમત્કાર કરવાનું ખરું કારણ છે. આ દોષો પર જ કેટલાક સમ્પ્રદાયો નીર્માણ થાય છે અને ચાલે છે.’ –પંડીત કેદારનાથજી

આ સોનેરી અનુભવબોલ તો એકાદ દાયકા પુર્વેના છે. આજે તો પરીસ્થીતી ઓર ભયંકર વણસી છે; કારણ કે અણઘડ અને બેફામ શાસનકર્તાઓના લોકવીરોધી દુરાચરણને પરીણામે લોકોની હાડમારીઓ અનેકગણી વધી ગઈ છે. શીક્ષીતો પણ દુઃખી છે, અભાવગ્રસ્ત

તેમ જ સમસ્યાગ્રસ્ત છે, જેથી અમુકતમુક મન્દીરે કે કોઈ મઝાર–દરગાહ ઉપર ભણેલાંગણેલાં લોક લાઈન લગાવે છે ! સંખ્યાબંધ નવા નવા પંથો ને સંપ્રદાયો ફાટી નીકળ્યા છે. જ્યાં દુઃખો હોય, વેદનાઓ–યાતનાઓ હોય, ત્યાં ભગવાનનું અને ભગવાનના એજન્ટ જેવા સાધુસંતોનું મહત્ત્વ, તેઓનો ધંધો એકદમ વધી જાય છે અને એથી જ ખુદ ઈશ્વર તથા સાધુબાવાઓ સદાય ઈચ્છે છે અને એવી જ માન્યતાઓ ફેલાવે છે કે જેથી લોક દુઃખી થાય અને દુઃખી રહે. સાધુબાવાઓ ઈશ્વરકૃપા, પ્રારબ્ધવાદ અને કર્મનો સીદ્ધાન્ત પ્રચારી, પ્રજાને ભ્રમમાં નાખી, પુરુષાર્થહીનતા પ્રેરી, દુઃખમાં જ સબડતી રાખવાની તરકીબો સફળતાપુર્વક અજમાવે છે. આવી બહુવીધ તરકીબોમાંની એક તે ચમત્કાર. પ્રામાણીક શ્રમથી પણ જ્યાં રોટલો દુર્લભ હોય, ત્યાં 'ક્યાંય કશુંક મળી પણ જાય !' એવી આશામાં ને આશામાં મજબુર માણસો ચમત્કારી ઉર્ફે ફરેબી ગુરુઓ પાછળ દોટ્યો કાઢે છે– આવી છલનામયી તથા શોષણખોર લીલાને ધ્યાનમાં લઈ સરકારે તમામ પ્રકારની સાધુગીરી ઉપર પ્રતીબન્ધ ફરમાવી દેવો જોઈએ. કારણ કે એક પણ ગુરુની પ્રવૃત્તી લેશમાત્ર લોકહીતની નથી, સર્વત્ર શોષણના ખેલ છે.

આજકાલ, ગુરુઘેલા શીક્ષીતોમાં વળી એક ફેશન ચાલી છે કે ચમત્કારના બચાવમાં તેઓ દલીલ કરે છે કે 'વીજ્ઞાન જેનો પાર અદ્યાપી નથી પામી શક્યું એવાં તો કંઈક રહસ્યો આ વીશ્વમાં છે. માનવબુદ્ધીથી કાંઈ બધું જ સત્ય પામી શકાય નહીં. – આવી દલીલ આમ તો સાવ જ સાચી અને સર્વપ્રથમ તો ખુદ વીજ્ઞાન જ પોતાની આ મર્યાદા સ્વીકારે જ છે. પરન્તુ ઉપર્યુક્ત વીધાનનો જે લક્ષ્યાર્થ છે એ વીજ્ઞાનને યા વીવેકબુદ્ધીવાદીને માન્ય નથી. મતલબ કે વીજ્ઞાન જે રહસ્યો અદ્યાપી નથી પામી શક્યું, એ રહસ્યો આધ્યાત્મીક છે અને તે અમારા ગુરુજી, સાધુસન્તો તેમ જ અમારા પુર્વજ ઋષીમુનીઓ પામી ગયા છે, એ રહસ્યો અતીન્દ્રીય છે, વગેરે વગેરે. આવો દાવો સાવ જ ખોટો. જે રહસ્ય વીજ્ઞાન અદ્યાપી નથી પામી શક્યું એ અન્ય કોઈ જ પામી શક્યું નથી. અને આ પાંચ ઈન્દ્રીયોથી પર એવી બધી અનુભુતીઓ એ કેવળ ભ્રમણાઓ અથવા તો ગપ્પાંબાજી ! પછી એ ટેલીપથી હોય કે સાક્ષાત્કાર, શક્તીપાત હોય યા શુન્યમાંથી સર્જન, શ્રદ્ધા હોય કે આત્માનો અવાજ વગેરે વગેરે. આવી કોઈ અકળ ઘટના ધારો કે ક્યાંક બની તો એને દીવ્ય, અલૌકીક, બુદ્ધીથી પર એવી ઈશ્વરીય લીલા આદી ભ્રામક માન્યતાઓને આધારે સ્વીકારી લઈ, ત્યાં જ અટકી જવું એ બુદ્ધીનું કે વીવેકબુદ્ધીનું લક્ષણ નથી; બલકે અન્ધશ્રદ્ધા છે. દા.ત., ગણપતીની જડ મુર્તી દુધ પી જાય, તો એને દૈવી ચમત્કાર માનીને જ કેમ સ્વીકારી લેવાય ? ઉક્ત હાસ્યાસ્પદ ઘટનાનું કારણ તો વીજ્ઞાને તત્કાળ આપ્યું જ; પરન્તુ એવું કારણ ધારો કે તત્કાળ પ્રાપ્ય ન હોય તો

પણ એથી એવી તેવી કોઈ પણ ઘટના ‘ચમત્કાર’ સીદ્ધ થઈ જતી નથી. એને બદલે ફક્ત એટલું જ કહી શકાય કે ‘સમ્બન્ધીત ઘટનાનો કાર્ય–કારણ ન્યાય હજી વીજ્ઞાને શોધ્યો નથી’. એટલે પ્રત્યેક વીવેકસંપન્ન વ્યક્તીનો પુરુષાર્થ ન સમજાય એવી ઘટનાનું રહસ્ય, અર્થાત્ વૈજ્ઞાનીક કારણ શોધવાનો જ હોવો ઘટે.

## ભરતવાક્ય

Miracles happen to those, who believe in them. Otherwise why does not the Virgin Mary appear to Lamaists, Mohamedans or Hindus, who have never heard of her ? –Bernard Berenson

રામકૃષ્ણ પરમહંસને મા કાલી દેખાય અને ઈવેતા ગોમ્સને મા મેરી એવું કેમ ? ફક્ત ભ્રમણા ! **–પ્રા.રમણ પાઠક (વાચસ્પતી)**

●

અનુક્રમણીકા

## 16

## ભયમાંથી ઉદ્‌ભવેલ ધર્મ આજે સ્વયમ્ ભયજનક

હું માનું છું કે, ધર્મ મુખ્યત્વે તેમ જ મુળભુત રીતે ભયમાંથી ઉદ્‌ભવેલ વીભાવના છે, અમુક કર્મકાંડ છે. પ્રસ્તુત ભય અજાણ્યા (અજ્ઞાત) પ્રદેશ, ઘટનાઓ તથા ભાવીની કલ્પનામાંથી જન્મેલો હોય છે. અને ધર્મના અમુક વીધીવીધાનો તથા ઈશ્વરમાં માન્યતા સેવવાથી, તમારા જીવનની આપત્તીઓ તેમ જ મુશ્કેલીઓમાં વડીલ જેવો, જો કે અદશ્ય છતાં એવો કોઈ સહારો છે એવું આશ્વાસન મળી શકે છે. આના મુળમાં પણ ભય જ રહેલો છે, જેના મુળમાંથી વળી આ બ્રહ્માંડની રહસ્યમયતા અને એથીય વધુ ભયાવહ એવા રહસ્યમય મૃત્યુનો ભય રહેલો હોય છે... યુગોથી માનવજાત આવા નીરાધાર ભયથી પીડીત રહી છે. આજે વીજ્ઞાન માણસના આવા અનેક મીથ્યા ભયોનું નીરસન કરી શકે છે. વીજ્ઞાન આપણને શીખવી શકે, અથવા તો સત્યના વૈજ્ઞાનીક જ્ઞાનને કારણે આપણે સ્વયમ્ પણ સમજી શકીએ કે પેલા કાલ્પનીક મદદગારો પ્રતી નજર માંડવી અને આકાશમાં આપણો કોઈ તારણહાર બેઠો છે, એવું આશ્વાસન લઈ ચાલવું– એનો કશો જ અર્થ નથી. એને બદલે માણસ પોતે જ પોતાના પુરુષાર્થથી આ ધરતીને જીવવા સમું સુન્દર ‘સ્વર્ગ’ બનાવી શકે તેમ છે; પરન્તુ વાસ્તવમાં સદીઓથી મુખ્યત્વે ધર્મે જ આ પાર્થીવ જગતને જીવવા માટે દુષ્કર એવું વસમું તથા આપત્તીઓથી ભરપુર સ્થાન બનાવી મુક્યું છે. –બર્ટાન્ડ રસેલ

(‘વ્હાય આઈ એમ નોટ એ ક્રીશ્ચીયન’માંથી)

મેં જોયું કે, મુમ્બઈવાસી એવા મારા રૅશનાલીસ્ટ મીત્રો એટલા સંચીત છે, અને ઉત્સુક પણ છે કે ધર્મ અને ઈશ્વર રુપી માણસજાતને અસહ્ય પીડતી જડ નીર્મુળ કરવા માટે શક્તી તથા સજ્જતા કેળવવી એને માટે જ્ઞાનશીબીર (સજ્જતા–શીબીર) યોજવા સુધીની તૈયારી ચાલે છે. એ રૅશનાલીઝમનાં સશક્તીકરણનો, વ્યાપનો, પ્રભાવનો તથા પ્રસારનો એક આશાસ્પદ પુરાવો જ છે. ધર્મના મુળીયાં ઉંડે જમીનમાં હોય યા ઉપર આકાશમાં ઉર્ધ્વમુલ હોય, એને કાપી નાખ્યા વીના માણસ સુખી થઈ શકે એમ છે જ નહીં. એનો ભીષણ અનુભવ હમણાં જ (2002) ગુજરાતે તો જાતે પાકો કર્યો, એક ઘોર અને હતાશાપ્રેરક દુઃસ્વપ્ન સમો. અને રૅશનાલીઝમ જ એ મુળીયાંને કાપી શકવા સમર્થ છે. વીરોધી મીત્રો પણ એ સ્વસ્થ ચીત્તે નોંધી લે કે, અહીં પ્રયોજાયેલો શબ્દ કેવળ ‘ધર્મ’ છે, અને રસેલને મન પણ મુખ્યત્વે સમગ્ર માનવજાત જ કેન્દ્રમાં છે; કારણ કે ‘હું શા માટે ખ્રીસ્તી નથી’ એવા પ્રશ્નનો અને તદવીષયક પુસ્તકનો એવો મર્યાદીત અર્થ નથી જ કે રસેલને ખ્રીસ્તી ધર્મ અનુકુળ તથા ઉચીત નથી લાગ્યો, એથી તે કોઈ અન્ય ધર્મ સ્વીકારવા તત્પર બન્યો છે. આટલું યથાર્થ સમજી શકાય તો

કેટલાક આસ્તીક–ધાર્મીક મીત્રોની અકળામણ યા તેઓનો ઉશ્કેરાટ મટે. 'હું શા માટે ખ્રીસ્તી નથી ?' એવી પુસ્તીકા લખવાનો સાચો મર્મ તો એ જ છે કે 'હું શા માટે ધાર્મીક નથી?' એ પ્રશ્નની ચર્ચા અલબત્ત, લેખક પોતે ખ્રીસ્તી છે, એટલે તેને મોટા ભાગના દાખલા સ્વાભાવીક જ પ્રસ્તુત ધર્મમાંથી જ જડવાના. બાકી તેની નેમ કોઈ એક ધર્મની ટીકા–નીન્દા કરવાની છે જ નહીં, એની સમગ્ર ફરીયાદ તો માનવજાતને સદીઓથી ઘોર યાતના આપતી ધર્મ નામક સ્વીકૃત તથા સાક્ષાત વીભાવના સામે જ છે.

હા, તો મુળ મુદ્દા પર આવું તો રેશનાલીસ્ટ આલમના મીત્રોની, આસ્તીક જુથની અતાર્કીક અને રુઢીજડ દલીલોનો મજબુત, સચોટ તથા તર્કબદ્ધ સામનો કરવા માટેની શક્તી તથા સજ્જતા કેળવવાની મહેચ્છા તથા પ્રવૃત્તીમાં હું મારો યત્કીંચીત ફાળો આપી શકું, એ હેતુસર મેં એવું વીચાર્યું છે કે, ઈશ્વર તથા ધર્મની જોખમી કપોળકલ્પના વીરુદ્ધનું એકાદ માન્ય– સંમાન્ય એવા રેશનાલીસ્ટ વીચારકનું વીધાન લઈ, એનો વીચારવીસ્તાર કરવો, જેથી વાચક મીત્રોને વધુ વીચારવાનું ભાથું મળી શકે. આજે ધર્મના ઉદ્ભવ વીશેનું રસેલનું એક એવું વીધાન પસન્દ કર્યું છે, જેની ચર્ચા કરીએ : પ્રથમ નોંધપાત્ર હકીકત તો એ કે ધર્મ વધુમાં વધુ પાંચ કે સાત જ હજાર વર્ષ પુરાણો છે. મતલબ કે જો માનવજાતનું અદ્યાપી અસ્તીત્વ એક લાખ વર્ષ કલ્પી લઈએ તો પુરાં પંચાણું હજાર વર્ષ તો તેણે ધર્મરહીત અવસ્થામાં જ ગુજાર્યાં એ સમગ્ર પ્રલમ્બ સમયગાળા દરમીયાન જો ઈશ્વર જેવું કોઈ સર્જક, પાલક તથા સંરક્ષક તત્ત્વ હોય, તો તેણે તો વગર પુજાભક્તીએ, ધર્મસ્થાનો કે મુર્તીઓ વીના જ, આરતી અને ઢોલત્રાંસા વગર જ, કર્મકાંડ યા વીધીનીષેધો વીના જ માણસનું પાલનપોષણ કર્યું જ, વરસાદ વરસાવ્યો, અનાજ–ફળફળાદી ઉગાડ્યાં ! ટુંકમાં, આજની જેમ જ માનવપ્રાણીની તેણે નીરપેક્ષ ભાવે યા તો નીજી ફરજ સમજીને, પાકી સરભરા તથા ખાતરબરદાસ્ત કરી જ. તો પછી છેલ્લાં પાંચ સાત હજાર વર્ષમાં એવી તે કઈ જોખમી અનીવાર્યતા ઉદ્ભવી કે માણસ એકાએક ભગવાનને ભજવા લાગી ગયો અને ધર્મની સ્થાપના કરીને ઈશ્વરને ખુશ કરવાની તેમ જ ખુશ રાખવાની વીશાળ તથા અટપટી યોજના કે જટાજાળ બનાવી બેઠો ? સ્પષ્ટ જ છે કે માણસ ધર્મ ન યોજે, ના પાળે, ઈશ્વરને ખુશ રાખવાનાં વીધીવીધાનો ના આચરે, તો પણ તેનો પેલો કહેવાતો સર્જનહાર તેમ જ પાલનહાર પીતા તો પુર્વવત જ નીજી ફરજભાવે માણસને તેના અસ્તીત્વ માટે જરુરી સહાય આપતો જ રહેવાનો. મનુષ્યેતર પ્રાણીઓનું સર્જન, પાલન, પોષણ તે તેના નીયમોનુસાર કરે જ છે ને ? જંગલનાં વાઘસીંહ યા મૃગલાંસસલાં ક્યાં ભગવાનની ભક્તી કરે છે ?

ત્યારે પ્રશ્ન એ ઉદ્ભવે કે, તો પછી માણસને ધર્મની સ્થાપના કરવાની આવશ્યકતા કેમ વરતાઈ ? આ પ્રશ્નનો એક જ જવાબ જે રસેલે આપ્યો છે તે એ છે કે ભયને કારણે. ઘડીભર વીચાર કરો તો સમજાશે કે સંસ્કૃત પુર્વેનો આદીમ માનવ સતત કેટલો બધો ભયભીત હશે ! કારણ કે આ પાર્થીવ (પૃથ્વી પરની) એવી જડચેતન સૃષ્ટી અત્યન્ત ભયાવહ છે. આજે સુધરેલો માણસ પણ અપરમ્પાર એવા ગમ્ભીર ભયો વચ્ચે જીવે છે. તો જ્યારે અન્ધકારમય ગુફામાં કે ઝાડની એકાદ ડાળી પર પેલો અસંસ્કૃત માણસ આશરો શોધતો હશે, ત્યારે એ કેટલો રોમરોમ ભયભીત હશે ! એક તો હીંસક પ્રાણીઓનો ભય અને બીજો તે પ્રકૃતીનાં પરીબળોનો ભય. માણસ તરીકે આપણે, પ્રાણીસૃષ્ટીના સન્દર્ભે આપણી જાતને ભલે ગમે તેટલી ઉંચી અને મહાન ગણાવીએ, ગ્લોરીફાય કરીએ, તો પણ માંસાહારી હીંસક પ્રાણીઓની નજરે તો આપણે તેનો ફક્ત એક ટંકનો ખોરાક જ ! ગમે તેવી મહાત્મા વ્યક્તીને, દીવ્ય અવતારી પુરુષને પણ જો વાઘસીંહના પાંજરામાં મોકલી દઈએ તો એ પ્રાણી માટે તો તે એક ઉત્તમ આહાર જ !

એ જ રીતે પ્રકૃતીના ભયાવહ, ઈજાકારક તત્ત્વોને મન પણ જડચેતનનો કોઈ જ ભેદ નથી; કારણ કે પ્રકૃતીના નીયમો અન્ધ છે, જે પોતાના અફર નીયમ મુજબ તમામેતમામ પદાર્થોને એક જ લાકડીએ હાંકે છે. એવાં કેટલાંક પ્રાકૃતીક પરીબળો છે : વાવાઝોડાં, અતીવૃષ્ટી, વીજળી તથા વાદળોની ગર્જના, હીમવર્ષા, અસહ્ય ગરમી, ઉપરાન્ત રાત્રીનો રોજીન્દો અન્ધકાર. આવી ભયાવહ ઘટનાઓનું કોઈ પણ યા કોઈ જ કારણ આદીમ માનવ સમજી શકતો નહીં. એના અલ્પવીકસીત મગજ મુજબની સ્વલ્પ બુદ્ધી વડે, તે કંઈક એવું જ વીચારતો હશે કે જેમ તેના પર હીંસક પ્રાણીઓ ગમે ત્યારે ત્રાટકે, તેમ આવી અજ્ઞાત (અકળ અને અજાણી) ઘટનાઓ પણ ત્રાટકે. કાળક્રમે આ બે ભયજનક પદાર્થો વચ્ચેનો ભેદ પણ તે તારવી શક્યો હશે. મતલબ કે, હીંસક પ્રાણી સીધું જ તેને ખાઈ જવા આવે અને ખાઈ જ જાય, જ્યારે પ્રકૃતીનાં તોફાની પરીબળોનો હુમલો સીધો તેના પર જ હોય એવું નથી લાગતું, તે રક્ષણ મેળવી શકે અને ત્યારે પ્રકૃતી સભાનપણે તેનો પીછો નથી કરતી એવું પણ તેને સમજાય. આવા તેવા 'મનોમંથન' ને અન્તે તે સમજી શક્યો કે પ્રકૃતીના તત્ત્વો વીરાટ છે; જે બહુધા ઉપરથી કે દુરસુદુરથી આવે છે અને તેને પોતાને યા કોઈનેય સીધું નીશાન બનાવ્યા વીના જ, ત્રાટકે છે અને પછી એની મેળે જ વળી ચાલીય જાય છે યા શાંત થઈ જાય છે.

આ થયો માણસનો જ્ઞાતનો, એટલે કે અકળ તત્ત્વનો ભય, જેનો કોઈ ઈલાજ વળી તેની પાસે નહીં. વાઘસીંહને તો તે પથ્થર યા લાઠી વડે કે પછી આગ ચેતાવીને ભગાડી શકે. પરન્તુ પ્રકૃતીનાં પેલાં તોતીંગ તત્ત્વો સમક્ષ તો પોતે લાચાર, લાઈલાજ, નીરાધાર !

પરીણામે, મનોમન તે એવી તીવ્ર ઝંખના સેવતો રહે કે આ તોફાન ક્યારે શમે ? કેમ શમે ? અને શમી જાય તો સારું. બસ, આ ઈચ્છા ઝંખના કે વીચાર એ જ પ્રાર્થનાનું મુળ. એ જ પ્રમાણે વૃક્ષ તેને રક્ષણ આપે, આહાર આપે, તો ક્યારેક વાવંટોળથી ઝોલે ચઢી ને ઉખડી પડી તેને ઈજાય પહોંચાડે. નદી–જળાશયનું પણ એવું જ. પીવાનું પાણી જરુર આપે, પણ પુર ચઢે ત્યારે તાણીય જાય. વરસાદનો પણ એ જ સારો–નરસો અંજામ... આવાં કાબુ બહારનાં તત્ત્વો સમક્ષ લાચાર એવો માનવી પછી તેની દયા જ યાચે. વળી તે વીચારે કે ઉપર આકાશમાંથી કોઈ મહાશક્તીશાળી તત્ત્વ જ આવાં આફત કે સુખદતા મોકલી રહ્યું હોય એમ લાગે છે. તો એનીય કૃપા માગો ! બસ આ રીતે જ, ઈશ્વરની કલ્પના તથા તેની પુજાભક્તી શરુ થઈ. અને આ માન્યતાનો વળી સચોટ પુરાવો એ જ કે હજી આજેય સામાન્ય બહુમતી માનવીની સમજ કે વીચારસરણીમાં ઝાઝો વીકાસ કે ફરક નથી દેખાતો.

## ભરતવાક્ય

Science can purify religion from error and superstition; religion can purify science from idolatry and false absolutes. Each can draw the other into a wider world, a world in which both can flourish... Such bridging ministries must be nurtured and encouraged. –POPE JOHN PAUL – II

•

અનુક્રમણીકા

## 17

## આપણે એક ભયાવહ વીવેકભ્રષ્ટ પ્રજા છીએ

જે પુરુષો વીવેકબુદ્ધીને અનુસરે છે એ લોકો કેવળ પોતાનું જ નહીં, બાકીની સમગ્ર માનવજાતનું પણ હીત સાધે છે. –સ્પીનોઝા

આજકાલ ગામેગામ, મહોલ્લેમહોલ્લે અને શેરીએ–પાદરે બસ લગ્નના ધુમધડાકા, ઢોલનગારાં અને ગાણાંફટાણાં સાંભળું છું, ઘેલી નાચકુદ અને ચમકદાર સાજસણગાર જોઉં છું ત્યારે મને એક સંસ્કૃત સુભાષીત યાદ આવી જાય છેઃ

વીવેકભ્રષ્ટાનામ્

ભવતી વીનીપાતઃ શતમુખઃ ।

આપણે એક ભયાવહ વીવેકભ્રષ્ટ પ્રજા છીએ અને આપણો વીનીપાત તથા પુર્ણ વીનાશ હવે હાથવેંતમાં જ છે. લાલુપ્રસાદની સુપુત્રી 'મીસા'નાં કમકમાં યા ઘૃણા પ્રેરે એવાં દરબારી ઠાઠમાઠવાળાં, કરોડોના બગાડયુક્ત લગ્ન વીશે હકીકતો વાંચ્યા પછી, કયા સમજદારના હૈયે હજી આશા રહે કે આ દેશનું ભાવી ઉજળું છે ? પરન્તુ સામાન્ય જનોય લાલુછાપ હરીફાઈમાં ઝાઝા પાછળ નથી એ વળી ભયાનકતર ઘટના છે. જે કાર્ય (લગ્ન) માંડ સો રુપીયામાં પુર્ણ થાય તેની પાછળ કરોડો રુપીયા બેફામ વેડફવા એ પાગલપણ નીશ્ચીત આ પ્રજાનો નાશ કરવાનું ! (અત્રે પરોપદેશે આ પાંડીત્ય નથી એટલે સ્પષ્ટતા કરું કે મેં પોતે ફક્ત બે રુપીયામાં દીલ્હીની અદાલતમાં લગ્ન કરેલાં અને મારી એકમાત્ર પુત્રીના લગ્નપ્રસંગે માંડ બસો ખર્ચેલા. આટલી 'મોટી' રકમનો ખર્ચ તો એટલા માટે કે બધાએ ભેગા મળી આઈસ્ક્રીમ ખાધો.)

ગામેગામ લગ્નમંડપોથી ઝળાંહળાં રોશની જોઉં છું અને એ સાથે જ રેલવે સ્ટેશનોએ તથા જાહેરમાં સરકારી અનુરોધ વાંચું છું કે 'વીજળી બચાવો, પાણી બચાવો.' ત્યારે લાજવાબ પ્રશ્ન ઉઠે છે કે આવી ઝાકઝમાળ રોશનીની વીજળી વળી ક્યાંથી આવતી હશે ? ફલ્લા ગામમાં પીવાના પાણીની તંગીય હમણાં એવી તીવ્ર ઉભી થઈ કે લોકોએ પાણી માગ્યું તો આપણી પાણીદાર સરકારે ગોળીઓ છોડી. બેચાર માણસોને પ્યાસમાંથી સદાના મુક્ત કરી દીધા. ચાલો, એટલું પાણી તો બચ્યું. હવે ગામેગામ જલીયાંવાલા !

અચ્છા તો એક મજાનો પ્રસંગ વર્ણવું : કદાચ કોઈની અક્કલ ખુલે. જો કે આ દેશમાં સૌથી મોટી તંગી તો અક્કલની જ છે ને ? બુદ્ધીનાશાત્ પ્રણશ્યતી–એ હવે હાથવેંતમાં જ સમજવું.

આઝાદી પુર્વેની આ ઘટના છેઃ ત્યારની ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં એક ઘણા માનવતાવાદી અને પ્રગતીશીલ વીચારના સભ્ય હતાઃ નામ ફેનર બ્રોકવે. તેઓ ઘણા ઉદારમતવાદી, ઉમદા, સત્યનીષ્ઠ ને સજાગ એવા, ગરીબ દેશો અને પ્રજાઓ પ્રતી પુરી હમદર્દી સેવનારા એમ.પી. હતા. અલબત્ત, રૅશનાલીસ્ટ (વીવેકબુદ્ધીવાદી) પણ હતા.

એક વાર લંડનમાં વીશ્વ રૅશનાલીસ્ટ પરીષદ મળેલી, જેના અતીથીવીશેષ હતા મી. બ્રોકવે. તેઓએ પોતાના પ્રવચનમાં આક્રોશપુર્વક જાહેર કર્યું કે, 'એશીયાના પછાત, બેહાલ દેશોને અમારે યુરોપવાસીઓએ મદદ કરવી જોઈએ નહીં. અત્યારે એ પ્રજાઓને જે મોટી સહાય અપાય છે તે બન્ધ કરી દેવી જોઈએ. ભલે એ લોકો ભુખે મરી જતા.'

એ સાંભળતા ડૉ. કોવુર તો સ્તબ્ધ જ થઈ ગયા કે આ હું શું સાંભળું છું ? હા, ભારતના જગવીખ્યાત રૅશનાલીસ્ટ ડૉ. અબ્રાહમ કોવુર સ્વાભાવીક જ પ્રસ્તુત પરીષદમાં હાજર હતા અને તેઓ પણ એવા જ ગરીબપરવર, માનવતાવાદી, એટલે ફેનર બ્રોકવેની લાગણીહીન ઘોષણા સાંભળીને તેમને તો તીવ્ર આઘાત લાગ્યો. એટલે પરીષદ પુર્ણ થતાં જ તેઓએ જઈને બ્રોકવેને પુછ્યું કે, 'મી. બ્રોકવે, આપ તો એશીયાના ગરીબ ને ગુલામ દેશો પ્રત્યેની સદૈવ સહાનુભુતી માટે જાણીતા તથા આદરણીય છો. અમારા દરીદ્ર દેશોને મળતી મદદની આપે હંમેશાં તરફેણ કરી છે અને છતાં આજે આપ કેમ આવું વીપરીત, કઠોર અને વીચીત્ર બોલ્યા ?'

મંદ મંદ હસતા એ ઉદાર મનના અંગ્રેજ મી. બ્રોકવેએ જવાબ આપ્યો, 'મીત્ર, હજી આજેય મારો વીચાર તથા અભીગમ તો એ જ છે અને હું મક્કમ છું; પરન્તુ આ પરીષદ તો રૅશનાલીસ્ટોની હતી, એટલે મારે આમ બોલવું પડ્યું.'

'એટલે ? હું સમજ્યો નહીં.' ડૉ. કોવુરે વળી પુછ્યું.

ત્યારે મી. ફેનર બ્રોકવેએ સ્પષ્ટતા કરી કે, 'જુઓ મીત્ર, અમે અંગ્રજો અને તમામ ગોરી પ્રજાઓ દીનભર વર્ષભર નીયમીત, તનતોડ શ્રમ કરીએ છીએ. રોજીન્દા કામના આઠ કલાકમાંથી આઠ મીનીટ પણ અમે બીનજરુરી વેડફતા નથી. વર્ષભરમાં અમે અમારા દેશોમાં માંડ છ–સાત જાહેર રજાઓ પાળીએ છીએ અને એમ અમારા પ્રામાણીક લોહીપસીના દ્વારા જ અમે આટલી મોટી સમૃદ્ધી પ્રાપ્ત કરી છે. જ્યારે તમે લોકો પાકા પ્રમાદી છો. એવા તમારા જેવા આળસુ ને અવીચારી, અયોગ્ય જનોને જીવાડવા માટે શા સારુ અમારે અમારા લોહીનું પાણી કરવાનું ? અને એમ અમારી મહેનતની કમાણી તમને બેઠાખાઉને ખવડાવવા માટે વેડફી નાખવાની ? આ તો અમારી જ બેવકુફી ગણાય...'

અને આગળ બોલતાં એ માનવ કરુણાવાદી અંગ્રેજ રાજપુરુષે ઉમેર્યું કે, ‘તમારા લોકોના ધાર્મીક ઉત્સવોય અપરમ્પાર. એટલે દર વર્ષે તમે વીસપચીસ તો રજાઓ પાળો અને દરેક ઉત્સવે કામ બંધ ! રજા ન હોય તો રજા લઈને પણ તમારે એવી મુર્ખતા ઉજવવાની. અરે, ચાલુ કામેય, ચારપાંચ વાર તમે ધાર્મીક કર્મકાંડ નીમીત્તે કામ છોડીને, ધર્મસ્થાનોમાં જઈ બંદગી કરો ! તો પછી હું એમ પુછું છું કે તમારો એ માનીતો ભગવાન તમને લોકોને પેટ ભરીને ખવડાવતોય કેમ નથી ? એ તો અમારે ખવડાવવું પડે છે ! માટે તમે જાણો ને તમારો ભગવાન જાણે ! અમે નાહક તમારા જેવા લોક ખાતર અમારો પસીનો શીદને વેડફીએ ?’

આ તો આઝાદી પુર્વેની ઘટના છે અને ત્યારે તો આજના જેવા ભવ્યાતીભવ્ય વરઘોડા નહોતા જ નીકળતા. લગ્નપ્રસંગોય મોટા ભાગના પ્રમાણમાં સામાન્ય અને તહેવારોની ઝાકઝમાળ પણ એકદમ મર્યાદીત. આજે તો સાધુના વરઘોડામાં સોનાચાંદી ઉછળે ને વૈરાગી મુનીજી હાથી પર સવાર હોય એ કેવું ? લગ્નોમાં હવે તો હાથી – ઘોડા – પાલખી આવે અને ધાર્મીક તહેવારોની ધમાલ, શોભા, દમામ, ઠાઠમાઠ ને વેડફાટ, અઢળક બીનઉત્પાદક પ્રવૃત્તીઓ, અવાજ, ભીડ, ગંદકી, જીવલેણ પ્રદુષણ... ક્યારેય કોઈ શાણી ને સમજદાર પ્રજા આવું પાગલ વર્તન કરે ખરી ? દોસ્તો, એક જ ક્ષણ થોભીને, જરા વીચાર તો કરો કે આવી કમઅક્કલ પ્રવૃત્તીઓ કરવાથી આખરે લાભ શો ? શા માટે આપણે આવો આત્મઘાતી ઉપાડો લઈ બેઠા છીએ ? અને બીજી બાજુ અર્ધા ઉપરાંતની પ્રજા લોહી લુહાણ છે. ચાલીસ ટકા માટે તો પુરતું અન્ન નથી, વસ્ત્ર નથી. એમણે દુધ–ઘી જોયાં જ નથી. દીનભર દમતોડ શ્રમ અને ટાઢ – તાપ – વરસાદ સહેતાં ગમે ત્યાં શ્વસવું એ જ એમને મન જીવન, વીસ કરોડ બેકારો અને છ કરોડ બાળમજુરો, ભીખારીઓનાં ટોળાં... હવે આ ‘મેરા ભારત મહાન’નું મનભર બયાન ક્રાંતીકારી કવીયીત્રી સરુપ ધ્રુવના શબ્દોમાંય થોડું પેશ કરું (સાભાર):

‘વકરેલો મુડીવાદ અને વધતી જતી બેકારી – ગરીબી, સડેલાં સામંતી મુલ્યોની માથું ફાડી નાખતી બદબુ, ધર્મ અને રાજકારણની સાંઠગાંઠ, તાનાશાહી, ભ્રષ્ટ સત્તાખોરી, પોલીસદમન, પોકળ તંત્રો અને વર્ણભેદનો વીકૃત રોગચાળો, સ્ત્રી–પુરુષ અસમાનતા, અસમતોલ ને અન્યાયી વીકાસ, તુટતાં અને તુટેલાંફુટેલાં ગામડાં, હાંફતા–હચમચતાં નગરો, બેહાલ, નીરક્ષર અન્ધશ્રદ્ધાળુ માનવજમાત...’ એમાં ઉમેરીએ અસહ્ય ભીડ, કાનફાડ ઘોંઘાટ, ઘાંઘાં–ભુરાંટાં ટોળાં, ગીચ ને ગંદી ઝુંપડપટ્ટીઓ, ગુનાખોરી, બેઈમાની, ભેળસેળ, ઉઘાડેછોગ લુંટ ! ટુંકમાં, આ દેશમાં માનવતા જીવતી નથી, કણસી રહી છે. કદાચ એ આખરી શ્વાસનાં એંધાણ છે.

ખેર, દેશની સર્વદેશીય દુર્ગતીના વર્ણનની જરુર જ ક્યાં છે ? જેને જોવું–જાણવું છે એને માટે તો બધું ખુલ્લુંફટાક છે. સવાલોનોય સવાલ તો એ છે કે આવી બીસ્માર બેહાલી વચ્ચે મુઠ્ઠીભર માણસો આવા નીર્લજ્જ જલસા યોજી જ કેવી રીતે શકે ? એમને શરમ નહીં આવતી હોય ? હજાર–હજારની એક એવી લાખ–બે લાખ રુપીયાની તો કંકોતરીઓ, લાખોનો મંડપ ને કરોડોનો જમણવાર, ભેટસોગાદો, વસ્ત્રાભુષણ, વટવહેવાર, દાપાં ને દક્ષીણા પાછળ વળી બીજા લાખ્ખો–કરોડો...! એવું જ ધાર્મીક તહેવારો અને ઉત્સવો, શોભાયાત્રાઓ, યજ્ઞો અને દીક્ષા–પધરામણીઓ નીમીત્તેય જામે. કોઈ પુછનાર નહીં, કોઈ રોકણહાર નહીં, એય કેવું ?

અને સરવાળે પ્રાપ્તી શું ? અઢળક ધન, અપાર સાધનસમ્પત્તી, અસંખ્ય કામના કલાકો આમ વેડફીને આપણે આખરે મેળવીએ છીએ શું ? હવાનું પ્રદુષણ, અવાજનું પ્રદુષણ, પાણીનું પ્રદુષણ, ટ્રાફીકના અંતરાયો ને ખોરવાટ, ચીજવસ્તુઓની તંગી, ખેંચમતાણ ને મારામારી, રમખાણોય જામી જાય. પુસ્તકીયા કે વેદીયા લોકો દાવો કરે છે કે વીજ્ઞાન–ટૅકનોલૉજીમાં આગળ વધેલા દેશો ખતરનાક ભીષણ પ્રદુષણ ફેલાવે છે; પણ એ વાત તો અર્ધસત્ય જ. ખરું વીનાશક, સત્યનાશી ને સર્વનાશી પ્રદુષણ તો આપણે પછાત પ્રજાઓ જ ફેલાવીએ છીએ. સુધરેલા દેશો તો સભાન છે, સજાગ છે અને સાવચેતી, સલામતીનાં તમામ જરુરી કડક પગલાંય એ લોકો અમલમાં મુકે છે. જ્યારે આપણે ત્યાં તો કોઈ પુછનાર જ નથી, ત્યાં માપનાર વળી ક્યાંથી ? સર્વેક્ષણ કેવું ને સાવચેતીય શું ? આપણે એક ઠરેલ, શાણી, સમજદાર અને જવાબદાર પ્રજા ક્યારેય બનીશું ખરાં ? ના, હવે તો point of no return ઉપર લગભગ આવી ખડા છીએ.

દાયકાઓ પુર્વે, આઝાદી પહેલાં ભુગોળમાં અમને ગર્ભીત દેશભક્તીના પાઠ ભણાવવામાં આવતા કે India is a rich country, inhabited by the poor – અર્થાત્ ‘હીન્દ દેશ (ભારત) એક એવો સમૃદ્ધ દેશ છે કે જેમાં ગરીબ લોકો વસે છે.’ સુચન કંઈક એવું હતું કે આપણે તયાં મબલક પ્રાકૃતીક સમ્પત્તી છે. પરન્તુ વીદેશી શાસનને કારણે પરદેશીઓ એ લુંટી જાય છે અને પરીણામે આપણે તો દીનહીન જ રહી ગયા છીએ.

પરન્તુ હવે આપણે આઝાદ થઈને વળી શું શીખ્યા ? India is a poor country, inhabited by the poorest people. જાણે વાંદરાના હાથમાં હીરાનો હાર આવ્યો. આપણે બધી જ કુદરતી સમ્પત્તી બેફામ અને બેવકુફ રીતે વેડફી મારી. ક્યાં ગઈ એ, સુજલા, સુફલા, મલયજશીતલા ને શસ્યશ્યામલા ભારતમાતા ? વીજ્ઞાનના પ્રતાપે વળી હજી

અન્ન મળી રહે છે; પણ હવે એય કેટલો વખત ? આપણે આંખ મીંચીને બાળકો પેદા કરી કરીને એક અબજના આંકડાનેય ઉલ્લંઘી રહ્યા છીએ ત્યારે વીજ્ઞાનેય બાપડું લાચાર ! વળી, અન્ન મોંઘુ છે ને અન્ય ખાદ્ય પદાર્થોની તો ભયંકર તંગી જ છે. લાખ્ખો બાળકો કુપોષણને પરીણામે અકાળે મરે છે. પાણીની તો સખત અછત છે. ભારત બધી જ રીતે આજે 'પાણી વગર'નો દેશ છે. જંગલો કપાઈ ગયાં છે અને ઓક્સીજનની તીવ્ર તંગી ઉદ્‌ભવી છે. વરસાદ ઘટ્યો છે અને જળાશયો સુકાઈ ગયાં છે. લોકો બેફામપણે જમીનમાંથી પાણી ખેંચ્યે જ રાખે છે; પરન્તુ ભુગર્ભમાં કંઈ અખુટ જળભંડારો નથી હોતા. પચાસ પચાસ વર્ષની આઝાદીને અન્તે આપણી સીદ્ધીઓનું સરવૈયું શું ? બુદ્ધીનું દેવાળું : વીનાશક વસ્તી વીસ્ફોટ, ઘનઘોર ગીર્દી અને ગંદકી, મરણતોલ ગરીબી, લાગણીહીન ભોગવીલાસો ને જલસા જ જલસા, લુંટાલુંટ ને ઝુંટાઝુંટ, ધાંધલો, ધમાલો ને જગનભડાકા–ઉત્સવો, અડાબીડ અજ્ઞાન ને આખરી સનેપાત, દ્વેષ, દુશ્મની, રગડાઝઘડા ને મારફાડ, વહેમો, અન્ધશ્રદ્ધાઓ ને કુપાત્રે ભક્તી, અગવડો ને ઘોર અવ્યવસ્થાઓ, અસલામતીઓ, અન્યાયો, રખડતાં ઢોર, રઝળતાં માનવી ને ઢોરમાર ખાતાં બાળકો, યાતના, ક્રુરતા ને આક્રન્દો, મજબુરી ને મોત એક નઘરોળ, નફ્ફટ, નીરાધાર, ફુવડ ને નીરર્થક શ્વસતોસંસાર.....

## ભરતવાક્ય

જુઓ તમારા જેવી સાવ તકલાદી નથી અમારી આસ્થા,
અમે તો અવસર આવ્યે થોડાંક માથાં પણ વાઢી લઈએ !!

–કવી થોભણ પરમાર

('ઝાકળની ખેતી' – કાવ્યસંગ્રહમાંથી સાભાર)

●

અનુક્રમણીકા

## 18

# સ્વર્ગ આકાશમાં નહીં, ધરતી પર જ છે

ન સ્વર્ગો નાપવર્ગો વા નૈવાત્મા પારલૌકીકઃ

–ચાર્વાક

ધર્મ, જે સામાન્ય રીતે પ્રેમ, કરુણા, સહાનુભુતી, ભાતૃભાવ જેવા માનવીય ગુણો પ્રબોધે છે, એને બદલે જો તે નફરત, ઘૃણા, તીરસ્કાર અને વેર ફેલાવતો હોય તો, દરેકે સચેત થઈ જવું જોઈએ. હીન્દુ ધર્મમાં જ સ્વામી વીવેકાનન્દ, સ્વામીશ્રી દયાનન્દ સરસ્વતી, કબીર, ગૌતમ બુદ્ધ કે ઈશ્વરચન્દ્ર વીદ્યાસાગર જેવી વીભુતીઓ અને દાર્શનીકોએ કર્મકાંડ, મુર્તીપુજા આદીનું ખંડન કર્યું જ છે. અને માનવગૌરવની પ્રતીષ્ઠા કરી છે. આ દેશમાં ગરીબી, આર્થીક અસમાનતા, શોષણ, અનારોગ્ય, અન્ધશ્રદ્ધા, વહેમો અને રુઢીજડતા સદીઓથી પ્રવર્તમાન છે. આપણે જીવનનાં ઈતર ક્ષેત્રોમાં પરીવર્તનો સહેલાઈથી સ્વીકારી લીધાં છે. પરન્તુ ધર્મ કે ધર્મગ્રંથો દ્વારા અપાયેલાં ઉપદેશ – માન્યતાઓમાં પરીવર્તન કરવા આપણે લેશ માત્ર તૈયાર થતા નથી. વાસ્તવમાં, હજારો વર્ષ અગાઉ તત્કાલીન રાજકીય, સામાજીક કે ધાર્મીક પરીપ્રેક્ષ્યમાં લખાયેલા ગ્રંથો કે એની આચારસંહીતા વર્તમાન સંજોગોમાં કેટલા સુસંગત તથા ઉપયોગી ? એ પ્રશ્ન તપાસવાની તાતી જરુર છે.

–અશ્વીન ન. કારીયા ('સ્વર્ગ–નરકની માન્યતાઓ' પુસ્તકમાંથી)

આપણા પુર્વજ ઋષીમુનીઓ મહાજ્ઞાની હતા, અને આજના વીજ્ઞાનની તમામ સીદ્ધીઓ તથા શોધો હજારો વર્ષો પુર્વે તેઓ કરી જ ચુક્યા હતા, જેનો અણસાર અથવા આછા કે સુચીતાર્થરુપ પુરાવા આપણા ધર્મગ્રંથોમાંથી મળે જ છે.

–એવા એવા દાવા... કેટલાક પ્રાચીનતાપ્રેમી ધર્મનીષ્ઠો યા સાધુસંતો અને ધર્માચાર્યો કરે છે, ત્યારે મને એક વીચાર આવે છે કે મહાસાગરમાં બેચાર ઘડા પાણી ઉમેરવાથી લાભ જ શો ? હીન્દુ ધર્મ અર્થાત્ પ્રાચીન આર્યધર્મ મહાન છે, અતીમહાન છે જ. એના ધર્મગ્રંથો, વેદો કે ઉપનીષદો અને પુરાણોમાં જે ઉંચું અને ઉંડું ચીન્તન છે, માનવતાનો સદ્દુપદેશ છે, જીવન વીશેની ભવ્ય કલ્પનાઓ છે, 'દ્યૌઃ શાંતીઃ અંતરીક્ષં શાંતીઃ વનસ્પતયઃ શાંતી, સર્વ શાંતીઃ' અથવા તો 'અત્રૈવ વીશ્વં ભવતી એકનીડમ' કે પછી 'શુની ચ એવ, શ્વપાકે ચ પંડીતાઃ સમદર્શીનઃ' – એવી એવી ભાવનાઓ, માનવસમાજ માટે અતીમુલ્યવાન તથા પ્રેરક એવા એવા સનાતન સદબોધ આ જ ધર્મે આપેલાં છે, જો કે એ જ ધર્મ વર્ણવ્યવસ્થા, ઉંચનીચના તીવ્ર ભેદભાવ તથા અસ્પૃશ્યતાય પ્રવર્તાવ્યાં છે એ ધર્મશાસ્ત્રમાં વીજ્ઞાનનાં સત્યો ન હોય, તોય એથી શો ફરક પડે છે ? વર્તમાન માનવીની અપેક્ષાએ આપણા પુર્વજો ઘણા

અજ્ઞાન હતા, ખાસ કરીને ભૌતીક વીજ્ઞાનોમાં, એ હકીકત સ્વીકારી લેવાથી, આપણા મહાન પુર્વજોનાં કાર્યોની કે એક ભવ્ય સંસ્કૃતી તથા સમાજની મહાનતામાં લેશમાત્ર ઉણપ આવતી નથી, એમ મારું નમ્રપણે માનવું છે.

દા.ત., માનવસર્જીત પ્રથમ ઉપગ્રહ ઋષી વીશ્વામીત્રે ચઢાવ્યો હતો, અથવા પ્રથમ પ્લાસ્ટીક સર્જરી ભગવાન શંકરે કરી, ગણપતીજીના ધડ પર હાથીનું માથું બેસાડી આપ્યું હતું – એવી એવી માન્યતાઓ સેવવી યા પ્રચારવી એ અનાવશ્યક એવો હાસ્યાસ્પદ પુરુષાર્થ છે. ગણપતીદેવની પ્લાસ્ટીક સર્જરી વીશે આપણા જાણીતા ગઝલકાર, હાસ્યકાર અને વીચારક શ્રી. રતીલાલ–અનીલે કટાક્ષમય વીવરણ આપ્યું છેઃ કોઈ અંગ કપાય યા અન્યનું જોડાણ થાય, ત્યારે બ્લડ ગ્રુપ માણસના લોહી સાથે બરાબર મળતું આવે, એવું ‘કોસ્મોપોલીટીન’ હોય છે કે નહીં, એ તો મને ખબર નથી... વળી હાથીના મસ્તકનાં અંગોપાંગો માનવભાષા કેવી રીતે બોલી શક્યાં હશે ? એય એક પ્રશ્ન છે. દેવોના વૈદ્ય અશ્વીનીકુમારે ચોક્કસ વીદ્યા જાણી લેવા માટે કોઈ ઋષીનું મસ્તક કાપીને એને ઘોડાનું માથું ચોટાડ્યું, એ પછી એ અશ્વ મસ્તક પેલી દીવ્ય વીદ્યા માનવવાણીમાં બોલી ગયું, તો પ્રશ્ન એ રહે છે કે કોઈ માનવેતર પ્રાણીના દા.ત., બકરાના ધડ પર માનવમસ્તક ફીટ કરી દેવામાં આવે તો શું થાય ? ઈત્યાદી.

સત્ય હકીકત તો એ જ કે આવી બધી વાતો સત્ય – આધારીત નહીં; પરન્તુ માનવમનની ધર્માભીમાની મનગમતી કલ્પનાલીલા જ છે. તે જ રીતે, આપણા પુર્વજોએ આવી કપોળકલ્પનાઓ કરી, એની પાછળનું મુખ્ય કારણ એ જ કે જીજ્ઞાસા તીવ્ર હતી, ઈચ્છાઓ, આવશ્યકતાઓ અને અનીવાર્યતાઓ પણ ઉત્કટ હતી; પરન્તુ સત્ય પામવું એટલું સરળ નહોતું. એટલે એ પુર્વપેઢીઓએ અવનવીન અને અદ્‌ભુત કલ્પનાઓમાં રાચીને સંતોષ લેવો રહે એ સ્વાભાવીક લેખાય. આપણા પુર્વજોના વીરાટ જ્ઞાનરાશી વીશે મેં અગાઉ આ વીભાગમાં લખ્યું જ છે; પરન્તુ જ્ઞાનનાં એ સર્વ ક્ષેત્રો ઐહીક તથા માનવસાધ્ય હતાં. નરી આંખે જોઈ શકાય એવાં અને ઈન્દ્રીયગોચર હતાં, તે કરતાં અનેક ગણાં વધુ તો ‘આધ્યાત્મીક હતાં, જે શંકાસ્પદ લેખાય.’ બીજી બાજુ, આજે છે એવાં અટપટાં અનેકવીધ વૈજ્ઞાનીક સાધનોના અભાવે, આપણા પુર્વજો કેટલાંક સુક્ષ્મતમ અથવા તો વીરાટ સત્યો પામી શકેલા નહીં, એ સમજી શકાય અને સ્વીકારી શકાય એવી હકીકત છે. દા.ત., બેક્ટેરીયા કે વાયરસ અથવા તો ક્વાસાર, પલ્સાર અને બ્લેક હૉલ જેવી વસ્તુઓ કે ઘટનાઓ પારખી શકવા તેઓ શક્તીમાન નહોતા. બીજી બાજુ, સાહીત્ય, ચીત્રકલા, સંગીત, નાટ્યકલા, નૃત્યકલા, યંત્રવીદ્યા, બાણવીદ્યા, આયુર્વેદ, ભાષાવીજ્ઞાન વગેરે... વગેરે અનેકાનેક વીદ્યાશાસ્ત્રો તેઓએ વીકસાવ્યાં હતાં. છતાં પાણી એ ઓક્સીજન અને હાઈડ્રોજનનું સંયોજન છે, અથવા તો $E=mc^2$ના

સમીકરણની તેઓને લેશમાત્ર જાણ નહોતી. અને એમાં કશી નાનમ માનવાને પણ કારણ નથી. માનવજીવનની વ્યવસ્થા અને એના ધ્યેયો સન્દર્ભે એ પુર્વજો કેટલીક ઉત્તમોત્તમ વીભાવનાઓ અવશ્ય સેવતા હતા; એય તેઓની મહાનતા જ છે. આટલી પ્રાસ્તાવીક ચર્ચા તો અત્રે મેં એટલા માટે કરી કે આ લેખમાં હું ડૉ. અશ્વીન કારીયા લીખીત 'સ્વર્ગ–નરકની માન્યતાઓ' – પુસ્તકનો કેટલોક રસપ્રદ પરીચય કરાવવા પ્રવૃત્ત થયો છું. પ્રારંભે જ કહી દઉં કે સ્વર્ગ અને નરક જેવાં સ્થાનો હોવાની કલ્પના લગભગ તમામ ધર્મોમાં પ્રવર્તમાન છે, આવી માન્યતા સદંતર નીરાધાર છે; પરન્તુ એવી કલ્પનાના મુળમાં માણસની એ તીવ્ર જીજ્ઞાસા રહેલી છે કે મૃત્યુ બાદ શું હશે ? ઉપરાંત, સારાં–નરસાં કર્મોનો બદલો જો આ સંસારમાં ન મળતો હોય તો પછી તે ક્યાં મળે અને શું મળે ? જવાબમાં, માનવીએ કલ્પના કરી કે સારાં કર્મોના, પુણ્યના બદલામાં સ્વર્ગ મળે, જ્યાં બધું જ ઉત્તમ, સુખમય અને આનન્દમય છે, દેવોનું એ નીવાસસ્થાન છે, જ્યાં દુઃખ નથી, ભુખ નથી, ત્રાસ નથી. એથી ઉલટું ત્યાં આનન્દ–આનન્દ અને મોજમસ્તી છે, ઘી–દુધની નદીઓ વહે છે, અપ્સરાઓનાં નાચગાન ચાલે છે, સુરાપાન છે, મીષ્ટાન્ન છે વગેરે... વગેરે. બીજી બાજુ, પાપના બદલામાં જે નરકની સજા થાય છે, ત્યાં બધું સ્વર્ગથી ઉલટું જ છે : ત્રાસ છે, દમન છે, પીડા છે, મારફાડ છે, આગ અને ઉકળતા તેલની સજાઓ છે, માર્ગે મલીન અને ગંધાતી એવી લોહીપરુની નદી વૈતરણી છે, ત્યાં રાક્ષસો, પીશાચો, યમદુતો વગેરે અત્યંત ક્રુર તત્વો જીવાત્માને ઘોર પીડા આપે છે ઈત્યાદી (પૃષ્ઠ–03).

ખગોળના સત્ય જ્ઞાનના અભાવે, આપણા પુર્વજોએ પૃથ્વીપીંડની ઉપર– નીચેના વીશ્વ વીશે કેવી કેવી કલ્પનાઓ દોડાવી છે એ જાણવું ખુબ–રસપ્રદ નીવડે તેવું છે, ડૉ. કારીયા લખે છે, પ્રાચીન આર્ય–હીન્દુ ધર્મ મુજબ, પૃથ્વીની ઉપર તથા નીચે એમ સાત–સાત લોક છે, જેને અનુક્રમે સ્વર્ગલોક અને પાતાળલોક કહેવામાં આવે છે : સાત સ્વર્ગઃ ભુર, ભુવઃ સ્વઃ મહઃ, જનઃ તપઃ અને સત્યલોક. જ્યારે નીચેનાં પાતાળો છે : અતલ, વીતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ... નરકનું ભૌગોલીક સ્થાન પાતાલની નીચે, ગર્ભોદક નામક પાણીની ઉપર આવેલું છે, જેનો વીસ્તાર ત્રીસ હજાર યોજનનો જણાવાય છે. પુરાણો અનુસાર નરકની સંખ્યા અઠ્ઠાવીસ છે. આ નરકોની પુરી યાદી માટે જીજ્ઞાસુએ મુળ પુસ્તક જોવું (પૃષ્ઠ–05).

આર્ય–હીન્દુ ધર્મની જેમ જ અન્ય ધર્મોમાં પણ સ્વર્ગ–નરકની કલ્પનાઓ છે જ પરન્તુ એ પરસ્પરવીરોધી છે. બૌદ્ધધર્મના નરકના ભેદ દસ જ, જ્યારે ખ્રીસ્તી, પારસી–જરથોસ્તી અને ઈસ્લામમાં સ્વર્ગ–નરક વીશેના ખ્યાલો બીજા ધર્મના તદ્વીષયક ખ્યાલો સાથે

પુરેપુરા મળતા આવતા નથી. હવે સત્યનો એ અફર નીયમ છે કે તે એકમેવાદ્વીતીયમ્ જ હોય. સત્યદર્શનમાં પરસ્પર વીરોધ સંભવી શકે નહીં. તદનુસાર સ્વર્ગ–નરકનો ખ્યાલ કેવળ કપોળ કલ્પના જ સીદ્ધ થાય છે (પૃષ્ઠ–11).

આજે તો માનવસર્જીત અવકાશયાનોએ દુરસુદુરના બ્રહ્માંડનેય આંબવા માંડ્યું છે, જ્યારે શક્તીશાળી ટેલીસ્કોપોએ અબજોનાં અબજો જેટલાં તારાવીશ્વોની પ્રત્યક્ષ ભાળ મેળવી આપી છે. છતાં અદ્યાપી ક્યાંય સ્વર્ગલોક, દેવલોક, સત્યલોક અથવા રસાતાલ કે પાતાલ, રૌરવ યા વીરાસન જેવા નરકધામો કાંઈ કહેતા કાંઈ જોવા મળ્યું નથી, એવા કોઈ અસ્તીત્વનો અણસાર સુધ્ધાં પ્રાપ્ત થયો નથી. મતલબ કે એવાં કોઈ સ્થાનો છે નહીં, યા હતા પણ નહીં. એ સર્વ આપણા જીજ્ઞાસુ પુર્વજોની મનગમતી તેમ જ કાવ્યમય કલ્પનાઓ હતી, ઉપરાંત લોકને સન્માર્ગે પ્રેરવાનું સાધન પણ એ હતી.

જો કે શ્રી. યશવંત મહેતા લખે છે એ પણ એટલું જ સાચું છે કે અજ્ઞાનના એજન્ટ એવા વીવીધ ધર્મોએ આ ભ્રામક માન્યતાઓના પાયા પર કેવા કેવા ખ્યાલોની સૃષ્ટી રચી...! ધર્મવાળાઓ ચીંધે તેમ, એ લોકોની સમૃદ્ધી વધારતી ક્રીયાઓ કરો, તો ‘સ્વર્ગ’ મળે એવી લાલચ તેમ જ, જો એ લોકને ન રુચતી રીતે વર્તો અથવા એમનાં પેટ ના ભરો; તો ‘નરક’માં યાતના સહેવી પડે એવો ભય– આમ લાલચ અને ભય એ બે જ તમામ ધર્મોના પાયા છે. ડૉ. કારીયાએ આ પુસ્તીકામાં આવી બધી માન્યતાઓનું મુળ સુપેરે શોધી આપ્યું છે. (શ્રી. યશવંત મહેતાએ પુસ્તકના છેલ્લા ટાઈટલ પર લખેલ ‘આવકાર્ય અભ્યાસ’ માંથી સાભાર) એ ઉપરાંત, પ્રાસ્તાવીક કથનમાં, શ્રી. રમેશ સવાણી તથા ઈન્દુકુમાર જાની લખે છેઃ આપણે ત્યાં તો લોકાયતદર્શનના પ્રસીદ્ધ આચાર્ય ચાર્વાકના જમાનાથી જ સ્વર્ગ અને નરકની માન્યતાનું ખંડન થતું જ રહ્યું છે... ન્યાયમુર્તી ચંદ્રશેખર ધર્માધીકારીએ કહેલી એક વાત યાદ આવે છે કે જે સ્થળે કશીય મહેનત વગર બધી સુખસગવડો મળે, સુંદર અપ્સરાઓ તહેનાતમાં હોય, તો એને તો હરામખોરોનો અડ્ડો જ કહેવો કે બીજું કાંઈ ? (પ્રકાશકઃ અશ્વીની આર્ટ પ્રા. લી., સેન્ટર પોઈન્ટ, બસ સ્ટેશન સામે, ગોધરા–389001)

## ભરતવાક્ય

... સ્વર્ગ નથી, ભગવાન નથી, આ ધરતી પર જ સ્વર્ગ છે, સજ્જન વ્યક્તી દેવતા છે, સત્સંગ સ્વર્ગ છે માટે આ ધરતીને જ સ્વર્ગ બનાવી લો ! આકાશમાં કોઈ સ્વર્ગ નથી. માણસ સાથે આદર અને પ્રેમપુર્વક વર્તાવ કરો, દરેકમાં દેવતાનું રુપ નીહાળો, તો સર્વ સ્થળ સ્વર્ગ જ પ્રતીત થશે. –કબીર

અનુક્રમણીકા

## 19

# ભુકંપ, ભગવાન અને ચંગીઝખાન

'સમ્રાટ નીરોએ કેવળ રોમ જ બાળ્યું હતું અને બહુ થોડા માણસોને મારી નાખ્યા હતા... કેવળ પોતાની આનન્દલીલા અર્થે ! ઈતીહાસકારો તેને માટે જુલમગાર, નીર્દય, દુષ્ટ, હત્યારા જેવાં નીન્દાત્મક વીશેષણો વાપરે છે. એવો જ એક ચંગીઝખાન થઈ ગયો. તેણે પણ પોતાની મોજ ખાતર થોડા હજાર માણસોની હત્યાઓ કરી– એ બદલ આપણે તેને ધીક્કારીએ છીએ... જ્યારે તમારો ઈશ્વર તો દરરોજ, અરે દર મીનીટે અસંખ્ય કરુણ હોનારતો સર્જતો... ચંગીઝખાનનેય ટપી જાય એવો ભુંડો ત્રાસ જીવો પર ગુજારે છે. મતલબ કે ભગવાન ઝુલમી ચંગીઝખાન છે, સનાતન નીરોસમ્રાટ છે. તેના અસંખ્યાસંખ્ય દુષ્કૃત્યોને તમે કેવી રીતે ન્યાયી ઠરાવી શકો ? નરકાગાર જેવી, નીરન્તર તીવ્ર સંઘર્ષના અડ્ડા જેવી આ દુનીયા એણે સર્જી જ શા માટે ? જો તમારો ભગવાન સર્વશક્તીમાન છે, તો તેણે આવો માણસ સર્જ્યો જ કેમ ?

શું તમે એમ કહેવા માંગો છો કે યાતનાગ્રસ્ત નીર્દોષ માનવીઓને આવતા જન્મે સારો બદલો આપવા માટે જ, અને એ પ્રમાણે, દુષ્ટોને સજા કરવા માટે જ તેણે આવી સૃષ્ટી રચી છે? અચ્છા તો કોઈ માણસ પહેલાં તમારા શરીર પર તીવ્ર ઘા કરવાનો ગુનો કરે અને પછી તમને સુંવાળો અને ઠંડો મલમ લગાડે, એને તમે ન્યાયી કૃત્ય કહેશો ખરા ? એક કાળે લોકો ગ્લેડીયેટરનો ખેલ ગોઠવતા અને એમાં અધભુખ્યા અને હીંસક એવા ભયંકર સીંહ સામે ગુલામોને ફગાવતા. પછી, જો કોઈ ગુલામ આવા મોતના મોંમાંથી બચી જાય તો તેને શાબાશી આપતા અને તેની સારવાર કરતા. આવી મોજને તમે વાજબી ગણાવશો ખરા ? તમારો ભગવાન તો બુદ્ધીમાન અને સર્વશક્તીમાન છે ને ? તેણે શા માટે આવો સંસાર સર્જ્યો ? લીલા કરવા માટે ? તો પછી એવા ભગવાન અને પેલા નીરો–ચંગીઝખાનો વચ્ચે શો ભેદ ?

તમે દલીલ કરશો કે, 'આ જન્મે જે લોકો દુઃખ ભોગવી રહ્યા છે. એ બધા ગત જન્મના પાપી છે.' તમે એમ પણ કહેશો કે 'જે દમનકારો આ જન્મે સત્તા ભોગવી રહ્યા છે તેઓ ગયા જન્મના પુણ્યશાળી જીવો છે.' આવી દલીલો કેટલે અંશે સબળ અને તર્કસંગત છે? દુનીયાના શ્રેષ્ઠ ન્યાયવીદો કહે છે કે, અપરાધીને થતી સજા ફક્ત ત્રણ હેતુસર જ ન્યાયી લેખાવી શકાય : (1) બદલારુપ વેરની વસુલાત (2) વધુ ગુના થતા અટકાવવાના હેતુથી (3) અપરાધીને સુધારવાના હેતુવાળી સજા. હવે બદલારુપ, વેરની વસુલાત સમી સજાને આધુનીક પ્રગતીશીલ વીચારકો વખોડી કાઢે છે. બીજો હેતુ, વધુ ગુના થતા અટકાવવાનો હેતુ પણ ટીકાપાત્ર અને વીવાદાસ્પદ બન્યો છે. એટલે ફક્ત ત્રીજો સીદ્ધાન્ત જ આજે આવશ્યક યા

અનીવાર્ય અને માનવપ્રગતી સાથે સુસંગત મનાયો છે. હવે પાપીઓને ઈશ્વર જે સજા કરે છે એ તપાસીએ : શાસ્ત્રો કહે છે કે ભગવાન પાપીને કુતરા, બીલાડા, ગધેડા, ઈતર પશુ યા વૃક્ષરુપે પુનર્જન્મ આપીને, સજા ફરમાવે છે. એવા તો 84 લાખ પ્રકારની સજાઓ તમે ગણાવી શકો. તો હું એમ પુછું છું કે આવી સજાનું કશું સુધારાત્મક પરીણામ તમે દર્શાવી શકશો ?'

–શહીદ ભગત સીંહ

( 'હું કેમ નીરીશ્વરવાદી છું ?' નામક પુસ્તકમાંથી)

ક્ષણાર્ધમાં હજ્જારો માનવીઓને હણનાર યા હતા ન હતા કરી નાખનાર પેલા કહેવાતા ભગવાન વીશે, શહીદ ભગતસીંહ યોગ્ય જ દલીલ કરે છે કે કાં તો ચંગીઝખાન એ ભગવાનનો અવતાર છે, અથવા તો ભગવાન ચંગીઝખાનનો સનાતન પુર્વજ છે. જો આટલું નક્કર સત્ય યથાર્થ તથા તર્કસંગત રીતે સમજાઈ જાય, તો આસ્તીકતા તેમ જ અન્ધશ્રદ્ધાઓથી તત્કાળ અને સદાના મુક્ત થઈ જવાય. પરન્તુ માનવજાત મુર્ખ છે, એ એક અટળ સમસ્યા છે. ધરતીકંપ બાદના પ્રવાસ અંતર્ગત વડોદરાની મુલાકાત લીધી, તો નાગરીકોની વીરાટ સંખ્યા એમ માનતી સાંભળવા મળી કે વડોદરા બહુ પુણ્યશાળી નગર છે એટલે ભુકંપમાંથી એ સાંગોપાંગ બચી ગયું અને તેની એવી પુણ્યમય પરીસ્થીતીનો મોટો યશ પુ. મોરારીબાપુને ફાળે જાય છે. ત્યાં આજકાલ લોકો મન્દીરોમાં ખીચોખીચ ભીડ જમાવી રહ્યા છે અને અમુક પાઠજપ અથવા તો ભક્તીભજન રોજેરોજ, અચુક કરે જ છે. જાણવા મુજબ કોઈક સન્તે યા પુ. બાપુએ નગરજનોને એવી સલાહ આપી છે કે ચોક્કસ કર્મકાંડ યા પાઠ રોજ જ આચરજો, તો ભવીષ્યમાં બચી જશો ! પુ. મોરારીબાપુનો હમણાં જ મને ઘણો સુખદ અને બૌદ્ધીક પરીચય થયો ત્યારે તેઓ આવી અન્ધશ્રદ્ધાના સમર્થક જરાય પ્રતીત ન થયા. તેઓએ બલકે તો એ મતલબનું ખેલદીલ વીધાન પણ કર્યું કે 'ભલે તમે (એટલે કે હું–રમણ પાઠક) નાસ્તીક હો, હું તો તમારા જ્ઞાનનો આદર કરું છું. 'સમકાલીન'માં તમારા લેખો વાંચું છું.' એટલે આજે આશા રાખું કે પુ. બાપુ એવું નીવેદન કરે કે વડોદરાવાસીઓની આવી માન્યતા અવૈજ્ઞાનીક અન્ધશ્રદ્ધા જ લેખાય... અત્રે એક ઐતીહાસીક ઘટનાય સ્મરણે ચઢે છે. બીહારમાં કે ક્યાં આવો પ્રચંડ, વીનાશક ભુકંપ થયો ત્યારે ગાંધીબાપુએ જાહેર કર્યું કે 'ભારતવાસીઓના અસ્પૃશ્યતાના પાપનો ભગવાને આ બદલો આપ્યો !' એ જાણી, કવીવર ટાગોરે ગાંધીજીને કહેવું પડ્યું કે 'બાપુ, કૃપા કરીને આવી અન્ધશ્રદ્ધાઓ ના ફેલાવો !' જો કે શક્ય છે કે પુ. મોરારીબાપુને વડોદરામાં ફેલાયેલી આવી અફવાની મુદ્દલે જાણ જ ન હોય !

માણસની મુર્ખતાનો આ એક મોટો અને ખેદજનક પુરાવો છે કે વડોદરાવાસી એટલોય સાદો તર્ક નથી દોડાવતા કે વડોદરાને પુણ્યશાળી કહેવું, એનો સૌજન્યરહીત નઠોર

સુચીતાર્થ સ્પષ્ટતઃ એવો જ થાય કે ભુજમાં બધા પાપી લોકો વસતા હતા, યા તો વસે છે, અર્થાત્ ભુજ એક પાપીયું નગર છે ! આ તો દયાજનક રીતે બરબાદ થયેલા બાપડા યાતનાગ્રસ્તોને ગાળ આપી, પડ્યા ઉપર પાટુ મારવાની સંવેદનહીન ક્રુરતા કહેવાય. નજર સામે જ પોતાનાં સન્તાનોને ઘોર આક્રંદ કરતા, કણસી કણસીને મજબુર મરણશરણ થતાં જોઈ રહેવું – એવા શાપનો ભોગ બનેલાં માબાપને ભલે કદાચ તમે પાપી ગણાવો; પરન્તુ પોતાનાં માતાપીતા યા તો સર્વ આધારરુપ વડીલોને કશીક અકળ ઘટનામાં એકાએક જ સદાનાં ચાલ્યાં જતાં શુન્ય નજરે જોઈ રહેલું, મૃત્યુ એટલે શું ? – એય ન સમજી શકતું એવું નીરાધાર ભુલકુંય બીચારું પાપી ? વાસ્તવમાં, આવી હોનારતોનો પુરો ભોગ બની મરી જવું એ કોઈ વેદના નથી. ખરી તીવ્ર અને અસહ્ય વેદના–યાતના તો પાછળ જીવી જનારાની જ હોય છે. તેમાંય લાચાર બાળક ! ભગવાન સીવાય કોઈ પણ લાગણીશીલ માનવીનું હૈયું તો આવી કારમી કરુણીકાથી ભાંગી જ પડે ! ત્યારે અખબારવાળા લખે કે રામ રાખે, તેને કોણ ચાખે ! અરે મીત્રો, એવા બાળકનેય ભરખી લીધું હોત તો એવો રામ, મારા મતે, કદાચ વધુ દયાળુ, કૃપાળુ અને કરુણાળુ સીદ્ધ થાય, જે ભગવાન આખાં ને આખાં નગરોને ‘ચાખી’ ગયો અને એકાદ અબુધ બાળકને યા અશક્ત–અપંગ વૃદ્ધને અકારણ જીવાડી, લાંબી અને સાવ અનીશ્ચીતતાભરી એવી યાતનામય જીન્દગીમાં અસહાય ઝીંકી દીધાં એવા ક્રુર, કઠોર ભગવાનને ખરેખર શું કહીએ ?

બુદ્ધીશાળી તર્કવીવેકસમ્પન્ન પુરુષ તો હવે નીઃશક નાસ્તીક બની જ જાય. જે લોકો એવો અવળમતી, અલ્પજ્ઞ તર્ક દોડાવે છે કે ‘આ બ્રહ્માંડનું તન્ત્ર કેવું સુવ્યવસ્થીત ચાલી રહ્યું છે ! માટે એની સંચાલક એવી કોઈ વીરાટ શક્તી છે જ, હોવી જ જોઈએ.’ એવા લોકોને પ્રકૃતીની આ ઘોર લપડાક છે. વાસ્તવમાં, સુર્યચંદ્ર અને ગ્રહતારકાદીનું અફર–ચોક્કસ ભ્રમણ, સંચાલન એ ઈશ્વર જેવી કોઈ સર્વશક્તીમાન મહાશક્તીનું સુયોજીત યા સહેતુક આયોજનતંત્ર નથી; પરન્તુ પ્રકૃતીની નીર્હેતુક જડતાનો, જડ, અન્ધ અને અફર કાનુનનો જ એ સચોટ પુરાવો છે. જડ પદાર્થના મુળભુત ગુણધર્મનું જ એ અનીવાર્ય; છતાં અભાન પરીણામ છે. સુર્ય–ચંદ્ર સજીવને પ્રકાશ પુરો પાડવા ઘુમતા નથી, વરસાદ માણસને જીવાડવા માટે નથી વરસતો. આવી કુદરતી ઘટનાઓનો સાચો કાર્ય–કારણ ન્યાય યથાર્થ સમજી લેવો ઘટે. દુરના, યા તો કદાચ નજીકના ભાવીમાં આ પૃથ્વી પટે માનવી નહીં હોય, અરે, સજીવ માત્રનું નીકંદન નીકળી ગયું હશે, ત્યારે પણ સુર્યચંદ્ર તો આમ જ ઉદય પામતા હશે અને વરસાદ પણ વરસતો હશે !

ભયાવહ ભુકંપો થાય, વીનાશક વાવાઝોડાં આવે યા તો પૃથ્વીથીય અનેકગણા જંગી એવા કોઈ ધુમકેતુને ગુરુનો ગ્રહ ગળી જાય – આવી પ્રાકૃતીક હોનારતો સદન્તર સજીવ–નીરપેક્ષ છે. કુદરતને પાપ–પુણ્ય જેવી માનવસર્જીત વીભાવનાઓ સાથે પણ નાહવા–નીચોવવાનોય લેશમાત્ર સમ્બન્ધ નથી. કુદરતને મન સંત–પાપી જેવા તો શું, સજીવ–નીર્જીવનાય કોઈ ભેદ નથી, તે પોતાના અન્ધ અને અફર કાનુનોમાં કદાપી, કશાય નીમીત્તે રજમાત્રેય બાંધછોડ કરતી નથી. એક નક્કર સત્ય જરા વીચારપુર્વક સમજી લો કે, સો સો અબજ તારકો ધરાવતાં પુરાં સો અબજ તારાવીશ્વો(galaxy) વચ્ચે આ પૃથ્વીગ્રહનું જ કશું સ્થાન કે મુલ્ય નથી, ત્યાં માણસની તો વાત જ શી ? વાસ્તવમાં, પ્રકૃતીનું વ્યવસ્થાતંત્ર જીવનને સોએ સો ટકા સાનુકુળ બની રહે, એ પુર્વે જ આ પૃથ્વીપટે સજીવ પદાર્થ પ્રગટી પડ્યો, યા તો ક્યાંક અવકાશમાંથી આવી ચઢ્યો ! પરીણામે કુદરતની અવ્યવસ્થાઓ તથા અન્ધાધુન્ધીઓ તેણે લાચાર ભાવે સહ્યે જ છુટકો. એમાં પ્રાર્થનાઓ કે પુણ્ય–ધર્મ બધું જ તત્સંદર્ભે મીથ્યા જ સમજવું.

## ભરતવાક્ય

Nature tells man to love his fellow–creatures, to be just peaceable and benevolent, while religion counsels him to detach himself from his fellow–creatures, to hate them. Nature tells man in society to cherish glory, to be active, courageous and industrious, religion tells him to be object, to live in obscurity and to occupy himself with prayers, with meditation and with ceremonies. Religion says to man, be useful to thyself and do nothing for others ! –D' Holbach (French skeptic philosopher)

*ભુકંપપીડીતો પ્રતી જે લોકો કર્મફળના સીદ્ધાંત કે પાપપુણ્યની ફીલોસોફી ડહોળે છે એ લોકો દ'હોલ્બાશ જણાવે છે તેવા લાગણીહીન–ધાર્મીક–આસ્તીકો છે.*

●

અનુક્રમણીકા

## 20

# પાંચ હજાર વરસમાં પણ ધર્મ માણસાઈ વીકસાવી ન શક્યો ?

ધર્મથી માનવજાતને એકંદરે લાભ કરતાં ગેરલાભ જ વધારે થયો છે. ધર્મ–ધર્મ વચ્ચે જ પરસ્પર ભારે વીસંવાદ છે, એટલે કયો ધર્મ સત્ય એ કોણ નક્કી કરે ? આ ધર્મોને નામે ઢોંગ, ધતીંગ, અન્ધશ્રદ્ધાઓ અને કારમી ક્રુરતાઓ ઉદ્ભવ્યાં અને પ્રચંડ વીકસ્યાં. ધર્મના નામે બુદ્ધીનો અનાદર થયો અને માનવી પર અસંખ્ય જુલમો થયા. ધર્મના મુળમાં માનવીની ભયની લાગણી છે : મૃત્યુનો ભય, અજ્ઞાતનો ભય, આ સુવીરાટ બ્રહ્માંડમાં એકલતાનો ભય. ત્યારે પીતા કે મોટા ભાઈની આંગળી સાહી સલામતી અનુભવવાની બાલલાગણી ઈશ્વરની તથા ધર્મની કલ્પના પાછળ રહેલી છે... ત્યારે માનવપ્રેમ એ જ ઈશ્વરની મીથ્યા–વૃથા શોધમાંથી મુક્તી મેળવવાનો સાચો માર્ગ મને સમજાય છે. –બર્ટ્રાન્ડ રસેલ

ક્ષણભર વીચાર કરો : તમારી નાનકડી નાજુક – નમણી(મોટી યા નાની) બહેન છે, પુત્રી છે, તમે એને સ્નેહવાત્સલ્યથી અપરમ્પાર ચાહો છો, એ પણ તમોને પ્યારા ગણે છે. ધારો કે કોઈક બળેલા જીવથી આવું મંગલ, દશ્ય જોયું નથી જતું અથવા તો એ તમારો શત્રુ છે. તે ધર્મધુરંધરોને ફરીયાદ કરે છે કે ‘મારા બીજા કે ત્રીજા ચોથા પડોશમાં એક યુવતી રહે છે, એ ડાકણ છે.’ બસ, થઈ રહ્યું : ધર્મધુરંધરો ને ધર્મના રખેવાળો તમારી એ બહેનને આવીને એક દીવસ ઓચીંતા જ ગીરફતાર કરી જશે અને પછી ફુલની જેમ અપાર પ્રેમથી ઉછરેલી એ સુકુમાર વેલ જેવી બાળા, તમારી બહેન યા દીકરી ઉપર ધાર્મીક અદાલતના ફરમાન મુજબ ત્રાસ ગુજારવાનું આરંભાશે, અમાનુષી ત્રાસ ! કારણ ? માત્ર એટલું જ કે કોઈક અસાવધ પળે જીસસે, જો કે મને સો ટકા પ્રતીતી છે કે પરમ માનવતાવાદી એવા કરુણાળુ પુરુષ લોર્ડ જીસસે ખુદે તો કદાચ નહીં જ; પરન્તુ કોઈક તેના અવીચારી અનુયાયીએ જ એવું ફરમાન પવીત્ર બાઈબલમાં પ્રક્ષીપ્ત કરી દીધું કે Thou shalt not suffer witch to live !

તું ડાકણને જીવતી જવા દેતો નહીં ! એમાંથી ડાકણને મારી જ નાખવાનો સીલસીલો ઉદ્ભવ્યો વળી, ‘ડાકણ એ તો સેતાનનો ઓછાયો છે અને સેતાન તો મૃતદેહમાંથી પણ નીકળીને એનાં પાપ સંસારમાં પ્રવર્તાવી શકે. માટે એવું જોખમ ટાળવા ડાકણને તો જીવતી જલાવી જ દેવી જોઈએ !’ બસ, તો પછી ચાલ્યું જ; કારણ કે ધર્મ બુદ્ધીનો – અને વીશેષતઃ સદ્બુદ્ધીનો સદન્તર નાશ કરે છે. તમારી જ નજર સામે, તમારી વહાલી, ને વહાલસોયી, નાજુકનમણી ને સાવ સાલસ એવી નીર્દોષ બહેનને જાતજાતના પીશાચી

તરીકાઓ વડે રીબાવવામાં આવે અને તમારે એના મુક, સ્તબ્ધ, ત્રસ્ત ને મજબુર સાક્ષી બનીને જોયા કરવાનું, અથવા મરી જવાનું ! કીંતુ એ નરરાક્ષસો તો નહીં જ છોડવાના.

વધુમાં રીબામણીના વીવીધ તરીકા તો આપણે વાંચી કે લખીય ન શકીએ, છાતી બેસી જાય ને શ્વાસ ગુંગળાઈ જાય એવા ભયાનક, કઠોર, નઠોર તથા નીર્દય છે. એ લખી શકવા હું તો અસમર્થ જ. અરે, વાંચતા જ એટલી ગુંગળામણ થઈ કે વારંવાર પુસ્તક બંધ કરીને દમ ભરવો પડે અને ઠંડું પાણી પીવું પડે, એટલે એ જવા જ દઈએ. પણ ધર્મનું આપખુદપણું પ્રગટ કરીએ તો ડાકણ તરીકે પકડવામાં આવેલી બહેનને પોતાનો બચાવ કરવાનો કોઈ જ અધીકાર નહીં, માનવીને છાજે એવી કોઈ રીતરસમ જ નહીં, કેવળ પીશાચી, પાશવી શારીરીક ત્રાસ, કબુલાત અને અંતે દહન ! ઘણી સ્ત્રીઓને જાહેરમાં જ જલાવી દેવામાં આવે, એને નગ્ન કરીને જનતાને દર્શાવવામાં આવે કે, ‘જુઓ, જુઓ, આ સ્ત્રી જાતીનાં ગુપ્ત પાપો !’ (જોન ઓફ આર્કની હત્યાનો ઈતીહાસ જુઓ) આંકડોય કમકમાંપ્રેરક એવો વીરાટ છે : સોળમાં–સત્તરમાં સૈકાનાં બસોએક વર્ષોમાં, એકલા યુરોપમાં, લાખો જ નહીં, બલકે કરોડો સ્ત્રીઓને ડાકણ ઠરાવી આમ જીવતી સળગાવી મારવામાં આવી હતી. એ હત્યારા બધા જ પરમ ધર્મધુરંધરો હતા.

તો આ છે ધર્મ ! આપણે એમ પુછી શકીએ કે પૃથ્વી સપાટ હોય યા ગોળ, પૃથ્વી સુર્યની ફરતે ફરતી હોય અથવા સુર્ય પૃથ્વીની ફરતે– એથી શો ફરક પડે છે આપણા માનવજીવનમાં ? ધારો કે થોડા માણસો માને કે પૃથ્વી ગોળ છે અને ફરે છે, તો એથી કયું આભ તુટી પડવાનું હતું ? પણ ધર્મ હોય, ત્યાં બુદ્ધી ન હોય, શુભ ભાવના ન હોય, વીવેક ન હોય સદ્ કે સત્ય વીચાર પણ ન જ હોય અને દયા–કરુણાની તો વાત જ જવા દો ! પૃથ્વી ગોળ છે અને ફરે છે એટલું જ કહેવા બદલ ધર્મભ્રષ્ટ બ્રુનોને જીવતો સળગાવી દેવામાં આવ્યો અને ગેલીલીયોને ઘોર ત્રાસ આપી, તેની પાસે ઘુંટણીયે પાડીને માફી મંગાવવામાં આવી... અને મારા ખ્યાલ મુજબ, બાઈબલમાં તો ક્યાંય એવું સ્પષ્ટ લખેલું પણ નથી કે પૃથ્વી સપાટ છે યા સુર્ય તેની આસપાસ ફરે છે. મારી જાણ મુજબ, આવી માન્યતા ગ્રીક પરમ્પરાની જ મુખ્યત્વે દેણ હતી. (મારી કશી ભુલ થતી હોય તો ખ્રીસ્તી બાંધવો ક્ષમા કરે અને પ્રકાશ પાડે!)

અત્રે ખ્રીસ્તી ધર્મની ટીકા કરવાનો લેશમાત્ર આશય નથી; કારણ કે આજેય, હજી સુધી પણ, ભારતનાં ગામડામાં અને પછાત વર્ગોમાં માણસના દેહમાં પ્રવેશેલું ભુત કાઢવા માટે તેને એવી જ રીતે ઘોર, ઢોરમારથી રીબાવવામાં આવે છે, એ માટે અમુક થાનકો વીખ્યાત છે, જ્યાં માણસના આવા દૈહીક પીડન સામે પોલીસ પણ લાચાર બનીને જોઈ રહે છે. કારણ કે

ખુદ પોલીસ પણ ભુતપ્રેતથી ડરતી હોય છે ! આજેય ભારતનાં ગામડાંમાં ડાકણને જીવતી જલાવવામાં પણ આવે જ છે. માણસ જેવા માણસને બીજું માણસ જબરજસ્તીથી જીવતું સળગાવી મુકે એવું ધર્મમાં અને કેવળ ધર્મમાં જ બની શકે. અત્રે કોઈ દલીલ કરશે કે ‘આપણા દેશમાં તો ભદ્ર સમાજમાં પણ દહેજને કારણે સ્ત્રીને જીવતી જલાવાય જ છે ને ? એમાં ધર્મ ક્યાં આવ્યો ?’ તો મારો જવાબ છે કે લગ્ન તથા દહેજના કુરીવાજો પણ ધર્મના જ અંકુરો કે અવશેષો છે, બાકી સ્ત્રીએ લગ્ન કરવાની આવશ્યક્તા જ શી ? વધુમાં જ્ઞાતીપ્રથાને પરીણામે જ દહેજનું પાપ ફાલેફુલે છે અને વર્ણવ્યવસ્થા તથા જ્ઞાતી એ ધર્મનાં જ જુલમી ફરમાનો છે. બહેનો, લગ્ન કરશો જ નહીં અને જ્ઞાતીમાં તો કદાપી નહીં !

ઓશો રજનીશ કહેતા કે માનવજાતના ઈતીહાસમાં ધર્મને નામે પંદર હજાર જેટલાં તો મોટાં તથા નોંધપાત્ર યુદ્ધો ખેલાયાં છે, નાનાંનાનાં છમકલાં તો અપરમ્પાર !... એક અન્ય ચીંતક લખે છે ધર્મ ને ઈશ્વરને નામે માનવીનું જેટલું લોહી રેડાયું છે એટલું અન્ય કોઈ વીશે નથી રેડાયું.

હજી આજેય, અખબારોમાં અને ટીવી મુલાકાતોમાં પુછાતો પ્રશ્ન સાંભળું છું કે ધર્મ વીના માણસ કયા સીદ્ધાન્તોને આધારે પોતાની જીવનવ્યવસ્થા પ્રયોજી શકે... જો માનવી સદન્તર ધર્મવીમુખ થઈ જાય તો માનવગુણો વીકસે કયા આધારે ? તો પશુતાનું જ સામ્રાજ્ય પ્રવર્તી રહે ને ? વગેરે.

આની સામે મારો પ્રશ્ન છે કે આટલા પ્રકાંડ બૌદ્ધીક વીકાસ બાદ પણ શું સારા, ઉત્તમ, માનવીય ચારીત્રવાળા મનુષ્ય બનવા માટે હજી આજેય ધર્મનો પોકળ આશરો અનીવાર્ય છે ખરો ? અને જો ધર્મ માણસમાં માનવીય સદ્‌ગુણો પ્રેરી શકતો હોય તો ધર્મની સ્થાપના થયે તો ઓછામાં ઓછાં પાંચ હજાર વર્ષ થઈ ગયાં, માણસ કેમ જંગલી પશુ મટી હજી સાચો માનવ બની શક્યો નથી ? મતલબ એ જ કે ધર્મ માણસાઈ વીકસાવવામાં કે પ્રેરવામાં સાવેસાવ નીષ્ફળ સીદ્ધ થયો છે. ધર્મની એકંદરે ત્રણ શાખાઓ ગણાવી શકાય, યા વીભાગો પાડી શકાય : (1) ચીંતન, મુખ્યત્વે આધ્યાત્મીક ચીંતન (2) નૈતીકતા તથા સદ્‌ચરીત્રનો ઉપદેશ (3) વીધીનીષેધો અને કર્મકાંડ.

માણસે આજ પર્યંત પ્રથમ અને ત્રીજા આદેશને જ મહત્ત્વ આપ્યું અને એ સ્વીકાર્યા, એટલું જ નહીં, એને જળોની જેમ વળગી રહ્યો, જ્યારે ધર્મનું જે સૌથી મહત્ત્વનું કાર્ય હતું અને તે બીજું કે મનુષ્યમાં નીતીમત્તા તથા સચ્ચરીત્ર પ્રેરવું– એ સદન્તર અવગણાયું; કારણ એ જ કે એ મુશ્કેલ છે; કારણ કે એમાં તો સંયમ અને સ્વાર્થત્યાગ પણ આવે.

નીતીમત્તા માણસના અહં તથા સ્વાર્થની આડે આવે છે. માણસ ધર્મ તથા ઈશ્વરની બીનઅસરકારકતા મનોમન બરાબર સમજતો હોય છે. દા.ત., વેપારીજણ સવારે દુકાન ખોલીને દીવો સળગાવશે, અગરબત્તીના ધુમાડા કોઈ ફોટા સામે યા આખી દુકાનમાં ઉડાડશે, કશીક પ્રાર્થનાય બબડી જશે; પરન્તુ એ પછી આખો દીવસ તે અપ્રામાણીકતા આચરશે, નફાખોરી કરશે, ભેળસેળવાળો, ઝેરી માલ વેચશે, ઘરાકોને બીનધાસ્ત છેતરશે, સરેઆમ જુઠું બોલશે, કારણ કે તેના મનમાં ધર્મ–ઈશ્વરની નીર્બળતાની પાકી ખાતરી છે કે કોઈ તેનો હાથ ઝાલવા ને રોકવા તો નથી જ આવવાનું ! આમ નાસ્તીકો કરતાંય આસ્તીકો વધુ નાસ્તીક છે; કારણ કે નાસ્તીક–રૅશનાલીસ્ટને કમસે કમ પોતાની જાતમાં ને માણસમાં તો વીશ્વવાસ છે ને? ધર્મ કરતાં નીજી વીવેકશક્તીના બળે, મનુષ્ય વધુ સારો માણસ બની શકે; કારણ કે ધર્મના નૈતીક આદેશોનાં મુળભુત ધ્યેય–મર્મ રૅશનાલીસ્ટ યથાર્થ પામી શકે છે. મતલબ કે સારા નાગરીક બની રહેવું એ ધાર્મીકતા નથી; કીન્તુ સમાજના વ્યવહારની સરળતા, સુસ્થીરતા, વીશ્વસનીયતા, નીશ્ચીન્તતા તથા સુમેળનો એ પાયો છે. રૅશનાલીસ્ટો એકંદરે ‘સારા માણસો’ હોવાનું જોવા મળે છે, તે આ જ કારણે. વીવેકબુદ્ધીવાદી અભીગમ જ્યારે પોતાની એ શક્તી વડે, સમાજ માટે શું સારું અને શું ખરાબ, અર્થાત્, શું હીતકારી અને શું અહીતકારી– એ યથાર્થ પ્રમાણી શકે છે, ત્યારે, ‘સારા માણસ’ બનવા સીવાય તેની પાસે કોઈ વીકલ્પ જ નથી રહેતો. બીજી બાજુ, ધર્મ એવી યથાર્થ પ્રતીતી કરાવી જ શકતો નથી, પાંચ હજાર વર્ષનો ધર્મનો એ દુઃખદ ઈતીહાસ છે.

દસમી–પંદરમી સદીની સરખામણીમાં ઓગણીસમી–વીસમી સદીમાં માણસ એક માણસ તરીકે અનેકગણો સારો, નૈતીકતામાં ને ભાવનામાં ઘણો વધુ માનવીય બનીને પ્રગટ્યો છે એનો તમામ યશ વીજ્ઞાનને જ ફાળે જાય છે. વીજ્ઞાનનો પ્રચંડ વીકાસ આ એક–દોઢ સદીમાં, કોઈનેય જીવતા જલાવ્યા વીના યા કોઈનાય કાનમાં ધગધગતું સીસું રેડ્યા વીના જ, પંથો–ગાદીઓ સ્થાપીને, મજબુર ને ભોળા માણસોને છેતરીને લલચાવ્યા સીવાય જ, જબરજસ્તી તથા લોભલાલચ વીના જ, થયો અને વળી ખુબ વ્યાપક, સર્વદેશીય થયો એ જ એની સત્યતા તેમ જ સત્ત્વશીલતાનો સચોટ પુરાવો છે. સુખસગવડ, સલામતીને રાહત, તાકાત તથા બલવર્ધન અને અભુતપુર્વ સીદ્ધીઓ (જેવી કે ચન્દ્રારોહણ) વીજ્ઞાને ફક્ત બે સદીમાં જેટલાં ને જેવાં આપ્યાં છે, એટલાં પાંચ હજાર વર્ષના ધર્મના આતંકવાદી ઈતીહાસમાં તેણે ક્યારેય નથી આપ્યાં. ધર્મે કત્લેઆમનાં ફરમાનો કાઢેલાં ઈતીહાસમાં નોંધાયાં છે; કીન્તુ શીતળા, મેલેરીયા યા પોલીયો જેવા શાપરુપ રોગોની નાબુદીની ઝુંબેશ ધર્મે ક્યારેય ઉપાડી

જાણી નથી. વળી એ તેની શક્તી કે ગજા બહારની જ વાત છે. ધર્મ માણસને રાંક અને લાચાર બનાવી રાખે છે.

આજનો માનવી ભુતકાળના કોઈ પણ સ્તરની અપેક્ષાએ અનેકગણો સારો ને સમજદાર માણસ બન્યો છે. માનવઅધીકાર યા તેનાં ત્રીવીધ સ્વાતંત્ર્યનો ઉલ્લેખ સરખોય ધર્મમાં ક્યાંય જોવા મળ્યો છે ખરો ? વીચાર કે અભીવ્યક્તીનું સ્વાતંત્ર્ય તો ધર્મને પોસાય તેમ હતું જ નહીં, એટલે તે તો ફરમાવતો : દંડમ અહન્તી અધાર્મીકાઃ। ન સ્ત્રી સ્વાતંત્ર્યમ્ અહર્તી। આતતાયીની હત્યા જ કરો, અને પ્રેમીઓને ફટકા મારો ! શુદ્રોની જીભ ખેંચી કાઢો !

હમણાં શીક્ષીતોની મુર્ખતાએ એક વધુ વીચીત્ર ઉપાડો લીધો છે : ધર્મગ્રંથોમાં બધું શુભ, સત્યમુલક, હીતકારી તથા વૈજ્ઞાનીક જ પ્રબોધવામાં આવ્યું છે, એટલે દોષ આપણાં અજ્ઞાન તથા અલ્પ સમજનો છે. આત્મા અમર જ છે, માટે શત્રુઓને મારો, કોઈ હણાતું નથી! પાપી આત્માઓ નરકમાં જ જાય ! કર્મનો બદલો મળે જ મળે વગેરે વગેરે બધું જ રુપકાત્મક... આવાં પોલાં ને પોકળ, મીથ્યા અર્થઘટનો કરવા પાછળ સમય, શક્તી ને બુદ્ધી વેડફ્યા વીના જ, શીક્ષીતજનો જો ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવા ઈચ્છતા જ હોય તો એમણે એમાં રહેલાં અનીષ્ટો, હાનીકારક આદેશો, અવૈજ્ઞાનીક તથા અબૌદ્ધીક ઘટનાઓ, તત્ત્વો, અનૈતીક તેમ જ વીસંગત વ્યવસ્થાઓ– એવું બધું જુદું તારવવું જોઈએ અને એનો હીમ્મતભેર અનાદર કરવાનો આદેશ ઘેટાછાપ ભક્તો–આસ્તીકોને આપવો જોઈએ. તથાગત બુદ્ધથી માંડીને તે મહર્ષી દયાનન્દ સરસ્વતી સુધીના મહાન ધર્મસુધારકોએ આ જ કાર્ય બજાવેલું... જો કે ચાર્વાકોની પણ સમાજને અનીવાર્યતા છે જ – વીદ્યાર્થીઓને ગતાનુગતીક એવા ધર્મનું મીથ્યા જ્ઞાન આપવાને બદલે એમનામાં વૈજ્ઞાનીક માનસ તથા અભીગમ પ્રેરો અને વૈજ્ઞાનીક ખોજો કરવા સર્વ પ્રકારે તેમને તૈયાર કરો ! શીક્ષણનું સાચું ધ્યેય તો એ જ હોઈ શકે. આપણા બંધારણનો પણ એવો જ આદેશ છે.

## ભરતવાક્ય

યોગ, ધ્યાન, કુંડલીની, ચક્રો આદી વાતો કેવળ ગપગોળા છે. યોગથી કદાચ અલ્પ વ્યાયામ થતો હોય અને એથી સ્વલ્પ લાભ થાય; પરન્તુ એથી કોઈ ચમત્કારીક કે દૈવી શક્તીઓ કદાપી પ્રાપ્ત થતી નથી... ધ્યાનથી લાભને બદલે હાની જ વીશેષ થાય છે, એથી મગજ જડ થઈ જાય છે. પ્રાર્થનાથી કશો જ લાભ નથી. પુર્વજન્મ અને પુનર્જન્મની માન્યતાઓ કપોળકલ્પનાઓ તથા ભ્રમણાઓ માત્ર છે. મૃત્યુ બાદ કશું જ ટકતું નથી. –ડૉ. અબ્રાહમ કોવુર

અનુક્રમણીકા

## 21

# માનવજાત 'સંયમ'થી અસહ્ય પીડાય છે !

Finding that no religion is based on facts, and cannot therefore be true, I began to reflect what must be the condition of mankind trained from infancy to believe in errors. –Robert Owen

ધર્મ અને ઈશ્વર એ આદીમ, અજ્ઞાન માનવપ્રાણીની કપોળ કલ્પનાઓ છે, જે આ ચોક્કસ પ્રાણીના મગજ નામક અવયવના વીકાસનું પરીણામ કે દુષ્પરીણામ છે. આ પૃથ્વી પટે પ્રશ્ન પુછનારું એકમાત્ર પ્રાણી તે માણસ છે અને મુશ્કેલી યા આપત્તી એ ઉદ્ભવી કે જ્યારે કોઈ ઉત્તર શક્ય જ નહોતા, તેવે તબક્કે તેણે અતીગહન અને વ્યાપક પ્રશ્નો પુછવા માંડ્યા. પરીણામે ઉત્તરદાતાઓએ અસત્યનો આશરો લેવો જ રહ્યો. કારણ કે; તેઓ પાસે પણ કોઈ સત્ય જ્ઞાન નહોતું. આમ કલ્પનાઓ, અસત્યોને ચગાવનારી પરીસ્થીતી જન્મી. માટે જ ઉપર ટાંકેલ વીધાનમાં, ઓવન કહે છે કે કોઈ પણ ધર્મની આધારશીલા નક્કર સત્યો છે જ નહીં. પરીણામે એના અનુસરણથી માનવજાત અપરમ્પાર પીડાઓ તથા યાતનાઓનો ભોગ બની, જે આજેય તેને પીડી રહી છે. આમ કેવી રીતે બન્યું ? એનો થોડોક ઈતીહાસ ટાંકી આજે અત્રે અમુક એવી આપત્તી તથા એનાં બહુવીધ દુઃખદ પરીણામોની ચર્ચા કરીએ.

રસેલ કહે છે કે ઈશ્વરની કલ્પના સરમુખત્યાર રાજવીની સંસ્થાને આધારે ઉદ્ભવેલી એ સાચી જ વાત છે. માનવીએ સમાજ રચ્યો ત્યારે એના સુવ્યવસ્થીત સંચાલન અર્થે કોઈ તાકાતની આવશ્યકતા સમજાઈ. એમાંથી શાસનવ્યવસ્થા સર્જાઈ. સમાજની કોઈ શક્તીશાળી વ્યક્તીને એ માટે પસંદ કરવામાં આવી અને તેને આ કર્તવ્ય સોંપવામાં આવ્યું. એ વ્યક્તીએ પછી પોતાની આખી એક ટુકડી રચી, સમાજનું સંચાલન જાળવવા માંડ્યું. એ રીતે ઉદ્ભવી રાજ્યવ્યવસ્થા... ત્યારે માણસને એ પ્રશ્ન તો દમતો જ હતો કે આવડા વીરાટ વીશ્વનું સંચાલન કેવી રીતે થતું હશે ? જરુર કોઈક એ ચલાવતું હશે. જવાબમાં તેણે પોતાની રાજવીનો દાખલો જ ત્યાં લાગુ પાડ્યો અને ઈશ્વરની કલ્પના જન્માવી.

આ બીલકુલ સાચી શોધ છે, કારણ કે; તથાકથીત ઈશ્વરના ગુણધર્મ બરાબર રાજા જેવા જ કલ્પાયા છે : 'તે રીઝે તો ન્યાલ કરી દે અને ક્રોધે ભરાય તો નાશ કરી નાખે. માટે તેને ખુશ રાખવા તારીફ કરો, ભેટસોગાદો આપો ઈત્યાદી...' આમ એક મીથ્યા કર્મકાંડી વ્યવસ્થા રચાઈ. પછી ચૈતન્ય વળી એક અન્ય આશ્ચર્ય હતું, એમાંથી આત્મા–પરમાત્માની ફીલસુફી જન્મી. અને ત્રીજું તે સમાજને વ્યવસ્થીત ચલાવવા માટેની આચારસંહીતા, અર્થાત્

સદાચારના નીયમો. આમ ધર્મના ત્રણ પાયાઓ રચાયા : **(1)** કર્મકાંડ **(2)** તત્ત્વચીંતન અને **(3)** સદાચારના નીયમો. યાદ રાખો કે આ ઈતીહાસ હું એ કાળનો વર્ણવી રહ્યો છું કે જ્યારે organized religions સ્થાપીત સંપ્રદાયો હજી તો ભવીષ્યમાં ઉદ્‌ભવવાના હતા. મતલબ કે ઈશ્વર તથા ધર્મના જન્મ સમ્બન્ધી આ હકીકતો છે ! બધા જ સમાજો આ જ પ્રક્રીયામાંથી પસાર થયા એટલે સર્વત્ર ઈશ્વર તથા ધર્મની કલ્પનાઓ પ્રવર્તતી.

બધા જ ધર્મોના પાયાની રચના આમ એક સરખી જોવા મળે છે અને છતાં તદ્વીષયક ઉત્તરો ભીન્નભીન્ન છે– એનું મુળ કારણ આ જ કે બધી જ કપોળકલ્પનાઓ છે. દાખલો આપીને સ્પષ્ટતા કરું તો પ્રત્યેક ધર્મમાં આત્મા, પરમાત્મા, પુનર્જન્મ, સ્વર્ગ–નરક, પાપ–પુણ્ય આદી વીભાવનાઓ અવશ્ય છે; છતાં એ વીશેની ધારણાઓ, એનાં ધારાધોરણો તથા નીયમો ભીન્નભીન્ન છે તે આ કારણે જ કે; આદીમાનવના સાચા પ્રશ્નોના એ ખોટા ઉત્તરો છે. આજે આપણે પાપ–પુણ્યના નીયમો, તદ્વીષયક સમ્પુર્ણ પરસ્પરવીરોધી માન્યતાઓ અને સદાચારના ખ્યાલોમાં રહેલાં અસત્યોનું કારણ તથા એના શુદ્ધીકરણની થોડી વાતો કરીએ: દા.ત., અમુક એ સમ્પ્રદાય પ્રાણીનો જીવ બચાવવામાં પુણ્ય માને છે. જ્યારે વળી બીજો ધર્મ એ જ પ્રાણીની વીધીસર હત્યા કરી, એના માંસનો પ્રસાદ વહેંચવામાં પુણ્ય સમજે છે ! આવા એકબીજાથી સાવેસાવ ઉલટાં પાપપુણ્યો કેમ ?

કેવળ પોતાના પંથ કે સમ્પ્રદાયની માન્યતાઓના સમર્થન અર્થે જ એવી દલીલો કરવામાં આવે છે કે માણસ મુળભુત રીતે શાકાહારી પ્રાણી છે, 'હીંસા' એ તેની પ્રકૃતી નથી વગેરે ! પરન્તુ સાચી હકીકત એ છે કે મનુષ્યે એના ઉદ્‌ભવ તથા અસ્તીત્વનાં 97 (સત્તાણું) ટકા વર્ષો એક શીકારી પ્રાણી તરીકે જ ગુજાર્યાં છે, જ્યારે તે મુખ્યત્વે માંસાહારી હતો. છેલ્લાં ત્રણ ટકા વર્ષોમાં જ તે ખેતી કરતો અને અનાજ ખાતો થયો છે. ધારો કે આ પૃથ્વી પર મનુષ્યને ઉદ્‌ભવ્યે એક લાખ વર્ષ થયાં, તો પ્રથમ સત્તાણું હજાર વર્ષો સુધી એ માંસાહારી શીકારી જ હતો. છેલ્લાં માનો કે ત્રણ હજાર વર્ષથી ખેતી કરી, અનાજ આરોગતો થયો છે. હા, કાચાં ફળ–પાંદડાં કે કંદમુળ તે એની મુળ અવસ્થામાંય જરુર ખાતો હશે. ('કાંચાં' એટલે રાંધેલાં નહીં– એવા અર્થમાં).

લંડનમાં, જ્યારે અમે ગીનેસ બુકના વીશ્વવીક્રમોનું સંગ્રહસ્થાન જોવા ગયા ત્યારે એમાંના નમુનાઓ જોઈને એક સાથીમીત્રે બહુ રમુજી છતાં સચોટ ટકોર કરી કે 'સૃષ્ટીક્રમ વીરુદ્ધ કોઈ પણ પરાક્રમ સૌથી વધુ કરી દેખાડવું, તે વીશ્વવીક્રમ !' દા.ત., સામાન્યજનો ચુંબન કરે એમાં કશું આશ્ચર્ય નહીં; પરન્તુ જો કોઈ બે વ્યક્તી પોતાનું એવું ચુંબન બસો–ચારસો કલાક એકધારું લંબાવે તો એ વીશ્વવીક્રમના ગીનેસ વર્લ્ડ રેકોર્ડને યોગ્ય બને. માટે વીશ્વવીક્રમ

સાધવાથી સમ્બન્ધીત કાર્ય ઉત્તમ જ છે એમ સીદ્ધ નથી થતું; બલકે એ અનુચીત પરાક્રમનો પણ વીક્રમ હોઈ શકે. આ દાખલો અહીં તો હું માનવસમાજની પાપ–પુણ્યની વીભાવના સ્પષ્ટ કરવા માટે જ ટાંકું છું.

અમુક કાર્યને પુણ્ય ગણવું, જ્યારે તમુક કૃત્યને પાપ સમજવું–એવા વીભાગીકરણનાય વળી બે પ્રકાર છે : એક તે, સમાજની વ્યવસ્થા છીન્નભીન્ન કરી નાખે એવાં કૃત્યો, જેવાં કે ચોરીલુંટ, ખુન, વ્યભીચાર, બળાત્કાર, અપ્રામાણીકતા વગેરે દુર્વ્યવહારો આચરવા તે પાપ અને ન આચરવા તે પુણ્ય. અને બીજાં કાર્યો તે, સૃષ્ટીક્રમ વીરુદ્ધનું આચરણ : દા.ત., ખાવું તે સૃષ્ટીક્રમ છે; તો અપવાસ એ પુણ્ય ! ઉંઘવું એ કુદરતી વૃત્તી છે; ત્યારે જાગરણ એ પુણ્ય ! મૈથુન એ પણ એકદમ પ્રકૃતીસહજ પ્રાણીધર્મ છે; માટે બ્રહ્મચર્ય એ પુણ્ય! આ પ્રકારનાં પુણ્યકાર્યો માટે આપણા પુર્વજોએ એક શબ્દ પ્રયોજ્યો છે અને એનાં ભારે ગુણગાન ગાયાં છે, એ શબ્દ તે 'સંયમ'. સામાન્ય લોકને મન આવા સંયમનું મહત્ત્વ ઘણું મોટું છે. દા.ત., કોઈ વ્યક્તી ઉદાર હોય, ભલી હોય, સેવાભાવી હોય, પ્રામાણીક તથા સત્યપાલક હોય, તો તેને ઝાઝા અનુયાયીઓ આ સંસારમાં નથી જ મળતા; પરન્તુ જો કોઈ પરાક્રમી જણ સો દીવસના નક્કોરડા અપવાસ કરે અથવા તો મહીનાઓ સુધી એક પગ પર ઉપર ઉભો રહે, તો તે સીદ્ધ પુરુષ બની જાય અને તેની પાછળ ભક્તોની લાંબી લાઈન લાગી જાય ! લગભગ બધા જ સમ્પ્રદાયોએ આ બીજા પ્રકારનાં પાપ–પુણ્યની વ્યાખ્યા અપનાવીને પોતાની આચારસંહીતાઓ ઘડી છે.

ધર્મના સદાચાર કે પુણ્ય વીશેના આવા ખોટા ખ્યાલોએ માનવજીવનમાંથી આનન્દને દેશનીકાલ કરી નાખ્યો – એ કહેવાતા ધર્મોની સૌથી મોટી જીવનવીરોધી પ્રવૃત્તી છે. દા.ત., બ્રહ્મચર્ય અને તદંતર્ગત કૌમાર્ય, સતીત્વ, પરજનગમન, વૈધવ્ય પાલન વગેરે... વગેરે ! બ્રહ્મચર્ય એ અતીકઠોર તપશ્ચર્યા છે, પ્રાયઃ દુઃસાધ્ય છે, એટલે એનું પુણ્ય વળી સૌથી મોટું ! વાસ્તવમાં બ્રહ્મચર્ય પાલનથી કોઈ લાભ નથી; બલકે શારીરીક–માનસીક હાની જ હાની છે. છતાં એના મુલ્યની ભ્રમણાએ માનવમનનો એવો તો કબજો લીધો કે ગાંધીજીએ કહ્યું કે સાચો નૈષ્ઠીક બ્રહ્મચારી જ હીન્દનું સ્વરાજ્ય સીદ્ધ કરી શકે! પછી વીધીવક્રતાય નોંધવા જેવી છે. ભારતના પ્રથમ વડાપ્રધાન તો પંડીત જવાહરલાલ નહેરુ જેવા રસીક જન બન્યા ! વાસ્તવમાં, આ સંસારમાં આવો કોઈ ખરેખર નૈષ્ઠીક બ્રહ્મચારી પાક્યો હશે કે કેમ ? એ શંકાસ્પદ પ્રશ્ન છે, મારા વીનમ્ર મતે તે અસમ્ભવીત છે.

અત્રે એક આડવાતની સ્પષ્ટતા નીઃશંક અનીવાર્ય બને છે અને તે એ કે કુદરતી આવેગોના પણ બે પ્રકારો છે. એક તે જીવન ટકાવનારો, અનીવાર્ય એવી કાયમી ઈચ્છાઓ

અને આવશ્યક્તાઓ. બીજો પ્રકાર તે નીવાર્ય, બીનજરુરી તથા ત્યાજ્ય આવેગો. ધર્મ લગભગ બધા જ પ્રકારના આવેગો ત્યજવાનો બોધ આપે છે; પરન્તુ આપણે ઉપર જોયું તેમ આહાર, નીદ્રા અને મૈથુન આદી આવેગો ત્યજવા જેવા તો શું, દમવા જેવા પણ ભાગ્યે જ ગણાય. તે આ જીવનની અનીવાર્ય આવશ્યક્તાઓ છે, કેવળ એટલા માટે જ નહીં; પરન્તુ સાથે સાથે તે જીવનાનન્દો પણ છે અને આનન્દનો ત્યાગ એ મુર્ખતા જ લેખાય; કારણ કે આનન્દરહીત જીવન જીવવાનો પછી અર્થ જ શો ? આ ઉપદેશ સામાન્યજન માટેનો સમજવો. સમાજમાં અપવાદરુપ થોડા સાધુસંતો ભલે હોય, મતલબ કે હોઈ શકે. બાકી સાધુસંતો એ આખરે તો નકામા તેમ જ પરોપજીવી પ્રાણીઓ છે, એટલે જેટલા તે ઓછા હોય એટલું જ સમાજ માટે એ વધુ હીતાવહ ! આવેગોનો ત્યાજ્ય પ્રકાર તે ક્રોધ, લોભ, ઈર્ષ્યા, દ્વેષ, વેર વગેરે, જે વ્યક્તી તથા સમાજને બહુધા હાનીકારક નીવડે છે, માટે તે ત્યાજ્ય, એમાં પાપ–પુણ્યનો પ્રશ્ન નથી.

હવે બીજી મહત્વની વાત : આરંભે મુકેલા અવતરણમાં ઓવન કહે છે કે; અસત્યમુલક ધર્મોના અમલથી માણસજાતની કેવી અવદશા થઈ છે, એનો હવે હું વીચાર કરી રહ્યો છું. આ ભયાનક અવદશાનો અત્રે એક જ દાખલો ટાંકીને ધર્મો દ્વારા, એટલે કે ધર્મસંસ્થાના સામુહીક એવા રાક્ષસી બળ વડે માનવી પર ગુજરતા ઘોર અત્યાચારો પ્રતી અંગુલી નીર્દેશ કરું : સંયમ, બ્રહ્મચર્ય કે લૈંગીક પાવીત્ર્યના અનુચીત, ધાર્મીક દુરાગ્રહને પરીણામે, સ્ત્રીપુરુષના અતી મંગલ તથા અભુતપુર્વ બ્રહ્માનન્દનો અનુભવ કરાવનાર પ્રેમ ઉપર પ્રતીબંધ આવ્યો; ઉપરાન્ત વળી એ બદલ પાશવી સજાઓ ઘડી કાઢવામાં આવી ! આવો વ્યવહાર અમાનુષી અત્યાચારો જ બની રહે છે, જે કેવળ માનવ–આનન્દનો જ નહીં; માનવસ્વાતંત્ર્યનો પણ વીધ્વંસક બની રહે છે. દા.ત., કુમારીકા પ્રેમમાં પડે તો એને બેરહમ જીવલેણ માર મારવો અથવા તો ખુદ માતાપીતા જ એની હત્યા કરી નાખે ! એ જ રીતે, દુનીયાના ઘણા સમ્પ્રદાયો માને છે કે કેવળ સન્તતી અર્થે જ સમ્ભોગ પ્રયોજવો (આનન્દ–સમાધી માટે નહીં !), એટલું જ નહીં; કેથોલીક પંથ તો સમાગમ માત્રને પાપ જ માને છે ! હવે ટુંકમાં જ કહું તો, આવો કોઈ ધાર્મીક સરમુખત્યાર ધારો કે સત્તાસ્થાને ચઢી બેસે તો સામાન્ય નાગરીકોની હાલત કેવી દયનીય તથા અસહ્ય બની જાય ! ભુતકાળમાં આમ બન્યું જ છે અને વર્તમાનમાં પણ દુનીયાના કેટલાક ભાગોમાં આવી કરપીણ અને કમકમાપ્રેરક એવી પાશવી દુર્ઘટનોઓ બની જ રહી છે. માનવજાતને આવાં ઘોર અત્યાચારો તથા અઘોર યાતનાઓમાંથી કોણ છોડાવશે ? ક્યારેક એમાંથી એની મુક્તી થશે ખરી ?

## ભરતવાક્ય

Religion is the sigh of the oppressed creature, the feeling of a heartless world… It is the opium of the people. The imaginary flowers of religion adorn man's chains. Man must throw off the flowers and also the chains. –Karl Marx

●

અનુક્રમણીકા

## 22

# આપણે ઈશ્વરનાં માનીતાં કે મોંઘેરા સન્તાન નથી જ નથી

ચીદાનન્દરુપઃ શીવો–હમ્ શીવો–હમ્ ।

તદ્ બ્રહ્મ નીષ્કલમહમ્

ન ચ ભુતસંઘઃ ।

માણસ કેવું તુચ્છ, ગંદું અને ભદ્દું પ્રાણી છે : What a piece of work is man ! How infinite in faculty ! વાત તો સાચી જ; કીન્તુ સાથે સાથે એય સત્ય જ કે How noble in reason ! – તે બહુધા નથી જ અને એટલે જ man delights not me… માણસ ઈશ્વરનું કોઈ વીશીષ્ટ અને વહાલું, માનીતું અને મુલ્યવાન સર્જન નથી; કીન્તુ પ્રકૃતીના અન્ધ પરીબળોના પરસ્પર ટકરાવથી પૃથ્વી પટે અકસ્માત ઉદ્ભવી ગયેલા એક સજીવ પદાર્થની ક્રાન્તીનું જ પરીણામ છે. અને ખરેખર આ દેહમાં, એની રચનામાં એમાં વપરાયેલી કાચી સામગ્રીમાં કે સ્વ–સંચાલનની સમગ્ર પ્રક્રીયામાં ગર્વ લેવા જેવું યા ગૌરવ અનુભવવા જેવું કંઈ નથી. આહાર અને ઉત્સર્ગની, મૈથુન અને પ્રજનનની ક્રીયાઓનો જરા વાસ્તવીક વીચાર કરીએ તો સુગ જ આવે, ખરે જ એવું બધું એટલું બીભીત્સ છે. માટે જ બ્રહ્મરુપ છું, ચીદાનન્દરુપ છું, એવી એવી કલ્પનાઓ કરવાથી માણસને આશ્વાસન મળે, અસ્તીત્વનો અલ્પ આહ્લાદ અનુભવાય, મનને જરા રાહત લાગે. બાકી તો તમામ પ્રાણીદેહ એક યંત્રમાત્ર છે એથી વીશેષ કશું જ નહીં. પદાર્થ અને ઉર્જાના રુપાન્તરણની, પોષણ તથા ઘસારાની તે એક જટીલ અને જટાજુટ યન્ત્રરચના માત્ર છે, પ્રાણીનું મગજ અને મન પણ એક અતીવ સંકુલ એવું કમ્પ્યુટર યન્ત્ર છે, જેનો પ્રધાન હેતુ વળી જીવન ટકાવી રાખવાનો, સરવાઈવલનો જ, એટલે એમાં શીવ, સુન્દર, ભદ્ર, ઉન્નત કે ઉમદા તત્વ–અતી વીરલ !

એની સામે પ્રકૃતીની સૃષ્ટી કેવી અપરમ્પાર ભવ્ય તથા ભયાવહ, આશ્ચર્યવત્ અને અદ્ભુત, સુવીરાટ અને અસીમ–અનન્ત છે ! એનો સાક્ષાત્કાર થતાં જ દંગ રહી જવાય છે, સ્તબ્ધ થઈ જવાય છે, માણસની હીનતા, તુચ્છતા, ક્ષુદ્રતા અને લઘુતા મનને પીડવા લાગે છે, ત્યારે માણસ આ ધરતીપટે ફક્ત એના બે પગ ટેકવી રાખવા માટે પોકારી રહે છે.

તદ્ બ્રહ્મ નીષ્કલમહમ્ ન ચ ભુતસંઘ ।

કીન્તુ એવો સાક્ષાત્કાર દુષ્કર છે. કુદરતે તથા માણસેય માણસની એવી તો ભુંડી અવદશા સર્જી છે કે તે વામનમાંથી વીરાટ બનવા જતાં સ્વયમેવ આ વીરાટતા સમક્ષ વામનતમ બની ગયો છે. ધરતી પર અજ્ઞાનવશ પોલાદી પકડથી ટેકવાયેલા એના પગ ઉખડી

ગયા છે, તે નીરાધાર બની રહ્યો છે. અમેરીકામાં એક સ્થળ છે : ગ્રાન્ડ કેન્યન, ખડકો જ ખડકો, વીશાલ–વીરાટ પથ્થરની અગણીત છાટો ઉંડે–ઉંડે, અતીઉંડી ખીણમાં કલરવતી, પછડાતી, પડઘાતી, ફીણાતી ને કવચીત ઘોર ગર્જન કરતી કોલોરેડો નદી, માઈલો સુધી વીસ્તરતી કેવળ જંગી, રાક્ષસી, ઉંચીનીચી, સપાટ ને અણીયાળી પાષાણલીલા ! સંસારનો કોઈ પણ માનવશીલ્પી કદાપી ન કોતરી શકે, પ્રાણાન્તેય ન કંડારી શકે એવું ચીત્રવીચીત્ર ને નયનરમ્ય કુદરતી કોતરકામ. બસ, જોયા જ કરો ! અને આંખ આપોઆપ જ અંતર્મુખ બની બીડાઈ જાય, કશીક ભયપ્રેરક સ્તબ્ધતાથી છાતીની ધડકન મંદ પડી જાય, બેહોશીથી ચીત્તને અકળ ગહન સમાધી લાધી જાય, અથવા તો બસ આનન્દના ઉન્માદથી નાચી ઉઠાય. આવી રમણીય અદ્‌ભુતતા સમક્ષ તુચ્છ બની રહેવાનો પણ એક આનન્દ છે, એવું આશ્વાસન લેવું રહે.

અને એટલે જ આ ભવ્ય અને ભયાવહ બ્રહ્માંડના નુતન, વૈજ્ઞાનીક દર્શને, આનન્દોદ્રેકપુર્ણ પેલો મહાવીજ્ઞાની આઈન્સ્ટાઈન પોકારી ઉઠ્યો : ‘સૌથી વધુ સુન્દર, સૌથી વધુ ભવ્ય જે ઉર્મી આપણે આજે અનુભવી શકીએ તે કેવળ રહસ્યમયતાની સ્તબ્ધ સમ્વેદના જ છે અને એમાં જ આપણા આ સર્વ સત્યનીષ્ઠ વીજ્ઞાનનાં બીજ વવાયેલાં છે. જે માનવી આવો બ્રહ્માનન્દી ઉદ્રેક અનુભવી નથી શકતો, જે આવાં વીસ્મયોથી મુઢ–સ્તબ્ધ નથી બની જતો, અને જે મનુષ્ય આ અકલ્પનીય એવી ભવ્ય ભીષણતા સમક્ષ સમાધીસ્થ નથી બની શકતો, એ મનુષ્ય ખરે જ કેવળ નીર્જીવ શબ સમો છે. જેનો પાર આપણે કદાપી પામી શકવાના નથી, એવા કશાક તત્ત્વનું અસ્તીત્વ ખરેખર સંભવે એમ પ્રમાણવું, જે તત્ત્વ બાહ્યતઃ પ્રોજ્જ્વલતમ સૌંદર્યરુપે અને અંતઃકરણમાં પ્રકાંડ પ્રજ્ઞારુપે પ્રગટ થાય છે અને જેને કેવળ સાવ પ્રાથમીક સ્વરુપે જ આપણી આ અલ્પ મતી–શક્તી પારખી શકે છે એમ સમજવું – એ જ્ઞાન અને લાગણી જ સાચી આધ્યાત્મીકતાનું કેન્દ્ર હોઈ શકે... આપણે આપણા અત્યન્ત નીર્બળ તથા ક્ષણજીવી ચીત્ત વડે જેના માત્ર અલ્પાંશોને જ પ્રગટ થતા જોઈ શકીએ છીએ, એ અસીમ, સર્વોપરી સત્વની વીનમ્ર સ્મૃતી એ જ મારો ધર્મ છે. આ કલ્પનાતીત બ્રહ્માંડમાં કોઈ પરાત્પર વીવેકશક્તીના અસ્તીત્વની ગહન ઉર્મીમય પ્રતીતી એ જ મારો પરમાત્માનો ખ્યાલ છે. આવો વૈશ્વીક આધ્યાત્મીક અનુભવ જ આપણા વૈજ્ઞાનીક સંશોધનનું સબલતમ તથા ઉદાત્તતમ ઉગમસ્થાન છે.’

આવી, આઈનસ્ટાઈન જેવી આધ્યાત્મીકતા તથા આસ્તીકતાને આપણે અવશ્ય સમજી શકીએ અને એટલા પુરતું સ્વીકારીએ, તોય એથી પ્રકાંડ વીજ્ઞાની માટેનો આપણો આદર લેશમાત્ર ઘટતો નથી, ન ઘટવો ઘટે; કારણ કે પ્રશ્ન કેવળ અર્થઘટનનો છે. બાકી આર્થર

એડીંગ્ટન કે કાપ્રા જેવા વીજ્ઞાની સાધુબાવાઓની આસ્તીકતાને તો આપણે ઉદારભાવે હસી કાઢવી જ રહી... ખેર, આપણો આજનો વીષય એ નથી; હા, એટલું સુચવી લઉં કે ધર્મ અને ઈશ્વર જેને જરુરી લાગે, તેના ધર્મ–ઈશ્વર આઈનસ્ટાઈન જેવા જ હો !

આજનો મુદ્દો તો છે : આ અસીમ બ્રહ્માંડ અને અનાદી–અનંત મહાકાલમાં માનવ–અસ્તીત્વની ક્ષુદ્રતા, ક્ષણીકતા તથા અર્થહીનતા : વીજ્ઞાનીઓ આજે આ અકલ અને અતાગ, અનાદી અને અસીમ એવા સુવીરાટ બ્રહ્માંડની જે રહસ્યમયતા તેઓનાં પ્રચંડ સાધનો વડે પામી શકે છે, એ જોવાનું નસીબ કદાચ આપણને પ્રાપ્ત ન થાય, બહુધા નહીં જ થાય; પરન્તુ કોઈ ઘોર અન્ધકારઘેરી રાત્રીએ, આ માનવસર્જીત રોશનીથી દુર–સુદુર જઈ, જરા આકાશ પ્રતી મીટ માંડજો. કેટલા બધા કોટ્યાનકોટી તારકો અને એ વળી કેવળ એકલા આપણા જ તારાવીશ્વનું (galaxy) દર્શન ! વૈજ્ઞાનીક ગણતરી અનુસાર આપણા એક જ તારાવીશ્વમાં સો અબજ કે એથી ઘણા વધુ તારાઓ છે, અને બ્રહ્માંડમાં એવાં તો બીજાં સો અબજ તારાવીશ્વો છે. આપણી આ પૃથ્વી જેવા ગ્રહો તો અસંખ્ય અને અગણીત, અબજોના અબજો પણ હોય, કોઈ જાણતું નથી, અને ભાગ્યે જ એ જાણી શકાય અને શક્ય છે કે ક્યાંક સજીવતાય હોય, માનવી જેવું કે માનવીની અપેક્ષાએ અનેકગણું શક્તીશાળી તથા બુદ્ધીશાળી પ્રાણી પણ હોય, ક્યાંક અનેક સંસ્કૃતીઓ વીકસી હોય અને નષ્ટ પણ થઈ હોય. કોણ જાણી શકે એ ? કોણ કહી શકે એ ?

પણ આજે એટલું સત્ય તો સુનીશ્ચીત સીદ્ધ થઈ જ ચુક્યું છે કે પૃથ્વીગ્રહના પટ પર આપણે મન મહામુલ્યવાન તથા 'ઈશ્વરદત્ત' એવું આ અસ્તીત્વ તત્કાલીન, ક્ષણજીવી અને સાવ નાશવંત છે. આ કેવળ એક વહી જતો (passing) તબક્કો માત્ર છે, આપણે અહીં આવ્યા, થોડું રહ્યા અને વળી સદાને માટે વીદાય થઈ ગયા ! ક્યાં ? એ કોઈ જ કહી શકે નહીં, કારણ કે; કોઈ ગંતવ્ય ખરેખર છે જ નહીં.

In this battered caravanserai,

Whose door–ways are alternate night and day;

How sultan after sultan came,

Abode his hour or two,

And went his way...

–Khayyam

આ વર્તમાન પ્રદુષણની વાત નથી; આ તો આ અર્થહીન બ્રહ્માંડતન્ત્રમાં મહાકાલીન ભીષણ, સનાતન સંહારલીલાનો નીર્દેશ છે.

આશરે દસેક કરોડ વર્ષ પુર્વેની આ ઘટના છે : આ ધરતીપટે અત્યારે ડાયનાસોર નામક એક મહાકાય પ્રાણી, પોતાનું સર્વોપરી શાસન પ્રવર્તાવી રહ્યું હતું; જે આપણી જેમ જ શ્વસતું, ખાતું, ઝઘડતું, પ્રજનન કરતું અને મરી જતું. એનું મસ્તક દેહના પ્રમાણમાં નાનું હતું. અન્યથા એય માનવીની જેમ વીચારતું હોત કે,

Look on my strength

Ye mighty and despair !

અને પછી એકદા આ પૃથ્વીની સપાટી ઉપર અભુતપુર્વ, અકલ્પનીય એવી કશીક ઘોર ભયાવહ–વીનાશક આપત્તી ત્રાટકી : આશરે છ માઈલની લંબાઈ–પહોળાઈ ધરાવતો એ નાનકડો અવકાશી પીંડ પ્રચંડ વેગે ધસમસતો આ પૃથ્વીપીંડ સાથે કદાચ ટકરાયો, કોઈ વીશાળ ઉલ્કા યા તો કદાચ ધુમકેતુ, અને જે વીરાટ વીસ્ફોટ થયો એની વીનાશક તાકાત કલ્પનાતીત હતી : વર્તમાન દુનીયાના તમામે તમામ અણુબોમ્બને એક સ્થળે, એકત્ર કરીને ફોડો અને જે ઘોર, વીકરાળ ધડાકો થાય, એનાથીય દસ હજાર ગણી વધુ તાકાત એ વીસ્ફોટે વીછોડી : ધરતી ધણધણી ઉઠી, આગના ધગધગતા ગોળા વછુટ્યા, લાખો માઈલ લાંબા–પહોળાં ધુળ, વાયુ તથા ધુમાડાનાં ઘટ્ટ વાદળ વીશાળ આકાશને આવરી રહ્યાં. આગ જેવા વીજઝબકારા સબાકા લેવા લાગ્યા. સમુદ્રો ખળભળી ઉઠ્યા. કાળા ડીબાંગ આકાશમાં સુરજદેવતા ક્રોધે ભરાઈને હીંસક લાલ આંખ કાઢતો હોય તેમ જોતો, નીસ્તેજ, ઉષ્ણતાવીહીન વીચરતો, નહીંવત જ નજરે પડતો હતો. ચોમેર ઘોર અંધકાર વ્યાપી રહ્યો. લોહી ઠારી નાખતી, દેહને શારી નાખતી ઠંડી ત્રાટકી. મહીનાઓ સુધી આ રાંકડી ધરતીને માથે સર્વનાશનું એ ઝેરી વાદળ અવીરામ ઝઝુમી રહ્યું. જળકાંઠે લહેરીયાં લઈ રહેલાં લીલાંછમ જંગલો જલીને ખાક થઈ ગયાં. ન હવા, ન પાણી, ન વનસ્પતી કે ન જીવજંતુ, બીચારાં ડાયનાસોર રુંધાતા શ્વાસે, ભુખે ને તરસે ગુંગળાઈ ગુંગળાઈને મર્યા, અબજોના અબજો જીવો તરફડીતરફડીને મરણશરણ થઈ ગયા – કેવળ કુદરતના એક તુચ્છ અકસ્માતે ! આ પૃથ્વીના સમગ્ર પટ ઉપરથી ડાયનાસોર નામે આજે ઓળખાતું, રાક્ષસી ગરોળી જેવું એ વીરાટકાય પ્રાણી સદાને માટે નષ્ટ થઈ ગયું, એનું નીકંદન નીકળી ગયું...

અને એથી આ અમાપ અને અગાધ એવા બ્રહ્માંડમાં લેશ માત્ર ફરક પડ્યો નહીં, વીશ્વ તો જેમ ચાલતું હતું તેમ ચાલતું જ રહ્યું. અને વળી પુનરપી જનનમ્ – પુનરપી મરણમનું ચક્ર પણ ચાલુ થઈ ગયું... તો આ જ છે, આપણું ગંતવ્ય, આજે, આવતી કાલે યા

ગમે ત્યારે ! આપણે ઈશ્વરનાં કોઈ માનીતાં, લાડીલાં, મોંઘેરા સન્તાન નથી; તેમ નથી કોઈ આપણો માયાળુ સર્જનહાર યા રખાવટવાળો રક્ષણહાર. પ્રકૃતીનાં અન્ધ પરીબળોએ કેવળ કોઈ આડઅકસ્માતરુપે આપણને જન્મ આપી દીધો છે અને એનો જ, એવો જ કોઈ અકસ્માત એકદા આપણું સદાનું અને સમગ્રતયા નીકંદન કાઢી નાખશે.

અને વળી પાછાં કરોડો વર્ષ વીતી જશે, પ્રાણીઓ ઉદ્ભવશે અને વીકસવા લાગશે. અન્તે એક વધુ સુસંસ્કૃત તથા વધુ વીવેકબુદ્ધી–સમ્પન્ન પ્રાણીય કદાચ ઉદ્ભવશે, જે આપણા હાડપીંજરો, અશ્મીભુત અવશેષો ખોદી કાઢશે અને સંશોધન કરશે. પછી અન્તે તારણ પ્રસ્તુત કરશે કે,

## ભરતવાક્ય

દસ કરોડ વર્ષ પુર્વે, આ પૃથ્વીપટે 'માનવ' નામક એક પ્રાણી થઈ ગયું, જે ઘણું બુદ્ધીશાળી હતું; કીન્તુ વીવેકબુદ્ધીની દૃષ્ટીએ ઘણું દરીદ્ર તથા પછાત હતું. આત્મા, પરમાત્મા અને ધર્મ જેવી કપોળકલ્પીત, ક્ષુલ્લક બાબતે એ ધરતીની સંપત્તી બગાડતું, અંદરોઅંદર ઝઘડતું અને એકબીજાનાં ગળાં રહેંસી નાખતું. શક્ય છે કે પોતાની જ કમ અક્કલ જીવનચર્યાને કારણે જ તે નાશ પામ્યું હોય.

●

અનુક્રમણીકા

## 23

# વીવેકપુત વીચારમૌક્તીક મંજુષા

ધર્મધુરંધરોની તો હંમેશાં એ મનગમતી પ્રવૃત્તી જ રહી છે કે પોતાનો ધર્મ તેની સમ્પુર્ણ તથા શુદ્ધ અવસ્થામાં સીધો સ્વર્ગમાંથી જ ઉતરી આવ્યો છે એવો દાવો કરવો ! આ સંજોગોમાં ઈતીહાસપ્રેમીઓને માથે એક દુઃખદ જવાબદારી આવી પડે છે, તે એ છે : ધર્મ, ખાસ કરીને પછાત તેમ જ ભ્રષ્ટ પ્રજાઓમાં, એના લાંબા અસ્તીત્વ દરમીયાન જે ક્ષતીઓ, અનીષ્ટો તથા ભ્રષ્ટતાઓ ગ્રહણ કરી લીધાં હોય તેને શોધી કાઢીને ખુલ્લાં પાડવાં. –અડવર્ડ ગીબ્બન

આ જગતના નીયમો વીજ્ઞાન દ્વારા – ઈશ્વરને વચ્ચે લાવ્યા વીના જ – સમજાવી શકાય છે અને અત્યારે નહીં સમજાયેલાં રહસ્યો પણ ભવીષ્યમાં સમજાવી શકાશે. (ટૅકનોલૉજી દ્વારા જે) સુખસગવડનાં સાધનો વધ્યાં છે એને પુર્વની પ્રજાઓ ‘ભોગવાદ’ કહીને ઉતારી પાડે છે અને મોક્ષના આધ્યાત્મીક આદર્શને ચઢીયાતો માને છે... ભજન, કીર્તન અને સત્સંગ કરે છે, ગુઢ તત્ત્વની ઉપાસના દ્વારા કુદરતને રીઝવવાનો પ્રયત્ન કરે છે – અને એમ સમય બરબાદ કરે છે. અધ્યાત્મવાદે ભારતને પ્રમાદ, પલાયનવાદ તથા દરીદ્રતાની ભેટ આપી છે. ઘણા ભારતીયો ગરીબીને આશીર્વાદ સમાન ગણાવે છે. કંગાળ જીવન જીવવું તેને ઈશ્વરની મરજી, નસીબ કે કરમના ખેલ ગણી સહી લેવામાં આવે છે. જ્યારે પશ્ચીમી પ્રજાઓ ગરીબાઈને શ્રાપરુપ માને છે. –ધવલ મહેતા

વોલ્ની અનુરોધે છે કે, હે માનવો, તમે જે અનીશ્ચીત છે, શંકાસ્પદ છે, જે બાબત પરત્વે ક્યારેક તમારા પોતાના મનમાંય શંકા ઉદ્ભવે છે એવી મીથ્યા બાબતો માટે, શા માટે પરસ્પર ઝઘડો કરો છો, મારામારી કરો છો અને સમાજના ભાગલા પાડો છો ? એને બદલે ચાલો, એમ કરીએ કે જે કદાપી નીશ્ચીત થઈ શકવાની નથી એવી કપોળકલ્પીત માન્યતાઓ અને નક્કર વાસ્તવીકતા વચ્ચે એક લોખંડી દીવાલ બાંધી લઈએ ! મતલબ કે ધાર્મીક બન્ધનો તથા નીર્ણયોથી ઐહીક જીવનને એકદમ અલગ કરી દઈએ !... પશ્ચીમી રાષ્ટ્રોએ ધર્મસત્તા અને રાજ્યસત્તાને સમ્પુર્ણ અલગ પાડી દઈ, એવો કાયદો કર્યો કે હવે કોઈ પણ ઐહીક એવી નાગરીક સમસ્યામાં ધર્મનો ચુકાદો માન્ય રાખવામાં આવશે નહીં, રાજ્યનો ચુકાદો જ આખરી ગણાશે. ધર્મ અત્યાચારો અને લાગણીહીન હોય છે, જ્યારે વીજ્ઞાન સ્વયમેવ માનવતાને વીકસાવે છે. માટે જ કાર્લ સાગન લખે છે કે, માનવજાતનાં અનેકવીધ અત્યાચારી

વહેમો, અન્ધશ્રદ્ધાઓ તથા બેવકુફીઓ નાબુદ કરવામાં, આ વીસમી સદીમાં, સૌથી મોટો ને મુલ્યવાન ફાળો વીજ્ઞાનનો જ રહ્યો છે.

રૅશનાલીઝમ કદાપી કોઈ અગોચર, દૈવી તત્વમાં શ્રદ્ધા પ્રબોધતો નથી, એવા કશા તત્ત્વને તે સ્વીકારતો નથી. એ કેવળ સત્યને જ તાકે છે અને સત્યને પામવાનું ઉત્તમોત્તમ સાધન 'સંશય' છે, એટલે જ રૅશનાલીઝમ સંશયને પુરસ્કારે છે. રૅશનાલીઝમ એક અખીલ જીવનરીતી છે. અસત્યો માંહેથી પરમ સત્યે પહોંચી ગયેલાની એ અવસ્થા છે. વીવેકબુદ્ધીવાદી અભીગમ એ પરમ્પરાપ્રાપ્ત જીવનમુલ્યોને તપાસવા–ચકાસવાનો, તમામ ગ્રંથીઓ, ગૃહીતો તેમ જ પુર્વગ્રહોથી મુક્ત થઈને, ગુરુગ્રંથાદીનો પ્રભાવ ફગાવી દઈને, તમામ સ્થાપીત મુલ્યો – માન્યતાઓને નવેસરથી નીશ્ચીત કરવાનો અભીગમ છે, પુરુષાર્થ છે. એનો એકમાત્ર હેતુ તે સત્યની શોધ અને માનવજાતનાં સુખ–આનન્દ, કારણ કે; 'સાંચ બીના સુખ નાહીં !' સત્ય વીના સુખ શક્ય જ નથી. (સત્ય એટલે સાચું બોલવું એવો મર્યાદીત અર્થ કરવાનો નથી. સત્ય એટલે જે છે તે, અર્થાત્ નક્કર અસ્તીત્વ ધરાવતી હકીકત.)

નાસ્તીકતા, અજ્ઞાતવાદ કે એવા અન્ય ઈશ્વરવીરોધી વાદોને પરાસ્ત કરવા માટે ઈશ્વરવાદી એવી ધર્મસંસ્થાઓએ કદાપી ઈશ્વરની મદદ તો લીધી જ નથી. એને બદલે તેઓએ તો નાસ્તીકોને – સંશયવાદીઓને જીવતા સળગાવી માર્યા. આ હકીકત જ એ સત્યનો સચોટ પુરાવો છે કે આ સૃષ્ટીમાં કદાચ સેતાન છે; પણ ઈશ્વર તો નથી જ. –લીન્ડસે

જે ધર્મ માણસને ભુખમરામાં, અજ્ઞાનમાં તથા ગંદકીમાં સબડતો રહેવા પ્રેરે, એવા ધર્મનું મારે કંઈ જ કામ નથી. જે ધર્મ માનવીને એવો પ્રેરક બોધ આપતો જ ના હોય કે, 'તું વધુ સુખી તથા વધુ સુસંસ્કૃત થવાને શક્તીમાન છે. તું સાચો માણસ બનવા સમર્થ છે. તું જ તારા ભાવીનો, તારા અસ્તીત્વનો સ્વામી છે'– એવા ધર્મની મારે કોઈ જરુર નથી. એને બદલે હું માનવહીતાર્થે ધર્મગુરુઓને શ્રમ કરવા ફરમાવીશ અને દેવાલયોમાં ફેરવી નાખીશ. (કાશ, નહેરુજી આવું કરી શક્યા હોત.) –જવાહરલાલ નહેરુ

ઈશ્વરમાં શ્રદ્ધા સેવનારા અણસમજુ માણસોને હું પુછું છું કે, તમારો (કહેવાતો પરમકૃપાળુ) પરમાત્મા આટલો બેહદ ક્રુર અને ત્રાસવાદી શા માટે ? એને તમારા પ્રતી, પ્રાણીઓ પ્રતી લેશ માત્ર કરુણા જ નહીં એ કેવું ? વૃદ્ધાવસ્થા અને મૃત્યુની સમગ્ર આપત્તી, ભયંકર પીડાકારી ઘટના બાબતે હું તમને આ પ્રશ્ન પુછું છું. બીલાડી ઉંદરનો શીકાર કરે છે તેમ, તમારો ભગવાન માણસ પ્રાણીઓને રીબાવી રીબાવીને જ કેમ મારે છે ? શું તે

પરપીડનનો આનન્દ માણનારો સેડીસ્ટ છે ? ભગતસીંહ કહે છે તેમ, શું તે નીરો અને ચંગીઝખાનની જમાતનો છે ? સર્વશક્તીમાન તથા પરમકૃપાળુ–દયાળુ કેમ કશી સરળ–સુંદર વ્યવસ્થા ન કરી શક્યો ?

પ્રત્યેક ધર્મ યા ઈતર જુથ–માન્યતાએ પોતાના પ્રચાર માટે જે સાધનો પ્રયોજ્યાં, એ જ સાધનોનો આશરો ખ્રીસ્તી ધર્મે પણ લીધો : યુદ્ધો, કત્લેઆમ, કારાગારો, પીડન અને જુઠાણાં... અત્યાચારોનાં અજોડ તથા અપરમ્પાર દુષ્કૃત્યોએ જ ખ્રીસ્તી ધર્મને એના આજના સ્થાને પ્રતીષ્ઠીત કર્યો છે. (વીખ્યાત આંગ્લકવી શેલી)... આશ્ચર્યની વાત છે કે લોકો એમ માની જ કેમ શકે કે આ દુનીયા સર્વશક્તીમાન એવા ઈશ્વરે સર્જી છે ? લાખો વર્ષની જહેમત બાદ, અને પોતે સર્વશક્તીમાન હોવા છતાંય; શું તમારો પરમાત્મા આવી અધુરી તથા અન્ધાધુન્ધીભરી જ સૃષ્ટી સર્જી શક્યો ? ઈશ્વરમાં નહીં માનનારાની સંખ્યાય ઘણી મોટી છે, તો પછી એવા નાસ્તીકોને ચોક્કસ સજા કરીને, તમારો ઈશ્વર પોતાનું અસ્તીત્વ કેમ સીદ્ધ નથી કરતો ? ધારો કે જો ઈશ્વર હોય તો પણ શું તે એવો મીથ્યાભીમાની તથા અહંકારી હશે કે જેને નહીં ભજનારા ઉપર ખફા થઈ, એવી વ્યક્તીને પીડાકારી સજાઓ ફટકારે ? –બર્ટાન્ડ રસેલ

સાક્ષાત્કાર એટલે ભ્રમણા– hallucination, એ હકીકત વૈજ્ઞાનીક તેમ જ મનોવૈજ્ઞાનીક રીતે સીદ્ધ થયેલી છે. તદનુસાર જ, સન્તો–મહન્તો જે વસ્તુની નીરન્તર રટણ દૃઢ માન્યતાથી કરતા હોય, એની ભ્રમણા તેઓને થાય જ. આવા ભ્રામક અનુભવને તેઓ સાક્ષાત્કાર તરીકે ઓળખાવે છે. આમ, ધારો કે કેટલાક સન્ત–મહન્તો મુર્ખ કે ફરેબી ન હોય, તો પણ માનસીક બીમારીના દર્દી તો અચુક હોઈ શકે. મનોવીજ્ઞાનનું તો આવું તારણ છે કે મોટા ભાગના મોટા માણસો એક યા ઈતર માનસીક રોગનો ભોગ બનેલા જ હતા. અલૌકીક લાગતી ઘટનાઓને ભૌતીક તથા મનોભૌતીક સ્તરે સમજવા પ્રયત્ન કરવો એ જ માર્ગ સ્વીકાર્ય તથા વીવેકપુત લેખાય. એને બદલે કશાક ચમત્કાર યા રહસ્યમય પરાભૌતીક પરીબળોમાં માનવું, એ કેવળ અવૈજ્ઞાનીક જ નહીં; મીથ્યા ભ્રમણાઓમાં રાચવા બરાબર છે. વીજ્ઞાનના સીદ્ધ, કાર્ય–કારણના નીયમોને પડકારે, ઉલ્લંઘે એવો કોઈ ચમત્કા કદાપી સંભવતો જ નથી. –ડૉ. બી. એ. પરીખ

પ્રાર્થના, ઉપાસના કે જપતપ અને મંત્રરટણા કરવાથી, દાનદક્ષીણા, દેવદર્શન, અપવાસ, એકટાણાં યા પવીત્ર સ્નાન–ધ્યાન કરવાથી કશો જ લાભ થતો નથી. એને બદલે પ્રાકૃતીક ઘટનાઓને જાણો, માણો અને આનન્દ કરો ! અનીવાર્યતા છે, આપણા મનને લાગેલા

ગ્રહણથી મોક્ષ પામવાની... આ દેશના શૈક્ષણીક અભ્યાસક્રમમાં ક્યાંય અન્ધશ્રદ્ધા દુર થાય અને વીદ્યાર્થીમાં વૈજ્ઞાનીક અભીગમ કેળવાય– એવી જોગવાઈ કરવામાં આવતી જ નથી. માટે મારો નીશ્ચલ અભીપ્રાય છે કે પહેલાં તો આ માટે, દેશભરના શીક્ષકોને ખાસ તાલીમ–કેમ્પો યોજીને તૈયાર કરવા અને એ રીતે ઉચ્ચ તથા માધ્યમીક શીક્ષણના સ્તરે વહેમ અને અન્ધશ્રદ્ધાઓનું સત્ય–જ્ઞાન વડે ખંડન કરીને, વીદ્યાર્થીઓમાં વૈજ્ઞાનીક અભીગમ પ્રેરવો.

–ભગવાનજી રૈયાણી

જે લોકો એવું માને છે કે વાઈ (એપીલેપ્સી)નો રોગ દૈવી પ્રકોપ છે, તેઓની એવી માન્યતાનું કારણ ફક્ત એટલું જ છે કે, આપણે સમજી શકતા નથી કે પ્રસ્તુત રોગ શું છે અને કેમ થાય છે ! પરન્તુ આ રીતે, જે જે બાબત ન સમજી શકાય, તે તે તમામ બાબતોને જો આપણે દૈવી જ ઠરાવતા રહીએ, તો પછી આ સમગ્ર સંસાર દૈવી બની જાય. –હીપ્પોક્રેટ્સ

પ્રીય મહાત્માજી, મારે આપને જણાવી દેવું જોઈએ કે હું એક નાસ્તીક છું. આપની અસ્પૃશ્યતા નીવારણની ઝુંબેશને હું રસપુર્વક નીરખું છું; પરન્તુ એક નાસ્તીક તરીકે હું આપની મન્દીર પ્રવેશની વાતને સ્વીકારતો નથી. એને બદલે હું તો ઈચ્છું કે મન્દીરોને જ શાળાઓ, પુસ્તકાલયો, જાહેર સભાગૃહો, સંગ્રહસ્થાનો યા થીયેટરોમાં ફેરવી નાખવામાં આવે. મન્દીરો જોઈએ જ શા માટે...? મારા મતે હરીજનોને આ કે તે મન્દીરમાં પ્રવેશ કરાવવા પાછળ આપણી શક્તી વેડફી નાખવાને બદલે, અસ્પૃશ્યોને જાગ્રત બનાવવા પાછળ આપણે આપણી શક્તી વાપરવી જોઈએ. –કમળાશંકર પંડ્યા

બાયબલ તથા ધર્મસંસ્થાઓ સ્ત્રીમુક્તી વીરુદ્ધ સૌથી ભયાનક–કઠોર અવરોધો છે. ધર્મસંસ્થાઓના આદેશ–ઉપદેશનો સમગ્ર ધ્વની સ્ત્રીજાતી પ્રત્યે ઘોર તુચ્છકાર, તીરસ્કાર અને નફરત જન્માવતી નીન્દા કરવાનો જ રહ્યો છે. (ઈલીઝાબેથ કેડી સ્ટેન્ટન) આપણા ભારતીય ગ્રંથો–પુરાણો તેમ જ મનુસ્મૃતીએ પણ સ્ત્રીને મુર્ખ, જુઠી, કપટી, અપવીત્ર, કાતીલ તેમ જ નરકની જ્વાળાસમ ગણાવી છે.

સાચો પ્રેમ એ સમાજમાં સંપુર્ણ સ્વાતંત્ર્ય હોય, એવા સમાજમાં જ પ્રગટી શકે છે, અને જ્યાં પ્રેમ એક વાસ્તવીકતા હોય, એવા સમાજમાં જ સ્વતંત્રતા ઉદ્ભવી શકે છે. (સીસરો) કામ પ્રેમમાંથી જ પ્રગટેલો હોવો જોઈએ. બાકી એ અનીષ્ટ બની જવાનો પુરો સંભવ છે. જ્યાં ધર્મશાસ્ત્રો જ એવું ફરમાવે કે 'સ્ત્રીને પ્રેમ ના કરો, પ્રીતી વીના જ એને ભોગવો !' ત્યાં દાંપત્ય કેવું હોય ? અને સ્ત્રી જાતીની દશાય કેવી હોય ?

## અને હવે સ્ત્રીઓ માટે ખાસ સંદેશો :

બહેનો, (1) લગ્ન કરશો નહીં. (2) જો કરો, તો પ્રેમલગ્ન જ કરજો. (3) જો પ્રેમલગ્ન કરો તો, ત્યારે ચોક્કસ પ્રકારનાં શરતો અને કરારો કરી લેજો. (4) પ્રસ્તુત શરતો–કરારોનું પાલન ના થાય તો, છુટા થઈ જવું. (5) આ રીતે સ્વતંત્ર જીવવા માટે સ્ત્રીએ સમ્પુર્ણ આર્થીક સ્વાતન્ત્ર્ય સીદ્ધ કરી લેવું. (6) શરીર બળ કેળવો અને નરના બળનો સામનો તમારા બળથી જ કરો. (7) ધાર્મીક માન્યતાઓથી મુક્ત બની રહો. (8) સંયુક્ત કુટુંબથી બને ત્યાં સુધી મુક્ત રહો. (9) લઘુતાગ્રંથી ત્યજી દો.

લોકો ફરીયાદ કરે છે કે, આ કળીયુગમાં ભગવાન પણ બહેરો થઈ ગયો છે, પ્રાર્થના, બાંગ કે હોમહવનની માગણીઓ બીલકુલ સાંભળતો જ નથી; પરન્તુ કેવી રીતે સાંભળે ? ભગવાનને નામે આપણે આટઆટલો કોલાહલ મચાવીએ, ઢોલત્રાંસા ને બેન્ડ–વાજાં વગાડીએ પછી, ભગવાનના કાન પણ બહેરા થઈ જાય ને ? (જો ઈશ્વરને કાન હોય તો !)

પર્યાવરણ એ પ્રકૃતીનું પ્રાણીને–માનવને મળેલું એક પવીત્ર, શીવ–મંગલ વરદાન છે, થાપણ છે, એટલે વીશ્વના તમામ ધર્મોમાં એની યથાવત જાળવણી કરવાનો આદેશ સ્પષ્ટ યા પરોક્ષ રીતે આપવામાં આવેલો જ છે. હવે જો ખુદ માનવી જ જ્યારે પ્રકૃતીની પવીત્રતાનો ભંગ કરતો હોય, ત્યારે તેને અટકાવવાની સર્વપ્રથમ ફરજ ધર્મની જ છે... માટે જગતના ધર્મગુરુઓ ઘોષણા કરે કે ‘અમે આ કાર્યમાં સર્વ સહકાર આપીશું. વીજ્ઞાન સાથેના આવા સહીયારા પુરુષાર્થમાં સહભાગી થવા ખુદ પૃથ્વીમૈયા જ અમને દર્દભર્યો પોકાર કરી રહી છે.’

એક ફ્રેન્ચ વીજ્ઞાનીએ અખબારોમાં જાહેરાત આપી કે ‘અમે લોકહીતાર્થે મફત જન્મકુંડળી બનાવી આપીએ છીએ.’ જવાબમાં દોઢસો વ્યક્તીઓએ પોતાના જન્મ તારીખ–સમય મોકલી આપ્યાં. પેલા વીજ્ઞાનીએ બધાંને જ બરાબર એકસરખી કુંડળી અને એકસરખું જ ફલકથન મોકલી આપ્યું. છતાં એમાંના પુરા 94 (ચોરાણુ) ટકા ગ્રાહકોએ પેલા વીજ્ઞાનીને આભાર લખી જણાવ્યું કે ‘તમે બનાવેલી જન્મકુંડળી સંપુર્ણ સાચી તથા શાસ્ત્રીય છે, કારણ કે એમાં તમે ભાખેલી અમારા જીવનની લગભગ તમામેતમામ ઘટનાઓ બીલકુલ સાચી ઠરે છે.’ તો આવી છે, જ્યોતીષની સચ્ચાઈ અને વૈજ્ઞાનીકતા.

## *ભરતવાક્ય*

જ્યાં સુધી માનવી ભુતકાળની અજ્ઞાન–જનીત તથા અજ્ઞાન પ્રચારક એવી નીરર્થક નીતીકથાઓ તથા ધર્મમાન્યતાઓને વેદવાક્ય માની માથે ચઢાવીને ફર્યા કરશે, ત્યાં સુધી સાચી માનવ સંસ્કૃતીની આશા સેવવી – એ કેવળ અર્થહીન કલ્પનામાં રાચવા બરાબર છે. –બર્ટાન્ડ રસેલ

## 24

# ધર્મમન્ત્રોના પ્રભાવનું અગડંબગડમ્

ગુઢવાદ વીજ્ઞાન વીરુદ્ધનું કાવતરું છે. ગુઢવાદ માણસને વીચારહીન બનાવે છે. ગુઢવાદમાં વાસ્તવીકતાનો ઈનકાર કરવામાં આવે છે. ગુઢવાદ એટલે ભ્રમની યાત્રા. ગુઢવાદ એટલે કલ્પનાઓનું સરોવર. ગુઢવાદ એટલે લાગણીઓ અને શ્રદ્ધાઓની કાણી હોડી. ગુઢવાદ માણસને અવળી દીશાએ લઈ જાય છે. સુરેન્દ્રનગરમાં તત્ત્વજ્ઞાન પરીષદ યોજાયેલી એમાં એક સાધીકાએ કહ્યું 'એક શુભ સંકલ્પ મીસાઈલના હુમલાને રોકી શકે !' આવા અર્થહીન કથન સામે તરત જ એક વીદ્યાર્થીએ ઉભા થઈ પડકાર ફેંક્યો, 'બહેનશ્રી, તમે શુભ સંકલ્પ કરો. હું અહીંથી પથ્થરનો ઘા કરું છું. તમારા શુભ સંકલ્પ વડે એને રોકી લેજો !' સાધીકાબેન ચુપ !

–આરતી પ્રભુ

('ધર્મતંત્રના દુરુપયોગની કુચેષ્ટા' પુસ્તકમાંથી.. પૃષ્ઠ : 81)

રૅશનાલીઝમનું ભાવી ઉજ્જ્વળ દેખાય છે. નીરાશાવાદ તો મનેય પીડે છે. ઈરાનનો ઈતીહાસ નજર સામે ઝઝુમે છે. ત્યાંનો શાહ પ્રગતીશીલ, ઉદારમતવાદી, આધુનીક વીચારનો હતો. તેણે સમાજમાં ઘણા સુધારા કર્યા. ખાસ તો સ્ત્રીઓની મુક્તીના : સ્ત્રીઓ શીક્ષણ લે, યુનીવર્સીટી શીક્ષણ લે, આધુનીક પોષાક પહેરીને ધંધા–નોકરીએ જઈ શકે... વગેરે. ત્યાં ખોમેનીએ તે શાહને ઉથલાવ્યો અને ભગાડ્યો. ઈરાનમાં પુનઃ એ જ મધ્યકાલીન મઝહબી રાજ્ય ફેલાવી દીધું, સ્ત્રીઓને પડદા પાછળ ધકેલી દીધી ઈત્યાદી. ભારતમાંય આમ જ બનવાનાં ભયાવહ એંધાણ વરતાઈ રહ્યાં છે.

છતાં કહેવા લલચાઉં છું કે, રૅશનાલીઝમનું ભાવી ઉજ્જ્વળ છે; કારણ કે કેવી કેવી કલમો, સમર્થ કલમબાજો તથા ગાંડીવધારીઓ આ ક્ષેત્રે પ્રવેશી રહ્યા છે. જેમાં વળી ચીનુભાઈ ગી. શાહ જેવા વયોવૃદ્ધોય છે, તો આરતી પ્રભુ, વીણા પાલેજા કે કલ્પના દોશી જેવી બહેનોય જોડાઈ છે. ક્રાન્તીકારી મહીલાસર્જક–કવીયીત્રી સરુપ ધ્રુવ તો હોય જ. સમર્થ સર્જકો–ચીન્તકો સર્વશ્રી. રજનીકુમાર પંડ્યા, મહેન્દ્ર મેઘાણી, હકુમત દેસાઈ, લક્ષ્મીદાસ ખટાઉ, ડંકેશ ઓઝા, જગદીશ શાહ, રાજીવ સવાણી, ઉર્વીશ કોઠારી, પ્રીન્સીપાલ અશ્વીન કારીયા ઉપરાન્ત, કલમવીર તથા કર્મવીર એવા જમનાદાસ કોટેચા, યાસીન દલાલ કે અબ્દુલભાઈ વકાની વગેરે. બોલો, આ યાદી આનન્દદાયક ગણાય કે નહીં ? 'ગુજરાતમીત્ર', 'સમકાલીન', 'સૌજન્ય માધુરી', 'વૈશ્વીક માનવવાદ', 'સ્વસ્થ માનવ' કે 'નયા માર્ગ' જેવાં સામયીકોનો પણ સાથ સહકાર એટલે આશા તો પ્રગટે જ. પછી તો દેશનું જેવું નસીબ !

મુળ વાત પર આવીએ એ પહેલાં, અત્રે અમુક ખાસ આનન્દ–ઘટનાય નોંધી લઈએ, જે ભાવીની ઉજ્જ્વળતાની સમર્થક બની શકે : મુમ્બઈમાં રૅશનાલીઝમ પ્રચારક પ્રવૃત્તીએ નોંધનીય ગજું કાઢ્યું છે. ભાઈશ્રી ગુલાબ ભેડાએ 'રૅશનાલીસ્ટ ગ્રુપ' (વીવેકબુદ્ધીવાદી જુથ)નું સંચાલન કર્યું છે અને માસીક બેઠકો યોજી, મુલ્યવાન ચર્ચાઓ કરે છે. આ જુથ દ્વારા 'વીવેકપંથી' નામક માસીક પણ પ્રગટ કરવામાં આવે છે. વડોદરામાં શ્રી. ભુપેશ શાહે 'ચીન્તનચળવળ' ચલાવવા માંડી છે. ત્યારે એક ઐતીહાસીક ઘટના તે એ કે, મુમ્બઈના પ્રખર તથા સક્રીય રૅશનાલીસ્ટ ભગવાનજી રૈયાણીએ કાનુની જંગ પણ આરંભી દીધો છે. કેળવણીક્ષેત્રના શુદ્ધીકરણ માટે 'ફોરમ ફોર ફેરનેસ ઈન એજ્યુકેશન' સંસ્થા ચલાવતા શ્રી. રૈયાણી પણ કલમવીર તેમ જ કર્મવીર એવા વીવેકબુદ્ધીવાદી સજાગ પુરુષ છે, જેમણે હમણાં જ રૅશનાલીઝમના રક્ષણાર્થે સુપ્રીમ કોર્ટ સમક્ષ ઘા નાખી છે. જાણીતી દુ:ખદ તથા કરુણ ઘટના એ જ કે, વર્તમાન સરકારે તેમ જ યુનીવર્સીટી કમીશને ઉચ્ચતર કેળવણીના અભ્યાસક્રમોમાં માન્ય વીષયો તરીકે જ્યોતીષશાસ્ત્ર તથા કર્મકાંડને દાખલ કરી દીધાં છે ! તેની સામે ભાઈશ્રી ભગવાનજીએ દેશની સર્વોપરી અદાલતમાં રીટ પીટીશન દાખલ કરી દીધી છે. (ભગવાન ! તેઓને વીજયી બનાવે !!) જો કે વર્તમાન આબોહવામાં તેઓ ઝાઝા આશાવાદી તો નથી; પરન્તુ આવા પ્રયત્નોનું સ્વયં એક મુલ્ય હોય છે; કારણ કે એથી સમસ્યા ચર્ચાનો જાહેર મુદ્દો બને છે, જે અનેકોને પ્રેરણા તો અવશ્ય આપી શકે છે. કીન્તુ આમ, જો રૅશનાલીઝમ– પ્રચારક આન્દોલન તથા પ્રવૃત્તીઓની રુપરેખા જ અત્રે હું આપવા બેસીશ તો મુળ વીષય જ રહી જાય, એટલું ઉજ્જ્વળ ચીત્ર છે; કારણ કે એમ કરતાં, ગોધરાના પ્રીન્સીપાલ અશ્વીન કારીયા, મુકુન્દ સીન્ધવ અને ડૉ. સુજાતવલીની સબળ, સફળ, પ્રવૃત્તીઓય ઉલ્લેખવી જ રહે... અને સુરતની સત્યશોધક સભા, એના સુત્રધારો, લેખક–ચીંતક ડૉ. બી. એ. પરીખ, પ્રા. બાબુભાઈ દેસાઈ વગેરે તો ભુલાય જ કેમ ?

માટે મુળ મુદ્દા પર જ હવે હું આવી જાઉં તો, શ્રી. ચીનુભાઈ ગી. શાહે હમણાં એક પુસ્તીકા પ્રગટાવી છે : 'ધર્મમન્ત્રોના દુરુપયોગની કુચેષ્ટા', જેમાં ત્રણેક ડઝન ઉપરાન્ત લેખકોએ મન્ત્રજાપના ભૌતીક પ્રભાવ પરત્વે તાત્ત્વીક તથા બલીષ્ઠ ચર્ચા કરી છે, જેમાંના મોટા ભાગના લેખકોએ આવા કશા પ્રભાવનો ઈનકાર કરતાં, વીવેકબુદ્ધીવાદનું જ સમર્થન કર્યું છે. રૅશનાલીઝમના ઉજ્જ્વળ ભાવીનો આલેખ પ્રસ્તુત કરતાં, પુસ્તક પ્રકાશનક્ષેત્રે આવેલ આવી ભરતીનેય કેમ અવગણાય ? તો એ ઉલ્લેખી જ લઈએ કે, ચરોતર પ્રદેશના પ્રખર અને પીઢ રૅશનાલીસ્ટ ડૉ. જેરામ દેસાઈએ પણ હમણાં જ એક સત્ત્વશીલ પુસ્તક પ્રગટ કર્યું છે :

'ઈશ્વર સત્ય કે કલ્પના ?' બીજું વળી દળદાર પુસ્તક 'અન્ધશ્રદ્ધા નીર્મુલન' હમણાં પ્રગટ્યું, એ તો એકદમ સસ્તી કીંમતે વેચાય છે.

'ધર્મમંત્રોના દુરુપયોગની કુચેષ્ટા' નામક ઉક્ત પુસ્તીકામાં, બે યુવાન છતાં સુસજ્જ લેખકોના લેખ એ દષ્ટીએ ખાસ ધ્યાનાકર્ષક બને છે કે, આટલી યુવાવયે પણ આટલી શક્તીશાળી દલીલો સાથે, તેમણે ઉત્તમ ચીન્તન પ્રસ્તુત કર્યું છે. એમાં મને જે ખાસ મજેદાર વાત ઉલ્લેખનીય લાગી તે તો એ કે, 'સમકાલીન'ના લેખકોના જાણીતા–માનીતા, હાસ્યકટાક્ષની કટાર 'બોલ્યુંચાલ્યું માફ'ના લેખક ઉર્વીશ કોઠારીએ ગંભીર ઠરેલ લેખ લખ્યો છે, જ્યારે રાજીવ સવાણીના લેખમાં, ભારોભાર વ્યંગ્ય, કટાક્ષ તથા પુણ્યપ્રકોપ છે. કહેવાતાં આત્મીક સ્પન્દનો વીશે ભાઈ સવાણી લખે છે : 'એક જ પ્રકારના બે છોડને બે સરખાં કુંડામાં વાવી, એક છોડને બેહદ, પુષ્કળ થઈ શકે એટલો પ્રેમ કરો; પણ એને ખાતરપાણી ન આપો. જ્યારે બીજા છોડને પોલીસ પાસેથી ઉછીના લઈ, સંભળાવી શકો એટલા અપશબ્દો સંભળાવો, ધીક્કારો પણ એ છોડને નીયમીત ખાતરપાણી આપો ! પછી પરીણામ જુઓ : ભરપુર પ્રેમ કરેલો પ્રથમ છોડ ખાતરપાણીના અભાવે કરમાઈ જશે, જ્યારે પેલો ધીક્કારેલો છોડ નીયમીત માવજતને કારણે ખીલી ઉઠશે...એમાં દીવ્ય શક્તી કે આધ્યાત્મીક શક્તીની કોઈ ભુમીકા હોતી નથી... એ સત્ય સમાજ સ્વીકારશે નહીં તો, આગળ જતાં આંબાને કેળાં બેસવાનો ચમત્કાર પણ બનશે !'

હવે આ પુસ્તીકાની ભુમીકા સંક્ષેપમાં જાણી લઈએ: 'વીશ્વવાત્સલ્ય' નામધારી પ્રતીષ્ઠીત, લોકશીક્ષણના ધ્યેયવાળા સામયીકમાં, એક અગડંબગડં દંતકથા યા ધર્મકથા છપાઈ, જેમાં કથાવસ્તુ એવું કે : નવકારમંત્રના દૈવી પ્રભાવથી, વર્ષોથી અણફળાઉ રહેલા એવા એક આંબાને સાત જ દીવસમાં કેરીઓ બેસી ગઈ અને શાખ પણ પડી ! ઉમદા હેતુપુર્વક પ્રસીદ્ધ કરવામાં આવતા આવાં સામયીકમાં આવી અન્ધશ્રદ્ધા–સમર્થક કથા છપાયેલી વાંચીને સદા જાગ્રત એવા રૅશનલ વીચારક–પત્રકાર–લેખક શ્રી. ચીનુભાઈ ગી. શાહ ઉશ્કેરાયા. તેઓએ પ્રસ્તુત કથાના લેખકનો, સામયીકનો તથા સંપાદકોનો સખત ઉધડો લીધો. એના રદીયારુપે સંપાદકશ્રી અને ભુતપુર્વ ચીફજસ્ટીસ ન્યાયમુર્તીશ્રી ત્ર્યં. ઉ. મહેતાએ વીજ્ઞાન અને કૃતક વીજ્ઞાન (સ્યુડો સાયન્સ)ની ગોળ–ખોળ જેવી ભેળસેળવાળો એક લેખ પ્રગટાવ્યો, જેમાં વનસ્પતીના સ્પન્દનો, મંત્ર દ્વારા તથા શ્રદ્ધાબળે ઉદ્‌ભવતા આત્મીક સ્પંદનોથી માંડીને તે $E=Mc^2$ અને ક્વૉન્ટમ સીદ્ધાન્ત, સાપેક્ષતાનો સીદ્ધાન્ત આદી વૈજ્ઞાનીક પ્રતીપાદનનો આડેધડ હવાલો પ્રસ્તુત કર્યો, જેનું મુલ્યાંકન કરતાં ભાઈ ઉર્વીશ લખે છે કે, 'મહેતાસાહેબે તો તેમના પક્ષની સાક્ષીમાં, આઈનસ્ટાઈન, હીસેનબર્ગ સહીતના

વીજ્ઞાનવેત્તાઓને ઉભા કરી દીધા... ભાગ્યે જ થોડા લોકો જેની થીયરીનો સાચો મર્મ સમજી શક્યા છે એવા આઈનસ્ટાઈનને વચ્ચે લાવવાથી તો ગુંચવાડો વધે છે... પ્રકૃતીનાં ઘણાં રહસ્યો હજી વીજ્ઞાન ઉકેલી શક્યું નથી, એ હકીકતનો ભરપુર લાભ કર્મકાંડીઓ અને મન્ત્રતન્ત્રવાળા ઉઠાવે છે... એ વડે આપણી મહાન સંસ્કૃતીના તરફદારો પોતાના ધાર્મીક જ્ઞાનની સુંઠના ગાંગડે ગાંધી થઈ જાય છે... વૈજ્ઞાનીક સંશોધનોને તોડી–મરોડીને મીથ્યા ગુઢવાદી માન્યતાઓનું સમર્થન બનાવી કાઢે છે.'

મુળ લેખ અને ન્યાયમુર્તીશ્રી મહેતાના રદીયાથી આક્રોશીત થયેલા (રૅશનાલીસ્ટ માટે 'આક્રોશ' શબ્દને બદલે 'સંતોષ ન થતાં' લખીએ તો...?) શ્રી. ચીનુભાઈએ પછી આ મુદ્દો જાહેરમાં મુક્યો અને જાણીતા વીચારકોના મત મંગાવ્યા. ઉપર જણાવ્યું તેમ, ત્રણેક ડઝન જેટલા લેખકોએ એમાં સહકાર આપ્યો, જેમાંના મોટા ભાગનાએ રૅશનાલીસ્ટ અભીગમથી મુળ કથા તથા શ્રી. મહેતાના લેખ–રદીયાની તીવ્ર આલોચના કરી. આ બધા લેખોનો સંગ્રહ તે જ 'ધર્મતંત્રના દુરુપયોગની કુચેષ્ટા' શીર્ષકધારી પુસ્તીકા. આનન્દદાયક, આવકાર્ય તથા અભીનન્દનીય હકીકત તો એથી તે સર્જાઈ કે, આ નીમીત્તે મન્ત્રતન્ત્રથી માંડીને તે વીજ્ઞાન તેમ જ કૃતક વીજ્ઞાન આદી વીષયો પરત્વે ખુબ જ આવશ્યક તથા મુલ્યવાન ચર્ચા પ્રસ્તુત કરતી એક સરસ, સત્ત્વવન્તી પુસ્તીકા આપણને પ્રાપ્ત થઈ. એમાં પ્રસ્તુત થયેલાં વૈજ્ઞાનીક તથા વીવેકબુદ્ધીવાદી તથ્યોનાં તારણ ખુબ જ મહત્વનાં છે.

મન્ત્રના પ્રભાવ પરત્વે એક જટીલ પ્રશ્ન અનુત્તર જ રહે છે કે, જે અસર થયાનું કે થવાનું કહેવામાં આવે છે, તે અસર મન્ત્રના શબ્દની (અવાજની) કે અર્થની ? અલબત્ત આન્દોલનો કે સ્પન્દનો તો અવાજથી ઉદ્‌ભવે, જ્યારે અર્થ બહુધા કે કેવળ સદ્‌બોધ જ આપે ધ્વનીના સતત પુનરાવર્તનથી જ લાભપ્રદ આન્દોલનો ઉદ્‌ભવતા હોય, તો તો અમુકતમુક ગાળ કે અપશબ્દના રટણથી પણ ફાયદો થઈ શકે અને જો સમ્બન્ધીત મન્ત્રનો અર્થ જ સદ્‌બોધનો પ્રેરણાદાયી હોય તો પછી, એના પુનરાવર્નની એટલે કે જાપની શી જરુર ? એક જ વાર અર્થ સમજી લઈએ અને પછી એનો બોધ જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ રહીએ–એ જ ડહાપણભર્યો અને વધુ સારો તથા સાચો માર્ગ, અર્થાત્ મંત્રજ્ઞાનનો લાભ લેખાય. ('ધર્મતંત્રના દુરુપયોગની કુચેષ્ટા' પુસ્તકમાંથી પૃષ્ઠ:92)

પ્રશ્ન છે, મન્ત્રજાપથી લાભ થાય કે નહીં ? અને વીશેષતઃ તો દૈવી યા ચમત્કારીક લાભ; કારણ કે આ ચર્ચાના નીમીત્તરુપ એક દન્તકથા કે ધર્મકથામાં મન્ત્ર મહાત્મ્ય સ્થાપીત કરવામાં આવ્યું છે. શ્રી. ચીનુભાઈની ફરીયાદ છે કે, આવા ગપગોળાને સારાં સામયીકોએ પ્રસીદ્ધી આપવી નહીં; કારણ કે તે અન્ધશ્રદ્ધા ફેલાવે છે.

નવકાર મન્ત્રના પ્રથમ ચરણ 'નમો અરીહંતાણમ્' દ્વારા માણસને કામક્રોધાદી શત્રુઓને હણવાનો બોધ જો આપવામાં આવ્યો હોય તો, સ્વાભાવીક જ એના અર્થની કશી અસર તો આંબા ઉપર ના જ થાય; કારણ કે આંબાએ કોઈ કામક્રોધાદી જીતીને પછી, એ શરતે જ ફળો ધારણ કરવાનાં નહોતાં. એટલે તાર્કીક તારણ તો એવું જ નીકળે કે મન્ત્રના ધ્વની, નાદ કે અવાજના પુનરાવર્તનથી ચોક્કસ સ્પંદનો ઉદ્‌ભવ્યાં, જેણે દૈવી ચમત્કાર સમાન, આંબા પર કેરીઓ પ્રગટાવી ! તદનુસાર, જો અવાજના પુનરાવર્તનની જ લાભપ્રદ અસર થતી હોય તો અશ્લીલ રટણની પણ શુભ, અશુભ યા ચમત્કારીક અસર થવી જ જોઈએ. મતલબ કે મન્ત્ર ધાર્મીક ભાવનાવાળો તેમ જ ઉમદા અર્થવાળો જ હોવો જોઈએ એવી તો કશી જ અનીવાર્યતા નહીં ને !

અત્રે એક અન્ય મુદ્દો યા આડમુદ્દો ચર્ચવાનું પણ જરુરી સમજાય છે કે 'અરીહંતાણમ્'માં 'અરી' એટલે કામક્રોધાદી દુષ્ટ લાગણીરુપ શત્રુઓ, એવો અર્થ તો, મારા મતે, મન્ત્રપ્રેમી એવા ભાવનાશીલ ભક્તોએ ઉપજાવી કાઢેલો જ હોઈ શકે. કારણ કે લગભગ તમામ ધર્મોની અમુકતમુક પ્રાર્થનાઓમાં, વેદોમાં, એનાં સ્રોત્રોમાં યા મંત્રોમાં ભગવાનને યા આ કે તે દીવ્ય શક્તીને એવી જ પ્રાર્થના કરવામાં આવી હોય છે કે, 'હે પ્રભુ, દેવ યા ગમે તે તું અમારા શત્રુઓનો નાશ કરજે !' આવી યાચનામાં શત્રુ એટલે સ્થુળ, વીરોધી માનવવ્યક્તી જ મહદંશે અપેક્ષીત હોય છે. આ તો પછીના સમયમાં, ઉમદા ભાવનાવાળા બુદ્ધીશીલોને એવી માગણી ઉચીત નહીં લાગતાં, 'અરી', 'શત્રુ' આદી શબ્દોના વ્યંગાર્થને પકડ્યો અને 'અરી' એટલે કામક્રોધાદી મનોગત વીકારોરુપી શત્રુ એવો અર્થ ઘટાવીને મન મનાવ્યું, એમ સમજાય છે. મારા આ મતના પુરાવારુપે જુઓ પારસી બંધુઓની રોજીંદી બંદગી : 'દુશ્મનો, ગુનેગાર... એ બધા મરેલા થજો, તુટેલા હોજો, દુર થજો, નાશ પામજો !' (જુઓ, કાવસજી કાંગાની ખોરદેહ અવસ્તામાં અહુરમઝદ ખોદાયની બંદગીનો અર્થ ! એમાં તેઓશ્રીએ 'દુશ્મનો' એટલે કામક્રોધાદી દુર્ગુણો, એવો વ્યંગાર્થ નથી જ ઘટાવ્યો. એવું જ 'અરીહંતાણમ્' બાબતે શક્ય યા સાચું જ.)

ચાલો, મારી ચર્ચા હવે ટુંકાવું અને 'ધર્મમંત્રોના દુરુપયોગ...' વાળી પુસ્તીકામાં અન્ય મીત્રોએ પ્રસ્તુત કરેલ વૈજ્ઞાનીક તેમ જ વીવેકબુદ્ધીવાદી તથ્યોનાં તારણ જ ચર્ચીએ :

મુમ્બઈના રૅશનાલીસ્ટ મહીલા બહેનશ્રી વીણા પાલેજા લખે છે કે, 'આ ગાળીયો ફક્ત અભણોના જ ગળે નહીં; પરન્તુ ડૉક્ટરો, ઈજનેરો, અરે ખુદ કેટલાક વૈજ્ઞાનીકોને ગળે પણ વીંટળાયેલો છે.' (પૃષ્ઠ 35) ભારત દેશની આ એક મોટી કરુણતા છે કે, અહીં ભણેલા જ વધુ અભણ છે ! આત્મા, પરમાત્મા, ચૈતન્ય કે પરબ્રહ્મનો અજ્ઞાની પોપટપાઠ કરતા કોઈ

પેટભરા સાધુબાવાનાં કથા–પ્રવચનોમાં વકીલો, ડૉક્ટરો, ઈજનેરો ને અમલદારોનાં કીડીયારાં ઉભરાય છે, અને એ બધા વળી ધ્યાન કરે છે યા આંખ મીંચીને અમુકતમુક મન્ત્રના જાપ કરે છે ! અરે, કેટલાક મન્ત્રોની તો અખંડ જાપશીબીરો પણ યોજાય છે ! આવાં ધતીંગ કરનારા આદીવાસીઓ કે પછાતો નથી જ હોતા; કારણ કે એ લોકને તો એવું પોષાય જ નહીં. આવું બધું મુર્ખ આચરણ તો આપણા ભણેલા, શીક્ષીત, સુશીક્ષીત વર્ગનું જ છે. માટે જ તો, બેંગ્લોર યુનીવર્સીટીના ભુતપુર્વ વાઈસ ચાન્સેલર એચ. નરસૈયા લખે છે, ‘હું માનું છું કે કોઈ પણ શીક્ષણવ્યવસ્થાનો પ્રધાન હેતુ શીક્ષકો તથા વીદ્યાર્થીઓમાં વૈજ્ઞાનીક અભીગમ અને દૃષ્ટી જન્માવવાનો જ હોવો ઘટે. કેળવણીનું વર્તમાન માળખું ફક્ત એક જ પરીણામ સાધે છે, અને તે એ કે, અશીક્ષીત અન્ધશ્રદ્ધાળુને શીક્ષીત અન્ધશ્રદ્ધાળુમાં તે પરીવર્તીત કરી આપે છે, વધુ કંઈ જ નહીં ! આપણે સર્વ એ હકીકત પણ સ્વીકારીશું જ કે અભણ વહેમી જન કરતાં વહેમગ્રસ્ત ભણેલો જન માનવસમાજ માટે અનેકગણો વધુ ખતરનાક બની રહે છે.’

અત્રે ભારપુર્વક ચીંધુ કે, આપણા દેશની ભયાવહ અવદશાના મુળમાં, આ વહેમગ્રસ્ત, ખતરનાક ભણેલો જણ જ કારણભુત છે. એચ. નરસૈયાના ઉપર્યુક્ત વીધાનનું આ છેલ્લું વાક્ય ખુબ જ અગત્યનું અને સમજવા જેવું છે. આ દેશમાં શીક્ષીત આસ્તીકો, શ્રદ્ધાળુઓ તથા અધ્યાત્મવાદીઓએ આજે વીનાશક સત્યનાશકારી હાહાકાર મચાવ્યો છે. જે દેશમાં શીક્ષકો સીદ્ધીવીનાયકના મન્દીરના આંટા મારતા હોય, વકીલો વાંકા વળી શનીવારે બજરંગબલીને પગે પડતા હોય, દાક્તરો દેવોની દયા ભીખતા સત્યનારાયણની કથા કરાવતા હોય, ઈજનેરો ઈચ્છાપુર્તી માટે અંબાજીની જાત્રાએ દોડતા હોય અને ખુદ વીજ્ઞાનીઓ જ વેદોમાંથી વીજ્ઞાન શોધતા હોય અથવા અજ્ઞાની સત્યસાંઈબાબાના જાદુઈ ચમત્કારોથી વીસ્મીત બની, ભક્ત બની જતા હોય– એ દેશની ખાજો દયા !

શ્રી. રોહીત શાહ લખે છે, ‘મન્ત્ર દ્વારા કશુંય સીદ્ધ થાય એ વાત હું ક્યારેય સ્વીકારી શક્યો નથી... કેટલાક મુર્ખાઓ દલીલ કરે છે કે, મન્ત્રનો પ્રયોગ શ્રદ્ધાપુર્વક થાય તો જરુર ફળે આપે, શ્રદ્ધા વગર મન્ત્રપ્રયોગ સફળ ના થાય. ત્યારે મારો પ્રશ્ન એ છે કે, મન્ત્રમાં જ જો શક્તી હોય, તો વળી શ્રદ્ધાની ટેકણલાકડીની શી જરુર ? ગોળમાં જ ગળપણ હોય છે, એટલે કોઈ જરાય શ્રદ્ધા વગર પણ ગોળ ખાય, તોય ગોળ તો ગળ્યો જ લાગે. મન્ત્રમાં જો ફળ આપવાનું બળ હોય, તો શ્રદ્ધા વગર પણ એનું ફળ મળવું જ જોઈએ.’

આના અનુસંધાનમાં જ આપણે ગોધરાના સજાગ અને સક્રીય રૅશનાલીસ્ટ શ્રી. મુકુન્દ સીન્ધવનો મત ટાંકી લઈએ : ‘જ્યારે શ્રદ્ધાની વાત આવે, ત્યારે કહેવું રહે કે, વીજ્ઞાનનો કોઈ પ્રયોગ કદાપી શ્રદ્ધાથી સીદ્ધ થયો નથી. બલકે, સંશયથી જ સીદ્ધ થયો છે.

શ્રદ્ધા અને તથાકથીત ધર્મના ખ્યાલોની વીરુદ્ધમાં જ, હમ્મેશાં એવા વૈજ્ઞાનીક પ્રયોગો થાય છે, કોપરનીક્સ તથા ગેલીલીયોને બાયબલની, ધર્મની કે જીસસની વાતમાં શ્રદ્ધા ન બેઠી, એથી જ તેઓ સત્ય શોધી શક્યા. એ જ રીતે, વીજ્ઞાનના બધા જ પ્રયોગો ધર્મ કે ધર્મસ્થાપકોની શ્રદ્ધાની તથા તેઓના મન્ત્રોચ્ચારની કહેવાતી શક્તીની વીરુદ્ધમાં જ થયા છે, અને છતાં તે અથવા તો તે જ સત્ય ઠર્યા છે.'

મન્ત્રશક્તીના મુખ્ય તરફદાર એવા ભુતપુર્વ ન્યાયમુર્તીશ્રી મહેતા સાહેબનો દાવો એવો છે કે, ફક્ત નવકાર મન્ત્ર જ નહીં; રામ, કૃષ્ણ આદી કોઈ પણ નામનું સ્મરણ જો શ્રદ્ધાપુર્વક કરવામાં આવે, તો તે વનસ્પતી વગેરે પર પ્રભાવ પાડી શકે; કારણ કે... મન્ત્રો દ્વારા જે શ્રદ્ધા અને જે આત્મીક સ્પન્દનો ઉત્પન્ન થાય છે, તેમાં જ તેવી શક્તી રહેલી છે. આવા અવૈજ્ઞાનીક દાવાનું નીરસન કરતાં જાણીતા રૅશનાલીસ્ટ લેખક–વીચારક શ્રી. લક્ષ્મીદાસ ખટાઉ લખે છે કે, વનસ્પતી અવાજના તરંગો ઝીલી શકે; પરન્તુ મન્ત્રોના કે રામકૃષ્ણાદી અવતારોનાં નામોનો અર્થ તો ન જ સમજી શકે. માટે મન્ત્રની સારી કે માઠી અસરનો પ્રશ્ન તો ઉભો જ રહે છે : મારો સવાલ છે, રામ કે મહાવીરનાં નામ જપવાથી જો વનસ્પતી ઉપર સારી અસર પડતી હોય, તો રાવણ, ચંગીઝખાન કે હીટલરનાં નામરટણનો કેવો પ્રભાવ પડે ? શું વૃક્ષો કરમાઈ જાય ?

નખશીખ રૅશનાલીસ્ટ શ્રી. મધુ શાહ લખે છે કે, આમેય જ્યાં લોક અન્ધશ્રદ્ધામાં ગળાડુબ હોય, ત્યાં તેમને આવો નશો ચઢાવવાથી નુકસાન જ નુકસાન છે... ધાર્મીકોને ધર્મના આવા એટેક બહુ જ આવે છે. જો મન્ત્રમાં આવી પ્રચંડ શક્તી હોય તો, માધવપુરા બેન્કમાં ધાર્મીક સંસ્થાઓના જ પચાસ કરોડ ઉપરાન્ત રુપીયા સલવાયા છે. ધર્મધુરંધરો, બેસી જાવ આ બેન્કના મકાનની ચારે બાજુ અને ચારે દીશાએથી ચાલુ કરી દો મન્ત્રજાપ ! પૈસાનાં પોટલાનાં પોટલાં વરસશે, સાહેબ !

જાણીતા વીચારક શ્રી. ડંકેશ ઓઝા લખે છે, 'રૅશનલી સ્પીકીંગ, મંત્ર, જાપ, ગાન કંઈ જ પરીણામ આપી શકે નહીં.' એ જ રીતે તુલસીભાઈ લખે છે, 'ધર્મમન્ત્રથી શક્યો પાપડ પણ ન ભાંગી શકાય...' આપણે લૌકીક ધ્યેયો છોડી, અલૌકીકમાં પડ્યા ને આપણી પારાવાર પડતી થઈ. અહીં એક ઉર્દુ શેર યાદ આવે છે; જેઓએ ઈશ્વર સમક્ષ હાથ પસારી, કૃપા માંગી તેઓ તો ત્યાંના ત્યાં જ રહી ગયા; જ્યારે એ જ હાથો વડે કામ કરનારા વૈજ્ઞાનીકો ચાંદસીતારો પર પહોંચી ગયા !

ભલે, પણ મન્ત્રજાપની આ ચર્ચાથી તો એક મહત્ત્વનો લાભ થયો જ : આજકાલ ગાયત્રીમન્ત્રના પ્રકાંડ પ્રભાવનું તોફાન જોરશોરથી ઉપડ્યું છે. આખો એક વીશાળ સમ્પ્રદાય

ચાલ્યો છે; મન્ત્રની મુર્તીઓ ઘડાય છે, એને દેવી બનાવી દેવાઈ છે, ભવ્ય મન્દીરોય રચાય છે! અરે એને નામે અશ્વમેધ યજ્ઞો યોજાય છે...!!! અને ગાયત્રીના ચમત્કારો તો અપરમ્પાર, તમામ ઈચ્છીત ફળ તમારા માટે હસ્તામલકવત જ ! આવી અન્ધશ્રદ્ધાનાં ઘોડાપુરની ચીન્તાજનક પરીસ્થીતીમાં પ્રીન્સીપાલ અશ્વીન કારીયા, પ્રાધ્યાપક હકુમત દેસાઈ વગેરેએ ઉગ્ર એવો સમયસરનો પ્રેરક વીરોધ વ્યક્ત કર્યો છે.

અન્તમાં, મારી નાનકડી ફરીયાદ કે આ પુસ્તીકાનું નામાભીધાન મને ઉચીત નથી લાગતું; 'ધર્મમંત્રોના દુરુપયોગની કુચેષ્ટા' – એવા નામનો સુચીતાર્થ તો સહજ રીતે જ એવો થયો કે, ધર્મમન્ત્રોનો કશોક 'સદુપયોગ' પણ સમ્ભવે. હકીકતે, મન્ત્રો એક એવી અર્થહીન, મીથ્યા યા તુચ્છ શબ્દાવલી છે કે એનો મન્ત્રરુપે તો કશો જ ઉપયોગ નથી. હા, શબ્દાર્થથી સ્વલ્પ સારી ભાવના વ્યક્ત થતી હોય એમ બને. માટે નામ કંઈક એવું રાખવું જોઈતું હતું કે, 'ધર્મમંત્રોના દુરુપયોગની ધૃષ્ટતા.'

## *ભરતવાક્ય*

'વૈદીકમન્ત્રોના સામર્થ્યથી મુર્તીમાં દેવત્વ અને દીવ્યત્વ આવે છે, એવી લોકમાન્યતાને લીધે, અથવા તેથી જેમનો નીર્વાહ ચાલે છે તેમના લોભને લીધે, સમાજમાં જેટલાં દંભ અને ભ્રમ પેદા થયા છે ને થાય છે, અને જેટલાં અનીષ્ટ પરીણામો આવેલાં છે, તેના કરતાંય વધારે ભ્રમ અને દંભ એવી શ્રદ્ધાને લઈને પેદા થયા છે કે, નામસ્મરણથી ઈશ્વર ખુશ થઈને દર્શન આપે છે, અને જેને આવાં ઈશ્વરદર્શન થયેલાં છે, તે સાધુની દીવ્ય શક્તીથી ગમે તેવા ચમત્કારો થઈ શકે છે... સમાજ પર તેનાં વધારે અનીષ્ટ પરિણામો થયેલાં છે અને થાય છે.' –પં. કેદારનાથજી

●

અનુક્રમણીકા

## 25

# નાસ્તીકતા કોઈમાં ખુણી ઉશ્કેરાટ પ્રેરતી નથી

વાદવીવાદ ઉભો કરવા, બખેડા જગાવવા, મારું ચડીયાતાપણું બતાવવા, અગર કશું મેળવવા માટે નહીં; પણ રામનું યથાર્થ ગૌરવ દર્શાવવા માટે જ હું આ કહી રહ્યો છું.

શ્રી હનુમાનઃ યુદ્ધકાંડ, સર્ગ 17, શ્લોક 53

(શ્રી. નગીનદાસ સંઘવીના સૌજન્યથી)

મારી પણ આ જ કેફીયત છે, ફક્ત ઉપરના અવતરણમાં 'રામ' શબ્દને સ્થાને 'રેશનાલીઝમ' વાંચવા વીનન્તી.

મેં નમ્ર ભાવે ફરીયાદ કરી કે મીત્રો કશું જ વાંચતા નથી. સમ્બન્ધીત વીષયનો વ્યાપક તેમ જ ઉંડો અભ્યાસ કરતા નથી અને કેવળ પુર્વગ્રહ, નીજી માન્યતાના હઠાગ્રહ તથા ગુરુતાગ્રંથી યા અહંકારવશ બસ ચર્ચામાં કુદી પડે છે એ હકીકત દુઃખદ છે. બાકી કોઈ પણ વીષયનું ખંડન–મંડન થાય એ સદાય આવકાર્ય ઘટના જ લેખાય. રેશનાલીઝમનું કોઈ સાધાર ખંડન કરે એય મને તો ગમે જ; કીન્તુ એ ખરેખર 'સાધાર' હોવું જોઈએ. વીવાદ ખાતર વીવાદ જેવા બખેડામાં શાણા માણસે રસ ન જ લેવો ઘટે.

દાખલા તરીકે એક લેખમાં મેં જે નરસીંહભાઈ પટેલનો ઉલ્લેખ કરેલો એ નાસ્તીક પુરુષનું પુસ્તક 'ઈશ્વરનો ઈનકાર' વાંચશો તો સહેજેય સમજાશે કે તેઓએ હીન્દુ ધર્મશાસ્ત્રોનો પુરો અભ્યાસ કર્યો છે. ઉપરાંત, તેઓ અન્ય ધર્મો વીશેય ઘણું ઘણું જાણે છે. જરુર પુરતો, એનો તથા ઈતર વીષયો – જેવા કે વીજ્ઞાન આદીનો પણ તેઓએ આવશ્યક અભ્યાસ કરી લીધો છે. તેઓ પોતે પણ એવી કેફીયત પ્રસ્તુત કરે છે કે સાંઠ વર્ષની ઉંમરે હું આ પુસ્તક લખી રહ્યો છું ત્યારે એ કંઈ યુવાનીના ઉછાંછળા ઉછાળા નથી. પુરતા ઠરેલ અભ્યાસ તથા વીચારણાનું જ એ પરીણામ છે. એવું જ નાસ્તીક મહર્ષી ચાર્વાક પરત્વે પણ કહી શકાય. તેઓ જે વેદ–વેદાંત, પુરાણો, ધાર્મીક માન્યતાઓ તેમ જ કર્મકાંડોનું ખંડન કરે છે એ સર્વનો તેઓએ સ્વસ્થ, ઠરેલ ચીત્તે અભ્યાસ કર્યો સમજાય છે. અને વર્તમાન યુગના પ્રખર નાસ્તીક ફીલસુફ બટ્રાન્ડ રસેલની તો વાત જ શી કરવી ? 'પ્રકાંડ વીદ્વાન' બસ એટલું જ વીશેષણ બસ છે. કાર્લ સાગન તથા આઈન રેન્ડના દાખલા પણ અહીં ટાંકી શકાય.

હવે જુઓ, સર્વેશ વોરા તેઓના તારીખ 09/04/2000ના 'અંતર્યાત્રા' (મુમ્બઈ સમાચાર)માં લખે છે :

'દાખલા તરીકે... કોઈ ઈશ્વરના અસ્તીત્વનો અનુભવ કરીને જાહેર કરે, તે મુરખ છે, એનામાં મૌલીકતાનો અભાવ છે. ઈશ્વરનો અસ્વીકાર કરે એ મારી દષ્ટીએ 'મૌલીક' છે,

'સાચો' છે, વાહ ! વાહ ! ઈશ્વરને નામે કોઈ કોઈ અંતીમ ચુકાદો જાહેર કરે એ મુર્ખતા, તો 'રૅશનાલીઝમ'ના નામે કોઈ અનુમાનના ક્ષેત્રમાં ચુકાદો જાહેર કરી દે એ ડહાપણ અને સમજદારી ?'

હવે આવાં ઉગ્ર વીધાન કોણે કર્યાં એ વોરાએ જણાવ્યું નથી. છતાં હું ભારપુર્વક કહું કે સાચો રૅશનાલીસ્ટ આવાં આડેધડ વીધાનો કરતો જ નથી. ઈશ્વરના અસ્તીત્વને નકારવા માટે અમારી પાસે અનેક વજનદાર, તર્કબદ્ધ દલીલો છે, વાસ્તવીક દાખલા છે, જે અત્રે સ્થળસંકોચવશ પ્રસ્તુત કરતો નથી. પરન્તુ સૌ પ્રથમ રસેલનાં તદ્વીષયક પુસ્તકો તથા લેખો વાંચવાની નમ્ર ભલામણ છે. પછી યોગ્ય લાગે તો મારાં પુસ્તકોય વાંચશો. નરસીંહભાઈનું પુસ્તક 'ઈશ્વરનો ઈન્કાર' પણ ખરું જ. આ વીષય 'મૌલીક', 'સાચો', 'શાણો' કે 'મુર્ખ' જેવાં વીશેષણો વાપરીને માંડી વાળવા જેવો નથી. સર્વેશ વોરાએ જો શાંત ચીત્તે આ બધું સાહીત્ય વાંચ્યું હોત તો તેઓ આવું આડેધડ લખી ન મારત, અમે આ વીષયમાં અભ્યાસપુત, તર્કપુત, વજનદાર, ઉંડાણભરી અને અર્થપુર્ણ દલીલો કરીએ છીએ; કારણ કે અમારું આ જીવનધ્યેય છે. અમારે મન આ વીષય માનવજાતના હીતનો છે. એમાં અવીચારી અને અપ્રસ્તુત વીશેષણબાજી કે આક્ષેપબાજીથી કશો જ લાભ નથી, તેમ વીતંડાવાદને સ્થાન નથી, એમ યથાર્થ સમજીએ છીએ. અમારો માર્ગ ધીરજથી તથા તાર્કીક દલીલો સાથે સમજાવટનો છે.

જ્યારે સર્વેશ વોરાએ તો બબ્બે વાર (બે લેખોમાં) રૅશનાલીસ્ટોને મુર્ખ કહ્યા છે. તેઓ પ્રસ્તુત 'અંતર્યાત્રા'ને મથાળે પણ લખે છે કે 'જ્યાં 'ઈઝમ' આવે ત્યાં મુર્ખતા અચુક આવે.' ચીન્તક ગણાતા વોરાનું આ અશોભનીય ઝનુન છે. જગવીખ્યાત ફ્રેન્ચ ફીલસુફ વોલ્ટેર લખે છે :

'માનવજાત માટે શું વધુ ભયાવહ, ઝનુન કે નાસ્તીકતા ? અલબત્ત, મતાગ્રહી ઝનુન જ હજ્જારોગણું વીનાશક તથા ઝેરી છે. એનું કારણ એ જ કે નાસ્તીકતા કોઈ એવી વ્યક્તીમાં ખુની ઉશ્કેરાટ પ્રેરતી નથી, જ્યારે ધાર્મીક ઝનુન એવા લોકોને ભયંકર ઉશ્કેરી મુકે છે અને હત્યારા અપરાધો આચરવાની પ્રેરણા આપે છે.' બીલકુલ સાચી વાત છે. અદ્યાપી કોઈ નાસ્તીક વ્યક્તીએ કશા ફતવા કાઢ્યા નથી કે કોઈને જીવતો સળગાવ્યો નથી. કોઈનો શીરચ્છેદ કરવાના યા કાનમાં ધગધગતું સીસું રેડવાના આદેશો કોઈ રૅશનાલીસ્ટ પુસ્તક કે આચારસંહીતામાં નથી વગેરે. કારણ કે રૅશનાલીઝમ એટલે જ માનવતા, પુર્ણ માનવતા.

મારી તો સર્વેશ વોરાને પ્રેમભરી, આદરભરી સલાહ છે કે જે વીષય તમારો ન હોય એમાં નાહક, ઝનુનથી ઝંપલાવો નહીં. એથી તો તમારી પ્રતીષ્ઠાને બટ્ટો જ લાગે છે.

અગાઉ સર્વેશ વોરાનું નામ એક સારા વીચારક તરીકે મેં અખબારોમાં ચમકતું વાંચેલું ત્યારે મને તેઓ પ્રત્યે ઘણો આદરભાવ પ્રગટેલો; પરન્તુ જ્યારે તેઓએ જોડણીની ચર્ચામાં અનધીકાર ઝંપલાવ્યું ત્યારે મારા આદરનો પારો એકદમ નીચે ઉતરી ગયો. પત્રકાર સૌરભ શાહને તો બીનજવાબદાર વીધાનો કરવાની ટેવ છે; પરન્તુ એક ઠરેલ વીચારકે એમાં જોડાવું જોઈએ નહીં. સીવાય કે તે વીષયનો તેણે ઉંડો અને વ્યાપક અભ્યાસ કર્યો હોય. ગમે તેવો ગાઢ મીત્ર કોઈ ભલેને હોય, તેના ઝનુની અસત્યને એક વીચારકે તો કદાપી સમર્થન આપવું જોઈએ નહીં. પછી ખરી મજા તો એ જામી કે ડૉ. નીશીથ ધ્રુવે ભાષાવ્યાપારનાં તથા ગુજરાતી ભાષાનાં કેટલાંક ધ્વનીપરીવર્તનો તથા વીશીષ્ટ ઉચ્ચારણો ટાંકી વોરાને પ્રશ્ન કર્યો કે, 'આ સર્વેશભાઈ જાણે છે ? યા સર્વેશભાઈ તે જાણે છે ? ઈત્યાદી' અને ચીન્તક વોરા ચીન્તાથી ચુપ થઈ ગયા; કારણ કે ભાષાવીજ્ઞાનના વીષયમાં તેઓનું જ્ઞાન નહીંવત જ. આમ અકારણ જ એમણે આબરુ બગાડી ને ?

આ દાખલો કે પુર્વઈતીહાસ અત્રે તો એટલા માટે જ ટાંક્યો છે કે સર્વેશ વોરા જણાવે છે કે, 'ઈઝમ આવે એટલે ત્યાં મુર્ખતા અને અન્ધાપો અચુક આવે.' પરન્તુ આવું લખતાં પહેલાં વોરાએ 'ઈઝમ' શબ્દનો પુરો અભ્યાસ કરી બરાબર અર્થ જાણવો જોઈતો હતો, જે તેમણે કર્યું લાગતું નથી. પરીણામે તેઓનું લખાણ ઝનુન તથા ગાળાગાળીનું સાધન માત્ર જ બની ગયું. વાસ્તવમાં અંગ્રેજી 'ઈઝમ' પ્રત્યય (suffix)ની ત્રણ અર્થચ્છાયાઓ છે :

(1) વાદ યા રાજકીય–આર્થીક વીચારસરણી : જેમ કે કમ્યુનીઝમ, સોશીયલીઝમ, કેપીટલીઝમ વગેરે.

(2) ધર્મ–સંપ્રદાયઃ જેમ કે બુદ્ધીઝમ, હીન્દુઈઝમ, તાઓઈઝમ વગેરે.

(3) ભાવના કે લાગણીઃ જેમ કે પેટ્રીયટીઝમ, હ્યુમેનીઝમ, હીરોઈઝમ, અલ્ટ્રુઈઝમ વગેરે.

હવે સર્વેશ વોરા એમ કહી શકશે ખરા કે હ્યુમેનીઝમ એટલે કે માનવતાવાદમાં મુર્ખતા તથા અન્ધાપો અચુક હોય જ.

અને જેમ 'ઈઝમ' પ્રત્યયની જુદી જુદી અર્થચ્છાયાઓ છે, એ જ રીતે ગુજરાતીમાં 'વાદ' પ્રત્યયની પણ એવી જ ભીન્ન ભીન્ન અર્થચ્છાયાઓ છે. તદનુસાર 'રેશનાલીઝમ' એટલે 'વીવેકબુદ્ધીવાદ' એવો શબ્દપ્રયોગ પ્રયોજવો રહે; પરન્તુ એથી એ કોઈ રાજકીય–આર્થીક વીચારસરણી યા ધર્મ નથી બની જતો. એને તો ત્રીજી જ અર્થચ્છાયાઓ લાગુ પડે છે, અર્થાત્ રેશનાલીઝમ એ એક લાગણી છે, ભાવના છે, જીવનાભીગમ છે. 'ઈઝમ' આવે ત્યાં મુર્ખતા આવે એમ વોરા કહે છે ત્યારે આ ગાળ બુમરેંગ બને છે એ હકીકત તેઓના ધ્યાન બહાર જ રહી ગઈ છે; કારણ કે નાસ્તીકતા માટેનો શબ્દ જેમ 'એથીઝમ' છે

એવી જ રીતે આસ્તીકતા માટેનો શબ્દ છે : 'થીઈઝમ'. એટલે પછી વોરાના મત અનુસાર નાસ્તીક–આસ્તીક બધા જ મુરખ અને આંધળા ! અને એગ્નોસ્ટીસીઝમવાળાય ખરા જ ને ?

રેશનાલીસ્ટો ક્યારેય એવો દાવો નથી કરતા કે બ્રહ્માંડનાં બધાં જ સત્ય–તત્ત્વ તેઓ જાણી શક્યા છે. એટલે તેઓ પણ પેલા વીજ્ઞાનીની જેમ અચુક માને જ છે કે જેમ જેમ જ્ઞાન આગળ વધે છે તેમ તેમ અજ્ઞાનની સીમાઓ વીસ્તરતી જ જાય છે ! રેશનાલીસ્ટોનું વધારાનું વીવેકપુત તારણ ફક્ત એટલું જ છે કે અમુકેતમુકે કહ્યું અને અમુકતમુક મહાપુરુષ છે માટે તેણે કહ્યું તે સાચું, એમ રેશનાલીસ્ટો સ્વીકારી નથી લેતા. સત્ય પામવાના ત્રણ પગથીયાંને તેઓ નીરપેક્ષ તથા અનીવાર્ય ગણે છે :

(1) કોઈપણ વાત તર્કમાં બરાબર બંધબેસતી થઈ, ગળે ઉતરવી જોઈએ.

(2) રોજીન્દા ઈન્દ્રીયગોચર અનુભવ સાથે એ વાતનો તંતોતંત મેળ બેસવો જોઈએ.

(3) પ્રયોગ દ્વારા તે વાત યથાવત સીદ્ધ થવી જોઈએ.

ટુંકમાં, તર્કવીવેક, અનુભવ અને પ્રયોગ. અમે એય જાણીએ જ છીએ કે અમુક સત્યોના પ્રયોગ ન થઈ શકે ત્યારે પરીણામના પૃથ્થકરણથી તે સીદ્ધ–અસીદ્ધ કરવાં રહે. દાખલા તરીકે બીગ બેંગનો, મહાવીસ્ફોટનો સીદ્ધાન્ત.

અને આ ત્રણે કસોટીઓમાંથી ઈશ્વર જેવી પરમ શક્તી બીલકુલ પસાર થઈ શકતી નથી માટે જ રેશનાલીસ્ટો ઈશ્વરમાં માનતા નથી. બીગ બેંગથી માંડીને તે કૃત્રીમ ઉપગ્રહ કે અવકાશી રૉકેટ સુધીની ઘટનાઓ બહુધા ફક્ત બે શક્તીઓનું–નીયમોનું સંચાલનમાત્ર છે : ગુરુત્વાકર્ષણનો નીયમ અને જડત્વનો નીયમ (Law of inertia) આ બ્રહ્માંડનું સંચાલન છે જ નહીં, એ સંચલન જ છે (ફરી કહું, 'સંચલન' એટલે કે જાતે જ ગતી કરવી). પદાર્થો નીજી ગુણ ધર્મ અનુસાર, અન્ધ ગતી કરતા રહે અને પરીણામે જે થવાનું હોય તે થાય, જેનો કોઈ જ હેતુ નહીં. (purposeless and absurd). માટે જ વીશ્વની રચના કેવળ અકસ્માત ગણાવી શકાય.

## ભરત વાક્ય

If there was an all–powerful god, he would have made all good and no bad. –Mark Twain

●

અનુક્રમણીકા

## 26

# વાસ્તુશાસ્ત્ર કે ફાલતુશાસ્ત્ર ? દાવા અને દીશા

મારા તરફથી આ વાત સમજી લેજો કે વાસ્તુશાસ્ત્ર સો ટકા ફાલતુશાસ્ત્ર છે. જાહેર માધ્યમો જેટલાં વેળાસર આવી કમઅક્કલ માન્યતાઓ ભોળી પ્રજાને માથે ઠોકી બેસાડવાનું બંધ કરે તેટલું વધારે સારું – ખુશવંત સીંહ (‘ઈન્ડીયન સ્કેપટીક’માંથી સાભાર)

માનવજાતના હીતાર્થે રૅશનાલીઝમ અર્થાત્ વીવેકબુદ્ધીવાદના પ્રચારના પુણ્યકાર્યમાં, આજે ગુજરાતને પણ કેટલાંક સમર્થ અને વીદ્વાન કલમ તથા મન–હૃદય પ્રાપ્ત થયાં છે. એ જો અન્યથા આ પ્રજાથી ટકી જાય તો, આપણા ઉજ્જ્વળ ભાવીની આશા જન્માવે છે. એવાં કલમ, ચીત્ત અને વીદ્વતા ધરાવતા એક આદરણીય પુરુષ છે, શ્રી. લક્ષ્મીદાસ ખટાઉ, જેઓ ભોળી પ્રજાને વહેમો, અન્ધશ્રદ્ધાઓ તેમ જ અવૈજ્ઞાનીક માન્યતાઓને કારણે છેતરપીંડીનો ભોગ બની, તન, મન તથા ધનથી ખુવાર થતી બચાવવા પોતાની તર્કબદ્ધ વૈજ્ઞાનીક કલમ ચલાવી રહ્યા છે. ડૉ. જે. જે. રાવલ જેઓ આપણા અગ્રગણ્ય વીજ્ઞાનપુરુષ છે, તેઓ શ્રી. ખટાઉને યોગ્ય રીતે બીરદાવતાં લખે છે કે, ‘શ્રી. ખટાઉનો વીજ્ઞાન અને તર્કશાસ્ત્રનો અભ્યાસ ઘણો તલસ્પર્શી છે. તેઓ હાર્ડકોર રૅશનાલીસ્ટ છે. તેઓ આપણા ગતાનુગતીક ચાલનારા સમાજને સાચી દીશા બતાવી રહ્યા છે. અને એને અન્ધમાન્યતાઓ તથા અન્ધશ્રદ્ધામાંથી મુક્ત કરવા કેવળ ફરજભાવે પ્રચંડ પુરુષાર્થ ખેડી રહ્યા છે.’

ઉપર મેં લખ્યું કે આપણા ગુજરાતી ભાઈઓને શ્રી. ખટાઉ ‘તન અને ધનથી’ ખુવાર થતા બચાવી રહ્યા છે. એમાં ‘તન’ શબ્દ મેં સહેતુક પ્રયોજ્યો છે. ‘સમકાલીન’ના વાચક તો બરાબર જાણે છે કે શ્રી. ખટાઉના અન્ધશ્રદ્ધા નીર્મુલનના પુરુષાર્થની એક અગત્યની શાખા તે ‘વૈકલ્પીક ઉપચાર–પદ્ધતીઓ’ સામેનો એટલે કે ઉંટવૈદા સામેનો તેઓનો સબળ જંગ. તેઓએ શીવામ્બુ, એક્યુપ્રેશર–એક્યુપંકચર, રેકી જેવી, વીજ્ઞાનનાં છલનામયી મહોરાં પહેરી પ્રજાને છેતરતી અને લુંટતી ઉપચાર પદ્ધતીઓનાં નીરર્થકતા તથા જોખમો તર્કબદ્ધ, વૈજ્ઞાનીક રીતે ખુલ્લાં પાડ્યાં છે. જુઓ, તેઓનાં પુસ્તકોઃ ‘તમારી તંદુરસ્તી : તમારી વીવેકબુદ્ધીમાં’, ‘સ્વમુત્ર–એક પુનર્વીચારણા’ વગેરે...

સામાન્યતઃ આસ્તીકો આવાં વંચક ધર્તીંગોની ભ્રમજાળમાં ફસાય છે, એટલે રૅશનાલીસ્ટો વીશેષતઃ તો આસ્તીકોના ઉપકારક હામી બની રહ્યા છે, કારણ કે આસ્તીકો પાસે નથી તો વૈજ્ઞાનીકતા યા નથી તો તર્કબદ્ધ અને વીવેકપુત વીચાર–ચીન્તન. દા.ત., ભુતમાં માનવું યા ભગવાનમાં માનવું – એ બન્ને એક સરખી માનસીક ભ્રમણા છે. શ્રદ્ધા હમ્મેશાં

અન્ધશ્રદ્ધા જ હોય છે; કારણ કે તે કાર્ય–કારણના અફર સીદ્ધાન્તનો જ અનાદર કરે છે. મન્ત્ર, ભલે પછી એ ઉત્તમ વૈદીક ગાયત્રીનો હોય કે મેલા દેવોનો યા દેવી માતાનો 'હ્રીં–ક્લીમ'વાળો હોય, મન્ત્રોચાર કે જાપથી કોઈ પણ પ્રકારનાં માનસીક, શારીરીક યા ભૌતીક અસર અને લાભ થઈ શકે જ નહીં; કારણ કે એ બે વચ્ચે કોઈ વૈજ્ઞાનીક કાર્ય–કારણ ન્યાય સીદ્ધ થતો જ નથી.. ઈત્યાદી શુદ્ધ તર્કશીલતા યા વૈજ્ઞાનીકતા આસ્તીકો ધરાવતા નથી. પરીણામે ભોળા સમાજમાં ઢગલાબંધ છેતરપીંડીઓ અને ફરેબી ઉપચારો–વ્યવહારો પ્રવર્તી રહ્યા છે, જેનો ભોગ વીશેષતઃ અતાર્કીક આસ્તીકો–શ્રદ્ધાળુઓ જ બને છે. શ્રી. ખટાઉ આવા વીનાશક અનીષ્ટમાંથી સમાજને બચાવી લેવા કટીબદ્ધ છે, એ લોકસેવાનું એક ઘણું મોટું કાર્ય છે. શ્રી. ખટાઉ લખે છે :

'લોકોનાં અજ્ઞાનતા, ભોળપણ કે લાચારીનો લાભ ઉઠાવી વાસ્તુશાસ્ત્ર, ઉટવૈદું જેવા ધતીંગો પ્રજાને છેતરે છે અને લુંટે છે. આવા વ્યવસાયોમાં પડેલા માણસોમાંના 99 ટકા તો તકસાધુઓ અને અર્ધદગ્ધો હોય છે. કહેવાતા વૈકલ્પીક ઉપચારોના કહેવાતા નીષ્ણાતો લોકોનાં અમુલ્ય આરોગ્ય અને જીવન સાથે ખતરનાક રમત રમે છે. આ કારણે અન્ધમાન્યતાઓથી ભરપુર સાહીત્ય ઉપર પણ (બીભત્સ સાહીત્યની જેમ જ) કાયદેસર પ્રતીબંધ હોવો જોઈએ... પર્યાવરણનું પ્રદુષણ અટકાવવાના થોડા પ્રયાસો શરુ થઈ ગયા છે; પરન્તુ માનસીક પ્રદુષણ તરફ હજી શાસકો અને બૌદ્ધીકોનું ધ્યાન ખેંચાયું નથી. માનસીક પ્રદુષણ વધારે ખતરનાક છે, છતાં એ વીશે મોટા ભાગના બૌદ્ધીકો કાં તો અજ્ઞાન છે અથવા તો નીષ્ક્રીય બનીને તમાશો જોઈ રહ્યા છે. ('વાસ્તુશાસ્ત્ર કે ફાલતુશાસ્ત્ર' પુસ્તકની પ્રસ્તાવના). શ્રી. ખટાઉ આવાં ધતીંગોને સમર્થન આપનારાં લખાણો વગેરે પ્રસીદ્ધ કરનારાં અખબારો તેમ જ ઈતર માધ્યમોનો પણ ઉગ્ર ઉધડો લે છે.

પ્રસ્તુત પુસ્તકના પુરોવચનમાં, જાણીતા વીજ્ઞાનવીદ અને પ્રયોગશીલ, રૅશનાલીસ્ટ ઉદ્યોગપતી શ્રી. રવજીભાઈ સાવલીયા લખે છે : 'દુનીયાભરના લોકો પ્રાચીનકાળથી જ જ્યોતીષમાં શ્રદ્ધા ધરાવે છે. ઘણી મોટી સંખ્યામાં લોકો ઘણા લાંબા સમયથી કાલ્પનીક બાબતમાં માનતા હોય, એથી એ સત્ય બની જતી નથી. ઘણી બધી વ્યક્તીઓ માનતી હોય એવી ધડમાથા વગરની કલ્પીત બાબતમાં આપણને જલદી શ્રદ્ધા થઈ જાય છે. શ્રદ્ધા એટલે બીજા ઘણા માને છે, માટે મારેય તે માની લેવું. હમણાં વળી વાસ્તુશાસ્ત્ર ઉભું થયું છે. એ શાસ્ત્ર ઘણું પ્રાચીન છે – એવું તેના કહેવાતા નીષ્ણાતોનું કહેવું છે. આ શાસ્ત્રનો મુખ્ય આધાર મકાનના જુદા જુદા ખંડોની દીશાઓ છે... જે શાસ્ત્રનો આધાર દીશાઓ છે એને એટલું જ

પુછવાનું કે દીશાઓ પોતે જ કલ્પીત અને સ્થળસાપેક્ષ છે. બ્રહ્માંડમાં તો કોઈ દીશા જ નથી ! પછી તેના આધારે રચાયેલું શાસ્ત્ર વૈજ્ઞાનીક કેવી રીતે હોઈ શકે ?'

પોતાના પુસ્તક 'વાસ્તુશાસ્ત્ર કે ફાલતુશાસ્ત્ર ?'માં શ્રી. લક્ષ્મીદાસે આ કહેવાતા શાસ્ત્રના તમામેતમામ દાવાઓનો સમર્થ છેદ ઉડાવી દીધો છે. તેઓ લખે છે કે દીશાઓ પરત્વેની વાસ્તુશાસ્ત્રની માન્યતાઓ જ મીથ્યા છે. દા.ત., અગ્નીખુણામાં કોઈ અગ્ની નથી અથવા તો અગ્ની કેવળ અગ્નીખુણામાં જ હોય એવું નથી. એવું જ વાયવ્ય દીશા બાબતે વાયુનું અને નૈઋત્ય એ જળની દીશા હોવાની માન્યતાનું પણ છે. ત્યારે ચુલો અગ્નીખુણે રાખવો યા પાણીનાં માટલાં–ટાંકી નૈઋત્ય બાજુ રાખવાં, જેથી સમસ્ત કુટુંબમાં સુખ, શાન્તી, સમૃદ્ધી તથા સ્વાસ્થ્ય વ્યાપી રહેશે, એવો સીદ્ધાન્ત સાવ પાયા વગરનો જ સીદ્ધ થાય છે. જ્યારે પુર્વ–પશ્ચીમ દીશાનાં બારીબારણાં – એ તો સામાન્ય સમજની વાત છે, એમાં વળી વાસ્તુશાસ્ત્રે શી ધાડ મારી ? વાસ્તુશાસ્ત્રના કેટલાક હાસ્યાસ્પદ આદેશોની ઠેકડી ઉડાવતાં શ્રી. લક્ષ્મીદાસ લખે છે કે તમારા ઘરમાં સંડાસની દીશા પણ ઘણી અગત્યની છે એટલું જ નહીં, તમે કઈ દીશામાં મુખ રાખીને લઘુશંકા–દીર્ઘશંકા કરો છો – એ પણ સમસ્ત કુટુમ્બના સુખ, શાન્તી આદી માટે નીર્ણાયક પ્રકીયા બની રહે છે. વાસ્તુશાસ્ત્રને મળતું ચીનનું ફેંગશુઈશાસ્ત્ર તો વળી 'ટોયલેટ–ઉર્જા' નો પણ ઉલ્લેખ કરે છે ! તમારા મકાનમાં જો સંડાસ યોગ્ય દીશામાં નહીં હોય તો 'ટોયલેટ ઉર્જા' ફ્લશ દ્વારા બહાર નીકળી શકશે નહીં. પરીણામે બાબરાભુતની જેમ તે તમારા કુટુમ્બમાં હાહાકાર મચાવશે. ફેંગશુઈમાં શુભ ઉર્જાનો પણ ઉલ્લેખ આવે છે, જે કોઈ દેવી જેવી છે અને જો તમે ચોક્કસ પરીસ્થીતી જાળવો, તો જ એ તમારા ઘરમાં પ્રવેશે અને તમને લાભ કરે !

અત્રે મને એ હકીકત ઉમેરવાનું જરુરી લાગે છે કે ભારતીય આયુર્વેદમાં પણ ઉત્તર દીશા પ્રતી મુખ રાખી મળત્યાગ કરવાની સલાહ છે. એ જ રીતે, બેસતા વર્ષની રાત્રે સાક્ષાત લક્ષ્મીદેવી આ સંસારમાં ફરવા નીકળે છે, અને જો તમારાં બારણાં ખુલ્લાં હોય, તો તે તમારા ઘરમાં પ્રવેશે છે, માટે લોકો બેસતા વર્ષે રાતભર યા મોડી રાત સુધી પોતાના ઘરના દરવાજા ખુલ્લા રાખતા. આજે કદાચ આવો રીવાજ વ્યાપક નથી; કારણ કે હવે તો લક્ષ્મીદેવીને બદલે ચોરલુંટારા પ્રવેશી જવાનો ભય ઉદ્ભવ્યો છે ! કહેવાનો ભાવાર્થ એ જ કે સમગ્ર માનવજાતની પુર્વજ પેઢીમાં વૈજ્ઞાનીક સત્યનું જ્ઞાન સ્વલ્પ જ હતું. પરીણામે પ્રત્યેક સમાજે કોઈને કોઈ વહેમો ઉભા કર્યા અને સેવ્યા જ છે. વાસ્તુશાસ્ત્ર પણ આવી જ વહેમશૃંખલાની એક જોખમી કડી છે.

શ્રી. ખટાઉ વાસ્તુશાસ્ત્રના એક અન્ય હાસ્યાસ્પદ આદેશનો ઉલ્લેખ કરતાં લખે છે કે પતી–પત્ની વચ્ચે મનમેળ ન હોય, ઝઘડા થતા હોય યા સન્તાનપ્રાપ્તી ના થતી હોય, તો સમજવું કે એવા દમ્પતીના મકાનનો શયનખંડ અયોગ્ય દીશામાં હશે અથવા તો તેઓ વીપરીત દીશામાં પગ–માથું રાખી સુતાં હશે કે સમાગમ કરતાં હશે, એમ આ શાસ્ત્ર જણાવે છે. આ તો બહુ જ સરસ ! બધાં જ દંપતીને વીપરીત દીશામાં પગ–માથું રાખી સુવા જણાવવું, જેથી આપોઆપ જ ગર્ભનીરોધ થાય, નસબન્ધી કે કોન્ટ્રાસેપ્ટીવ્ઝ કશાની જરુર જ નહીં ! અને વસતીવીસ્ફોટની સમસ્યા આપોઆપ ઉકલી જાય !

શ્રી. લક્ષ્મીદાસ સખેદ નોંધે છે કે આપણા દેશનાં કેવળ અજ્ઞાન, અભણ અને પછાત વર્ગ જ નહીં, શીક્ષીત, સુશીક્ષીત અને સંસ્કારી, ભદ્ર વર્ગ પણ બહુધા વાસ્તુશાસ્ત્રમાં શ્રદ્ધા ધરાવે છે, જેના મુળમાં લુચ્ચા, લફંગા તથા શઠ માણસોનો ધોધમાર પ્રચાર જ કારણભુત છે. વધુમાં વળી, આવાં ધુર્ત તત્વો સંપન્ન વર્ગની વાસ્તુશાસ્ત્ર પ્રત્યેની અન્ધશ્રદ્ધાનો ભરપુર લાભ ઉઠાવે છે, કારણ કે એવા કોઈ કુટુંબમાં કશીક મુશ્કેલી ઉદ્ભવે કે તત્કાલ આ વાસ્તુશાસ્ત્રવાળા મકાનના દોષયુક્ત બાંધકામને કારણરુપ ઠસાવી દે છે. પરીણામે સારા અને મજબુત મકાનમાંય તોડફોડ, ફેરફાર અને ઉક્ત શાસ્ત્ર મુજબનું નવેસર બાંધકામ ચાલુ ! પરીણામે વાસ્તુશાસ્ત્રી, આર્કીટેક્ટ–એન્જીનીયરો, કોન્ટ્રેક્ટરો, કડીયા, રીનોવેટરો તથા ઈન્ટીરીયર ડેકોરેટરોને ભરપેટ ઘી કેળાં ! વધુમાં વળી ઘરમાં લાફીંગ બુદ્ધની મુર્તી, અમુક મોંઘાદાટ ચીત્રો, પીરામીડ, ડ્રેગન, કાચબા વગેરે વસાવવાથી લાભ થાય એવી ભલામણ પણ તેઓ કરે છે. બધામાં જ કમીશન અને બધાને જ બસ, મજા જ મજા ! સર્વે જનાઃ સુખીનો ભવન્તુ ! (પ્રકાશક : શ્રી. જમનાદાસ કોટેચા, જોરાવરનગર–363020 જીલ્લો : સુરેન્દ્રનગર).

## *ભરતવાક્ય*

જ્યોતીષ, ફેંગશુઈ, વાસ્તુશાસ્ત્ર જેવાં કહેવાતાં શાસ્ત્રો સમાજને અવળે માર્ગે દોરે છે. માણસની બુદ્ધીમત્તા ઉપર પડદો પાડી દે છે. મનુષ્ય પોતે સુખ–સમૃદ્ધી પ્રાપ્ત કરવા શક્તીશાળી હોવા છતાંય નીઃસહાય બની જાય છે. આવાં તે શાસ્ત્રો કહેવાય ? જે વીદ્યા માનવીને પ્રબુદ્ધ કરે, તેજસ્વી બનાવે, આત્મવીશ્વાસથી ભરી દે તેને જ ખરેખર તો શાસ્ત્ર કહેવાય. –ડૉ. જે. જે. રાવલ

●

અનુક્રમણીકા

## 27

# જ્યોતીષે સમાજનું નૈતીક અધઃપતન નોતર્યું છે

It is undesirable to believe a proposition, when there is no ground whatever for supposing true. –Bertrand Russell

હવે ચર્ચાપત્રોની–રીસ્પોન્સાદીની ચર્ચા ટાળવી ઘટે, એમ લાગે છે. કારણ એ કે ‘વાદે વાદે જાય તે તત્ત્વનાશઃ’ – એવું થવાનો ભય ! તાત્ત્વીક વીવાદ આવશ્યક તથા મુલ્યવાન ગણાય; પરન્તુ એકની એક વાતની અવૈજ્ઞાનીક દલીલબાજી વાદવીવાદ નહીં; કીન્તુ વીતંડાવાદ બની જાય; ત્યારે એની ખાસ ઉપયોગીતા સીદ્ધ થવાને બદલે જય–પરાજયની કુસ્તીબાજી બની જાય. પરીણામે રાજા–મહારાજોની ગોધાલડાઈ કે કુકડાલડાઈની જેમ જનતાને ફક્ત જોણું થાય, સત્યલક્ષી લાભ નહીંવત જ.

દા.ત., એક વાચકમીત્રે પડકાર ફેંક્યો કે ‘રસેલના અવતરણનું મુળ પુસ્તક ટાંકો; નહીં તો જોવા જેવી કે રોવા જેવી થશે !’ ભલે મારા સાહેબ, મેં તો ગોટો વાળ્યો એમ માનો ! એથી સત્યમાં કશો જ ફરક પડતો નથી. અમે બાળપણની પાઠ્યપોથીમાં એક કવીતા ભણેલા, જે હૈયે વસી ગઈ છે :

સતને કદી આંચ ન,

(ન) નાશ કદી !

કવી કોણ હશે? યાદ નથી આવતું. તો કૃપા કરીને પડકાર ના ફેંકશો. કારણ કે હરીશચંદ્રની જેમ હરીજનગૃહે વેચાઉં, તોય હવે પ્રસ્તુત પાઠ્યપુસ્તક પ્રાપ્ય ન જ બને. એવું રસેલનાં પુસ્તકો બાબતેય બન્યું છે. કેન્દ્ર સરકારે ચાલુ વર્ષને ‘પુસ્તક વર્ષ’ જાહેર કર્યું છે, ત્યારે મારી એને એક વીનન્તી કે એવો કડક કાયદો કરો કે ઉછીનું લીધેલું પુસ્તક પરત ન કરે, એ શખસને ફાંસી ! અને જે સમયસર પાછું આપી જ જાય, એવા જવાબદાર ગૃહસ્થનું જાહેર સન્માન તથા તેને રોકડ પુરસ્કાર! મારા ડઝનબંધ મુલ્યવાન પુસ્તકો ગયાં તે ગયાં જ ! હમણાં જ આ રીતે ગુમાવેલાં રસેલનાં પુસ્તકો બાબતે મેં અખબારમાં જાહેરાત આપી છે. કારણ કે પેલા ‘પડકારી’ મીત્રને જવાબ આપવા એ પુસ્તકો મેં શોધ્યાં, પણ ન જ મળ્યાં ! જો કે રસેલનું એક મુળ વીધાન આજે મથાળે અંગ્રેજીમાં આપું છું, જે લગભગ એ જ મતલબનું છે. બીજું, જે તેઓશ્રીએ ટાંક્યું છે અને પડકાર્યું છે, એ અંગ્રેજીમાં પ્રાપ્ય નથી. એટલે મારા ખોવાયેલાં પુસ્તકો – (રસેલનાં)નું નામ ટાંકીને ક્ષમા માગી લઉં :

(1) Gates of wisdom

(2) Bertrand Russell's Best (અથવા તો Best of Bertrand Russell)

ખેર, અત્યારે તો એટલું જ કહીને વીરમું કે તેઓએ રસેલનાં વીધાનોમાં વીરોધભાવ કલ્પીને જે પડકાર ફેંક્યો છે, એવો કોઈ વીરોધ જ એ બે વીધાનો વચ્ચે નથી. આ બ્રહ્માંડમાં અપરમ્પાર વસ્તુઓ છે અને હશે જ કે જે વીશે અમે રેશનાલીસ્ટો યા વીજ્ઞાનીઓ કશું જ જાણી શકતા નથી :

There are more things in heaven and on earth Horatio, than dreamt of in your philosophy ! (Hamlet –સ્મૃતી આધારે)

(નોંધ : 'વીરોધાભાસ' શબ્દ એના ઈષ્ટ અર્થની દૃષ્ટીએ યથાર્થ પ્રયોગ નથી; કારણ કે પ્રશ્ન 'આભાસ'નો નહીં, પરસ્પર નક્કર વીરોધી વાતનો જ હોય છે. એટલે મેં 'વીરોધભાવ' શબ્દ પ્રયોજ્યો છે. છતાં કહું કે 'વીરોધાભાસ' પણ ચાલે; કારણ કે રુઢીઃ શાસ્ત્રાત્ બલીયસી ! અને ભાષા એ કેવળ રુઢીનો જ વ્યાપાર છે.)

શેક્સપીયરની જેમ જ માણસના અલ્પ જ્ઞાન પરત્વે મહાન વીજ્ઞાની આઈન્સ્ટાઈને પણ વીનમ્ર એકરાર કર્યો જ છે :

'જેનો પાર આપણે કદાપી પામી શકવાના નથી, એવા કશાકનું અસ્તીત્વ ખરેખર સંભવે એ પ્રમાણવું; જે તત્ત્વ ઉચ્ચતમ પ્રજ્ઞારુપે તથા પ્રોજ્જ્વલતમ સૌંદર્યરુપે પ્રગટ થાય છે, અને જેને કેવળ સાવ પ્રાથમીક રુપે જ આપણી અલ્પ મતી–શક્તી પારખી શકે છે એમ સમજવું–એ જ ભાન–જ્ઞાન તથા એવી લાગણી જ સાચી આધ્યાત્મીકતાનું કેન્દ્ર છે.'

હવે આઈન્સ્ટાઈનના આ વીધાનના 'સોર્સ' પરત્વે પાછા મીત્ર પડકાર ન ફેંકતા ! એને બદલે મારી અનુવાદશક્તીની કદર કરો, અને સ્વીકારો કે અંગ્રેજી કે ગુજરાતી અવતરણો ટાંકવામાં વાચસ્પતી 'કશોક ગોટો' નથી વાળતો. પછી તો આખરે ભઈ, માણસ છું. માણસ માત્ર ભુલને પાત્ર !

વાચકોના લાભાર્થે, ફક્ત એક જ ટકોર કરીશ કે નવી પ્રજાતી ઉત્પન્ન થાય, તો જ અને ત્યારે જ એ ઉત્ક્રાંતી કહેવાય – એવો હઠાગ્રહ ખોટો છે. ઉત્ક્રાંતી તો નીરન્તર તથા અનન્ત પ્રક્રીયા છે. તાત્ત્વીક રીતે કહીએ તો ગઈ કાલે માણસ જે અને જેવો હતો, તે અને તેવો આજે નથી; તેણે સ્વલ્પાતીસ્વલ્પ ઉત્ક્રાંતી કરી જ છે, એ કોઈ પણ પ્રયત્ને નોંધી શકાય નહીં; કારણ કે એ વર્ષો કે સદીઓને નહીં, યુગોને આંબતી ઘટના છે. લાખો–કરોડો વર્ષો બાદ, કોઈ નવી જ શક્તીઓ નવાં જ અંગોવાળો યા અમુક અંગ ગુમાવી બેઠેલો માણસ પ્રગટે, અને એ પછી ય વળી લાખો–કરોડો વર્ષે એમાંથી કોઈ નવી પ્રજાતી પ્રગટે, એમ

બનવાનું જ. શું થશે ? એની તો કોઈ આગાહી કરી શકે નહીં. અધ્યાત્મવાદીઓ, અને ખાસ તો અરવીન્દવાદીઓ આત્માની– ચેતનાની ઉત્ક્રાંતીનો જે સધીયારો આપે છે અને દીવ્ય માનવ યા અતીમાનસના પ્રાગટ્યની જે આગાહી કરે છે, એ બધી તો કેવળ ગપ્પાંબાજી !

હવે જ્યોતીષની વાત : ભાઈ શ્રી. ચર્ચાપત્રીએ ડઝનબન્ધ આગાહીઓને અસત્ય સીદ્ધ થયેલી જાહેર કરતા શ્રી. અબ્દુલભાઈ વકાની તથા શ્રી. જમનાદાસ કોટેચાના એવા પુરુષાર્થને 'કહેવાતું સંશોધન' ગણાવ્યો છે, અને બીજી બાજુ અમેરીકાના સામયીક 'હીન્દુઈઝમ ટુ–ડે' ના એવા જ પ્રયાસને આધારયોગ્ય પ્રયોગ લેખાવ્યો છે ! આ તો અમે કરીએ તે લીલા, અને તમે કરો તે... એના જેવો જ ઘાટ થયો ! આ મેગેઝીને અમુક ડેટા–વીગત નવ અગ્રણી જ્યોતીષીઓને પાઠવી અને એના જવાબમાં, સાત જ્યોતીષીઓની વાત સાવ સાચી નીકળી, મતલબ કે સમ્બન્ધીત વ્યક્તીનાં ગુણલક્ષણની સચોટ 'આગાહી' આ જ્યોતીર્વીદોએ જન્મતારીખ આદીને આધારે કરી બતાવી... માટે જ્યોતીષ એ સાચું વીજ્ઞાન – એવું તારણ ચર્ચાપત્રીએ પ્રસ્તુત કર્યું. પ્રીય ભાઈશ્રી, 'હીન્દુઈઝમ ટુ–ડે' નો આ પ્રયોગ તો એકદમ મર્યાદીત પ્રકારના સેમ્પલ સર્વે જેવો કહેવાય, જ્યારે શ્રી. વકાની–કોટેચાનો ઘણો વધુ વ્યાપક સર્વે ગણાય. કારણ કે એમાં ફક્ત નવદસ નહીં, પણ ડઝનબંધ આગાહીઓની ચકાસણી કરવામાં આવી હતી. બોલો હવે, હવે કયું તારણ ચઢે? તમે જ કહો, કયો પ્રયોગ વધુ ધ્યાનાર્હ લેખાય ? બાકી, 'હીન્દુઈઝમ ટુ–ડે' અમેરીકાનું સામયીક છે, એટલા માત્રથી જ તેને વધુ આધારભુત ગણી લેવાતું હોય, તો જુદી વાત છે ! એ હકીકત જ છે કે હજીય આપણે ગોરા પ્રદેશના પ્રભાવમાંથી બહાર આવી શકતા નથી !

બાકી, ન તો જમનાદાસ–અબ્દુલભાઈનો સર્વે વૈજ્ઞાનીક છે કે ન તો 'હીન્દુઈઝમ ટુ–ડે' નો; કારણ એ જ કે જો પ્રયોગ થવો જોઈએ, તો તે કાર્ય–કારણ ન્યાય સ્થાપીત કરવા માટેનો જ પ્રયોગ હોવો ઘટે, અને તો જ તે વૈજ્ઞાનીક કહેવાય. અર્થાત્ ગ્રહોની માનવજીવન પર થતી અસરનો કોઈ જ કાર્ય–કારણ ન્યાય અદ્યાપી કોઈ પણ પ્રયોગ દ્વારા સીદ્ધ થયો નથી; ભલે પછી તે 'હીન્દુઈઝમ ટુ–ડે' નો હોય યા વકાનીસાહેબનો હોય ! શુક્ર પ્રેમમાં સફળતા અપાવે, શની ખેદાનમેદાન કરી નાખે, સુર્ય પરાક્રમી બનાવે, ગુરુ જ્ઞાન આપે કે મંગળવાળી છોકરી પતીઘાતક નીવડે–એવા 'નીયમો' પાછળ કોઈ સીદ્ધ કાર્ય–કારણ ન્યાય છે ખરો ? વકાની–સાહેબે અખબારોનાં નામઠામ તથા તારીખ સહીત ચુંટણી અને ક્રીકેટની ખોટી પડેલ ડઝનબંધ આગાહીઓ ટાંકી, એ ચર્ચાપત્રીજીને મન 'ગપ્પાંબાજી', અને એક સામયીકનું મામુલી સંખ્યા આધારીત કરેલું તારણ, તે સત્યમુલક? વાહ જી, આપનો અદલ ઈન્સાફ ! તમે

વકાની–જમનાદાસને ‘પક્ષકાર’ ગણાવો છો; પરન્તુ પ્રસ્તુત સામયીકનું તો નામકરણ જ એવું છે કે તે આપોઆપ પક્ષકાર સીદ્ધ થાય છે.

ચર્ચાપત્રીજીને અમેરીકાનો જ મોહ હોય તો જણાવું કે ભૌતીકશાસ્ત્રી પ્રો. મેકગર્વેએ વળી વધુ આધારભુત સર્વેક્ષણ કરેલું. તેણે દુનીયાના 16,634 વીજ્ઞાનીઓ અને 6,475 રાજકારણીઓની કુંડળી મેળવી. હવે સમ્બન્ધીત જ્યોતીષશાસ્ત્ર મુજબ, અમુક ગ્રહોના પ્રભાવ હેઠળ જન્મનાર વ્યક્તી વીજ્ઞાની બને, અને અમુક કુંડળીવાળો વળી મોટો રાજકારણી બને. પરન્તુ મેકગર્વેએ ચકાસેલી કુંડળીઓમાં આવો કોઈ નીયમ સાબીત થતો જોવા મળ્યો નહીં... વોશીંગ્ટન યુનીવર્સીટીના જેમ્સ બર્થે અને જેમ્સ બેનેટે વળી એ જ રીતે સૈનીકોની કુંડળીઓ ચકાસી. ત્યાંના જ્યોતીષ મુજબ, મંગળના પ્રભાવ હેઠળ જન્મેલી વ્યક્તી મહાન યોદ્ધો બને; પરન્તુ એવો કોઈ સીદ્ધાન્ત ફલીત થતો આ કુંડળીમાં જોવા મળ્યો નહીં. જાણીતા ખગોળશાસ્ત્રીઓ રોજર કલ્વર અને ફીલીપ લેન્નાએ જ્યોતીષીઓની 3,011 આગાહીઓ ચકાસી; જેમાંથી ફક્ત દસ ટકા જ સાચી પડેલી જણાઈ.

ચાલો, એ વાત જવા દઈએ અને આપણા ભારતીય મહર્ષીઓના જ મત જોઈએ : જેઓને આર્ય–હીન્દુત્વનું પુરું ગૌરવ છે એવા મહર્ષી દયાનન્દ સરસ્વતી ઘોષણા કરે છે કે ‘મનુષ્ય ધનવાન, દરીદ્ર, રંક બને; તે પોતાના કર્મથી થાય છે, ગ્રહોથી નથી થતો. (સત્યાર્થ–પ્રકાશ, પ્ર.11) ભારતીય સંસ્કૃતી માટે પુર્ણ આદર–મમતા ધરાવતો આર્યસમાજ પંથ જ્યોતીષમાં નથી માનતો. અમદાવાદ આર્યસમાજે ‘જ્યોતીષ એક અન્ધવીશ્વાસ’ નામક પુસ્તક પ્રગટ કર્યું છે. આર્યસમાજે જ પ્રસીદ્ધ કરેલા અન્ય એક ગ્રંથ ‘જ્યોતીષવીવેક’ ના લેખક શ્રી. વેદવ્રત લખે છે કે ‘ફલજ્યોતીષ’ એ પુરેપુરું શંકાસ્પદ છે, અથવા તો છેતરપીંડી છે.’ આ જ ગ્રંથના ‘આશીર્વચન’માં સ્વામી સત્યપતીજી લખે છે : ‘મીથ્યાફલીત જ્યોતીષ સે સમસ્ત સંસાર કા નૈતીક, આર્થીક, આધ્યાત્મીક આદી સબ પ્રકાર કા પતન હુઆ હૈ, ઔર અનેક નીરાધાર મતોં કી ઉત્પત્તી હુઈ હૈ, જીસસે નીર્દોષ મનુષ્યોં કો નાના પ્રકાર કે મહાન દુઃખ ભોગના પડા હૈ... ઈસ ગ્રન્થ સે, વર્ષો સે ચલી આ રહી ભોલે લોગોં કો લુંટને કી અન્ધ પરમ્પરા સમાપ્ત હો જાયેગી.’

ભરુચના અગ્રણી આર્યસમાજી શ્રી. નાથુભાઈ ડોડીયાએ એક પુસ્તીકા પ્રગટ કરી છે : ‘દુઃખ નીવારણના ભ્રામક ઉપાયો’, જેમાં તેઓએ લગભગ પચ્ચીસ જેટલાં બળકટ વીધાનો જ્યોતીષ વીરુદ્ધનાં, એટલે કે જ્યોતીષશાસ્ત્રનું મીથ્યાત્વ સીદ્ધ કરતાં પ્રસ્તુત કર્યાં છે; જેમાંનું, સ્થળસંકોચવશ, એક જ અત્રે ટાંકું : રામાયણમાં સીતા–ઉર્મીલા વગેરેનાં તથા મહાભારતમાં દ્રૌપદી–રુકમણી આદીનાં લગ્ન, કુંડળી મેળવીને કરવામાં આવ્યાં હોય, એવો

કોઈ ઉલ્લેખ નથી. (લવ અને કુશ એકસાથે જન્મેલા છતાં બન્નેની નામરાશી જુદી જુદી કેમ? સીતાજી ખોવાયાં, ત્યારે રામ એ વીશે કોઈ જ્યોતીષીને પુછવા ગયા નહીં.) આવા બધા ઉલ્લેખો સુચવે છે કે રામાયણ–કાળમાં જ્યોતીષમાં કોઈ માનતું નહીં.

આજકાલ જ્યોતીષનો પ્રશ્ન ચર્ચાના ચાકડે ચડ્યો છે, અને વળી એ એક વૈજ્ઞાનીક સમસ્યા છે; કારણ કે એક સ્યુડો સાયન્સને, સાયન્સનાં માન–સ્થાન આપવાની જોગવાઈ થઈ રહી છે. પરન્તુ આવું બધું વાંચીએ–વીચારીએ તો પ્રતીતી થાય કે યુનીવર્સીટીઓના અભ્યાસક્રમોમાં જ્યોતીષનો સમાવેશ એ રાષ્ટ્ર માટે કેટલું ભયાનક તથા વીનાશક પગલું છે !

એક પ્રશ્ન : વીખ્યાત જ્યોતીષી શ્રી. બેજન દારુવાલાને ગુજરાતના ધરતીકંપની આગોતરી સચોટ જાણ હતી. તો તેઓએ કચ્છને બચાવ્યું કેમ નહીં ? આ તો માનવહત્યારું મૌન કહેવાય. એમના પર કામ ચલાવવું જોઈએ.

અત્રે તો જ્યોતીષની ચર્ચા જ મેં કરી, કારણ કે એ એક સામાજીક, આર્થીક તથા નૈતીક સમસ્યા હોઈ એની વૈજ્ઞાનીક દષ્ટીએ ચર્ચા, ખાસ તો આજે અનીવાર્ય લેખાય. બાકી તો ચર્ચાપત્રીશ્રીએ બીજા પણ મુદ્દા મારા વીરોધમાં કે રૅશનાલીઝમ વીરુદ્ધના ગણ્યા છે. દા.ત., તેઓ લખે છે કે ‘નાસ્તીકો કાંઈ ઓછા ઝનુની નથી. લેનીન, સ્ટેલીન, માઓ–ત્સે–તુંગ, પોટપોલ વગેરે નાસ્તીકોનાં ઝનુની કારનામાંઓથી ઈતીહાસ પણ ધ્રુજી ઉઠ્યો... એકલા સ્ટેલીને જ પચાસ લાખથી વધારે લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા... ઈ.’ અરે મારા સાહેબ, તમે આવી ભુલ કરો છો ? સ્ટેલીન કે માઓનો ઝનુની હત્યાકાંડ એ તો સામ્યવાદના પ્રચાર તથા વીજય માટે હતો, નહીં કે નાસ્તીકતાના પ્રચારાર્થે; અને સામ્યવાદ એ તો રાજકીય–આર્થીક વીચારસરણી છે. એમ તો હીટલર ક્યાં નાસ્તીક હતો ? અને તાલીબાનો શું કરે છે ? તેઓ શા માટે ઝનુની બની, આવી ઘોર ક્રુરતાઓ આચરી રહ્યા છે ? પણ જવા દો, કદાચ વધુ ચર્ચા અને પાછો એનો પ્રત્યુત્તર વીતંડાવાદ બની જાય !

## *ભરત વાક્ય*

પુજા કરીને યા તો ગ્રહ–નક્ષત્રાદીનાં ફલ બતાવીને પેટ ભરનારા બ્રાહ્મણને, બ્રાહ્મણવર્ણમાંથી હાંકી કાઢવા જોઈએ.

●

અનુક્રમણીકા

## 28

## 'વીચારમાધુરી'નું રૅશનલ માધુર્ય – લ્યો, એક વધુ પુસ્તક

આપણે એક નીર્ણય હવે વેળાસર લઈ લેવો જોઈએ : વૈચારીક મુક્તી મેળવવી છે કે સામુહીક પરતન્ત્રતામાં જ જીવવું છે ? સ્વતંત્ર બુદ્ધીનો ઉપયોગ કરવો છે કે ધધુપપુઓનાં ચરણોમાં માથું નમાવીને બેસી રહેવું છે ? આવી પરતન્ત્રતા થોડી સલામતી આપશે; પણ એવી સલામતી ભ્રામક હોય છે. પાંજરામાં પુરાયેલો પોપટ પણ એમ તો સલામત છે : પરન્તુ ખુલ્લા આકાશમાં વીહરવાની મુક્તીને ભોગે તેણે એ સલામતી મેળવેલી છે. બુદ્ધી ગીરવે મુકીને ફલાણા બાબા અને ઢીકણા દાદાનાં ચરણ પુજતા રહેતા લોકો સત્યપ્રાપ્તીની આશા રાખી શકે જ નહીં. આપણે રાજનૈતીક પરતન્ત્રતામાંથી મુક્ત થયા; પણ કહેવાતી ધાર્મીક–આધ્યાત્મીક પરતન્ત્રતા આપણી બધી જ વીકાસકુચને ખોરવી રહી છે. લોકોને મુર્ખ બનાવનારા તો એમ જ કહે છે કે આ કેદખાનું નથી; મુક્તીમન્દીર–મોક્ષધામ છે – આવી વૈચારીક કેદ છોડીશું, પછી જ આપણી સર્વદેશીય ઉન્નતી શરુ થશે. –ડૉ. યાસીન દલાલ

('વીચારમાધુરી' નામક નવા પુસ્તકમાંથી)

'ગુરુ કર્યો, તે મર્યો' – એમ આપણા એક ઉત્તમ ચર્ચાપત્રી વીચારક પ્રો. જે. પી. મહેતાએ કહ્યું છે, શીષ્ય બનવું એટલે ગુલામ બનવું ! એનું જ સમર્થન કરતાં, ડૉ. દલાલ ઉપરના વીધાનમાં વર્તમાન પરીસ્થીતીનાં ભયાનક દુષ્પરીણામો ચીંધતાં જણાવે છે કે આપણી આઝાદી વ્યર્થ નીવડી અને આપણી માનવીય, ઐહીક પ્રગતી ટુંપાઈ ગઈ, એનું એક મુખ્ય કારણ દેશમાં ફાટી નીકળેલો ધર્મ–અધ્યાત્મ તથા સામ્પ્રદાયીકતાનો રોગચાળો છે. ભારતીય પ્રજા મુરખ તો હતી જ; આજે તે માંદલી પણ બની છે. એક જ દાખલો ટાંકું તો, કુંભમેળામાં રાષ્ટ્રની કુલ વસતીનો દસમો ભાગ, એટલે કે આઠદસ કરોડ માણસો પાપ ધોવા ઉમટે, આજે એકવીસમી સદીમાંય ! એ દેશની વૈજ્ઞાનીક–આર્થીક પ્રગતી–સમૃદ્ધી શક્ય જ ક્યાંથી બને ?

જરા વીષયાન્તર કરીને પણ કહું કે કોઈ પણ સુધરેલા, સંસ્કારી કે આધુનીક દેશમાં તો આવા ભયાનક અને વીનાશક ધાર્મીક કર્મકાંડો પર સખત પ્રતીબન્ધ જ હોય. આવું કેવળ હું નથી કહેતો, આપણા સમર્થ સમાજસુધારકો, એવા પરમ આસ્તીક પુરુષોએ પણ આવો જ અનુરોધ કર્યો છે. મહર્ષી દયાનન્દ હરીદ્વારના કુમ્ભમેળાના ઝમેલાને વખોડતાં કહે છે કે, 'સાચું પુછો તો તે (હર કી પૈડી) નથી, 'હાડ પૈડી' છે; કેમ કે અહીં તો મૃતકોનાં હાડકાં જ પડ્યાં છે (ગંગાનદીમાં મડદાં નાખી જવાનો રીવાજ છે, એના પર સ્વામીજીનો આ કટાક્ષ પ્રહાર છે). પાપ કદી પણ ભોગવ્યા વીના છુટી શકતા નથી.'

જ્યારે મહાત્મા ગાંધીજી લખે છે, 'ભ્રમણ દરમીયાન મેં (કુમ્ભમેળામાં) લોકોની ધર્મભાવના કરતાં બેબાકળાપણું, ચંચળતા, પાખંડ, અવ્યવસ્થા બહુ જોયા. સાધુઓનો રાફડો ફાટ્યો હતો, જેઓ કેવળ માલપુડા અને દુધપાક જમવાને જ જન્મ્યા હોય એવા જણાયા. અહીં હું પાંચપગાળી ગાય જોઈ આશ્ચર્ય પામ્યો... આ ગાયની કાંધમાં જીવતા વાછરડાનો પગ કાપીને ચોંટાડી દેવામાં આવ્યો હતો. આવડી બેવડી ઘાતકી ક્રીયા અજ્ઞાની લોકોને ધુતવાને સારુ વાપરવામાં આવી હતી.'('સત્યાર્થ પ્રકાશ' અને 'સત્યના પ્રયોગો'માંથી લેખક : નાથુભાઈ ડોડીયા, આર્યસમાજ, નવા ડેરા, ભરુચ– 392 001) આજના સન્દર્ભે ઉમેરું કે હવે તો કુમ્ભમેળામાં અને એવા ઈતર જંગી ધર્મધતીંગોમાં છેતરપીંડી તેમ જ લુંટાઝુંટ સેંકડો હજારોગણાં વધી પડ્યાં છે.

ચાલો, વળી મુળ વાત પર આવીએ તો, સર્વપ્રથમ હાર્દીક અભીનન્દન ડૉ. યાસીન દલાલને અને બીજા તે આપણા વીલક્ષણ શાયર–કવીશ્રી મનહર મોદીને ! કવી મોદીને તો જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા જ; કારણ કે વ્યવસાયી પ્રકાશક હોવા છતાંય, હીમ્મતપુર્વક તેઓએ હમણાં હમણાં લગભગ એકાદ વર્ષમાં જ રૅશનાલીઝમ, અર્થાત્ 'વીવેકબુદ્ધીવાદ'ને પુરસ્કૃત તેમ જ સમર્થીત કરતાં ત્રણચાર સમૃદ્ધ પુસ્તકો પ્રગટ કર્યાં જ છે, જેમાંનું એક તે ડૉ. યાસીન દલાલ લીખીત નવું પુસ્તક 'વીચારમાધુરી' (પ્રકાશક : રન્નાદે પ્રકાશન, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ–380 001). ત્યારે આજના આ 'મંગલ' પ્રસંગે, પુનઃ પુનઃ એ સુખદ હકીકત ચીંધુ કે આજકાલ ગુજરાતી વાઙમયમાં રૅશનાલીઝમ પ્રચારક પુસ્તકોની ભરતી લહેરાય છે. એ ઘણું આશાસ્પદ વલણ છે. પુરાવો જોઈતો હોય તો પ્રથમદર્શી જ દર્શાવું કે, મારી આ કટારમાં જ, આજે હું આ ત્રીજા 'રૅશનલ' પુસ્તકનો પરીચય કરાવી રહ્યો છું – એક જ મહીનામાં ! અને વળી, અન્ય એકબેનો નથી કરાવી શકતો!

સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પત્રકાર વીભાગના વડા ડૉ. દલાલ ગુજરાતના એક પ્રમુખ પત્રકાર, પત્રકારત્વવીદ, ચીન્તક, લેખક તથા સર્જક છે. વીચારે તેઓ આમુલ રૅશનાલીસ્ટ છે અને સુસજ્જ, સમજપુર્વક, પ્રતીતીપુર્વક, કીશોરવયથી જ એકધારા નાસ્તીક, રૅશનાલીસ્ટ રહ્યા છે. પરીસ્થીતી સમજી શકશો તો અન્ય રૅશનાલીસ્ટ લેખકોની અપેક્ષાએ, યાસીનજી માટે તે વધુ કપરાં ચઢાણ છે એ સહેજે સમજાશે. છતાં તેઓ મક્કમ, જાનના ભોગેય બરાબર ટકી રહ્યા છે. અર્થાત્ ડૉ.યાસીનજી જન્મે મુસ્લીમ છે.

'વીચારમાધુરી'નું માધુર્ય હવે થોડું માણીએ તો, 'પ્રારબ્ધ અને પુરુષાર્થ'માં ડૉ. દલાલ લખે છે, 'ડગલે ને પગલે બધું નસીબ પર છોડી દેવાની મનોવૃત્તી હવે મહાવ્યાધીનું

રુપ લઈ રહી છે. દુકાળ પડે ત્યારે માથે હાથ દઈને કહેશે, ‘આપણે કંઈક પાપ કર્યાં હશે, એની કુદરત સજા આપે જ !’ (તાજેતરના ભુકંપમાં પણ આ જ મુર્ખતાભર્યા ઉદ્‌ગારો સંભળાય છે. હકીકતે, આવા રાક્ષસી ને સેતાની ભુકંપ પછી તો માણસ સમ્પુર્ણ નાસ્તીક–રૅશનલ બની જવો જોઈએ) સંગ્રહનો એક મુલ્યવાન, પ્રેરક લેખ છે : ‘બીનસામ્પ્રદાયીકતા અને રૅશનાલીઝમ’ (5/21), જેમાં ‘સેક્યુલરીઝમ’ની વીભાવનાનો વીકૃત અર્થ કરીને આ રાષ્ટ્રે કેવી સુલતાની હોનારત સર્જી છે એનું વીગતે બયાન કરીને ડૉ. દલાલ અનુરોધે છે કે ‘ધર્મગ્રંથોની સદીઓ પહેલાની બધી જ વાતોને સત્ય માનવાને બદલે, એની વર્તમાન વૈજ્ઞાનીક શોધોની સાથે તુલના કરીને માનવીય મુલ્યોના પાલનને વધુ મહત્ત્વ આપવું જોઈએ. બીનસાંપ્રદાયીકતા અને વીવેકબુદ્ધીવાદ વચ્ચે કોઈ વીરોધ નથી.’ વૈજ્ઞાનીક દૃષ્ટીબીંદુ કેળવવાની અનીવાર્યતા ચીંધતા ડૉ. દલાલ લખે છે : ‘સરકારે તો મન્ત્રતન્ત્ર, ચમત્કાર, ધર્મધતીંગો, દેવદેવલાં, બાધા–આખડી, થાનકો, જ્યોતીષ તેમ જ તમામ કહેવાતાં આધ્યાત્મીક એવાં બીનઉત્પાદક અને બગાડપ્રધાન પાખંડો ઉપર કડક પ્રતીબન્ધ મુકી દેવો જોઈએ !’ પરન્તુ યાસીનજી, આવું કરે કોણ, આ અન્ધશ્રદ્ધાળુ સરકારો ? હમણાં જ એક રાજકારણીએ મુખ્ય પ્રધાન બનવા માટે તાન્ત્રીક ચન્દ્રાસ્વામી પાસે યજ્ઞ કરાવ્યો– એવા સમાચાર પ્રગટ્યા છે. (ડૉ. દલાલે ચન્દ્રાસ્વામીને ‘પાખંડનું પ્રતીક’ કહ્યા છે.)

લોકશાહી માટે એમ કહેવાય છે કે લોકતાન્ત્રીક શાસનનો એકમાત્ર લાભ એ કે એમાં પ્રજા કરતાં વધુ મુરખ રાજકારણીઓ સત્તા પર નથી આવી શકતા; પરન્તુ આપણને તો આવો લાભ પણ નથી મળતો. કારણ કે જ્ઞાતી, પેટાજ્ઞાતી, તડાં, ધર્મપન્થ, સમ્પ્રદાય, ભાષા, પ્રાદેશીકતા આદી ધોરણે જ ચુંટણીઓ થાય છે, એથી સામાન્ય શીક્ષીત પ્રજાજન કરતાંય ઘણા વધુ મુરખ માણસો સત્તાસ્થાને ચઢી બેસતા રહ્યા છે !

‘ઈચ્છા સુખની મા કે દુઃખની ?’ – એ એક નોંધપાત્ર નીબન્ધ છે; કારણ કે તે સત્ત્વશીલ રૅશનલ વીચારથી સમૃદ્ધ છે. અત્રે હું એનો વીચાર વીસ્તાર કરું તો શ્રીમદ્ ભગવદ્‌ગીતા અને અન્ય ધાર્મીક ગ્રંથો ઈચ્છા, રાગદ્વેષ આદી છોડવાનું કહે છે; કીન્તુ એવો બોધ માનવજાતીની પ્રગતી–સીદ્ધીનો વીરોધી છે. શાસ્ત્રીય શબ્દ પ્રયોજું તો, અનાસક્તીયોગ એ જીવનવીરોધી વીભાવના છે. એથી ઉલટું, માનવજીવનના પુર્ણ વીકાસ, પુર્ણ સુખ તથા પુર્ણ આનન્દ માટેનો ઉપદેશ તો એવો હોવો ઘટે કે : ‘જીવનને પ્રેમ કરો, માણસને પ્રેમ કરો, પૃથ્વીને પ્રેમ કરો, ભરપુર હૈયું ભરીભરીને, છલકાવીને આ જીવનને સમગ્રતયા ચાહી લો ! પ્રીયજનોને ચાહો, સ્વજનોને ચાહો, સંતાનોને મનભર ચાહો ! પુરેપુરા આસક્ત બનો, જીવનાસક્ત બનો ! કારણ કે; આ જીવન કદાપી પુનઃ પુનઃ પ્રાપ્ત થવાનું નથી જ, સ્વર્ગ નથી,

નરક નથી, મોક્ષ નથી, પુનર્જન્મ પણ નથી જ. હા, એક વાત માનવજાતે શીખી લેવાની છે : ઈચ્છો જરુર; પરન્તુ ‘ઉંચું’ ઈચ્છો, મહત્ત્વકાંક્ષાઓ સેવો ! તુચ્છમાં આસક્ત ન થાઓ. ભારતવર્ષની તમામ આપત્તીઓનું મુળ છે, તુચ્છની આરાધના ! દાખલો ટાંકું તો, મહત્ત્વાકાંક્ષા ઈચ્છા કે આસક્તી ચન્દ્ર યા મંગળ પર પહોંચવાની સેવો; કુંભમેળામાં જવાની નહીં !’

એવો જ નેત્રદીપક બીજો નીબન્ધ ‘ધર્મને નામે અધર્મ’ છે. આ સન્દર્ભે હું તાજેતરની પરીસ્થીતી ટાંકું તો ધર્મે હમ્મેશાં અધર્મ જ આચર્યો છે. અહીં ‘અધર્મ’નો અર્થ હું એવો કરું છું કે માનવતાવીરોધી કૃત્યો, માનવીનાં સુખ, શાન્તી, સમૃદ્ધી તથા સંસ્કૃતી માટેનાં વીઘાતક દુષ્કૃત્યો : તાજો જ ભયંકરમાં ભયંકર દાખલો છે– તાલીબાનોએ બુદ્ધની મુર્તીઓ નષ્ટ કરી નાખી તે. આ તો માનવસંસ્કૃતીના મુલ્યવાન, અતીમુલ્યવાન અને જે કદાપી પુનઃ પ્રાપ્ત ન થઈ શકે એવા વારસાનો વીનાશ છે ! અગાઉ પણ ધાર્મીક આક્રમણોમાં પરાજીત દેશના સાંસ્કૃતીક વારસાનો નાશ કરવાની અતીદુઃખદ ઘટનાઓ બની છે, બનતી જ રહી છે. પાંચસાત હજાર વર્ષથી ધર્મ જ માનવજાતની ભીષણતમ આપત્તીરુપ બની રહ્યો છે. જો પૃથ્વી પટે ધર્મ પ્રગટ્યો જ ના હોત તો આજે માનવજાત સુખસમૃદ્ધી, શાન્તી અને એકતાને અવીચલ શીખરે બીરાજમાન હોત. પરન્તુ શું થાય ?

‘ઈંચ અને સેન્ટીમીટરના ચક્કરમાં ધર્મગ્રંથો’ વળી એક વીલક્ષણ નીબન્ધ છે, જે ડૉ. યાસીન દલાલની સુક્ષ્મ દષ્ટી, નીરીક્ષણશક્તીનો દ્યોતક છે. ધર્મગ્રંથનું નાનું યા વીરાટ કદ, એનાં પુંઠાની વીશીષ્ટતા યા એનો ભપકો, રંગરોગાન – આવી તેવી તે કશી ધ્યાનાર્હ બાબતો હોઈ શકે ? જો ધર્મગ્રંથમાં કશી સારી વાત હોય તો પણ આવા ‘શૉ પીસ’ ના નીર્માણથી શો લાભ ? આ ઉપરાન્ત, ‘વીચારમાધુરી’માં ડૉ. દલાલે જ્યોતીષ, પ્રાર્થના, વીકૃત જીવદયા જેવાં અનીષ્ટો પર સાધાર, સબળ, શાસ્ત્રીય તથા વૈજ્ઞાનીક ધોરણે પ્રહારો કર્યા છે. રૅશનાલીસ્ટોએ નહીં; વાસ્તવમાં અન્ધશ્રદ્ધાળુ આધ્યાત્મીકોએ વાંચવા જેવું પુસ્તક...

## ભરતવાક્ય

આપણા દેશની કલ્પના કરો : આટઆટલી ધાર્મીકતા, આટઆટલાં પુજાપાઠ, કથાપારાયણો, અને મન્દીર–મસ્જીદ, આટલા બધા સાધુસંતો અને ફકીરો, અસંખ્ય ચમત્કારી સ્વામી–બાબાઓ અને દીવ્ય શક્તીઓ ધરાવતા તાન્ત્રીકો... અને છતાં ચારે બાજુ ખુન, લુંટ, શોષણ, દમન, બળાત્કાર, ગરીબી, હુલ્લડો, બેકારી એક એક ટંકના રોટલા માટે ટળવળતા નીરાધારો, કરોડો બદનસીબ બાળમજુરો, આટઆટલા રોગચાળા – આમ શા માટે ? આ રહસ્ય હજુ સુધી કોઈ સમજાવી શક્યું નથી. –ડૉ. યાસીન દલાલ

અનુક્રમણીકા

# 29

## ઈશ્વરની લીલા અકળ છે

Twinkle, Twinkle, little star,

How I wonder, what you are !

Up above the world so high,

Like a diamond in the sky 1

બાળપણમાં જ્યારે આ કવીતા હું ભણતો ત્યારે મારા જેવા અન્ય વીદ્યાર્થીઓ માટે તો એ માત્ર ગોખી જવાની કવીતા જ હતી; પરંતુ મને પોતાને તો એની અસહ્ય માનસીક ગુંગળામણ ત્યારે થતી, જે ચોક્કસ પ્રકારની આશ્ચર્યસ્તબ્ધતાનો બોજ હતો : How I wonder ! રાત્રે તારાખચીત આકાશને બાલકુતુહલ તથા ભયમીશ્રીત મુંઝવણથી જોયા કરતો. બહાર અન્ધારાઘોર ફળીયામાં સુવાનું, કેમે કરી ઉંઘ આવે જ નહીં. ઉત્તરમાં ધ્રુવનો તારક વહેલી પરોઢ સુધી એકના એક જ સ્થળે ચકમક થયા કરે, એની ફરતે સપ્તર્ષીની ખાટલી ચક્કર ફરતી દેખાય. વીંછુડાનું પ્રલંબ નક્ષત્ર મંદાકીનીમાં પુંછડી પછાડતું એ જ એકધારી ગતીએ પશ્ચીમાકાશ તરફ ઢળતું હોય. મધ્યાકાશે ક્વચીત દાતરડા–આકારનું મઘા નક્ષત્ર, તો ક્વચીત દોડતું મૃગશીર્ષ અને પાછળ વ્યાધ ! ક્વચીત સ્વાતી–ચીત્રા, તો ક્વચીત શ્રવણ ઉગતાં–આથમતાં દૃષ્ટીગોચર થતાં રહે. સહ્યું ન જાય, છાતી ધબકતી બંધ થઈ જશે, એટલી હદે શ્વાસ રુંધાય. કોને પુછું, શું પુછું ? – બસ, એક જ જવાબ મળતો : 'આ બધું સર્વશક્તીમાન ઈશ્વરે સર્જેલું બ્રહ્માંડ છે.' પણ મન માને નહીં, જવાબ ગળે ઉતરે નહીં. સાવ નાની વયે 'કુમાર'માં લેખ વાંચ્યો, 'લોહીતાંગ મંગળ' એ લાલ ધરતી ઉપર નહેરો દેખાય છે, જે ત્યાંના માનવીએ સીંચાઈ ખાતર બાંધી હોવી જોઈએ ! કશુંય મગજમાં બેસે નહીં, અસહ્ય મુંઝારો થાય. પેલી ભગવાનવાળી સ્પષ્ટતા કેમે કરી સ્વીકારી, મન શાંત થાય નહીં. આભલામાં નવલાખ તારાઓ છે, એમ મારા ગામડાના શીક્ષકો અને વડીલો સમજાવે. પણ એટલા બધા શા માટે ? – એ પ્રશ્નનો ઉત્તર કોઈનીય પાસે નહીં ! છતાં એ બધાં સુખચેનથી જીવે !

હમણાં એક ગીરીનગર જઈ આવ્યો, ત્યાં એક ડૉક્ટરબહેન મળ્યાં. તબીબ હોય, એટલે ભરપુર ભણેલાંગણેલાં કહેવાય જ, ખાસ તો વીજ્ઞાનના પાયા ઉપર. વાતવાતમાં મેં કહ્યું કે, 'આ અસીમ અવકાશમાં સો અબજ તો ગેલેક્સી (તારાવીશ્વો) છે, અને પ્રત્યેક ગેલેક્સીમાં

વળી સો સો અબજ કે એથી વધુ સંખ્યામાં તારકો છે અને ગ્રહો–ઉપગ્રહો વીશે તો આજે કોઈ કશું જ જાણી શકતું નથી. ત્યાં કોણ ભગવાન અને શું આપણે ?'

એટલે એ બહેને મને ભીંસમાં લેવા દલીલ કરી, 'તો પછી એ બધું કોણે બનાવ્યું?' મતલબ કે, તમે ભગવાનમાં નથી માનતા; પણ આવું સુવીરાટ વીશ્વ ભગવાન સીવાય અન્ય કોઈ તત્ત્વ તો બનાવી શકે જ કેવી રીતે ? આસ્તીકોની મુશ્કેલી જ આ છે, તેમને રહસ્યમયતાને કીનારે જ અટકી રહેવું ગમે. તર્ક જ નહીં ! હું ચુપ જ રહ્યો. શો જવાબ આપું, આવા પરમ સંતુષ્ટજનોને ? જેઓ સદીઓ પુર્વે, આપણા અજ્ઞાન પુર્વજોએ લાચારીથી કલ્પી કાઢેલા એક ઉટપટાંગ સીદ્ધાન્તમાં માને છે, તેય વળી એક સુશીક્ષીતજન જ્યારે માને કે, ભગવાને આ બ્રહ્માંડ બનાવ્યું અને એ બધું જ આપણા, માણસના હીતાર્થે! ત્યારે કેમ કરીને એમને સમજાવું કે બહેનજી, આ અસીમ અવકાશમાં ઝબુકતા અગણીત, અગણીત પીંડો વચ્ચે, આ પૃથ્વીનું સ્થાન કે મહત્ત્વ એક રાઈના દાણાના લાખમા ભાગ જેટલુંય નથી. વળી એના પર ફક્ત સ્વલ્પ કાળથી યા કદાચ સ્વલ્પ સમય માટે જ ઉદ્‌ભવેલી આ પ્રાણીસૃષ્ટીની પ્રચંડ સંખ્યા જોતાં, આ અકળ બ્રહ્માંડમાં, માણસનું તે કયું વીશીષ્ટ મુલ્ય સીદ્ધ થાય ? વાઘ, સીંહ કે માખી, મચ્છર પણ એટલી જ પ્રતીતીપુર્વક કહી શકે કે, આ બ્રહ્માંડની રચના–વ્યવસ્થા ઈશ્વરે મારે માટે જ કરી છે !

હમણાં હું 'સ્ટીફન હોકીંગ્ઝ યુનીવર્સ' નામનું પુસ્તક વાંચી રહ્યો છું. એમાં બ્રહ્માંડના ઉદ્‌ભવ તથા વીકાસની, ગતી–સ્થીતીની જે વાતો આવે છે એ વાંચીને પુનઃ પુનઃ પેલો બાળપણનો 'હું' જેવો મુંઝવણથી ગુંગળાતો, સ્તબ્ધ થઈ જતો, એવો જ ભયંકર સ્તબ્ધ આજનો 'હું' આજેય થઈ જાઉં છું. 'બીગ બેંગ' (મહાવીસ્ફોટ)ની વાત તો અનેક પ્રસંગે કરી ગયો છું એટલે નહીં દોહરાવું, પણ હોકીંગ કહે છે કે, પંદર અબજ વર્ષ પુર્વે, નાટ્યાત્મક રીતે એક પ્રચંડ વીસ્ફોટ થયો અને જે અમાપ ઉર્જા અવકાશમાં ફંગોળાઈ, તે બીજી જ સેકન્ડે તો અણુ અને પ્રતીઅણુમાં પરીવર્તીત થવા લાગી (particles and anti–particles) વૈશ્વીક, વૈજ્ઞાનીક સીદ્ધાન્ત મુજબ, પદાર્થ અને પ્રતીપદાર્થ ભેગા મળે એટલે એક બીજાને નષ્ટ કરી જ નાખે. અણુ–પ્રતીઅણુ વીદ્યુત ચુંબકીય બળ–ગુરુત્વાકર્ષણને પ્રતાપે એકબીજાં પ્રતી ખેંચાયાં અને મહાવીસ્ફોટ પછીની ત્રણ જ મીનીટમાં તો સમગ્ર પ્રતીપદાર્થનો નાશ થઈ ગયો ! પછી બાકી રહેલા અબજોના અબજો ટન દ્રવ્યના નાનામોટા પીંડો સર્જાવા લાગ્યા. હાઈડ્રોજન તથા હેલીયમના અબજોના અબજો પરમાણુઓ ગુરુત્વાકર્ષણ બળે જોડાયા અને અસંખ્ય તારાવીશ્વો સહીત અબજોના અબજો તારલીયા તેજભર્યા ઝબુકવા લાગ્યા... માફ કરજો, બ્રહ્માંડમાં અબજથી ઓછો કોઈ આંકડો કામ આવે જ નહીં, અરે, વાસ્તવમાં એય નાનો પડે !

હાઈડ્રોજનના પરમાણુઓના (atoms) ફ્યુઝનને પરીણામે હેલીયમના પરમાણુઓ બનતા રહે અને એમ ગુરુત્વ વધતાં તારાનું દળ વધુને વધુ ઘન બનતું જાય. સમગ્ર અવકાશમાં ફંગોળાય. એમાંથી ચોક્કસ સંજોગોમાં, ચોક્કસ પ્રક્રીયા દ્વારા પૃથ્વી જેવો એક ગ્રહ સર્જાઈ જાય. બરાબર આ જ ઘટનાઓ તથા પ્રક્રીયાઓમાંથી પસાર થઈને આપણી આ પૃથ્વી સર્જાઈ છે અને એની ઉપર પુર્ણ સાનુકુળ વાતાવરણ રચાતાં જીવન પાંગરે છે અને એમ આજે આપણે આ પૃથ્વીપટે વીહરતા થયા છીએ.

કહેવાનો ભાવાર્થ એટલો જ કે, આપણને સર્જવા માટે, એની પાછળ પેલા કહેવાતા ભગવાને પુરાં પંદર અબજ વર્ષ વેડફ્યાં તો, એને સર્વશક્તીમાન તો કહેવાય જ કેમ? બાઈબલના જણાવ્યા મુજબ, જો ભગવાને છ જ દીવસમાં આ સૃષ્ટી રચી કાઢી હોય, અને તેય વળી જો માનવ નામના તેના સૌથી વધુ માનીતા એવા પ્રાણી માટે, તો પછી આમ સો અબજ ગેલેક્સી અને દરેકમાં વળી સો–સો અબજ તારા સર્જવાની કોઈ જરુર ખરી ? ખાતરી રાખજો કે આ કાંઈ ઠંડા પહોરના ગપગોળા નથી જ, વીજ્ઞાનીઓએ ‘નજરે’ જોયેલ નક્કર હકીકતો છે.

હવે વળી એક બીજો એક ગંભીરતર પ્રશ્ન : જો ઉપરની વૈજ્ઞાનીક હકીકતને સત્ય માનો તો, ઈશ્વરને કે આ સૃષ્ટીને ઈશ્વરીય સર્જનરુપે નકારવા માટે આવો એક જ પ્રશ્ન કદાચ પુરતો થઈ પડે : પંદર પંદર અબજ વર્ષના નીરંતર તથા અનેકવીધ કાર્ય કે શ્રમ બાદ, પેલો સર્વશક્તીમાન ઈશ્વર રચીરચીને શું આવી ભંગાર અને ભયંકર દુનીયા જ રચી શક્યો ? ધર્મો એમ જ માનતા–મનાવતા રહેલા કે કોઈ પરમ દીવ્ય હેતુસર ઈશ્વરે માનવીનું નીર્માણ કર્યું છે, તે માનવી શું આવો–ગંદો, ભદ્દો, મુરખ અને ક્રુર ! કીન્તુ ડાર્વીને આ ભ્રમ ભાંગી નાખ્યો, ત્યારે શ્રદ્ધાળુ આસ્તીકો મુંઝવણમાં મુકાયા. એટલે એ લોકે માનવીય ગૌરવના બચાવ માટે વળી નવી જ દલીલ શોધી કાઢી કે, ઈશ્વરે જ ઉત્ક્રાન્તીની પ્રક્રીયા ગતીમાં મુકી હતી, જેની પાછળ તેનું કોઈ મહાન પ્રયોજન કારણભુત તથા પ્રેરક બળ હતું. એકકોશી જીવોથી માંડીને વનસ્પતી, જળચરો, જીવજંતુ તથા ડીનાસોર જેવા જીવોની રચનાના માર્ગે આગળ વધતો ઈશ્વર અંતે તો એક મહાન પરાકાષ્ટાના નીર્માણની તૈયારી એ રીતે કરી રહ્યો હતો અને એ પરમોચ્ચ પરાકાષ્ટા તે છેવટે આ માનવ નામક અસાધારણ પ્રાણીનું ‘ઈશ્વરીય’ સર્જન ! ‘ઈશ્વરીય’ તો એટલા માટે કે, ધર્મગ્રંથો યા બાયબલ મુજબ, ઈશ્વરે અંતે પોતાની જ પ્રતીકૃતી રુપે માણસનું સર્જન કર્યું : God created man in his own image !

હવે પ્રશ્ન ઉદ્‌ભવે કે આવા પ્રલમ્બ તથા ભવ્ય પ્રયોગની પરાકાષ્ટારુપે જે માનવ સર્જ્યો, એ માટે ઈશ્વરને આટલો લાંબો સમય મળ્યો; છતાં આખરે તેણે કેવો માનવ સર્જ્યો,

જેમાં બીન લાદેન, હીટલર, નીરો, સ્ટાલીન, ચંગીઝખાન, નાદીરશાહ જેવા પણ હોય ! સર્વશક્તીમાન, સર્વવ્યાપી તથા સર્વજ્ઞ એવા ઈશ્વરના સહેતુક પ્રચંડ પુરુષાર્થનું પરીણામ તે આવું તુચ્છ, હાસ્યાસ્પદ તથા ભયાવહ ? રસેલ લખે છે કે, આટલા લાંબા ગાળાના પ્રયત્ન બાદ જો ઈશ્વર આટલી સ્વલ્પ સીદ્ધી જ પ્રાપ્ત કરી શક્યો હોય, તો તેને આપણે અસમર્થ, શક્તીહીન જ માનવો ઘટે. વળી, જેવી છે તેવી આ પ્રાણીસૃષ્ટીનું તથા માનવસમાજનું નીરીક્ષણ કરતાં તો એવી જ પ્રતીતી થાય છે કે, જો કોઈ એમ કહે કે આવી દુનીયા પરપીડક એવા દુષ્ટ સેતાને રચી છે, તો કદાચ એ માનવાનું મન થાય, પરન્તુ કોઈ સર્વશક્તીમાન તથા દયાળુ–કૃપાળુ–કરુણાળુ પરમેશ્વરનું આ સર્જન છે, એવી વાત કદાપી માની શકાય નહીં ! સાવ સામાન્ય અક્કલવાળા માણસને પણ જો તમે દુનીયા રચવાનું કાર્ય સોંપો અને આટલી લાંબી મુદત આપો, તો જરુર તે આના કરતાં તો ઘણી બહેતર દુનીયા જ સર્જે !

ભણેલાગણેલા, સુશીક્ષીત માણસોય જ્યારે બે કમઅક્કલ વીધાનો કરે છે ત્યારે એ સાંભળી હું દુઃખી દુઃખી થઈ જાઉં છું, માણસ જાત બાબતમાં હતાશ તેમ જ હતપ્રભ બની રહું છું. એ બે વીધાનો છે : ‘ઈશ્વરની લીલા અકળ છે, એનો પાર આપણે પામર જીવો પામી શકીએ નહીં.’ બીજું, ‘અનીષ્ટો બદલ વાંક ઈશ્વરનો નથી, એ વાંક તો માણસનાં કર્મોનો જ છે.’ આજે અત્રે ફક્ત પ્રથમ જ વીધાનની ચર્ચા કરીએ તો, કચ્છનો ભુકંપ, જેમાં ગણતરીની મીનીટોમાં ત્રીસ ચાલીસ હજાર માનવો, ચારસો પાંચસો નીર્દોષ અને વહાલસોયાં ભુલકાં સહીત, કમકમાટીભરી રીતે મરણશરણ થઈ જાય – એ તે કેવી ઈશ્વરની લીલા – ક્રુર તથા પાગલ જ ને ? જો ઈશ્વરની આવીતેવી લીલાને અકળ માનીને આવકારવી જ હોય તો, ગુજરાતનાં ધાર્મીક રમખાણોય ચાલવા દો–એની પાછળેય ઈશ્વરનો કોઈ શુભ હેતુ અવશ્ય હશે ! રસેલ આક્રોશસહ પુછે છે કે, જો પરમેશ્વર માનવજાતનું સદાય ભલું જ વાંચ્છતો હોય તો, પ્રાણી દેહમાં પાકતાં કૃમી, કીડા કે હડકવાના જંતુઓ પેદા કરીને, તે માનવીનું કયું ઉપયોગી હીત સાધવા માગે છે ? ઘણા શ્રદ્ધાળુઓ આ પ્રશ્નનો જવાબ એવો આપે છે કે કુદરતના કાનુન અનીવાર્યપણે મંગલ તેમ જ અમંગલ બન્ને પ્રકારનાં પરીણામ સર્જે છે; પરન્તુ આ કોઈ જવાબ નથી. કારણ કે પ્રશ્ન તો ઉભો જ રહે છે કે, કુદરતના એ કાનુન કે નીયમો આખર સર્જ્યા કોણે ? જો તે પેલા સર્જનહારે જ સર્જ્યા હોય તો, તે આવા અંધાધુંધ શા માટે ?

## ભરત વાક્ય

The churches used to win their arguments against atheism, agnosticism and other burning issues by burning the Reformists, which is the fine proof that there is a devil, but hardly evidence that there is a God.

—Ben B. Lindsey

●

અનુક્રમણીકા

# 30

# આપણું સુખદ તથા શુભ મૃત્યુ હો !

## નુતન વર્ષની શુભેચ્છા

(For ‘adults’ only)

નવા વર્ષની આવી અભીનવ શુભેચ્છા મીત્રોને પાઠવું છું એથી કેટલાક ખરે જ નારાજ થઈ જશે; પણ એવી કોઈ આવશ્યક્તા નથી. આ તો ગમે તો સ્વીકારો–જેવી જ મંગલ કામના છે. લ્યો, ઝટપટ સ્પષ્ટતા કરી દઉં : Eric Hoffer કહે છે, A great man’s greatest luck is to die at the right time.

વાચકમીત્રોમાંથી જે great – મહાન હશે તેઓ તો મારી આ શુભેચ્છાનો સાભાર સ્વીકાર જ કરશે, કારણ કે; હોફર સાચું જ કહે છે કે, ‘મહાન માણસોનું મહાનતમ સદ્‌ભાગ્ય એ લેખાય કે તેઓ સુયોગ્ય સમયે આ સંસારમાંથી વીદાય લે.’

આ વીધાનનો વીચારવીસ્તાર કરી, વ્યંગાર્થ સ્પષ્ટ કરું એ પુર્વે દર્શાવું કે માનવ સહીતના આપણે સજીવો એ કુદરતનાં લાડકાં, વહાલાં કે માનીતાં સંતાનો નથી; કારણ કે; પ્રકૃતીને મન જડ–ચેતનના કોઈ ભેદ જ નથી. કુદરત અન્ધ તથા અભાન એવું કેવળ પરીબળ માત્ર છે, એથી એની સમગ્ર ગતીવીધીમાં અપવાદને કોઈ સ્થાન જ નથી. માટે જ સજીવો પ્રતી તેમ જ સજીવો માટે પ્રકૃતી બહુધા નીષ્ઠુર, નીર્મમ, લાગણીહીન, ત્રાસદાયક તત્ત્વ બની રહે છે. કુદરતની બહુવીધ ગતીવીધીઓમાંની કેટલીક આપણા અસ્તીત્વ માટે ઉપકારક નીવડે છે, તો બીજી વળી ઘાતક બની રહે છે. પ્રકૃતી પોતાની એ સમસ્ત લીલા પ્રતી સાવ જ લાપરવાહ–નીરપેક્ષ છે. એનું યથાર્થ જાણવા જેવું કારણ તો એ કે સજીવનો ઉદ્‌ભવ તથા એનું અસ્તીત્વ કે એની ઉત્ક્રાંતી એ પ્રકૃતીનું સહેતુક કર્તૃત્વ નથી; એ તો કેવળ એના નીર્હેતુક અન્ધ સંચાલનોનું અનાયાસ, અનપેક્ષીત પરીણામ માત્ર છે. માણસ, વીશેષતઃ ધર્મના અજ્ઞાનજનીત ઉપદેશને પરીણામે પોતે વીશીષ્ટ સર્જન હોવાનું જે માની બેઠો છે એ કેવળ આત્મપ્રીતી–સ્વાભીમાનની ગલત લાગણી જ માત્ર છે, ભ્રમણા છે. માટે જ કુદરતને માનવ પ્રતી કોઈ જ મમતા નથી, જવાબદારી પણ નથી.

ઈશ્વરના અસ્તીત્વમાં માનતા ભોળા અને અજ્ઞાન આસ્તીકોને તેઓના ભ્રમનીરસન માટે એક પ્રશ્ન પુછવો બસ થશે : ‘તમારો એ કહેવાતો ઈશ્વર આટલો બધો, બેહદ નીર્દય અને ક્રુર શા માટે ?’ આ પ્રશ્નના મુળમાં સજીવની યાતનાઓ અને ખાસ તો વૃદ્ધાવસ્થાની લાચારી તથા મૃત્યુની આપત્તી જ કારણરુપે રહેલી છે : શા માટે તમારો

ભગવાન પ્રાણીમાત્રને નીષ્ઠુર તથા લાગણીહીન રીતે, રીબાવી રીબાવીને જ મારે છે ? મતલબ કે તે ક્રુર તો છે જ, વધારામાં આવડતવીહોણો, અણઘડ, અશક્ત તથા અવીચારી છે એમ સીદ્ધ થાય છે. શા માટે મૃત્યુ લાચાર અવસ્થામાં અણધાર્યું, અણચીન્તવ્યું જ પ્રયોજાયું હોય ? માણસને જુઓ, બુદ્ધીશીલ, વીચારશીલ, સમજદાર તથા લાગણીસંપન્ન શક્તી તો એને કહેવાય : માનવવ્યવહારમાં સાઠમે વર્ષે નીવૃત્ત એટલે બરાબર સાઠમે વર્ષે જ, એક દીન પણ આઘો પાછો નહીં ! વળી, ખુબ પ્રેમપુર્વક, માનપુર્વક તથા ભવીષ્યની પણ પુરી યોજના અને જવાબદારી સહીત. પેલા અણઘડ સર્જનહારને એટલુંય ન આવડ્યું કે પછી એવું સુન્દર આયોજન એના ગજા બહારની વાત હતી ? મતલબ એ જ કે ભગવાન સર્વશક્તીમાન નથી, પરમ દયાળુ નથી, અર્થાત્ સત્યોનુંય પરમ સત્ય તો એ કે ભગવાન જેવું કશું છે જ નહીં. સદીઓથી એપીક્યુરસ કે ચાર્વાકના યુગથી વીવેકબુદ્ધી–સંપન્ન, તર્કપુત વીચારશીલ જનોને તો આવી પ્રતીતી થતી જ રહી છે કે કોઈ સર્જનહાર નથી. આ બધું જ સર્જન પ્રકૃતીના અન્ધ પરીબળોનાં નીર્હેતુક ગતી તથા ટકરાવનું જ પરીણામ છે.

હવે કોઈપણ જડ કે ચેતન એવા નીર્માણનો અન્ત એ પણ પ્રકૃતીના અફર અને અન્ધ નીયમને જ આધીન છે. એ પણ કોઈ વીવેકસમ્પન્ન એવા સભાન તત્ત્વ–સત્ત્વનું કર્તૃત્વ જ નથી. એક પથરો કે લોહસ્તંભ પ્રકૃતીનાં વીવીધ પરીબળોના અહેતુક સંચલનને પરીણામે જેમ ઘસાઈ–ઘસાઈને અન્તે નાશ પામે છે; એ જ રીતે સજીવો પણ ઘસારાનો જ ભોગ બની છેવટ મરણશરણ થાય છે. જડતત્ત્વોનો જ આ ગુણધર્મ છે. અને એ જ આપણા સચેતન દેહનો પણ છે. ઘસારો અને અંતે નાશ. જડ–ચેતન વચ્ચે ફરક ફક્ત એટલો જ કે સજીવ પદાર્થ એની શક્તી કે એના તંત્રની મદદથી ઘસારાનો નીરંતર સામનો કરતો રહે છે. જડ પદાર્થ કેવળ ઘસાય છે, જ્યારે સજીવ ચયાપચય (મેટાબોલીઝમ)ની ક્રીયા વડે એનો સામનો કરે છે; પરન્તુ અન્તે વીજય તો ઘસારાનો જ થાય છે. અરે, ઘસારાનો સામનો કરવામાં પણ સજીવ દેહને ઘસારો જ વેઠવો પડે છે. હવે એવો સતત ઘસારો જ્યારે દેહના ગતીશીલ અવયવોને સદાના નાકામીયાબ બનાવી દે છે, જેથી યન્ત્ર બન્ધ પડે છે ત્યારે એને આપણે મૃત્યુ કહી ઓળખીએ છીએ. ટુંકમાં, ઘસારાને પરીણામે આવતી ક્ષીણતા તે વૃદ્ધાવસ્થા અને દેહયન્ત્ર ઘસાઈ ઘસાઈને સમ્પુર્ણ નાકામીયાબ બની થંભી જાય એ મૃત્યુ. કુદરતમાં આ બધી જ યોજના અહેતુક તથા એક સરખી જ છે. વીરાટ, તારકપીંડો પણ કાળક્રમે બુઝાઈને નાશ પામે અને પૃથ્વીપટે એક કીડી–જંતુય, દેહતંત્ર ક્ષીણ અને પછી સમ્પુર્ણ નાકામીયાબ બની જતાં મૃત્યુ પામે. ક્ષીણતાને પરીણામે દેહયન્ત્રના સંચાલનમાં મુશ્કેલી અનુભવાય એ જ વૃદ્ધાવસ્થાની પીડા... ઈત્યાદી...

હવે વર્તમાન માનવીની જીવનવ્યવસ્થાના સન્દર્ભમાં વીચારીએ તો વૃદ્ધાવસ્થાની ઉપર્યુક્ત પીડા તથા મજબુરી, વ્યક્તીને પોતાને માટે ગંભીર અને તેનાં સ્વજનો માટે વળી ગંભીરતર મુશ્કેલીઓ અને આપત્તીઓ સર્જે છે. ત્યારે શાણા માણસોએ એ વીચારવું જ રહ્યું કે આવી અનીવાર્ય તથા ઘણી વાર અસહ્ય એવી પીડા–આપત્તીમાંથી પોતાની જાતને અને પોતાનાં સ્વજનોને બચાવી લેવાનો કોઈ સચોટ ઈલાજ છે ખરો ? વૃદ્ધાવસ્થાની વેદના તથા લાચારી ટાળી શકાય ખરી? અને ટાળવી જ જોઈએ કે નહીં ? એક જવાબ તો સ્પષ્ટ જ છે કે જો ટાળી શકાય તો ઉત્તમ. વૃદ્ધાવસ્થાની પીડા તથા અન્ય જનોને માથે લાચારીજનીત બોજારુપ આફતો ટાળવી જ જોઈએ અને તે ટાળી શકાય તેમ પણ છે જ. વીચાર તો કરો, સમગ્ર માનવજાતના હીતાર્થે, ભગીરથ શારીરીક–માનસીક પુરુષાર્થો ખેડનારા મહામાનવો, કોઈ ગાંધી, ટૉલ્સટોય, થોરો કે રસેલ– જો કે માનવજાતના સદ્ભાગ્યે આ યાદીય ઠીક ઠીક લાંબી છે, એટલે ‘વગેરે’ મુકી દઈએ અને ઈતર તે ધરણી ધ્રુજાવનારા ને ધરતીનો નકશો પલટી નાખનારા સમર્થ મહારથીઓ એવા હીટલર, સ્ટાલીન, સીકન્દર કે સીઝર, માઓ કે ચર્ચીલ, ચંગીઝખાનો અને નાદીરશાહો (કમનસીબે આ યાદી લાંબી જ છે) વગેરેમાંના કોઈ આજાર અને વૃદ્ધ થઈને ખાટલામાં લાચાર પડ્યા હોઈ, એમનાં મળમુત્રેય અન્યોને સંભાળવાં પડતાં હોય, એક જ હાંકે ને ફુંકે સમસ્ત અનુચર સમુહને દોડતો કરી મુકનાર એ ધીંગા ધુરીણો પરીચારકોને બે હાથ જોડીને, નજીવી સેવા માટે વીનવતા હોય, એક આંગળીને ઈશારે જગતઆખાને નચાવી દેનારા જ્યારે પોતાનો હાથપગ પણ સરખો હલાવી શકતા ન હોય ત્યારે એવી અવસ્થામાં મુત્યુથી બહેતર મુક્તી ઈતર કઈ સંભવે ? ના, એવી અવસ્થામાં નહીં, ‘એવી અવસ્થા’ આવે એ પહેલાં જ, જીવનસીદ્ધીની પરાકાષ્ઠાની પળે, સમજદાર સજ્જને આ સંસારમાંથી ખરેખર જ વીદાઈ લઈ લેવી ઘટે. એરીક હોફર કહે છે તેમ એ ઉત્તમોત્તમ સદ્ભાગ્ય જ નહીં; ઉત્તમોત્તમ પુરુષાર્થ પણ લેખાય કે સુયોગ્ય સમયે સદાની – final exit મતલબ કે એવો સચોટ ઈલાજ છે જ અને તે વળી આપણા હાથની વાત છે. એ છે : સ્વેચ્છામૃત્યુ, અર્થાત્ આત્મહત્યા.

આટલી ચર્ચા બાદ વીવેકસમ્પન્ન, બુદ્ધીશીલ વ્યક્તીના ચીત્તમાં તો એવી સ્પષ્ટ પ્રતીતી થઈ જ જવી જોઈએ કે આત્મહત્યા એ જરાય ખરાબ, અનીતીમય કે અધર્મી પગલું નથી જ નથી. યાદ રાખો કે સમગ્ર પ્રાણીસૃષ્ટીમાં કેવળ એક માનવપ્રાણી જ આત્મહત્યા કરી શકે છે. મતલબ કે એવી ઈચ્છા કે એનો અમલ એ માનવીય ગુણલક્ષણ છે, મનુષ્યની સમુચીત વીવેકબુદ્ધીનો નીચોડ છે, વીચાર પ્રમાણેના આચારની બહાદુરી છે, સ્વહીત તથા પરહીતની સજાગ ચીંતા યા સચીંત જાગૃતીનો પરીપાક છે, એ માનવધર્મ તથા પરમોચ્ચ

પ્રકારની માનવતા છે. મુરખ લોક જે પોપટ પાઠ ભણે છે કે આત્મહત્યા એ કાયરતા છે તે ધરાર ગેરસમજ છે, અવીચારી પરમ્પરાદાસ્ય છે. હકીકતે જે લાચાર અને પરાધીન બન્યા છતાં જીવ્યા કરે, જાતે પીડા ભોગવે અને અન્યને માથે બોજરુપ બની બીજાને પીડે, કોઈને જ એની હસ્તી આવશ્યક લાગતી ન હોય અને સર્વ કોઈ છુટકારાની જ રાહ જોતાં હોય, એક કાળે અછોવાનાં કરતાં સ્વજનો–સ્નેહીઓના તીરસ્કારના પછી જે ભોગ બની ગયો હોય તેવો માણસ જો મરી ન શકે અને જીવ્યા જ કરે તો ખરો કાયર તો તે જ સીદ્ધ થાય. માટે એટલું જ યાદ રાખો, ગોખી રાખો કે, Let us die at the right time – એમાં જ ડહાપણ છે, ઉપરાંત વીરતા છે અને આપણું ભલું પણ છે. આત્મહત્યા કરી જુઓ તો ખબર પડે કે આપઘાત એ કાયરતા છે કે વીરતા ?

અશક્તી આત્મહત્યાની,
એને આશા કહે જનો !
(સુન્દરમ્)

હવે આત્મહત્યા–સ્વેચ્છામૃત્યુ આડે એક અફર શરત : જેમ તમારું સશક્ત યા લાચાર અસ્તીત્વ અન્ય કોઈનેય માટે આપત્તીરુપ કે પીડારુપ ન બનવું જોઈએ એ જ રીતે તમારું મૃત્યુ–સ્વેચ્છામૃત્યુ પણ અન્ય કોઈ પણ જીવન્ત વ્યક્તી માટે આફત કે યાતનાનું કારણ ન જ બની રહેવું જોઈએ – એટલું ધ્યાન રાખવું જ રહ્યું. સાથે સાથે એવી પેટા શરત પણ ખરી જ કે પ્રસ્તુત આપત્તી કે પીડા શુદ્ધ ભૌતીક, અર્થાત્ ઈજાકારક, દુ:ખદાયક હોવી જોઈએ. અન્યથા તો આત્મહત્યા અસંભવ બની જાય; કારણ કે પ્રેમ, માયા, મમતા, લાગણી, આત્મીય ભાવ, સખ્ય, સાંન્નીધ્યની ઝંખના ને વીરહની વેદના આદી સ્વજનત્વની સંવેદનાઓ તો પીડવાની જ, મતલબ કે કોઈ પણ મૃત્યુ પાછળ જીવનાર કોઈકને માટે તો દુ:ખકર નીવડવાનું જ, ખાસ કરીને માનસીક દુ:ખને સન્દર્ભે. કીન્તુ એ તો ગમે ત્યારે પણ એકદા અનીવાર્ય છે જ, એમ સમજી–સ્વીકારી સહી લેવાનું–સ્વજન, સ્નેહી દુર દેશાવર જઈ રહ્યું હોય એવા ભાવે અર્થાત્

ગણ્યું જે પ્યારું પ્યારાએ,
અતીપ્યારું ગણી લેજે !
(બાલાશંકર)

કાયમી વીદાય લેનાર વ્યક્તી આવી બાબતોએ જો સમાધાન કે સંમતી સાધી શકે તો એ વળી ઉત્તમ; કારણ કે થોડા વહેલા–મોડાનો જ આ સવાલ છે. ટુંકમાં, તમારા મૃત્યુથી પાછળ કોઈ ભુખે મરવાનું હોય તો તમારે જીવવાની કોશીશ કરવી જોઈએ, જ્યારે તમારા

જીવનથી કોઈ દુઃખી થતું હોય તો તમારે મરવાની કોશીશ કરવી જોઈએ. અને જો તમારી પોતાની કે અન્યની વેદના–યાતનાના સંભવને કારણે તમે સ્વેચ્છામૃત્યુ ઈચ્છો ત્યારે એથી સ્નેહીજનને થનાર વીરહની વેદના બાબતે સમાધાનની કોશીશ કરવી જોઈએ.

મારા આ વીચારો કોઈ પણ સન્દર્ભે આત્યંતીક નથી, એનોય એક સચોટ પુરાવો અન્તે આપી જ દઉં : તેરાપંથી જૈન સમ્પ્રદાયમાં 'સંથારા'નો ધાર્મીક આદેશ છે જ, જે ધાર્મીક પુણ્યકાર્ય જ લેખાય છે. એનો સીદ્ધાન્ત છે : 'જ્યારે તમને તમારું જીવન સંપુર્ણ કૃતકૃત્ય પ્રતીત થતું હોય, જેથી હવે પછી વધુ જીવવું એ અનાવશ્યક કે આ ધરતીને માથે બોજારુપ લાગતું હોય ત્યારે એવા નીરર્થક અસ્તીત્વનો સ્વેચ્છાએ અન્ત લાવી દેવો' (સ્પષ્ટતા : આ અવતરણ નથી, સારાંશ–ધ્વનીરુપ વીધાન જ છે) અને સમગ્ર જૈન સમાજમાં પણ સાધુઓ માટે તો સંથારાનો ધર્માદેશ છે જ. આ ધાર્મીક રીવાજ પાછળ રહેલી ઉચ્ચ ભાવના જો માનવજાત સમજે અને સ્વીકારે તો સ્વેચ્છામૃત્યુ અનીચ્છનીય નહીં ગણાય અને આપઘાતવીરોધી કાયદાઓ રદ થશે. અરે, સમાજ તથા સરકાર કોઈપણ નાગરીકને આત્મહત્યામાં સહાયભુત બને એમ પણ બને અને બનવું જોઈએ. યાદ રાખો કે આજના આ લેખનો પ્રધાન ધ્વની તથા ખાસ અનુરોધ કેવળ સ્વેચ્છામુત્યુનો નથી, વધુ ભાર તો અત્રે 'સુયોગ્ય કાળે મૃત્યુ' ઉપર મુકવા ઈચ્છું છું. અર્થાત્ જીવનમાં જ્યારે તમારાં માન–સન્માન, મુલ્ય, કીર્તી, સ્થાન પ્રાપ્તી–પ્રદાન આદી સર્વોચ્ચ પરાકાષ્ઠાની ઝળહળતી અવસ્થામાં હોય ત્યારે જ શાન્તી–આનન્દપુર્વક વીદાય લેજો.

## *ભરત વાક્ય*

Under the wide and starry sky,

Dig me a grave and let me die...

'અસીમ તારાખચીત આકાશની નીચે મારી કબર ખોદો અને મને ચીરવીદાય લેવા દો. હું આનન્દપુર્વક જીવ્યો અને હવે આનન્દપુર્વક મરું છું. સમ્પુર્ણ સ્વેચ્છાએ જ હવે હું આ કબરમાં અનન્ત નીદ્રામાં પોઢી જાઉં છું.' *–સ્ટીવન્સન*

●

અનુક્રમણીકા

## 31

# સાવધાન, એ લોકો આપણને છેતરે છે !

અજ્ઞાત વસ્તુ કે વ્યક્તીની ભીતી એ માનવીનો પ્રાણીસહજ ગુણ છે. ધર્મ આવા જ ભયનું સર્જન છે અને વહેમો તેનાં બગલબચ્ચાં છે. કલ્પીત ઈશ્વરનું આલમ્બન અને તેના ધાર્મીક આડતીયાઓનું અર્ચન આ ભીતીથી જ પ્રેરાયેલાં છે, તો ભવીષ્યનો ભય વળી જ્યોતીષશાસ્ત્રનો જન્મદાતા છે. જીવન તથા જીવતા માનવી કરતાં માણસને મરણ તેમ જ મૃત વ્યક્તીનો ડર વીશેષ લાગે છે : એમાંથી જ ભુતપ્રેત, આત્મા, સ્વર્ગ–નરક, પુર્વજન્મ–પુનર્જન્મ ઈત્યાદી ખ્યાલો જન્મ્યા છે. આવા સર્વ ભયોથી વામણો બનેલો મનુષ્ય અજ્ઞાત શક્તીઓ અને ચમત્કારોમાં આસ્થા રાખતો થઈ જાય છે. –મનોજ ઓઝા

વીશ્વવીખ્યાત એવા પ્રખર વીવેકબુદ્ધીવાદી (રૅશનાલીસ્ટ) ડૉ. કોવુરનું એક પ્રસીદ્ધ પુસ્તક છે, જેનો ગુજરાતી અનુવાદ પ્રગટ કરતાં મનોજ ઓઝાએ ઉપરના શબ્દો ઉચ્ચાર્યા છે. ઉક્ત પુસ્તકનું નામ છે : ‘બીગૉન ગૉડમૅન’, જેનું ગુજરાતી નામકરણ ઓઝાએ ‘એ લોકો તમને છેતરે છે’ એવું કર્યું છે. સંસારમાં અને વીશેષતઃ ભારતમાં સાધુ–બાવાઓ બે પ્રકારના છે : અલબત્ત, બાવાજતી માત્રનું જીવનકાર્ય તો લોકોને છેતરીને મોટા થવાનું ને તાગડધીન્ના કરવાનું જ છે; પરન્તુ પ્રસ્તુત ટોળીના બે પ્રકાર એ સન્દર્ભે કે કેટલાક બાવાઓ છેતરીને ચાલ્યા જાય છે, પછી એનો ભોગ બનનારને ભાન થાય કે ‘આ તો માળો છેતરી ગયો !’ પરન્તુ બીજી જમાત વળી એટલી ઉસ્તાદ છે કે તે માણસને જીવનભર છેતર્યા જ કરે છે અને એનો ભોગ બનનારને વળી એમ છેતરાવું ગમે છે. આવા બાવાજતીઓ ‘ગુરુ’ કહેવાય છે, જેઓ, ભાઈ કીરણ રૅશનાલીસ્ટની વ્યાખ્યા પ્રયોજીએ તો, ભગવાનના એજન્ટો છે અને મબલક દલાલી કમાય છે. આવા બાવાલોક માટેનો અંગ્રેજી શબ્દ ‘ગૉડમૅન’ છે. ડૉ. કોવુરે આવા અનેક ધુતારાઓને અનેકવીધ પડકારો દ્વારા ખુલ્લા પાડ્યા છે અને સત્ય પ્રગટાવ્યું છે. માટે જ પી. શ્રીધરને ડૉ. કોવુરને નીચેની કાવ્યપંકતીઓ દ્વારા અંજલી આપી છે :

એ જ સત્યના પંથે,<br>
હે, ડૉ. કોવુર, તમે<br>
તમારા ઉન્નત હસ્તે<br>
સત્યશોધક ચીરાગ સાહીને<br>
આગળ વધી રહ્યા છો !

અર્થાત્ રૅશનાલીઝમ એટલે સત્યને પ્રકાશીત કરનારો દીપક સાહીને સત્યને પંથે આગેકદમ કરવા – કરાવવાનો ઉપક્રમ, જે સત્ય તે વૈજ્ઞાનીક સત્ય. આ ગોચરી ભુત તત્ત્વથી

પર એવું કોઈ આધ્યાત્મીક સત્ય આ બ્રહ્માંડમાં અસ્તીત્વ ધરાવતું જ નથી. અધ્યાત્મનો વેપલો કરી, દોમદોમ સાહ્યબીમાં મહાલતા બધા ગુરુઓ ભોળા તથા લાલચુ માણસોને છેતરે જ છે, એટલું પરમ સત્ય આ પુસ્તકમાંથી સહેજે પામી શકાય છે એ જ એનું મોટું મુલ્ય છે, મોટી સેવા છે.

'બીગૉન ગૉડમૅન'ના ગુજરાતી અનુવાદને આવકારતાં ગુજરાતના પીઢ સ્વાતન્ત્ર્યસેનાની તથા પ્રખર અને મહાન સક્રીય રૅશનાલીસ્ટ એવા કમળાશંકર પંડ્યા લખે છે કે 'એકલા ભારતમાં જ નહીં... વીશ્વના બધા જ દેશોમાં રુઢીની પકડ વધતી જ જાય છે, 'ખોમીનીવાદ' પ્રસરી રહ્યો છે. ધર્મ સામાજીક અન્યાયનું પ્રતીક તથા વાહન બની ગયો છે... માનવીની પ્રગતી ધર્મવાદીઓ અટકાવી રહ્યા છે. એટલું જ નહીં, પણ બુદ્ધીને કુંઠીત કરી નાખી, બુદ્ધીવાદના નાશ માટે જે ષડ્યંત્ર ચાલે છે તેમાં ભ્રષ્ટ રાજકારણ સાથે ધર્મનીય સામેલગીરી છે. માનવીને ભ્રષ્ટ થવાની તે સરળતા કરી આપે છે.'

ભારત બધી રીતે એક કમનસીબ પછાત દેશ છે, જેમાં તેનું સૌથી ભયાનક પછાતપણું તે વહેમ તથા અન્ધશ્રદ્ધાઓ બાબતે છે. વળી આ દેશમાંય ગુજરાત પ્રદેશ સૌથી વધુ અન્ધશ્રદ્ધાળુ ને ધર્મઘેલું રાજ્ય છે. ધનદોલત તથા ફૅશનમાં આગળ એવું ગુજરાત ધર્મ–અધ્યાત્મની ફરેબી પ્રવૃત્તીનો ભોગ બનવામાંય સૌથી આગળ છે. એટલે ભાઈશ્રી મનોજ ઓઝાએ 'એ લોકો તમને છેતરે છે' એ અનુવાદ અર્પણ કરીને અને ગોધરાની રૅશનાલીસ્ટ, માનવવાદી સંસ્થા 'અશ્વીની આર્ટ પ્રા. લી.'એ એનું પુનર્મુદ્રણ પ્રગટ કરીને ગુજરાતની ખુબ મોટી સેવા કરી છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન યા ઓરીસ્સામાં તો અભણ તથા નીચલો વર્ગ જ મહદંશે અન્ધશ્રદ્ધાળુ છે. પરન્તુ તેય મુખ્યત્વે સામાજીક રુઢીરીવાજો બાબતમાં, જ્યારે ગુજરાતમાં તો શીક્ષીત વર્ગ જ સૌથી વધુ અન્ધ–અધ્યાત્મવાદી છે અને એટલે જ બહારના ગૉડમૅન–ગુરુઓ જથ્થાબંધ ગુજરાતમાં ઉતરી પડે છે. આ પરીસ્થીતીમાં મનોજ ઓઝા તથા ગોધરાના ડૉ. અશ્વીન કારીયા અને એમના સાથીમીત્રોનું આ સાહસ ઘણું સમયસરનું બની રહે છે. જો ગુજરાતની મબલક સમૃદ્ધીનો ઉચીત વીનીયોગ સામાન્ય જનના કલ્યાણાર્થે થાય તો સમગ્ર દેશની દશા સુધરે એટલી આર્થીક તાકાત ગુજરાતમાં જોવા મળે છે, જે આજે તો મન્દીરોને માથે સુવર્ણકળશ ચઢાવવામાં જ વેડફાઈ રહી છે ! વીનાશકાળે વીપરીત બુદ્ધી !

ડૉ. અબ્રાહમ ટી. કોવુર જીવનભર ચમત્કારો, અલૌકીક ઘટનાઓ તથા તથા દીવ્ય શક્તીઓના દાવાને તેમ જ એવા દાવા કરનારા સન્તમહન્તો, બાવાઓ, બાબાઓ, બાપાઓ અને દાદાઓ, યોગીઓ, મહર્ષીઓ, સ્વામીઓ, ભુવાજતીઓ વગેરેને પડકારતા અને પરાજીત કરતા, જુઠા અને ફરેબી સાબીત કરતા જ રહ્યા. તેઓએ સત્ય સાંઈબાબાને તો

વારમ્વાર ભીડાવેલા. એ ઉપરાન્ત નીલકંઠબાબા, પંડરીમલાઈ, સ્વામીગલ, મુક્તાનન્દ, વદલમુદ્દી, દત્તબાલ, નીર્મળાદેવી, ચીન્મયાનન્દ, આનન્દમુર્તી જેવા વીખ્યાત તથા અન્ય અનેક અલ્પખ્યાત યા અજ્ઞાત બાવાસન્તો તથા ભુવાજતીઓને પડકાર્યા હતા; પરન્તુ તેઓમાંથી ઉક્ત પડકાર ઝીલવા અન્ત પર્યંત એક પણ કહેવાતો સીદ્ધ સન્તમહન્ત આગળ આવ્યો નથી; પછી પ્રામાણીક સીદ્ધ થવાનો તો પ્રશ્ન જ ક્યાં ? આવી અનેક ચોકાવનારી તથા ચીન્ત્ય અને વળી સત્ય ઘટનાઓ આ પુસ્તકમાં ડૉ. કોવુરે આલેખી છે અને એવો મુલ્યવાન નીષ્કર્ષ તારવી આપ્યો છે કે તમામ ચમત્કારો, સાક્ષાત્કારો યા તો આધ્યાત્મીક અનુભુતીના દાવાઓ, એ કાં તો સરાસર છેતરપીંડી છે અથવા એક યા અન્ય પ્રકારના માનસીક રોગનું જ પરીણામ છે. ડૉ. કોવુર વૈજ્ઞાનીક આધાર સહીત સીદ્ધ કરી આપે છે કે સાધના દ્વારા જેઓ દીવ્ય પ્રકાશ જોવાનો દાવો કરે છે અથવા જે લોકો દૈવી સીદ્ધીઓ વડે અલૌકીક ને અસાધારણ જ્ઞાન તથા શક્તીઓ ધરાવતા હોવાનો દાવો કરે છે તેઓ કાં તો જુઠા યા મનોરોગી છે. એ જ રીતે, જેઓ અગમનીગમનાં તથા અગમ્ય એવાં પાર્થીવ રહસ્યોને જાણવાનો દાવો કરે છે એ લોકો ભ્રમણાનો ભોગ બનેલા મુખ્યત્વે મનોરોગીઓ જ હોય છે. આધ્યાત્મીક ફરમાનો તેમ જ વીધી–વીધાનો ને કર્મકાંડો વચ્ચે જે ભેદ જોવા મળે છે એ મુલતઃ તો પ્રસ્તુત પંથના સ્થાપકનાં મનોરોગ, ભ્રમણાઓ યા વીકૃતીઓ વચ્ચેનો જ ભેદ હોય છે.

અત્રે ખાસ યાદ રાખવું ઘટે કે ડૉ. કોવુર એક મહાસમર્થ મનોવીજ્ઞાની તેમ જ મનોરોગનીષ્ણાત પણ હતા, જેઓને પરામનોવીજ્ઞાન ક્ષેત્રે વીશીષ્ટ સંશોધનો કરવા બદલ અમેરીકાની મીનેસોટા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફીલોસોફીએ ‘ડૉક્ટર ઓફ ફીલોસોફી’ની માનદ્ પદવી એનાયત કરી હતી. એવા વીદ્વાન પુરુષ ડૉ. કોવુર એક ચમત્કારીત સત્ય ઘોષીત કરે છે કે, ‘અસાધારણ બુદ્ધી પ્રતીભા ધરાવતી છતાં માનસીક ખોડનો ભોગ બનેલી વ્યક્તી બહુધા સમ્પ્રદાયસ્થાપક બને છે.’

કહેવાતા ચમત્કારી શ્રી. સત્ય સાંઈબાબા અને ડૉ. કોવુર વચ્ચેનું સત્યશોધક યુદ્ધ રૅશનાલીઝમ ક્ષેત્રે એક ઐતીહાસીક એવું રસપ્રદ પ્રકરણ છે : એ જાણીતી હકીકત છે કે સત્ય સાંઈબાબાને તેઓના ચમત્કારની ચકાસણી કરવા દેવાનો પડકાર ડૉ. કોવુરે અનેકવાર કર્યો; છતાં બાબા એવી હીમ્મત કદાપી દાખવી શક્યા નહીં; કારણ કે જે જે ચમત્કારી ક્રીયાઓને બાબા દૈવી શક્તી લેખાવે છે એવા તમામ ખેલ ડૉ. કોવુર જાતે પણ કરી બતાવતા. ઉપરાન્ત ભલે સત્ય સાંઈબાબા ચકાસણી માટે હાજર ન થયા; તેમ છતાં એમના ચમત્કારોનો પર્દાફાશ ડૉ. કોવુરે બરાબર કરેલો. દા. ત., જાપાની ઘડીયાળવાળો ચમત્કાર બાબાજી તથા તેઓના ભક્તોએ ખુબ ચગાવેલો, જે એવો હતો કે વીખ્યાત ‘સીકો’ કંપનીએ બનાવેલી એક તદ્દન નવી

જ ઘડીયાળ, જેનો નમુનો હજી તો કંપનીની તીજોરીમાં સીલબંધ પડ્યો હતો, બરાબર એ જ નમુનો બાબાએ ભારતની મુલાકાતે આવેલા કંપનીના સુત્રધારો સમક્ષ હવામાંથી કાઢીને બતાવી દીધો. આ કહેવાતા ચમત્કારની ફરેબી ખુલ્લી પાડવાના ડૉ. કોવુરના પુરુષાર્થનું રસીક બયાન 'એ લોકો તમને છેતરે છે' પુસ્તકમાં વીગતે વાંચવા મળે છે.

ડૉ. કોવુરે આ કહેવાતા ચમત્કારની ચકાસણી માટે સર્વપ્રથમ તો બાબાના પરમ શીષ્ય, ભારત સરકારના ભુતપુર્વ વૈજ્ઞાનીક સલાહકાર, વીજ્ઞાનની ઉચ્ચ ડીગ્રીઓધારી એવા ડૉ. એસ. ભગવન્તમને પુછાવ્યું, પણ ભગવન્તમે તો 'ભગવાનશાહી'(ડીપ્લોમેટીક) મૌન જ પાળ્યું ! બધા જ બાવાઓ અને એમના મળતીયાઓ આવી મુંગી તરકીબ જ મહદંશે અજમાવે છે; કારણ કે, 'ના બોલ્યામાં જ એમના નવગુણ સુરક્ષીત !' પરન્તુ ડૉ. કોવુરને મૌન પોસાય તેમ નહોતું, એટલે તેઓએ તો સીધું જાપાન, 'સીકો' કંપનીને જ લખ્યું અને આ રહ્યો તે કંપનીનો પ્રત્યુત્તરઃ

"... આપના પત્રમાં ઉલ્લેખીત સાંઈબાબા બાબતમાં હું કશી જ માહીતી આપી શકું તેમ નથી. હું પોતે યા અમારી કંપનીનો કોઈ પણ કર્મચારી ભારતમાં સાંઈબાબા નામક કોઈ વ્યક્તીને કદી મળ્યા નથી. મને એ બાબતે લેશમાત્ર શંકા નથી કે આ સમગ્ર ઘટના સદંતર ઉપજાવી કાઢેલી છે..."

તો આવાં બધાં હોય છે આ બાવાઓ ને બાબાઓનાં ખેલ–તરકટ. હવે આ વાત ગુજરાતીમાં વાંચવા મળે છે, ત્યારે તો ગુજરાતે જાગવું જોઈએ; પણ નહીં જ જાગે. એમ તો આજથી દોઢસો વર્ષ પુર્વે એક મહાન ગુજરાતી–સુધારાનો કડખેદ એવો કરસનદાસ મુળજી પણ એ જ ચેતવણી આપી ગયેલો કે 'હીન્દુ પુરાણાદી શાસ્ત્રોમાં જે કહેલું છે કે કળીયુગના વખતમાં જુદા જુદા ધરમ અને પાખંડો ઉભાં થશે; ધુતારા, પાખંડીઓ આડા પંથો અને આડા મારગો ચલાવશે.' અને તોય ગુજરાત ન જાગ્યું; આજેય તે ક્યાં જાગ્યું છે ?

ડૉ. કોવુરે આત્મા–પરમાત્માના અસ્તીત્વની કપોળકલ્પનાને પણ બુલન્દ રીતે પડકારી છે : તેઓ લખે છે. 'બ્રહ્માંડના અસીમ, અમાપ વ્યાપ પ્રતી દષ્ટી કરીએ તો પૃથ્વીનું સ્થાન એમાં એક રજકણથીય નાનું છે. હવે, આવું સુવીરાટ સર્જન કરનાર, જો કોઈ હોય તો, તેનો આટલો બધો રસ આ પૃથ્વી પર વસતા એક સુક્ષ્મતમ જંતુ સમા તુચ્છ એવા માનવી પુરતો જ સીમીત થઈ રહે એમ માની જ કેમ શકાય ? ડૉ. કોવુર વધુમાં જણાવે છે કે 'આત્મા ઉપર જે કોઈ ગુણધર્મો તથા શક્તીઓનું આરોપણ કરવામાં આવે છે એ તમામ ગુણધર્મો ને શક્તીઓ વાસ્તવમાં માણસના મનમાં જ છે. મગજ નામના એક અવયવમાં થતી એ બધી વીદ્યુત–રાસાયણીક પ્રક્રીયો માત્ર છે... દેહ વીના જ્યારે ચૈતન્ય શક્ય જ નથી, ત્યારે

અમર આત્માની બધી જ વાતો કેવળ મીથ્યા ઠરે છે.... આજથી પચ્ચીસસો વર્ષ પુર્વે ગૌતમબુદ્ધે 'અનાત્મ'નો સીદ્ધાંત પ્રચાર્યો હતો જ...'

'એ લોકો તમને છેતરે છે' પુસ્તકમાં ડૉ. કોવુરે સમર્થ દાખલા–દલીલો વડે જ્યોતીષશાસ્ત્રને એક ભયાનક જુઠાણું સીદ્ધ કરી બતાવ્યું છે. જ્યારે ધ્યાન, યોગાદી કર્મકાંડ વીશે તેઓ લખે છે કે 'એ ખુબ જ સમજી લેવા જેવી હકીકત છે કે ધ્યાન ધરનારી વ્યક્તી લાંબે ગાળે માનસીક રોગોનો જ ભોગ બને છે...' ડૉ. કોવુરે આ ઉપરાન્ત ભુતપ્રેત, મન્ત્રતન્ત્ર, ઈલમ, કાચના ગોળામાં જોઈ રહસ્યો ઉકેલવાં, ગંગાજળનો પ્રભાવ, મૃતાત્માની મુલાકાત, અલૌકીકતાને નામે ચાલતા ગોરખધંધા, વહેમો, માન્યતાઓ, ધાર્મીક કર્મકાંડો, અન્ધશ્રદ્ધાઓ આદી અપાર્થીવ દાવાઓની પોકળતાને સાધાર પડકારી છે અને મહદંશે જુઠ યા છેતરપીંડી જ સીદ્ધ કરી છે. મનોજ ઓઝાએ ડૉ. કોવુરના પુસ્તક 'બીગોન ગોડમેન' નો આવો સરળ, સુવાચ્ય ને રસાળ અનુવાદ આપ્યો એ બદલ તેઓને તથા એનું પુનર્મુદ્રણ પ્રગટ કરવા બદલ ગોધરાની અશ્વીની આર્ટ સંસ્થાને લાખ લાખ ધન્યવાદ ! અત્રે એ નોંધવું સુયોગ્ય જ બની રહેશે કે સત્ય સાંઈબાબાના કહેવાતા ચમત્કારોને પડકારતું તથા એમના કરતુતોને ખુલ્લું પાડતું અન્ય એક આખું મૌલીક પુસ્તક ગુજરાતના કોવુર સમા જોરુકા જણ જમનાદાસ કોટેચાએ પણ પ્રગટ કર્યું છે : 'તહોમતદાર સત્ય સાંઈબાબા !' ઉભયની પ્રાપ્તી તથા વધુ માહીતી માટે લખો : અશ્વીની આર્ટ પ્રા. લી., સેન્ટર પૉઈન્ટ, બસ સ્ટેશન પાસે, ગોધરા – 389001

## ભરતવાક્ય

લેખકો, તત્ત્વજ્ઞાનીઓ, વીજ્ઞાનશાસ્ત્રીઓ પણ ભુવાબાજીમાં ફસાયેલા જોવા મળે ત્યારે સમાજની વીકાસદીશા અંગે મનમાં અવઢવ થયા વગર રહેતી નથી. માણસને બુદ્ધી કરતાં ભાવના, અને અભ્યાસ કરતાં મનોરંજન વધારે ગમે છે એવી એક સુંદર વેદકથા છે. રડતા બાળકને અફીણની બાળાગોળી આપીને ઉંઘાડી દેનારી માતા જેમ બાળકની શત્રુ છે તેમ વાસ્તવીકતાથી પરેશાન માનવીને શ્રદ્ધાથી શાન્ત કરનાર વ્યક્તી પણ માનવજાત માટે મોટી દુશ્મનાવટ જેવું જ કામ કરે છે. –નગીનદાસ સંઘવી ('આ તડ અને ફડ'માંથી સાભાર)

●

અનુક્રમણીકા

## 32

## નીતીમત્તા : એ જ નાગરીક આચારસંહીતા

પ્રાગૈતીહાસીક કાળમાં આદીમાનવ ‘સમાજ’માં ધર્મ નામની એક જીવન માન્યતાનો – આચારવીચારનો ઉદ્ભવ મુખ્યત્વે ભય, કુતુહલ અને ભાવીની ચીન્તામાંથી થયો છે. (માટે જ સમગ્ર માનવજાતની કોઈ પણ ટોળી, એનું કોઈ પણ જુથ ગમે તેવા, સાવ પ્રાથમીક સમાજ પણ ધર્મપાલનથી મુક્ત રહી શક્યાં નથી.) આદીકાળનો અરક્ષીત કે અલ્પરક્ષીત માનવી અજ્ઞાત પરીબળોના ભયને પરીણામે સ્વાભાવીક જ કશીક અદૃશ્ય, અકળ અને પ્રચંડ શક્તી કે શક્તીઓ કામ કરતી હોવાની માન્યતા સેવતો થયો. સતત ભય યા ભયો હેઠળ કાંપતો આવો માનવી, પછી જ્ઞાન કે આશ્વાસનને નીમીત્તે ગમે તેવી સ્પષ્ટતાઓ, માન્યતાઓ તથા કલ્પનાઓને સ્વીકારી લે, એમ પણ સ્વાભાવીક જ બને. એમાંથી જ પછી પાપનો અચુક બદલો, આ કે તે અલૌકીક શક્તીઓની કઠોરતા, ક્રુરતા અને દુષ્ટતાનો ઉદ્ભવ થયો. સાથે સાથે એવી શક્તીઓની થોડીક કૃપા કે દયાય તે કલ્પતો અનુભવતો હશે. કારણ કે જીવન માટેની અનેક સાનુકુળ પરીસ્થીતીઓ પણ હોય જ, છે જ. (કારણ કે આવી પ્રાકૃતીક આપત્તીઓનાં કે અનુકુળતાઓના અન્ય [જેને આપણે હવે વૈજ્ઞાનીક કહીએ છીએ તેવાં] કારણો તો એ કલ્પી શકે તેમ જ નહોતો.)

આશ્ચર્યથી દંગ–સ્તબ્ધ થયેલો આદીમાનવ ચોપાસ પ્રવર્તમાન ભયાવહતા તથા રાક્ષસી તન્ત્રના દર્શન – અનુભવથી ત્રસ્ત રહેતો હશે એટલું તો નક્કી જ. હવે માનવીનું મન જ્યારે નીરન્તર ભય અને વીસ્મયથી ગ્રસ્ત રહેતું હોય, ત્યારે તે પ્રસ્તુત બીહામણા તત્ત્વ વીશેની પછી કોઈ પણ કલ્પનાને સ્વીકારી લેવા તૈયાર થઈ જાય છે. આવા ઘોર અન્ધકારના યુગમાં અને એથીય વધુ હાનીકર્તા એવા ‘જ્ઞાન’ (મીથ્યા માન્યતા)ના પ્રચારને પરીણામે પ્રસ્તુત ભયકારી તથા આપત્તીદાયક તત્ત્વમાં વળી ‘દીવ્યતા’નું આરોપણ કરવામાં આવ્યું. આમ, એકંદરે સર્વત્ર તથા સમગ્ર માનવજાતનો આદીમ ઈશ્વર બહુધા અત્યન્ત નીર્દય, ભયાવહ દેખાવવાળો અથવા તો લાગણીહીન જ કલ્પાયો, અને એથી ભયગ્રસ્ત માનવી પોતે કલ્પેલી પેલી આરાધ્ય મુર્તીની કેવળ ભોળાભાવે, અજ્ઞાનભાવે ભક્તી કરવા લાગ્યો. –ડેવીડ હ્યુમ (1711–1776)

સમગ્ર જગતમાં સર્વત્ર ઈશ્વરની કલ્પના કેમ લગભગ એકસરખી જ પ્રગટી અને શા માટે તમામેતમામ માનવજુથોમાં કોઈ ને કોઈ પ્રકારની ધર્મ માન્યતા પ્રચલીત બની – એનું આવું સાચું સચોટ, વૈજ્ઞાનીક કારણ છેક આશરે અઢીસો વર્ષ પુર્વે મહાન અંગ્રેજ (સ્કોટીશ) ફીલસુફ ડેવીડ હ્યુમે આપેલું, જે સ્પષ્ટ રીતે પુર્ણતઃ પ્રતીતીકારક સમજાય છે. છતાં હજી

આજેય, ભોળા અને અલ્પજ્ઞ આસ્તીકો એનો એ જ પ્રશ્ન કરતા ફરે છે કે, જો ઈશ્વર જેવી કોઈ વીરાટ શક્તીનું મુળે અસ્તીત્વ જ ના હોય તો, સમગ્ર માનવજાતને, સમગ્ર જગતમાં આવી એકસરખી કલ્પના આવે જ કેવી રીતે ? એનો અહીં પાકો પ્રત્યુત્તર મળે છે કે, તમામેતમામ માનવ જુથો આદીમ અવસ્થામાં એકસરખાં જ ભય–કુતુહલ સેવે, એ સ્વાભાવીક છે; કારણ કે પ્રકૃતીનાં પરીબળો સમગ્ર પૃથ્વી પટે આછેવત્તે અંશે પણ એકસરખાં જ પ્રવર્તતાં, જે આજેય પ્રવર્તે છે : જેવાં કે, વર્ષા, વાવાઝોડાં, ભુકંપ, અતીઠંડી, અતીગરમી, રોગચાળા જેવી ભયપ્રેરક તથા વીનાશક ઘટનાઓ. ઉપરાન્ત પ્રકૃતીની રોજીન્દી લીલાય વળી એટલી જ વીસ્મયકારક અને એથી કુતુહલ પ્રેરક છે : જેમ કે સુર્યોદય, સુર્યાસ્ત, રાત્રી, ચન્દ્રતારકો, ઋતુચક્ર, સમુદ્ર, ભરતીઓટ, અસંખ્ય પ્રકારના જીવો વગેરે. આવી સંકુલ તથા એકન્દરે આપત્તીકારક તથા ભયપ્રેરક વ્યવસ્થા મુદ્દલે ન સમજાતાં પછી, આદી માનવ ઈશ્વરની કલ્પના સહેલાઈથી અને ઝટઝટ સ્વીકારી લે, અને એના અનુસન્ધાનમાં પોતાનાં શ્રેય તથા સલામતી માટે એવી પ્રકાંડ શક્તીને લાચારીથી ભજવા માંડે એ એકદમ સમજી શકાય તેવું સ્વાભાવીક તથા અનીવાર્ય પરીણામ જ લેખાય. આમ, આદ્ય મહામનીષીઓના સાક્ષાત્કારની બધી વાતો કેવળ જુઠ યા કપોળકલ્પના કે ભ્રમણાઓ જ છે. જ્યારે હકીકતે તો ઈશ્વરની કલ્પના અને ધર્મની પ્રથાઓ માનવીને પીડતા અજ્ઞાનના ભયની તથા વણઉકલ્યા કુતુહલની જ નીપજ છે. માટે જ માણસ જુદા જુદા ધર્મો અને જુદી જુદી અને કવચીત્ પરસ્પર વીરોધી માન્યતા છતાં, ઈશ્વર જેવી કોઈ વીરાટશક્તી અને એની ભક્તી બાબતે લગભગ સરખો જ અભીગમ સેવે છે.

આમ, અત્યાર સુધી પ્રવર્તમાન લગભગ તમામ ધર્મોનાં મુળ જ્યારે માનવીની આવી કેવળ અસંસ્કૃત, પ્રાથમીક, અજ્ઞાન અવસ્થામાં જ રહેલાં હોય, ત્યારે માનવજાતે એ આદીમ અવસ્થાના દુઃખદ, હાનીકર્તા વારસાને સત્વરે ત્યજી દેવો જોઈએ; કારણ કે તે માનવીની પ્રગતી, સુખશાન્તી, સુમેળ, સ્વસ્થતા, નીર્ભયતા તથા સલામતી, સત્યની શોધ આદીને અવરોધતું પોકળ છતાં અતીમજબુત એવું પરીબળ છે.

ધર્મતન્ત્રમાં રહેલા અનેકવીધ અબૌધીક આન્તરવીરોધો એ માનવપ્રકૃતીની તથા બાહ્ય અનુભવોની ભીન્નતા તથા એને આધારે તારવેલા ભીન્નભીન્ન યા પરસ્પર વીરોધી સીદ્ધાન્તોનું જ પરીણામ છે. વધુમાં માનવીના ભયગ્રસ્ત ચીત્તે જેમ એક કૃપાળુ અથવા કઠોર ઈશ્વર–શક્તીની કલ્પના કરી, એ જ રીતે, પ્રસ્તુત ભયના માર્યા જ રાક્ષસી, ભયંકર, ક્રુરતા તથા અત્યાચારના મુર્તીમન્ત સ્વરુપ જેવા મેલા દેવો – ભુત, પ્રેત, ડાકીની, શાકીની, કાલીકા, કાલભૈરવ યા સેતાન જેવી દુષ્ટ અલૌકીક શક્તીઓની પણ માણસે કલ્પના કરી. આમ

માણસનાં અલૌકીક તત્ત્વો વીશેનાં જ્ઞાનભાન કે મીથ્યા માન્યતાઓ ભલે વીકસતાં ચાલ્યાં; પરન્તુ એમાંથી કોઈ સ્વાભાવીક સદ્‌ગુણો, સજ્જનતા, ઉંચી લાગણીઓ – ભાવનાઓ, દયા, પ્રેમ ઐક્ય, સુમેળ, સહીષ્ણુતા જેવા ગુણો વીકસે એવી તો ભુમીકા જ એમાં નહોતી. અથવા જે સ્વલ્પ હતી; તે ય ફક્ત જુથના અન્દરઅન્દરના પરસ્પર વ્યવહાર પુરતી જ મર્યાદીત હતી.

પરીણામે પ્રાચીન યુગમાં ધર્મો વ્યક્તી ઉપર કે અન્યધર્મી જુથો ઉપર ત્રાસ–અત્યાચાર ગુજારવાનું જ એક પ્રેરક પરીબળ તથા સાધન બની રહ્યું, જે આજેય ઓછાવત્તા પ્રમાણમાં ચાલુ જ છે.

વધારામાં લગભગ સર્વ ધર્મોમાં તમામ દેવોની કલ્પનામાં, તેઓ ઉત્તમ સદ્‌ગુણી હોય, આદર્શ દેવપુરુષો હોય, ઉચ્ચ ચારીત્ર્યવાન હોય – એવું બધું એકંદરે જોવા મળતું નથી. મોટા ભાગના માનવ–અવતાર સમા પ્રાચીન દેવપુરુષો કપટી, ક્રોધી, હીંસક, વ્યભીચારી, બળાત્કારી, અસત્ય બોલનારાં – આચરનારાં, એવાં ‘અલૌકીક’ તત્ત્વો હોય છે. બીજી બાજું, સંસારમાં એવાં જ કૃત્યો બદલ કડકમાં કડક સજાઓ અદાલતો અને ઘણી વાર તો વળી ધાર્મીક અદાલતો જ ફરમાવે ! ત્યારે વીવેકબુદ્ધી ધરાવતી વ્યક્તી એવા બે ભીન્ન ભીન્ન અભીગમો વચ્ચે સમાધાન કે સમ્વાદ સ્વીકારી જ કેવી રીતે શકે ? પરીણામે ધર્મ સાચા અર્થમાં નીતી કે સદાચાર શીખવવામાં સદન્તર નીષ્ફળ જાય છે, જે આપણે સાક્ષાત જોઈ રહ્યા છીએ. પછી ધાર્મીક અને આસ્તીક માણસો કેવળ કર્મકાંડને જ નીતી માનીને ચુસ્ત વળગી રહે છે. જ્યારે બીજી બાજુ લાલસા આદી કારણે અનેકવીધ અનીતીઓ પણ બીન્દાસ આચરે છે. દા.ત., એક રુઢીચુસ્ત બ્રાહ્મણ પુજાપાઠ યા ભોજન પુર્વે અચુક સ્નાન કરવું – એને નીતી અને પુણ્યપ્રદ કાર્ય ગણી એનું પાલન કરશે; પરન્તુ ધન્ધાદારી આચરણમાં તે જુઠું બોલશે, છેતરપીંડી ચલાવશે, શક્ય હોય તો પરસ્ત્રીગમન પણ કરે, પોતાનાથી નીચાં ગણાતાં માનવીઓને તીરસ્કારે, એમના પર ક્રુરતા આચરે, એમનું શોષણ કરે, લોભલાલચને વશ થાય વગેરે અનુચીત કૃત્યો કરે, ત્યારે સામાન્યતઃ તેને ભગવાનનો કે પાપ લાગવાનો ડર પીડતો નથી.

માટે જ જે એક માન્યતા આધારીત દલીલ કરવામાં આવે છે કે, ધર્મ નાબુદ થાય અને ભગવાનનો ડર ન રહે તો, સમાજમાં અનીતી, અનાચાર અને દુષ્ટતાઓ–અનીષ્ટો ફેલાઈ જશે એવી દલીલમાં કોઈ જ વજુદ નથી લાગતું. વધુમાં વળી, નીતીનાય બે પ્રકાર પાડી શકાય : એક તે એવી નીતી કે જેના પાલનથી ભગવાન રાજી રહે. દા.ત., સત્ય વચન, અહીંસા, સ્વચ્છતા, દયા, પ્રેમ, જીવદયા, બ્રહ્મચર્ય, સ્વાદત્યાગ, યા એક પત્નીવ્રત કે એક

પતીવ્રત ઈત્યાદી. અલબત્ત, આમાંની અમુકનું સામાજીક મુલ્ય પણ અવશ્ય છે જ; પરન્તુ અન્તે તો તે અર્થહીન કર્મકાંડ જ બની રહે છે. નીતીનો બીજો પ્રકાર એવો છે કે, જેનું આપણે સહજ સ્વભાવરુપે પાલન કરીએ છીએ અને ત્યારે 'ઈશ્વર રાજી રહેશે' એવો વીચાર સુધ્ધાં આપણા મનમાં આવતો નથી. દા.ત., આપણે આપણાં સન્તાનોનું લાલનપાલન કરીએ, માતાપીતા અને વડીલોને માન આપીએ તથા તેઓની સેવા કરીએ, ભાઈ, બહેન, મીત્રાદીની જરુરતોનું ધ્યાન રાખીએ યા મુશ્કેલીમાં તેઓને મદદ કરીએ, કાયદો પાળીએ, વાયદો પાળીએ અથવા ઉછીનાં નાણાં પાછાં આપીએ – આ પ્રકારની તમામ નીતીઓનું પાલન કરતાં, આપણને એથી 'ઈશ્વરની કૃપા પ્રાપ્ત થવાનો કે પુણ્ય પ્રાપ્તી'નો ખ્યાલ પણ ભાગ્યે જ આવે છે. આવી સહજનીતી, અર્થાત્ જે ધર્મના ઉપદેશ કે ઈશ્વરના ભયને આધારે આપણા પર લદાયેલી ન હોય એવી નીતીના ક્ષેત્રને જો આપણે આચરતા રહીએ, જેમ કે સત્ય બોલીએ અને આચરીએ, પ્રામાણીક બનીને ચોરી છેતરપીંડી ન કરીએ, માણસ માત્ર પ્રત્યે સમાનતા તથા સુમેળની લાગણી કેળવીએ, દયામાયા રાખીએ – તો એ બધી પણ એક સારા નાગરીક તરીકેની સહજ નીતી બની રહે, અને તો એનું પાલન વધુ સારી રીતે અને વધુ ચોકસાઈથી થાય. કારણ કે, ફરજીયાત કે નાછુટકે કરવાં પડતાં કાર્યોની અપેક્ષાએ સ્વેચ્છાએ સ્વીકારી લીધેલાં, ફરજવત્ કે સ્વયંસ્ફુરીત કાર્યો માણસ હમ્મેશાં વધુ કાળજીથી, વધુ આસાનીથી અને વધુ નીષ્ઠાથી આચરે છે. ટુંકમાં, પ્રશ્ન મુળભુત રીતે સંસ્કાર, ઘડતર તથા વીવેકબુદ્ધીપુત અભીગમનો બની રહે છે.

આમ, પ્રસ્તુત માન્યતા કે, ધર્મ અને ઈશ્વરમાં આસ્થાને કારણે અમુકતમુક નીતીનું પાલન થાય છે અને તેથી જ આ સમાજ ટકી રહ્યો છે – એ માન્યતા જ મુળભુત રીતે પાયારહીત છે. એથી ઉલટું, દા.ત., ભારતીય સમાજ જેવા ધર્મચુસ્ત માનવજુથોમાં જે અપરમ્પાર અનીષ્ટો, પાપાચાર કે અનીતીઓ મોટા પાયે જોવા મળે છે, એનું એક મુળભુત કારણ જ ઉપર્યુક્ત ખોટી માન્યતા છે. નીતી ધર્મજનીત નથી; પરન્તુ એને તો પાછળથી કૃત્રીમ રીતે ધર્મ સાથે જોડી દેવામાં આવી છે. વાસ્તવમાં, નીતી તો નાગરીક શાસ્ત્રની એક આવશ્યક્તા કે અનીવાર્ય એવી સ્વાભાવીક આચારસંહીતા જ છે. અને જો એ રીતે જ, એના પર ભાર મુકી, તેનો પ્રચાર કરવામાં આવે, તો કદાચ આપણે પ્રવર્તમાન ભયાનક, અનીતીથી ખદબદતા સમાજને ઉગારી લઈ શકીએ !

## ભરતવાક્ય

આટઆટલી ધર્મપ્રવૃત્તીઓ છતાં, દાણચોરી, કરચોરી, ગુનાખોરી, નફાખોરી, બે નમ્બરના ધન્ધા, મજુરો–ગરીબોનું શોષણ, અંત્યજો ઉપર અત્યાચાર, સ્ત્રીઓનું શોષણ, બળાત્કાર, સ્ત્રીભ્રુણહત્યા, બાળમજુરી, વ્યસનો, લાંચરુશ્વત, ભ્રષ્ટાચાર, કામચોરી વગેરેનું પ્રમાણ ઘટ્યું છે ખરું ? અંગત પરસ્પર વ્યવહાર અને સામાજીક વ્યવહારમાં નૈતીકતા, પ્રામાણીકતા જરા પણ ઉંચે આવી છે ખરી ?... જગતનો ઈતીહાસ સાક્ષી પુરે છે કે ધર્મસુધારણાથી વ્યક્તી અને સમાજમાં પરીવર્તન આવતાં નથી. સામાજીક–બૌદ્ધીક (વીવેકબુદ્ધી પુર્વકની) ચળવળથી લોકજાગૃતી આવે, તો જ સમાજમાં પરીવર્તનની ગતી વધે.

–ડૉ. બી. એ. પરીખ (‘પ્રબોધન’માંથી સાભાર)

[**પ્રકાશક :** ચુનીલાલ ગાંધી, એમ.ટી.બી. કૉલેજ કેમ્પસ, સુરત – 395 001]

●

અનુક્રમણીકા

## 33

# શ્રદ્ધા નહીં; સંશય સેવો

All science, measured against reality, is primitive and childlike – and yet it is the most precious thing we have.

–Albert Einstein

એક વીશ્વશ્રેષ્ઠ વીજ્ઞાન–મહર્ષીની જે આ વીનમ્રતા છે, એ વાસ્તવમાં સર્વ વીજ્ઞાનપ્રેમીઓ, વૈજ્ઞાનીક અભીગમના આગ્રહીઓ તથા રૅશનાલીસ્ટોની પણ છે. સાથે સાથે જ, તેઓ એવો દૃઢ મત પણ ન્યાયી રીતે જ ધરાવે છે કે, અમે જે દીશા ગ્રહણ કરી છે, તે સૌથી વધુ મુલ્યવાન છે. કારણ કે માનવજાતના હીતનો માર્ગ એ એક જ છે : નાન્ય: પન્થા વીદ્યતે અયનાય !... કેવળ આઈનસ્ટાઈન જ શા માટે ? વીશ્વના તમામ પ્રામાણીક વીજ્ઞાનીઓ અને વીજ્ઞાનના રાહને જ સત્યનો માર્ગ માનનારા રૅશનાલીસ્ટો (વીવેકબુદ્ધીવાદીઓ) પણ એમ જ માને છે કે, અમે જે કાંઈ જાણ્યું છે એ તો માત્ર અને માત્ર બાલકવત્ અને સાવ પ્રાથમીક કોટીનું જ્ઞાન છે. પરન્તુ એ દીશા સત્યની છે, માટે જ તે માનવી માટે સૌથી વધુ મુલ્યવાન પ્રાપ્તી છે. સર્વજ્ઞતાનો દાવો તો આસ્તીકોના સાધુસંતો અને ગુરુવર્યો કરે !

સત્ત્વવંતા જનોની એક ભરચક સભામાં, આમ તો પ્રામાણીક, નીષ્ઠાવંત અને પ્રખર પંડીત એવા ઉત્તમ વીચારક વક્તાએ કંઈક એવી મતલબનું અનુચીત વીધાન કર્યું કે, નાસ્તીકો કે રૅશનાલીસ્ટો પણ પુર્ણ સત્યનો માંડ ‘દોઢ ટકો’ જાણે છે, અને એ જ રીતે વળી મોટા ભાગના આસ્તીકો પણ ઝાઝું કે પુરું જાણતા નથી, તેઓ પણ ‘દોઢ ટકા’ વાળા જ છે. તેમ છતાં, આ બે ‘દોઢ ટકા’ધારી પક્ષો પાછા, પોતે જાણે સર્વજ્ઞ પંડીતો હોય તેમ, એકબીજા સાથે વાદવીવાદમાં બાખડે છે ! આમ કંઈક કહીને આ લોકપ્રીય અને ધારદાર વક્તાએ મુખ્યત્વે તો નાસ્તીકો–રૅશનાલીસ્ટોની જ ઠેકડી ઉડાવી, અથવા તો તેઓનો ઈરાદો કંઈક એવો જ હોઈ શકે; કારણ કે તેઓની વીચારદીશા તેમ જ લેખનદીશાનો ઈતીહાસ જ એ સાક્ષી છે, મતલબ કે તેઓ પોતે તો જાણીતા આસ્તીક છે, અને રૅશનાલીઝમના – સેક્યુલારીઝમના કટ્ટર વીરોધી છે. પરન્તુ મારો વાંધો એ છે કે, આપણું જ્ઞાન જેટલા ટકા હોય, તેટલા ટકા ભલે; કીન્તુ એથી એની ચર્ચા જ ન થાય, અથવા તે અનુચીત લેખાય, એવી માન્યતા સત્યની ખોજના હીતમાં નથી જ. ચર્ચા અમુક ચોક્કસ મુદ્દાની કરવાની હોય અને તે બન્ને પક્ષો પોતપોતાની માન્યતા, સજ્ઞતા તથા જાણકારીને આધારે જ કરે, અને એ રીતે જો ચર્ચાકારો શાંત, સ્વસ્થ, પુર્વગ્રહમુક્ત તથા નીષ્ઠાવંત હોય તો, કશાય ઝનુન વીના કશાક

તારણ પર આવી શકે પણ ખરા, માટે જ તો કહેવાયું છે કે, વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ ! વાદવીવાદ કે ચર્ચા કરવાથી (ઘણી વાર) તત્ત્વ–તથ્યનું જ્ઞાન થાય છે. આવી ચર્ચા કેવળ આવશ્યક જ નહીં, મુલ્યવાન અને હીતકારી પણ બહુધા બની શકે. એક દાખલાથી મારી આ વાત સ્પષ્ટ કરું :

ધારો કે કોઈ યાત્રીક મંડળીએ કેવળ જાણકારી માટે યા ફક્ત ધુનથી કોઈ પ્રલંબ તથા અજ્ઞાત પંથની યાત્રા આરંભી છે. એ અસીમ લાગતો રસ્તો ક્યાં જાય છે અને કેવો છે એ યાત્રાળુઓમાંથી કોઈ જ જાણતું નથી. તેઓ ફક્ત શરુઆતના દોઢ–બે ટકા જેટલા રસ્તાથી જ પરીચીત છે. હવે ધારો કે, આગળ માર્ગે ચાલતાં, સામે એક વીશાળ સરોવર આડે આવતું દેખાયું. સ્વાભાવીક જ, મંડળીમાંના અમુક યાત્રાળુઓએ કહ્યું કે, આવું વીશાળ દુસ્તર સરોવર ઓળંગીને આપણાથી આગળ જઈ શકાય નહીં ઈત્યાદી... તો બીજા કેટલાકોએ વળી વળતી દલીલ કરી કે ભાઈઓ, આ જે સરોવર દેખાય છે, એ વાસ્તવમાં પાણીનો ભંડાર છે જ નહીં; એ તો મૃગજળ છે. સરોવરનું અસ્તીત્વ કેવળ ભ્રમણા કે દૃષ્ટીભ્રમ છે. માટે ચાલો, આગળ વધો !... અને પછી બન્ને પક્ષો વચ્ચે આ બાબતમાં લાંબી ચર્ચાઓ થઈ, અને કદાચ કશાક નીર્ણય પર પણ તેઓ આવ્યા. પરન્તુ ‘એ સરોવર નથી, મૃગજળ છે’ – એમ માનનારા – કહેનારાએ તો ચર્ચા બાદ, પ્રયોગ અને પુરાવાનો પુરુષાર્થ પણ કરવો જ રહે. જ્યારે તે સરોવર જ છે, પાણીથી ભરપુર, એમ દૃઢતાપુર્વક માની બેઠેલા તો પછી બહુધા થોભી જ જાય. છતાં માનો કે તેઓ પણ સાહસ કરે, અને અંતે, પેલા સરોવરની મધ્યે ઉભા રહી, હાથ ઉંચા કરી, મૃગજળવાળો પક્ષ કહે કે, જુઓ, અહીં પાણી નથી, આ તો તમારી ભ્રમણા છે !

અથવા તો એથી ઉલટું પણ બને. પરન્તુ એમ ચર્ચા, નીરીક્ષણ, પ્રયોગ આદીથી કશાક તત્ત્વને જરુર પમાય; છતાં ધારો કે તે શંકાસ્પદ લાગે, તો વધુ પ્રતીતીકર પ્રયોગો થઈ શકે.

કહેવાનો ભાવાર્થ એ જ કે, આગળનો પ્રલમ્બ પંથ લાખો–કરોડો માઈલનો છે; જેના વીશે આપણે કશું જ જાણતા નથી; આપણે ફક્ત આ માર્ગ બાબતે માંડ ‘દોઢ ટકો’ જ જાણીએ છીએ. માટે નજર સામે દેખાતા સરોવરની હસ્તી બાબતે ચર્ચા જ વ્યર્થ છે, બહેતર છે કે વીવાદ માંડી વાળો અને પ્રવાસ થંભાવી દો, અહીં જ થોભી જાઓ યા પાછા વળો ! ચુપ રહો ! એવો જ આગ્રહ કે બોધ પેલા વીદ્વાન વક્તા જેવા જનો સેવે છે અને પ્રબોધે છે, એમાં સત્યની ખોજનો પક્ષકાર ભાવ કરતાં તુચ્છકારનો ભાવ સવીશેષ સમજાય છે.

અત્રે એક અનીવાર્ય સ્પષ્ટતા કરવી જરુરી માનું છું કે, અહીં જે વીધાનો કે મુદ્દાઓ, વીશેષતઃ પેલા આદરણીય વીદ્વાનશ્રીના મત સંદર્ભે મુક્યાં છે તે સર્વ વીધાનો–

મુદ્દાઓ પ્રસ્તુત પ્રવચન દરમીયાન સાંભળેલી બાબતોને આધારે, પછીનાં ત્રણ ચાર સપ્તાહને અંતે આ લખતાં, એવું બધું યાદ કરીને, કેવળ સ્મૃતી આધારે ચર્ચ્યાં છે. માટે અહીં મારો કોઈ પણ યા જરા પણ સ્મૃતીદોષ થતો હોય તો, તે મીત્રની હું અંતઃકરણપુર્વક ક્ષમા પ્રાર્થું છું. અને તેમ છતાં આ મુદ્દો અન્યથા પણ મહત્ત્વનો પ્રતીત થતાં એ વીશે લખવું ઉચીત તો માનું જ છું.

આંગ્લ કવી થોમસ ગ્રે સલાહ આપે છે કે, Where ignorance is bliss, it is folly to be wise જ્યાં અજ્ઞાનને કારણે જ સુખશાન્તી પ્રવર્તમાન હોય, ત્યાં શાણા કે જ્ઞાની થવું એ મુર્ખતા છે. ઘણા આસ્તીકો બહુધા પોતાના અજ્ઞાનનો બચાવ આ રીતે જ કરે છે, અને એ રીતે વીવાદને ટાળે છે. એક જબરજસ્ત ભ્રમણા ફેલાવવામાં આવી છે કે, ઈશ્વરમાં શ્રદ્ધા મનને શાન્તી તથા બળ આપે છે, માટે ભલે તે પાયારહીત હોય, તોય એવા જનોની શ્રદ્ધા ઉપયોગી છે, માટે તેને નષ્ટ કરવી નહીં ! પરન્તુ તાર્કીક રીતે તથા અનુભવે કહું છું કે, અજ્ઞાન તથા શ્રદ્ધા, જે બન્ને અસત્ય મુલક છે તે કદી સુખશાન્તી બક્ષી શકે જ નહીં. કારણ કે ઘોર આપત્તી પછી પણ જ્યારે આસ્તીક વ્યક્તી સામાન્ય જીવન જીવતી થઈ જાય, ત્યારે લોકો એવી અવસ્થાની પ્રાપ્તીનો યશ અજ્ઞાન તથા શ્રદ્ધાને આપે છે; પરન્તુ એ ખોટું અર્થઘટન છે.

એક વાર મુમ્બઈમાં ટ્રેન–વીસ્ફોટ બાદ, બીજે જ દીવસે નોકરી–ધંધે નીકળનાર લોકલ ટ્રેનના કોઈ ઉતારુનાં ખમીર–ખુમારીને જ્યારે કોઈ બોલકા બન્ધુએ બીરદાવી; ત્યારે પેલાએ કહ્યું કે, 'ભાઈ, શેનાં ખમીર ને કેવી ખુમારી ? આ તો લાચારી છે, બીજું કરીએ પણ શું ?' શ્રદ્ધાળુઓ, ભલે ભ્રામક અને કાલ્પનીક છતાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાના બળે જીવી જાય છે, કદાચ શાન્તીથી જીવે એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે મને એક જ પ્રશ્ન ઉઠે છે કે, બીજું કરે પણ શું ? બધાં જ માણસો કાંઈ મરી જતાં નથી, મરી શકતાં નથી; એથી જીવ્યે જાય છે, એ કેવળ લાચારી હોય છે... શ્રદ્ધા ખરેખર બળ નથી આપી શકતી; કારણ કે ઘોર, નક્કર આપત્તીમાં માણસ આત્મપ્રતારણા કેળવી જ કેવી રીતે શકે ? સાંજનું ખાવાનું જ ઘરમાં ન હોય, ત્યારે શ્રદ્ધા ખાઈને ઓડકાર ખાઈ શકનારા કેટલા ? કોઈનો એકનો એક જુવાનજોધ અને કુટુમ્બનો રક્ષણહાર–તારણહાર પુત્ર ધારો કે મૃત્યુ પામ્યો; ત્યારે શ્રદ્ધા કે અન્ય કયું આશ્વાસન એને જીવાડે ? એવી વ્યક્તીઓ જીવે છે તે ફક્ત તેઓની લાચારીને બળે? બીજું કરે પણ શું ? બાકી તો મનોબળ, જે ન હોય તો, આસ્તીક શ્રદ્ધાળુ પણ ભાંગી પડે તેમ નાસ્તીક પણ ! વધુમાં શ્રદ્ધાનું તો વળી એથીય ભયાનક પ્રવર્તન પણ છે. દા.ત., બાળકને આખે શરીરે ઘનઘોર શીતળા નીકળી પડ્યા હોય; ત્યારે શીતળામાતા પર શ્રદ્ધા રાખીને, હાથ જોડીને બેસી રહેનારી શ્રદ્ધા બાળકની બીમારીની સતત ચીન્તામાંથી કેટલી રાહત કેટલાને આપી શકે ? ઉપરાન્ત એવી શ્રદ્ધા વડીલોને કવચીત બાળકના હત્યારા પણ

બનાવી દે ! યાદ રાખો કે, પ્લેસીબો ઈફેક્ટ (માનસીક અસર)ની દર્દીને ખુદને કદાચ થોડી રાહત આપી શકે; પરન્તુ અન્યની અને વીશેષતઃ વડીલોની શ્રદ્ધા કાંઈ બાળકને રાહત ન આપે. ત્યારે આવી બીમારીમાં રુઢી અને પરમ્પરાને વશ એલોપેથીક દવાના ઉપચાર ટાળવા એ અજ્ઞાન તથા મુર્ખતા જ છે; જે વળી મુદ્દલે કામયાબ કે લાભદાયક નીવડતી નથી. આવા પ્રસંગે એવા અજ્ઞાન અને કમઅક્કલ વડીલોને સત્ય સમજાવવા દલીલ કરવી એ શું 'દોઢ ટકાવાળા'નું દોઢ ડહાપણ કહેવાય કે ફરજ ? એલોપથીક દવાનાં નામઠામ, એનાં ઈનગ્રેડીયન્ટ્સ, ઈફેક્ટ–સાઈડ ઈફેક્ટ પણ જાણીએ અને સુચવીએ; તો જ તે ઉચીત કહેવાય? એ બધું તો ડૉક્ટર જણાવે. 'બાકી શીતળા જેવા રોગોમાં તો એલોપથીની દવા જ સહાયભુત થાય.' કેવળ એટલી જ ચર્ચા કરનારા કે સલાહ આપનારા કહેવાતા 'દોઢ ટકાવાળા'એ શું ચુપ જ રહેવું ? જ્યાં સત્ય ઉદ્ગારવા જેવું હોય, ત્યાં મૌન સેવવું એ પણ ગંભીર અપરાધ જ છે.

## *ભરત વાક્ય*

'સંશયાત્મા વીનશ્યતી' એવાં બોધવચને ભારતીય પ્રજાને અસહ્ય પીડા આપી છે એને ભયાવહ તથા કરુણ રીતે પછાત રાખી છે... છેલ્લાં પાંચસો વર્ષોની વીજ્ઞાનની (માનવીનાં સુખ–આનન્દ માટેની) સત્ય દીશાની આગેકુચમાં કોઈ મહાન ભારતીય ધુરન્ધરનું નામ ભાગ્યે જ ચમકતું જોવા મળે છે, એ મુખ્યત્વે ઉપર્યુક્ત બોધસુત્રને પરીણામે જ !

–પ્રા. જે. પી. મહેતા

(પ્રા. જે. પી. મહેતાની એક પુસ્તીકાના આધારે)

•

અનુક્રમણીકા

## 34

## વૃદ્ધાવસ્થાની SEX – સમસ્યા

It promotes desire,

But takes away

The performance.

–Shakespeare

(આ વીધાન શેક્સપીયરનું છે, એમ કેવળ સ્મૃતી–આધારે લખ્યું છે.)

કવી–નાટકકાર શેક્સપીયર એ વીશ્વમાં એક ન ભુતો, ન ભવીષ્યતી જેવી ઘટના છે. આ વીશાલદષ્ટીસર્જક જીવનનાં લગભગ તમામ ક્ષેત્રો વીશે ઓછુંવત્તું જાણતો ને પ્રમાણતો, અને વળી અદ્‌ભુત કાવ્યબળથી તે અભીવ્યક્ત કરતો. વધુમાં, તેનાં વીધાનોમાં સત્યનો અંશ, પુરતું તથ્ય અને ક્યારેક તો શુદ્ધ વૈજ્ઞાનીક સત્ય પણ પ્રગટે. ઉપર ટાંકેલ નાટ્યોક્તીમાં તે શરાબસેવનથી, મદ્યપાનથી માણસની કામવૃત્તી તથા કામક્રીડા પર થતી અસર વર્ણવતા કહે છે કે, શરાબસેવનથી કામવૃત્તી, કામેચ્છા ઘણી તીવ્રતર જરુર બને છે; પરન્તુ પીધેલ વ્યક્તીની લૈંગીક કાર્યશક્તી (પરફોર્મન્સ)શીથીલ પડી જાય છે... જો કે શેક્સપીયર એક સમ્બન્ધીત હકીકત ઉમેરવાનું કદાચ ચુકી ગયો છે : અને તે એ કે સમાગમ પુર્વે, જો બન્ને પક્ષ એક બે પેગ મારીને પ્રવૃત્ત થાય, તો વળી સેક્સ–પ્રવૃત્તી તથા આનન્દ ઉભય અનેક ગણાં સફળ થવાની શક્યતા પણ એટલી જ.

ઘણા જીજ્ઞાસુ ભાવકો, – અને સેક્સ વીષયે કઈ વ્યક્તી જીજ્ઞાસુ નથી હોતી ? – જ્યારે જ્યારે મને વૃદ્ધાવસ્થાની સેક્સ – સમસ્યા વીશે પ્રશ્ન કરે છે; ત્યારે ત્યારે જવાબમાં તેઓને હું શેક્સપીયરનું ઉપર્યુક્ત વીધાન સંભળાવું છું. જેમાં ‘ઈટ’ અર્થાત્‌ ‘તે’ એટલે શરાબ નહીં; પણ વૃદ્ધાવસ્થા. મદ્યપાનની જેમ જ, વૃદ્ધાવસ્થામાં પણ કામવૃત્તી સતેજ રહે છે, અને કેટલાકની તો તીવ્રતર પણ બને જ છે; પરન્તુ પ્રવૃત્તીની તાકાત ઘટી જાય છે, પરીણામે પરફોર્મન્સ જોઈએ તેવો કે તેટલો આનન્દ – પરીતોષદાયક ન પણ નીવડે. જો કે કલા–કૌશલ્યપુર્વક ઉક્ત લીલા આચરવામાં આવે તો, પુર્ણ પરીતોષ સહીત બ્રહ્માનન્દનો અનુભવ થઈ પણ શકે. મુળભુત હકીકત એ છે કે, સેક્સ અને વયવાર્ધક્ય વચ્ચે સીધો સમ્બન્ધ ઝાઝો નથી; બલકે એ વ્યક્તીની મનમરજીની પ્રવૃત્તી સવીશેષ છે. હા, ચોક્કસ બીમારીઓનો પ્રશ્ન અલગ છે.

લાંબા આયુષ્ય દરમીયાન, વૃદ્ધોની તીવ્ર કામેચ્છા તથા ધૃષ્ટ કામલીલાની અનેકાનેક સન્તુષ્ટ–અસન્તુષ્ટ ઘટનાઓ નજરે નીહાળી છે, અને વાંચ્યું પણ છે કે, વૃદ્ધાવસ્થામાં કામેચ્છા ઘટી જાય, એ વાત સમ્પુર્ણતઃ સાચી નહીં; કવચીત અર્ધસત્ય સંભવી શકે, બાકી હકીકતે તો એ જબરજસ્તીથી ઘટાડવામાં આવે છે ! અમારા ગામમાં એક ‘ગામકાકા’ હતા – નંદુકાકા, જેઓની ઉંમર પુરી સીત્તેર ઉપરની. કાકા આધેડ વયે જ વીધુર થઈ ગયેલા. આમેય રંગીલા પુરુષ; પરન્તુ વય વધવાની સાથે જ તેઓની કામવૃત્તી બલવત્તર બનતી ચાલી. તબીબી વીજ્ઞાન કહે છે કે, વૃદ્ધાવસ્થામાં થતા અમુક દૈહીક ફેરફારો સાથે ઘણી વાર કામવૃત્તી પ્રચંડ બળવો પોકારે છે ! એ તો જે હોય તે, પણ નંદુકાકા રોજ સાંજે તે જમાનામાં પ્રતીષ્ઠીત વસ્ત્રોમાં સજ્જ થઈ, હાથમાં લાકડી લઈ નીકળી જ પડે. ચોમેર અડાબીડ વગડો અને એકપા વળી ઘેઘુર નદી કાંઠો. વસતી વીહોણું નાનકડું વનવાસી ગામ, એથી ચારેકોર મનભર એકાન્ત. કાકા એમની એકાદ આદીવાસી પ્રેમીકાને લઈને વૃક્ષોની ઘનઘોર છાયામાં કે નીર્જન નદીભાઠામાં પહોંચી જ જાય ! એ વીર પુરુષ વળી ક્યારેક તો કાળી ડીબાંગ મધરાતે નીર્ભય ભાવે બસ મહાભીનીષ્ક્રમણ કરતો નજરે પડે ! અમે સગી આંખે જોયેલા. લગભગ એંશી નજીક નજીકની ઉમ્મર સુધી તેઓનો આ ‘નીત્યક્રમ’ ચાલ્યો. જો કે દરમીયાન, કાકા ખુબ ખુબ બરબાદ પણ થયા. બાકી ભારે તેજસ્વી, પ્રભાવશાળી અને વીદ્વાન પુરુષ...

આજે અહીં આ લખવાનું પ્રાપ્ત તો એટલા માટે થયું કે, હમણાં એક પુસ્તક વાચવામાં આવ્યું : ‘વૃદ્ધાવસ્થાની સમસ્યાઓ’ (સમ્પાદક : ડૉ. મુકુલ ચોકસી; પ્રકાશક : સાહીત્ય સંગમ, બાવા સીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત– 395 001), એમાં સ્વયં ડૉ. ચોકસીનો જ એક લેખ છે : ‘વૃદ્ધાવસ્થા અને સેક્સ લાઈફ’. આજે તો સર્વ કોઈ જાણે જ છે કે, ડૉ. મુકુલ ચોકસી જાતીય વીજ્ઞાન (સેક્સોલોજી)ના પ્રખર તથા લબ્ધપ્રતીષ્ઠ વીદ્વાન છે. હું આ સ્થળે દાયકાઓથી જે કહેતો આવ્યો છું અને જેની પ્રશંસા, તો સાથે ટીકા–વીરોધ પણ થતાં રહ્યાં છે, એવી લગભગ તમામ બાબતોને પ્રસ્તુત લેખ દ્વારા ડૉ. ચોકસી સમર્થન આપે છે. વાચકમીત્રોને યાદ કરાવું કે, એક વાર અહીં જ ડૉ. કેશુભાઈ દેસાઈની નવલકથા ‘શક્ય’ ને કેન્દ્રમાં રાખીને મેં લેખ લખેલો કે ‘ગુજરાતી સાહીત્યમાં’ ‘લોલીતા’ શક્ય ? આ લેખ ગ્રંથસ્થ થયેલો છે : જુઓ, ‘વીવેકનો વૈભવ’, પૃષ્ઠઃ 88. મારા આ લેખની શ્રદ્ધેયતાના સમર્થનમાં નમ્રતાપુર્વક એય હકીકત જાહેર કરું કે પ્રસ્તુત પુસ્તકને સાહીત્ય પરીષદનું ‘વી.ર.ત્રી’ પારીતોષીક પ્રાપ્ત થયેલું છે. આ લેખમાં મેં ‘શક્ય’ના લેખકનું એક વીધાન ટાંક્યું છે કે, ‘કોઈપણ વયના પુરુષ સાથે કોઈપણ વયની સ્ત્રીને પ્રેમ થઈ જાય ખરો ? હા, જરુર

થાય, એ અશક્ય નથી જ.' આ નવલકથાનો નાયક સાઠ વર્ષ ઉપરની વયનો છે; જ્યારે નાયીકા તો છે : ષોડશી !

આમ તો, વૃદ્ધાવસ્થાની ઘણી બધી સમસ્યો છે : સામાજીક, કૌટુમ્બીક, માનસીક, વ્યક્તીગત વગેરે...; પરન્તુ એમાં, મારા મતે આ સેક્સ–સમસ્યા એક ગમ્ભીરતમ બાબત છે. વૃદ્ધોની એકલતા, કંટાળો, હતાશા (ડીપ્રેશન), ફરીયાદો, ઉત્સાહહીનતા, મુમુર્ષા આદી તમામ સમસ્યાના મુળમાં એકન્દરે તો ફરજીયાત સંયમ કારણરુપે રહેલો હોય છે, અથવા કંઈ નહીં તોય સેક્સાનન્દનો અભાવ તો કારણરુપે રહેલો હોય છે, અથવા કંઈ નહીં તોય વીજાતીય સાથીનો અભાવ તો પીડે જ. કોઈ એકાકી, વૃદ્ધ સાથે સુન્દર સ્ત્રી બેઘડી આત્મીયતાથી વાત કરે, તોય તેવો એક દીવસ તો ઉક્ત વૃદ્ધ માટે નન્દનવનના આનન્દવીહાર સમો બની રહે છે. વૃદ્ધજન માટે વીજાતીય સમીપતા તથા ઉષ્મા સંજીવની જેવી, નવજીવન આપનારી નીવડે છે. બાપડા વૃદ્ધો કામવૃત્તીને કચડી મારવા, સંયમ અંકે કરવા કેવા કેવા મીથ્યા પ્રયત્નો કરે છે ! ધરમધ્યાન, જપતપ, ધર્મગ્રંથોનું વાચન, યોગ, પ્રાણાયમ, અપવાસ, તનતોડ શ્રમ, વ્યસનત્યાગ, કાંદાલસણ જેવા ઉષ્ણ, ઉત્તેજક મનાતા આહારનો ત્યાગ... પણ એ બધું જ અર્થહીન ! કામથી 'કામ' કાબુમાં આવે, એ વાત ખોટી, અને એ જ રીતે અપવાસ સંયમમાં મદદગાર બને છે, એ વાત પણ અવૈજ્ઞાનીક : કોલીન વીલ્સન લખે છે કે, 'હીટલરના કોન્સન્ટ્રેશન કેમ્પોમાં પુરાયેલાં કમનસીબો બહુધા અર્ધભુખ્યાં રહેતાં તો ક્યારેક વળી કોરાં અપવાસી ! તેમ છતાં તેઓ અન્દરઅન્દર અવારનવાર સેક્સપ્રવૃત્તી કરી, મન મનાવી લેતાં.' વાસ્તવમાં, તનતોડ શ્રમ કરતાં કરતાં કે કર્યા પછી, અથવા તો અપવાસ દરમીયાન, મન વધુ કામવીહ્વળ બની જાય છે. વૃદ્ધો માટે શાન્તીથી તથા પ્રસન્ન ચીત્તે શેષ જીવન ગુજારવાનો ઉત્તમ માર્ગ પતી–પત્નીએ થોડું રંગીલાપણું માણતાં રહેવું અને વીધુર કે વીધવાએ પુનર્લગ્ન કરી લેવાં. ડૉ. ચોકસી તો ઉત્તેજના તથા સેક્સાનન્દ અને સેક્સ જાગૃતી માટે અવારનવાર 'ઈરોટીક મુવીઝ' (શૃંગારી ચલચીત્રો, બ્લ્યુ ફીલ્મો) જોતાં રહેવાની પણ સલાહ આપે છે... શૃંગારી ફીલ્મો એક સાથે ઉત્તેજના તથા પરીતોષનો અનુભવ કરાવી શકે છે. જો કે આપણે ત્યાં એ કાયદાથી પ્રતીબન્ધીત છે ! ઓરલ સેક્સ પર પણ, મારા ખ્યાલથી પ્રતીબન્ધ છે ! ઉત્તેજના તથા ઉત્થાન માટે હવે તો તબીબી વીજ્ઞાનમાન્ય શ્રદ્ધેય દવાઓ પણ મળે છે, જે પોતાના ડૉક્ટરને પુછીને જ વૃદ્ધોએ લેવી. જડીબુટ્ટીઓના ઉંટવૈદામાં કદાપી છેતરાવું નહીં !

ડૉ. મુકુલ ચોકસી લખે છે કે, 'કોઈ ચોક્કસ ઉમ્મરે સેક્સલાઈફ પુરી થઈ જતી નથી. માણસ ચાહે ત્યાં સુધી સેક્સ માણી શકે છે... સેક્સનો નીર્દોષ આનન્દ વૃદ્ધોનાં ચીડીયાપણું, હતાશા, અવહેલના, માનસીક અસન્તુલીતતા, ત્રાસ, રઘવાટપણાને દુર કરે છે.

વૃદ્ધો... જો લગ્ન કરે અને જાતીય જીવન ભોગવે તો તેને તન્દુરસ્ત સામાજીક વલણ ગણવું જોઈએ. શરમ, સંકોચ કે અપરાધભાવ ન રાખો ! હસ્તસ્પર્શ, ઓરલ સેક્સ વગેરે દ્વારા વધારે ઉત્તેજના પામો... પોતે સેક્સ્યુઅલી એક્ટીવ હોવાની વાત કરો, રીલેક્સ થાઓ... કદાચ તમને નવાઈ લાગશે કે અન્યો પણ આપણા કરતાંય વધુ સક્રીય છે !'

## ભરતવાક્ય

Man experiences the highest unfolding of his creative powers not through asceticism, but through sexual happiness. Sexual pleasure, wisely used, may prove the stimulus and liberator of our finest and most exalted activities. – Havelock Ellis

●

અનુક્રમણીકા

## 35

# પ્રેમપત્ર : પ્રેમ : સૅક્સ

દીવસ પછી રાત અને રાત પછી દીવસ – કેવા મહાકાલના આ અખંડ દવાગ્નીમાં એક પછી એક હોમાતા જાય છે ! ના, હોમાઈએ તો આપણે જ છીએ... જીવન એટલે આ મીથ્યા શ્વસતું અસ્તીત્વ–માળખું માત્ર નથી; જીવન એટલે તો આનન્દ–ધબકે ઉછળતું સહઅસ્તીત્વ. આમ સાચા અર્થમાં તો આ જીવન ક્ષણભરનું જ, અને તમારા સાન્નીધ્યે જ એવા જીવનનો અદ્ભુત અનુભવ પામું છું... પ્રકૃતી કેટલી બધી સુન્દર છે ! પરન્તુ જીવનનો એની સાથે ક્યાંય સુમેળ સધાતો પ્રતીત થતો નથી... આજે તમે મારાં નીકટનાં સ્વજનોમાંય સૌથી નીકટતમ છો. તમારા સાન્નીધ્યે જ આ અન્ધકારઘેર્યા વેંઢારની ક્ષણ–બેક્ષણ જીવન બની ઝળહળી ઉઠે છે. –(એક પ્રેમપત્રમાંથી)

કવી કાલીદાસ કહે છે કે, અષાઢના પ્રથમ દીવસે જ્યારે મદોન્મત હાથી સમો મેઘરાજ દેવગીરીનાં શીખરો સાથે વપ્રક્રીડા કરતો નજરે પડ્યો... અને વર્ષાનાં વાદળો તથા છાંટણાને દેખીને સુખી લોકો પણ અસ્વસ્થ વ્યાકુળ બની જાય છે, તો પછી જે જણ પોતાના પ્રેમીજનથી સુદુર વસવા મજબુર બન્યો છે, એવી વીરહી વ્યક્તીના તો કેવા હાલ થાય ? અને એવો જ વીરહ–વ્યાકુળ યક્ષ અચેતન મેઘ સાથે પોતાની પ્રીયાને પ્રેમપત્ર પાઠવવા અવશ અને આતુર બની રહે છે. (મેઘદુત)

તો એવો આષાઢી પ્રથમ દીવસ આજકાલમાં આવશે અને બહુધા વ્યર્થ ચાલ્યો ગયો હશે; કારણ કે અહીં પ્રેમ જ પ્રતીબન્ધીત છે, તો પ્રેમપત્રની તો શક્યતા જ ક્યાં ? પરન્તુ તીવ્રતર વેદનાની વાત તો વળી એ કે, આપણી વર્તમાન નવી પેઢીને ખબર જ નથી કે આષાઢ કે વર્ષાઋતુ તે વળી શું ? મેઘ તો પ્રેમનો ઉદ્દીપક છે અને પ્રેમપત્ર લખવાનો પ્રેરણાસ્રોત છે. વાદળોના પ્રેક્ષણીય દર્શનથી, વર્ષાની ઝરમરમાં ભીંજાતા, પ્રેમાવેગ ઉત્કટ બને છે, ત્યારે વીરહી જનની વેદના અસહ્ય બની જાય છે, સાથે પ્રેમોદ્ગાર સ્વયમેવ સરી પડે અને એક સુન્દર પ્રેમપત્ર પ્રેમની, લાગણીની અને પીડાની ઝરમર વ્યક્ત કરતો લખાઈ જાય, ત્યારે કવીતા સ્વયમેવ સર્જાઈ જાય છે. આવું બધું લખવાનો જે તીવ્ર આવેગ આજે પ્રગટ્યો, તેના મુળમાં તો છે, આષાઢી મેઘનાં દર્શન : અકસ્માત ગામની બન્ધીયાર શુન્યતાની બહાર, સીમમાં, વનમાં, હરીયાળીમાં, ઝરણાં ને ઝરમર વચ્ચે, પહાડોની સમીપે નીકળવાનું મળી ગયું, અને પુર્વજન્મનાં સ્મરણો જાગતાં હોય, તેમ ચીત્ત ચંચળ બની રહ્યું. સદ્યસ્નાત વૃક્ષો તે તો સદ્યસ્નાતા સુન્દરી કરતાંય વધુ રુપાળાં, વધુ આકર્ષક પ્રતીત થતાં હતાં... અને મને સવારે જ વાંચેલું શ્રી. સુભાષ ભટ્ટનું વાક્ય યાદ આવી ગયું, જે આ લેખનું નીમીત્ત બન્યું : ‘આજનાં

પ્રેમીઓને તો જાણે પ્રેમપત્ર લખતાં જ નથી આવડતું... પહેલાંના સમયમાં, જેમણે પ્રેમપત્ર લખીને લાગણીઓ વ્યક્ત કરવાની મજા માણી છે તે આજના યુવાનોના નસીબમાં ક્યાંથી હોય ?'

આજની યુવાપેઢી પ્રેમપત્રલેખન તો નથી જ જાણતી, પછી ઋતુ–ઋતુના મનમોહક મીજાજના પલટાને તો એ પીછાણે જ ક્યાંથી ? અને એડમીશનોની દોડધામમાં એ માણવાની મજા તો એ બાપડાં પાસે હોય જ કઈ રીતે ? મારો અનુરોધ છે કે, યુવાનો, કીશોરો, થોડા દીવસ ભણવાનું માંડી વાળો, શાળા–કૉલેજો બન્ધ કરાવી દો અને વન–પર્વત વીસ્તારોમાં પ્રથમ વર્ષાનો ઝરમરીઓ પ્રેમાનન્દ માણવા નીકળી પડો ! પ્રેમ કરો અને મનસ્વી પ્રેમાલાપ કરો ! બસ પછી, પ્રેમપત્ર આપોઆપ જ, પહાડોના પેટાળમાંથી ફુટી નીકળતાં ઝરણાંની જેમ વહેવા માંડશે. અરે, ખુદ મોબાઈલ પણ કવીતા ગાવા લાગશે ! આષાઢી મેઘની તાકાતની તમને ખબર છે ? એક પ્રેમી યુવકે પોતાની પ્રીયતમાની આંખોના એક જ ઈશારે, બીજા દીવસે મનગમતી અને અતી આવશ્યક એવી નોકરીના ઈન્ટરવ્યુમાં જવાનું બસ નીભ્રાન્તે માંડી વાળેલું ! સર્વસ્વ ફના કરવાનું મન થાય, ફના થઈ જ જાય – એ જ પ્રેમનો ખરો નશો ! મથાળે ટાંક્યું છે તેમ, નોકરી ધન્ધો બધું તો ઠીક છે, આ જીવન જ એક અન્ધકારમય અર્થહીન વેંઢાર છે, મીથ્યા શ્વસતું અસ્તીત્વ માત્ર, ત્યારે વીજાતીય પ્રેમ જ માણસને સાચા ઉત્ફુલ્લ જીવનનો અનુભવ કરાવી શકે... જે સમાજમાં પ્રેમ પર પ્રતીબન્ધ છે, તે સમાજ પ્રાણહીન, જીવનહીન, જડસુ અને હીણી પીડાનો ભોગ બનેલો ક્રુર, સંવેદનહીન બની રહે છે; જેવા આજે આપણે છીએ.

અરે, આપણે કેવળ જીવન જ નથી ગુમાવી દીધું, આપણી પ્યારી અને રુપાળી પૃથ્વીમૈયા પણ હવે ગુમાવવા બેઠા છીએ. આજે રામગીરીનો પહાડી આશ્રમ ક્યાં ? દાદુર, મોર, પપીહાનો કામ વીહ્વળ કલબલાટ ક્યાં ? પહાડોમાંથી ફુટી નીકળી, ધરતી પ્રતી વહ્યે જતાં પ્રેમઝરણાંના કલકલ નીનાદભર, પૃથ્વી પ્રત્યેના પ્રેમનાં કાવ્યગાન જેવાં કામાકુલ ગીતો ક્યાં ? હરીયાળાં જંગલો, પહાડો, નદીકાંઠા કે સમુદ્રકાંઠા વીના પ્રેમપુષ્પો બાપડા પાંગરે જ કઈ રીતે ? પરન્તુ માણસે તો સગી પૃથ્વીમાતા પર બેફામ બળાત્કારો કર્યા, કરી રહ્યો છે. બલાત્કૃત મહીલાના આક્રંદમાંથી પ્રેમકવીતા કદી ન પ્રગટી શકે. સગી માને લાગણીહીન ભાવે લુંટવાનું કૃત્ય અક્ષમ્ય પાપાચાર છે. પૃથ્વીમાતાને રુપહીન, રસહીન, સુગન્ધહીન બનાવી દેનાર પાપી માનવી પાસેથી સુકોમળ, સમ્વેદનાસભર કાવ્યસર્જનની આશા રાખવી, એ તો અજાગલસ્તનમાંથી પયઃપાન કરવાનો વન્ધ્ય પ્રયાસ માત્ર છે. માણસ જેવું આત્મઘાતી પ્રાણી આ પૃથ્વીપટે બીજું એકેય પાક્યું નથી !

ખેર ! વેદનાની વાતો છોડી જરા હળવી દુનીયામાં પ્રવેશું તો, અમારા પ્રીન્સીપાલ સાહેબ કે. એલ. દેસાઈ ભારે રમુજી અને રંગીલા પુરુષ હતા. રોજ રીસેસમાં અમારી સાથે ગોષ્ઠી કરવા આવે જ, અને પછી કોઈ મીથ્યા મર્યાદા નહીં: પ્રેમ અને સેક્સની ચર્ચાનીય સમ્પુર્ણ છુટ ! વીષયની મર્યાદા નહીં, તેમ બહુધા સમયનીય મર્યાદા નહીં... બસ ગોષ્ઠી લંબાયે જ જાય. એક દીવસ તેઓ કહે, 'પ્રેમપત્રોની તમે ક્યાં વાત કરો છો ? આજના યુવકને મધુર પ્રેમાલાપ પણ નથી આવડતો : આજે તો છોકરો છોકરીને પુછશે, 'કેમ કાલે કૉલેજ ની આવેલી હું જે ?' તો વળી છોકરાને છોકરી પુછશે, 'કેમ, આજે ટેશન પર તું મલવાનો ઉતો, એનું પછી હું થીયું... તું તો દેખાયો જ ની !' પછી દેસાઈ સાહેબ હસતાં હસતાં ઉમેરે, 'અરે, ભલી બાઈ, જરા એટલું તો ઉમેરી લે કે, 'જા, હવે તારી સાથે નહીં બોલું !... તો ગોષ્ઠી થોડીકેય પ્રેમગોષ્ઠી બની શકે.' હું કહેતો, 'સાહેબ, હવે તો યુનીવર્સીટી કક્ષાએ એક નવો વીષય કે નવી ફેકલ્ટી શરુ કરવાની અનીવાર્ય જરુર જણાય છે, અને તે વીષય તે 'સંવનન અને પ્રેમની કલા' અને પછી, આજે જેમ કૉમર્સ ફેકલ્ટીમાં 'બીઝનેસ કૉરસ્પૉન્ડન્સ' શીખવાય છે, તેમ 'લવ કૉરસ્પૉન્ડન્સ'નું એક આખું પેપર રાખવું જોઈએ... તો કદાચ પછી, આપણને થોડાક સુંદર, કવીત્વમય પ્રેમપત્રો મળે ! સેક્સ–એજ્યુકેશનની હીમાયતો અને ચર્ચાઓ થાય છે, પરન્તુ 'પ્રેમશીક્ષણ'ના 'પ'નોય હજી કોઈ વીચાર સુધ્ધાં નથી કરતું ! હા, જાતીય (સેક્સ) કેળવણીની પણ એટલી જ અનીવાર્યતા છે જ. કારણ કે, આજના યુવકોને 'ફોર–પ્લે'ના અતીવ આનન્દદાયક એવા બહુવીધ તરીકા કોણ શીખવશે ? અરે, હજી આજેય જો અમે એમ કહીએ યા લખીએ કે, બ્રહ્મચર્ય શરીરને–આરોગ્યને, મનને હાનીકારક છે, મૈથુન શ્રેષ્ઠ વ્યાયામ છે. અથવા તો માણસે અઠવાડીયે કમસે કમ બે–ત્રણ વાર સમાગમ કરવો જોઈએ, તો તન–મન અદ્ભુત તન્દુરસ્તી તથા સ્ફુર્તી દાખવશે... તો સાંભળનારને ભારે આઘાત લાગી જાય છે, એવું કહેનારને તે ધીક્કારે છે !' જો કે હવે મોટાભાગનાં અખબારો–સામયીકોમાં સેક્સની બોલ્ડ કટાર પ્રગટે છે, એ એક સારો તથા આશાજનક આવકાર્ય–અભીનન્દનીય અભીગમ છે, અને એમાં એકન્દરે સેક્સ અંગે વૈજ્ઞાનીક માહીતી અવશ્ય અપાય છે.

## ભરતવાક્ય

તમે મને શું આપ્યું એમ પુછો છો ? આવો અસીમ દીવ્ય આનન્દાનુભવ અગાઉ ક્યારેય માણ્યો નથી, આવી સુખદ–દુ:ખદ છતાં મનભાવન લાગણીઓ ક્યારેય આ વ્યવહારગ્રસ્ત હૈયામાં ઉદ્ભવી નથી, અનુભવીય નથી, માણી નથી ! તમે મને એ બધું અમુલ્ય આપ્યું... તમારો ખુબ ખુબ આભાર...

તમારી સાથે જે પળેપળ મળી, સાર્થક કરું ! –(એક પ્રેમપત્રમાંથી)

## 36

## સેક્સ સમ્બન્ધોનો એક ગહન–અજ્ઞાત ખુણો

તમે મને ચાહો છો ? તો ચાલો, આપણે નાસી જઈએ !... હું કોઈથી બીતી નથી. તમે મને ચાહો છો ને ?... મંગળાબહેન, આવો, જુઓ !... હું ચુપ રહું ? ક્યાં સુધી ? જીન્દગીભર ચાંગળું ચાંગળું પીને, હજીય, હું ચુપ રહું એમ ? તમારા માટે બધાં જ બારણાં ખુલ્લાં ! સમાજ, વ્યવહાર, ઘરબાર, કુટુમ્બ... ત્યાં હું, હું કોણ ? મારે તો સદાય આમ પાછલે બારણેથી જ તમારા ઘરમાં પ્રવેશવાનું એમ ? ચાલો, મારા શ્યામ, હવે મને નહીં; એમને કહી દો કે તમે મને ચાહો છો, સૌની સામે કબુલ કરો !... તમારા લાખ કીધેય હવે હું ચુપ નહીં રહું... મારોય અહીં અધીકાર છે. –સરોજ પાઠક ('વીરાટ ટપકું' વાર્તા સંગ્રહમાંથી)

કુદરત અવળચંડી છે, અને વળી માનવ મન એથીય વધારે અવળચંડું ! બાકી સેક્સ, અર્થાત્ સ્ત્રી–પુરુષ પરસ્પરનો દેહસમ્બન્ધ–સમાગમ એ તો ફક્ત સજીવ સૃષ્ટીનો તન્તુ અનન્ત કાળ સુધી ચાલુ રહે તે માટે, પ્રજનન અર્થે, પ્રત્યેક પ્રજાતીનું અસ્તીત્વ અવીરામ ટકાવી રાખવા માટે ઉત્ક્રાન્ત થયેલી એક અનીવાર્ય દૈહીક પ્રક્રીયા માત્ર છે. પરન્તુ કેવળ અસ્તીત્વના ટકાવ માટે આ રીતે વીકાસ પામેલી વ્યવસ્થાઓનો કોઈ સભાન કે શક્તીમાન, બુદ્ધીમાન કે વીચારવાન સર્જનહાર નહીં હોવાને પરીણામે, પ્રત્યેક વ્યવસ્થામાં જેમ ભયાવહ કે પીડાકારી એવી એકાધીક અવ્યવસ્થાઓ ઉદ્ભવી જ છે, તેમ સેક્સમાં પણ બન્યું છે, કદાચ વધુ સંકુલ અને અટપટું ! પ્રકૃતીનાં સર્જન કે સંચાલનમાં કશું જ સમ્પુર્ણ નથી, સર્વત્ર અણઘડતા, અતન્ત્રતા તથા અપુર્ણતા દૃષ્ટીગોચર થાય જ છે. એમાંય માનવ–મગજની વીકાસમાન ઉત્ક્રાન્તી અને એને પરીણામે તેણે રચેલો આ માનવસમાજ, તેની વીવીધ વ્યવસ્થાઓ, નીયમો, નીયમનો અને માનવપ્રકૃતીને પરીણામે ઉદ્ભવતા ટકરાવ, સંઘર્ષો, એક અપુર્ણ, સમસ્યાઓથી ખદબદતી, વેદનામુલક તથા બન્ધનકારક એવી માનવસર્જીત લગ્નવ્યવસ્થા, જેના મુળમાં તો પેલા દીર્ઘકાલીન અસ્તીત્વ માટેના પ્રજનનની અનીવાર્યતા અને સેક્સની પ્રબળ, અદમ્ય વૃત્તી જ છે. પરીણામે શારીરીક–માનસીક પીડાઓ અને અપરમ્પાર–આન્તરબાહ્ય સમસ્યાઓ અને સંઘર્ષો !

સેક્સ અંગે ચાલતી ચર્ચામાં, એક મીત્રે, ચોક્કસ તાજી ઘટના કે તાજા સમાચારને ધ્યાનમાં રાખીને, જ્યારે એવું વીધાન કર્યું કે, 'આજકાલ છોકરીઓમાં વળી મોટી ઉંમરના ને પરણેલા પુરુષના પ્રેમમાં પડવાનો પવન વાયો છે... ઈત્યાદી'

એ વીધાન સાંભળતાં, મને વીચાર આવ્યો કે, ના, આ પવન કે ઘટનાઓ, ઝુકાવ યા સમસ્યાઓ નવી ઉદ્ભવેલી એવી આજકાલની નથી. સેક્સસમ્બન્ધની બહુવીધ ગુંચવણો

બધી બહુધા અનાદી–અનન્ત જ છે. ફરક પડ્યો હોય તો, તે કંઈક અંશે એટલો જ કે, હવે તે વધુ પ્રગટ થાય છે, કદાચ સ્ત્રીકેળવણી, સ્ત્રીસ્વાતન્ત્ર્યનો પ્રભાવ, પ્રચાર તેમ જ વધારાને કારણે એમાં હીમ્મત કે બંડખોરી પ્રવેશતાં, તે ખુલ્લી પડે છે એટલું જ નહીં; ઘણે સ્થળે બીનધાસ્ત ચાલ્યા કરે છે.

આના અનુસન્ધાનમાં જ, મને સેક્સસમ્બન્ધની ગઈ પેઢીમાં વધુ પ્રચલીત, એવી ઈતર ગુંચ યાદ આવી ગઈ, જે હવે આજકાલ, અન્ય સમસ્યાઓની જેમ વધુ પ્રસરવાને બદલે યા ઉગ્ર થવાને બદલે જાણે કે ઓસરતી જાય છે, મંદ પડી રહી છે. એમ થવાના મુળમાં પણ સ્ત્રીસ્વાતન્ત્ર્ય તથા સ્ત્રીકેળવણી જ મુખ્ય પરીબળ છે... યુવાન સ્ત્રી–પુરુષ ભેગાં મળે, સારો એવો સમ્પર્ક થાય અને જળવાય એટલે તેઓ પરસ્પર પ્રેમમાં પડે જ, મતલબ કે એ બે વચ્ચે આકર્ષણ અને પછી ધીરે ધીરે દૈહીક–લૈંગીક સમ્બન્ધ જન્મે જ – એ કુદરતી કરામત છે. પરન્તુ ભારતવર્ષ જેવા રુઢીગ્રસ્ત નીયન્ત્રણવાદી (રીસ્ટ્રીક્ટીવ) સમાજમાં, લગ્ન સીવાયના તમામેતમામ સ્ત્રી–પુરુષ પ્રેમસમ્બન્ધ કે દેહસમ્બન્ધ સખ્ત રીતે પ્રતીબન્ધીત છે, અપરાધ ગણાય છે, ઘોર પાપ લેખાવાય છે. પણ પ્રકૃતી તમારા સમાજના, નીતીના કે ધર્મના કોઈ નીયમો કે કાયદા કાનુનને ગાંઠતી નથી, કદીય ગાંઠવાની પણ નથી. પરીણામે આમ પરસ્પર પરીચયમાં આવતાં યુવક–યુવતીઓ પ્રેમમાં તો મોટે ભાગે પડી જ જાય; પણ જ્યાં કે જ્યારે એવા કીસ્સામાં, સામાજીક નીતીનીયમોના નીષેધોને કારણે લગ્ન અસંભવ જ હોય, ત્યારે કરવું શું ? મારી પેઢીના ઘણાં વયસ્કોને કદાચ પાકું યાદ હશે કે, આજથી પાંચ–સાત દાયકા પુર્વે આપણા સમાજમાં ‘ધર્મનો ભાઈ’ અને ‘ધર્મની બહેન’ના સમ્બન્ધો ખુબ વ્યાપક હતા, જેના અવશેષો તો આજેય જોવા મળે છે. ‘ધર્મનો ભાઈ’ એટલે હકીકતે યા મનથી તો પ્રેમી જ, અને એ જ રીતે ‘ધર્મની બહેન’ તે પ્રેમીકા ! એટલે આવા નામના સમ્બન્ધફેર યા તો કેવળ શબ્દછળ એ માત્ર સમાજની માન્યતા મેળવવાની યુક્તી હતી, અને સ–દેહ અથવા વી–દેહ બન્ને પ્રકારના સમ્બન્ધો પછી એમાં માન્ય થઈ જતા અને છુટથી ચાલ્યે જતા. જો કે, એમાં સેક્સ અલબત્ત ચોરીછુપીથી (જ્યાં હોય ત્યાં). હવે આજે, સ્ત્રીસ્વાતન્ત્ર્ય, યુવતીની મોટી વય તથા અલ્પ વૈચારીક ઉદારતાને પરીણામે આવા મંગલ ‘દમ્ભ’ની અનીવાર્યતા ઘણી ઘટી છે. આજે ધર્મનાં ભાઈ–બહેન ઝાઝાં જોવા મળતાં નથી ! હવે એ જોઈએ કે આ લેખના મુળ વીષયની ઘટનાઓ, અર્થાત્ યુવતીઓ, ટીન–એજર કન્યાઓ, પરીણીત અને મોટા અથવા તો આધેડ વયના પુરુષના પ્રેમમાં કેમ પડી જાય છે, અને પછી શું ?

પ્રથમ તો એનાં કારણો તપાસીએ : આપણો સમાજ થોડો આગળ જરુર વધ્યો છે; છતાં આજેય એમાં સ્ત્રીને પુરુષની સરખામણીમાં થોડી કે ઘણી નીચી તો ગણવામાં આવે

જ છે. મોટા ભાગનાં કુટુમ્બમાં દીકરી કરતાં દીકરાનાં માનપાન વધુ અથવા અનેકગણાં વધારે જ જોવા મળે છે. પરીણામે છોકરીના ચીત્તમાં લઘુતાગ્રંથી ઉપરાન્ત ચોક્કસ પ્રકારની અતૃપ્તી પણ ઉદ્ભવે છે. પ્રેમની ઝંખના એ માણસની એક અદ્ભુત અને અતીતીવ્ર કુદરતી વૃત્તી છે, જે વળી બાળકમાં સવીશેષ પ્રમાણમાં પ્રવર્તે છે. વધુમાં, કુટુમ્બની દીકરીને બાપનાં પ્રેમવાત્સલ્ય તો બહુ જ ઓછાં મળે અથવા મુદ્દલેય ન મળે. પરીણામે, ઉમ્મરમાં આવી રહેલી કન્યાને પૈતૃક પ્રેમ(ફાધરલી લવ)ની ઝંખના કે ભુખ અસહ્ય પ્રમાણમાં પીડતી રહે. અત્રે યાદ રાખો કે પુરુષ પરણેલો હોય કે ઉમ્મરમાં ગમે તેટલો વયસ્ક હોય – પચાસ, સાઠ યા સીત્તેર – એંસીનો, એની સેક્સવૃત્તી બહુધા સતેજ જ રહે છે. આ વૈજ્ઞાનીક હકીકતથી મ. ગાંધીજી અજાણ હતા, અથવા તો કદાચ વ્યથીત હતા, માટે જ તેઓએ લગભગ વૃદ્ધવયે ‘બ્રહ્મચર્ય’નો અરુચીકર પ્રયોગ કરવો પડ્યો... ખેર, ગમે તે પુરુષ જ્યારે કોઈ પણ કન્યા કે યુવતીના સમ્પર્કમાં આવે, ત્યારે તે તેના તરફ વીશેષ આત્મીયતાથી, વધુ અને ખાસ મૃદુતાથી, મમતાથી વર્તવા પ્રેરાય જ છે, જેમાં ઉંડે તો સેક્સ જ પ્રેરક બળ હોય છે, જે કુદરતી જ લીલા છે. જેને યાદ હોય, તે મીત્રોની જાણ અર્થે ઉલ્લેખું કે, અહીં જ એક લેખમાં આપણે પુરુષના આવા લગભગ સર્વવ્યાપી વલણ કે અભીગમની ‘કડવી છેડતી અને મીઠી છેડતી’ એવા કોઈક શીર્ષક હેઠળ ચર્ચા કરી જ હતી. આ સમસ્યા સરોજ પાઠકની એક નોંધપાત્ર અને અસાધારણ કથાવસ્તુવાળી વાર્તા, ‘ચકીત, વ્યથીત, ભયભીત’ના સન્દર્ભે જ અહીં ચર્ચી હતી. આજે પણ બરાબર એમ જ બન્યું છે : સરોજ પાઠકની જ, એક એવી જ અસાધારણ તથા સુક્ષ્મ, મનોવૈજ્ઞાનીક કથાવસ્તુ આધારીત વાર્તા જ ચર્ચાનું નીમીત્ત બની છે.

લગ્નેતર પ્રેમસમ્બન્ધ માત્રમાં, મહદંશે સ્ત્રી–પક્ષને જ વધારે, ઘણું વધારે સહન કરવાનું આવે છે, અને એવું જ આ ટીન–એજર કન્યા કે યુવતીના મોટી વયના પરીણીત પુરુષ સાથેના પ્રેમસમ્બન્ધમાં પણ બને છે, જે સરોજ પાઠકે ભારે કૌશલ્ય તથા સુક્ષ્મતાથી ઉક્ત વાર્તામાં નીરુપ્યું છે. મથાળે ટાંકેલ નાયીકાના ઉદ્ગારો એ જ સુચવી જાય છે. ટીન–એજર કન્યાઓ મોટી વયના પરીણીત પુરુષના પ્રેમમાં કેમ પડી જાય છે, એનો ટુંકમાં જ નીર્દેશ કરીને લેખ પુર્ણ કરીએ :

તો એવા પુરુષના મૃદુ, માયાળુ, પ્રેમાળ વર્તન–વ્યવહાર, જે પીતૃવાત્સલ્યની ઝંખના સન્તોષે, ઉપરાન્ત પ્રૌઢ પુરુષની અનુભવી સંવનન કલા તથા કુશળતા એવી બાલાને આકર્ષે, પરાયા કુટુમ્બમાં પ્રેમભર્યું, માનભર્યું સ્થાન પ્રાપ્ત થાય તે એને ખુબ ગમે; કારણ કે પોતાના ઘરમાં તો એનું સ્થાન ગૌણ અને ઉપેક્ષીત જેવું જ હોય, મોંઘેરાં લાડ મળે, સલામતી

મળે, એક મોટા અને કવચીત્ પ્રતીષ્ઠીત પુરુષ ઉપરના પોતાના વર્ચસ્વનો ગર્વ માણવા મળે, ચોરીછુપીથી વીશીષ્ટ આનન્દ મળે, ઘણે અંશે જોઈતા પૈસા કે મોજમજાય મળી જાય વગેરે...

## ભરતવાક્ય

કાલીદાસનાં ત્રણે નાટકોના નાયક પરીણીત જ છે જો કે એમાં ઈર્ષ્યા સીવાય, આવા સુક્ષ્મતર મનોગત પ્રવાહોનો સ્પર્શ નથી. જીજ્ઞાસુએ અંગ્રેજીમાં 'લોલીતા' (નોબોકોવ) અને ગુજરાતીમાં ડૉ. કેશુભાઈ દેસાઈની નવલકથાઓ, ખાસ તો 'શક્ય' વાંચવી.

●

અનુક્રમણીકા

## 37

# એગ્નોસ્ટીસીઝમ એટલે ?

An agnostic may hold that the existence of God, though not impossible, is very improbable. He may even hold it so improbable that is not worth considering in practice. In that case, he is not far removed from atheism. –Bertrand Russell

મારા એક ગાઢ મીત્ર હતા, તેઓને આમ તો ઈશ્વરમાં કશી શ્રદ્ધા બેસે જ નહીં, વધુમાં મારી દલીલોનો પ્રભાવ, એટલે આસ્તીકતા વીશે કશી માનસીક પ્રતીતી પણ થાય નહીં. પરન્તુ તેઓ એવા ગુરુ–વડીલોના પ્રભાવમાં હતા કે, પોતે નાસ્તીક છે એમ તો કહી જ શકતા નહીં. પરીણામે કહેતા કે, હું 'એગ્નોસ્ટીક' (અજ્ઞેયવાદી) છું. ઈશ્વર છે કે નહીં એ વીશે હું વીચારતો જ નથી, અને કશું જાણતો પણ નથી. ત્યારે તેઓના એવા ગભરુ અભીગમને હું વૈચારીક પ્રમાદ કહેતો અને દલીલ કરતો કે : વીચારો, તપાસો, પુરા ઉંડાણથી ચકાસો, સતત ચીંતન–મથામણ કરો, અને પછી પણ કશી તારવણી ન જ મળે, ત્યારે જ કહો કે, હું અજ્ઞેયવાદી છું. (જો કે ગુજરાતીમાં આ શબ્દ પ્રચલીત બની ગયો છે એટલે પ્રયોજું છું, બાકી હું તો 'અજ્ઞાતવાદી' શબ્દ પસંદ કરું; કારણ કે 'જ્ઞેય' તો સૃષ્ટીમાં બધું જ છે, પણ કેટલુંક 'જ્ઞાત' થતું નથી, જાણી શકાતું જ નથી. ખેર, શબ્દ તો જે રુઢ થયો તે ચાલે ! રુઢીઃ શાસ્ત્રાદ્ બલીયસી !)

પણ એથી જુદા અભીગમવાળા કેટલાક મીત્રો વળી એવી દલીલ કરે છે કે જે છે જ નહીં એમ તમે પાકું માનો છો, પછી એનાં ચર્ચા–વીવાદ કરવા જ શા માટે જોઈએ ? આ પણ આમ તો રેશનાલીઝમને હલકું ઠરાવવા, ઉતારી પાડવા, મીથ્યા–બાલીશ પ્રવૃત્તી સીદ્ધ કરવા માટે ફગાવવામાં આવતો અભીપ્રાય છે, વાહીયાત જેવી દલીલ છે; જેનો મારો સચોટ પ્રતીભાવ કે રદીયો એવો છે કે, જે પદાર્થ છે જ નહીં, અને તેમ છતાં તે સમાજમાં ઘોર ઉત્પાત મચાવે છે, અને વીનાશક આપત્તી ઝીંકે છે, એવી કપોળ કલ્પનાની પણ ઉંડી ચર્ચા, દલીલો કરી, વીરોધી તર્કવીવેક વડે તેનો છેદ ઉડાડી જ દેવો જોઈએ; સમાજની સુધારાવાદી કે વૈજ્ઞાનીક પ્રગતીમાં સહાયભુત થવું જોઈએ. દા.ત., પછાત, અજ્ઞાત સમાજોમાં ભુતપ્રેત, ડાકણ, ભુવા, જતી, ને બડવાનો એવો તો પ્રભાવ છે કે, અસંખ્ય નીર્દોષ વ્યક્તીઓ પણ એથી અમાનુષી અત્યાચાર–રીબામણીનો ભોગ બની મરણશરણ થયા છે. ત્યારે શું આપણે એમ કહીને બેસી રહીએ કે, જે છે જ નહીં, એની વળી ચર્ચા જ શી ? અને પછી આદીમ

બાંધવોને દલીલથી, તર્કથી સમજાવવાનો અર્થ જ શો ? અને પછી ચુપ રહેવું, એવા અભીગમને હું પ્રમાદ કે વૈચારીક પ્રમાદ જ કહું. હવે ભુતપ્રેતની જેમ જ, ભગવાન પણ સમ્પુર્ણ કાલ્પનીક, અસત્ય પદાર્થ છે, તેમ છતાંય વર્તમાન જગતમાં તે કેવો અને કેટકેટલી જાતનો હાહાકાર મચાવે છે, માનવજાતને ભયંકર, વીનાશક હાની પહોંચાડે છે, ત્યારે 'ઈશ્વર છે કે નહીં, એ વીશે હું કશું જ જાણતો નથી, પછી મારે કરવાનું જ શું હોય ? એમ માની શાંત બેસી રહેનારને સમાજનો અપરાધી જ ગણવો રહ્યો. કારણ કે પોતાના સમાજ બાંધવોને જુઠી માન્યતાઓ તથા અનાવશ્યક આપત્તીઓમાંથી છોડાવવાનો યથાશક્તી પ્રયત્ન કરવો, એ જાગ્રત નાગરીક તરીકે સર્વની સ્વયંપ્રાપ્ત(નાગરીકી) ફરજ છે.

હવે જે છે જ નહીં, એવા ઈશ્વરની માન્યતાના સ્વીકારથી સમાજને થતી હાની ફક્ત નામોલ્લેખથી જ, ટુંકમાં જ ચીંધી લઈએ : ભવ્ય, અતીસમૃદ્ધ તથા દોલતના દુરુપયોગ કરતા પાખંડી ગુરુઓ તથા આશ્રમોના અનાચારો–દુરાચારો, જ્યારે 70 ટકા ભારતીય પ્રજાજનોને પેટ પુરતું ખાવાનુંય નથી મળતું, અને માથે છાપરા વીના, 30 ટકા માણસો, કુમળાં બાળકો સહીત ઉઘાડા આભ નીચે પડી રહે છે, ત્યારે અબજોના મન્દીરો ને છપ્પનભોગના ભોગવીલાસ, બગાડ, યાત્રાળુઓ, પદયાત્રાળુઓની નીરર્થક તથા જોખમી ભીડ, ધક્કામુક્કી, કચડાતફડી અને સંખ્યાબંધ મોત, બાલદીક્ષાઓ અને જાહેર માર્ગો રુંધતા ભવ્ય વરઘોડા, છેતરપીંડી અને શોષણ, બેફામ ખર્ચા, દાબદબાણ અને ધાકધમકી, પ્રાર્થનાઓમાં સમયનો મીથ્યા બગાડ, ઉત્સવોના ઢોલનગારાં, પ્રદુષણ અને ધ્વનીપ્રદુષણ, ચમત્કારો તથા મંત્રતંત્રનો પ્રભાવ, લુચ્ચા ઢોંગી બાવાઓનાં ટોળાં અને ભીખારીઓના ઝુંડ, ઉંચનીચના ભેદ... વગેરે વગેરે અસંખ્ય અનીષ્ટો ઈશ્વરના નામે વ્યાપક છે અને માનવજાતની સુખ–આનન્દ પ્રતીની વૈજ્ઞાનીક પ્રગતીને રુંધી રહ્યાં છે. ત્યારે એગ્નોસ્ટીક બની જઈ, ચુપ રહેવું, એ ગુનો જ ગણાય છે !

માટે ઉપર ટાંકેલ રસેલના વીધાનમાંથી જે સાચો બોધ ગ્રહણ કરવાનો છે તે તો એ છે કે, ઈશ્વરની વીભાવના એ વ્યવહાર વીચારવા જેવી વસ્તુ કે એવો મુદ્દો જ નથી, એમ માનવું એ લગભગ નાસ્તીકતા કે નીરીશ્વરવાદ જ છે; તેમ છતાં ભલે એને વીચારવા યોગ્ય મુદ્દો ન ગણીએ તો પણ, એવી જુઠ્ઠી માન્યતાના પ્રભાવ તથા વ્યાપકતાને પરીણામે થઈ રહેલી અપરમ્પાર હાની તથા ગુજારાતી અસહ્ય યાતનાઓનો સામનો તો કરવો જ પડે, જે આપણી ફરજ બની રહે છે. એક અન્ય મુદ્દોય સ્પષ્ટ થઈ જવો ઘટે કે, રસેલ સીદ્ધ કરે છે તેમ, પાકો અજ્ઞેયવાદી લગભગ નાસ્તીક જેવો જ હોય; તે ફક્ત નીર્ણયાત્મક તારણ કાઢતાં પુર્વે તમામ દીશાએથી વીચારે છે, ઉંડુ ચીન્તન કરે છે અને સંતોષકારક નીર્ણય પર ન અવાય, ત્યાં સુધી

સામા પક્ષની દલીલને પણ ધ્યાનમાં લે છે. મતલબ કે, એગ્નોસ્ટીક–અજ્ઞેયવાદી વ્યક્તી કદાચ સવાઈ નાસ્તીક, નીરીશ્વરવાદી હોઈ શકે, અને વળી, ઈશ્વરના અસ્તીત્વ જેવા કેટલાય મુદ્દા જ એટલી હદે કપોળકલ્પીત હોય છે કે, આખરી નીર્ણય પર આવતાં જ આખી જીન્દગી ગુજરી જાય !... અલબત્ત, આવો અભીગમ વધુ પડતી સજાગતા કહેવાય; કારણ કે ઈશ્વરની હસ્તી વીરુદ્ધના પુરાવા તથા તર્ક–દલીલ એટલાં બધાં વધારે, અસંખ્ય તથા એવા તો સચોટ, સબળ છે કે વીવેકબુદ્ધી ધરાવતી વ્યક્તીને અંગત રીતે નીરીશ્વરવાદી નીર્ણય પર આવતાં ખાસ અવઢવ કે દ્વીધા રહી જવાનો ભાગ્યે જ સંભવ પ્રગટે. પછી તો સવાલ કેવળ શબ્દ પ્રયોગનો જ રહે : અર્થાત્ કોઈ પોતાને પ્રતીતીપુર્વક કે મુલ્યાંકનથી નીરીશ્વરવાદી–નાસ્તીક લેખાવે, તો અન્ય કોઈ વળી વધુ ને વધુ વીચાર–ચીન્તન, તર્ક, પ્રયોગ આદીનો ખ્યાલ રાખી પોતાને એગ્નોસ્ટીક–અજ્ઞેયવાદી તરીકે ઓળખાવે. બાકી ઉભયનો ઈશ્વર પ્રત્યેનો અભીગમ યા વર્તાવ એકસરખો જ રહેતો હોઈ, બન્ને ને નીરીશ્વરવાદી જ લેખાવવા રહે. આ વીધાનની સ્પષ્ટતાય કરી લઉં કે, જેમ નાસ્તીક વ્યક્તી ઈશ્વર પ્રત્યે પાઠપુજા, ભક્તીભજન, દર્શનજાત્રા, બાધા–આખડી કે શ્રદ્ધા–આદર ધરાવતો નથી; બરાબર એવો જ વ્યવહાર–વ્યાપાર એગ્નોસ્ટીકનો પણ હોય છે, હોવો જ જોઈએ, જોવા મળે જ છે.

હકીકતે, નાસ્તીકતા (atheism) ને બદલે અજ્ઞેયવાદ (agnosticism) શબ્દ ચોક્કસ સન્દર્ભે વધુ ઉચીત ઠરે–એવો વીચાર મુળમાં, 1969માં પ્રો. થોમસ હક્ઝલીને આવેલો; જેનું કારણ તે જણાવે છે એ પ્રમાણે, એવું હતું કે ધર્માચાર્યો કે ધર્મજ્ઞ પુરુષો પોતાને ‘ગ્નોસ્ટીક’ (જ્ઞાતા) કહેવડાવતા અને પોતે સર્વજ્ઞ છે, વીશ્વની સર્વેસર્વા બાબતને, ગતીવીધીઓને, અસ્તીત્વોને તેમ જ સીદ્ધાન્તોને પોતે પુરેપુરા સત્યપુર્વક જાણે છે, એવો દાવો કરતા, અર્થાત્ એવી તેવી બડાશો તેઓ હાંક્યે રાખતા. પ્રો. હક્ઝલી કહે છે કે, ખરેખર તો જે સત્ય કોઈ જ જાણી શકતું નથી, જે હું પણ નથી જાણતો, સમગ્ર માનવજાત હકીકતે જે બાબતે અજ્ઞાન છે; એના જાણતલ હોવાનો દાવો કરવો, તેને બદલે એમ સ્વીકારવું કે આવું કશું અસ્તીત્વ ધરાવતું હોવાની કશી, રજમાત્રેય ભુમીકા જ નથી; માટે તે વીશે કંઈ જ જાણી શકાય નહીં, એવી માનવીય મર્યાદા સ્વીકારી લઈ, પોતાની સત્ય અવસ્થા કે મનોદશા માટે ‘એગ્નોસ્ટીક’ એવું વીશેષણ ધારણ કરવું. આમ પ્રો. થોમસ હક્ઝલીએ જ આ શબ્દપ્રયોગ સર્જ્યો, અર્થાત્ સંશયવાદી અભીગમ માટે એક અર્થસુચક શબ્દ તેઓએ જ કોઈને કર્યો.

પ્રો. હક્ઝલી આ સન્દર્ભે વધુમાં લખે છે કે, ‘આ બ્રહ્માંડમાં અનેકાનેક વસ્તુઓ એવી છે કે જેને વીશે, ‘હું એ બરાબર સત્યપુર્વક જાણું છું’ – એવો દાવો કરવો અનુચીત બની રહે. જ્યાં સુધી તર્કવીવેકથી યા ઈન્દ્રીયગોચર પુરાવાથી વસ્તુ સત્ય સીદ્ધ ન થાય; ત્યાં

સુધી એની તપાસ–ચકાસણી, ચીન્તન–મનન ચાલુ જ રાખવાં, એ છે એગ્નોસ્ટીસીઝમનો વ્યાપાર તથા મર્મ. પ્રો. હક્ઝલી જણાવે છે કે, આ સીદ્ધાન્ત કોઈ મારો મૌલીક કે નવો નથી જ, સદીઓથી, યુગોથી સત્યના સાધકો આ જ સીદ્ધાન્તનો પુરસ્કાર કરી રહ્યા છે. દા.ત., સોક્રેટીસ કહેતો કે, 'પ્રત્યેક ચીજોને પુરી તપાસો, ચકાસો અને પછી જે 'સાચી' અને સારી લાગે એને દઢતાપુર્વક વળગી રહો !' ડેસ્કાર્ટીસે પણ આ જ સીદ્ધાન્તને કેન્દ્રમાં રાખી, પોતાની ચીન્તનયાત્રા ચલાવેલી. સમાજસુધારા યા ધર્મસુધારાના આંદોલનો પાછળનું પ્રેરકબળ પણ આ જ સીદ્ધાન્તને લેખાવી શકાય... શ્રદ્ધા હાનીકર્તા એવી નકામી ચીજ છે, અને મેન્કેન કહે છે તેમ, 'ધર્મો સત્યનો એક અંશ પણ જાણ્યા વીના જ, શ્રદ્ધા સેવ્યા કરે છે. એથી ધર્મ–ધર્મ વચ્ચેનો ભેદ એ હકીકતે તો અજ્ઞાનની માત્રા તથા પ્રકારનો જ ભેદ છે.'

## ભરત વાક્ય

In spite of all the yearnings of men, no one can produce a single fact or reason to support the belief in god and in personal immorality.

–Clarences Darrow

●

અનુક્રમણીકા

i

## આભાર વ્યક્ત કરવાનો અવસર

–જમનાદાસ કોટેચા

રૅશનાલીઝમની પ્રવૃત્તી વીકસાવવામાં માનવન્તા વાચકમીત્રોનો ફાળો નાનોસુનો નથી. આ અગાઉ પ્રગટ થઈ ચુકેલાં મારાં પાંત્રીસેક જેટલાં પુસ્તકો, મોટાભાગના વાચકમીત્રો પાસે હોવા પછી પણ અને હોવા છતાં પણ તેઓ અવારનવાર પોતાના મીત્રો, સ્નેહીજનો તેમ જ સ્વજનો અથવા તો પોતાની પસન્દગીની સ્કુલો, કૉલેજો, લાયબ્રેરીઓને પોતાના તરફથી ભેટ આપવા માટે, અત્યન્ત મામુલી દરે અમારું સાહીત્ય અમે આપતા હોવાથી મંગાવતા રહેતા હોય છે.

આવા તમામ બીરાદરોને અમારા તાજેતરના પ્રકાશીત થયેલાં પુસ્તકો અમે વીનામુલ્યે સપ્રેમ ભેટ આપી શકીએ એટલા ખાતર, આર્થીક રીતે સમ્પન્ન એવા રૅશનાલીઝમની અમારી આ પ્રવૃત્તીના કદરદાન ગુણીજનો તરફથી, અમને આર્થીક પ્રોત્સાહન મળતું રહે છે.

અને તે અન્વયે અમે ‘લીખીતંગ’, ‘સામાપુરનો તરવૈયો’, ‘રૅશનાલીઝમની રાહે’, ‘રૅશનાલીઝમ : મારી દૃષ્ટીએ’ (પહેલા વર્ષે પહેલી આવૃત્તી તેમ જ બીજા વર્ષે બીજી આવૃત્તી– એમ) ફ્રી મોકલતા રહ્યા છીએ.

એ જ કેડીએ અમારી સફર આગળ વધારવામાં આ પુસ્તક ‘વીવેક–વલ્લભ’ દ્વારા શ્રી. વલ્લભભાઈ ઈટાલીયા આગળ આવ્યા છે, તે બદલ સમગ્ર રૅશનાલીઝમ આલમ વતી શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાનો આભાર માનવાનો અવસર પ્રાપ્ત થતાં, હું અનહદ આનન્દની લાગણી અનુભવી રહ્યો છું.

સમજી શકાશે કે આ પુસ્તકના લેખક શ્રી. રમણ પાઠકના, પ્રાયોજક શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાના, સમ્પાદક શ્રી. સુનીલ શાહના આપ્તજનો તથા રૅશનાલીઝમના ક્ષેત્રે મારા કદમની સાથે કદમ મીલાવીને ચાલ્યા છે અને ચાલે છે એવા સુજ્ઞ રૅશનાલીસ્ટમીત્રો, લેખકમીત્રો તેમ જ અખબાર અને સાહીત્યજગતના મીત્રોને આ પુસ્તક સપ્રેમ ભેટ આપી શકવા શ્રી. વલ્લભભાઈ ઈટાલીયાના સૌજન્યથી અમે સમર્થ બન્યા છીએ.

આ પુસ્તક ‘વીવેક–વલ્લભ’ની પાછળ જ ‘રૅશનાલીઝમના રંગ’ નામનો પ્રા. રમણ પાઠકના ચુનન્દા અને ચુંટેલા ચીન્તનાત્મક લેખોનો બીજો સંગ્રહ શ્રી. સુનીલ શાહના સૌજન્યથી ‘ઉંઝા જોડણી’માં આવી રહ્યો છે. તેમ જ લોકોની ધાર્મીક લાગણી, ધર્મ ભાવના, શ્રદ્ધા તેમ જ ઈશ્વર પ્રત્યેની આસ્થાને બીલકુલ વચમાં લાવ્યા વગર કે એવી કોઈ જ

ચર્ચામાં ઉતર્યા વગર માત્ર અને માત્ર અન્ધશ્રદ્ધા, વહેમ અને લોકોનું ચમત્કાર તરફી જે માનસ છે, તેમાં આજની શીક્ષીત મહીલાઓના ‘રૅશનાલીઝમ’ અંગેના વીચારોને પ્રાધાન્ય આપીને, વૈજ્ઞાનીક વીચારસરણીનો ફેલાવો વધારવાના એકમાત્ર તટસ્થતાપુર્ણ હેતુસર લોકકલ્યાણકારી અને જનહીતકારક પ્રયાસરુપે, નીષ્ઠાપુર્વક ‘રૅશનાલીઝમ : મારી દૃષ્ટીએ’ની સફળતાપુર્વક બે આવૃત્તીઓ પ્રગટ કર્યા પછી, આ વખતે સ્કુલો, કૉલેજો, લાયબ્રેરીઓ ઉપરાન્ત હૉસ્પીટલો, ડૉક્ટરો તેમ જ ધર્મસંસ્થાનોને ભારે આદર અને નમ્રતાપુર્વક સપ્રેમ ભેટ આપવા ખાતર ત્રીજી આવૃત્તી અમે પ્રગટ કરી રહ્યા છીએ.

સમગ્ર જનસમાજમાંથી નીમન્ત્રણ આપીને મંગાવેલા આશરે 85 જેટલા માનવન્તા લેખકો અને લેખીકાબહેનોનાં લખાણોથી સમૃદ્ધ બનેલું એવું આ પુસ્તક, : ‘રૅશનાલીઝમ : મારી દૃષ્ટીએ’, તાત્ત્વીક રીતે જોઈએ તો આપ સૌના વીચારોનું જ પ્રતીનીધીત્વ કરે છે. અને તેથી જ આ પુસ્તકનો વધુ ને વધુ બહોળો પ્રચાર થઈ શકે તે માટે આપના આર્થીક યોગદાન માટેની અમારી આ જાહેર અપીલ છે. આશા રાખું છું કે ત્રીજી અને ત્યાર પછી ચોથી... પાંચમી... એમ આવૃત્તીઓ પ્રગટ કરી શકું તે માટે આપના તરફથી ઉમળકાભર્યો સહયોગ મળી રહેશે.

–જમનાદાસ કોટેચા

(અફસોસ કે ભાઈ જમનાદાસ કોટેચા હવે હયાત નથી..)

●

અનુક્રમણીકા

## રમણ પાઠક 'વાચસ્પતી'નું સર્જન–ચીન્તન

| | | |
|---|---|---|
| વાર્તાસંગ્રહ | : | સબસે ઉંચી પ્રેમસગાઈ, પ્રીત બંધાણી, અકસ્માતના આકાર, વાચસ્પતીની શ્રેષ્ઠ વાર્તાઓ. |
| નવલકથા | : | ઓથાર. |
| હાસ્યસંગ્રહો | : | વ્યંગવાઙ્મય, હાસ્યલોક, હાસ્યોપનીષદ્, હાસ્યરમણા, વાચસ્પતીની વ્યંગ્યવાચા, રમણપાઠકની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ. |
| વીવેચન | : | વાર્તાવીલોક, શબ્દનો સંગ, ડૉ. કેશુભાઈની નવ નવલકથાઓ. |
| ચીંતનાત્મક નીબન્ધસંગ્રહો | : | આક્રોશ, રમણભ્રમણ, પ્રતીકાર, આંસુ અનરાધાર, પ્રકોપ, પડકાર, સત્યપ્રકાશ, સત્યપ્રમાણ, સત્યદર્શન, વીચારવીવેક, વીચારમાધુરી, વીચારદર્શન, ચીન્તનદર્શન, જીવનદર્શન, મનનદર્શન, ઉંડા અન્ધારેથી, સ્વપ્નસંકેત, મધુપર્ક (સંપાદક : રજનીકુમાર પંડ્યા), સંશયની સાધના, આનન્દની આરાધના, વીવેક–વલ્લભ, આચારી સબ જગ મીલા (સંકલન), ઉજાસનાં એંધાણ, રેશનાલીઝમની રાહે, નીબન્ધલોક (લલીત નીબન્ધો). |
| જીવનકથા | : | અતીતના આયનાની આરપાર. |
| સેક્સ | : | કામકલા–કામવીજ્ઞાન. |

સમ્પાદન : રજનીકુમાર પંડ્યાની શ્રેષ્ઠ વાર્તાઓ, નીજાનન્દે હમ્મેશાં રામ (લક્ષ્મીરામ પાઠકનો કાવ્ય સંગ્રહ), સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ (દી. જાડેજા સાથે), સરોજ પાઠકની પ્રતીનીધી વાર્તાઓ (ભારતી રાણે સાથે), ગની દહીંવાલાનાં કાવ્યો (સરોજ પાઠક સાથે), રમણભાઈ નીલકંઠની શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ, ભગવતીકુમાર શર્માની શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ.

અનુવાદ : ટોકીયોથી ઈમ્ફાલ, ધીરે વહે છે દોન – ભાગ–2, ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ (ડૉ. જયન્ત પાઠક સાથે), હું કેમ નીરીશ્વરવાદી છું ? – ભગતસીંહ, મનમહાસાગરની તરંગલીલા (એરીક હોફરનાં સુવાક્યો).

ભાષાવીજ્ઞાન : ભાષાસીદ્ધાન્તસાર, ગુજરાતી લીપી અને જોડણી.

ઈતર : રમણલોક (ષષ્ટીપુર્તી પ્રકાશન), રમણીયમ્ – (અમૃતમહોત્સવ પ્રસંગે, સમ્પાદકઃ રજનીકુમાર પંડ્યા), સામા પુરનો તરવૈયો (જીવનઝલક લેખક –જમનાદાસ કોટેચા), સરોજ પાઠક (ગુજરાતી સાહીત્યેર ઉપેક્ષીતો).

## ....શ્રી વલ્લભભાઈને....

તમે કર્યું તે કર્યું છે જ અલ્પે,
ન ભાર, ના ગર્વ, પ્રદર્શનેય ના;
શાન્તીભરી સ્વસ્થ વીનમ્રતાથી,
'વીવેકબુદ્ધી' જનમાં પ્રસારતા !
–એક અજ્ઞાત કવી

અનુક્રમણીકા

iii

## અન્તીમ ટાઈટલ પેજ



# સન્માનનીય વીશ્વનાગરીક

♦ રમણ પાઠક ♦



પોતાની ક્રાન્તીકારી લેખનશૈલી અને અનોખી વૈચારીક રજુઆતથી રમણભાઈ પાઠક બધી જ હદો વીસ્તારીને આજે એક સન્માનનીય વીશ્વનાગરીક બન્યા છે. પાઠક સાહેબે તેમનાં લખાણોમાં રૅશનાલીઝમની કેવળ વીચારસરણી જ નહીં; બલકે એક જીવનવ્યવસ્થા તરીકે, એનાં તમામેતમામ પાસાંની ઉંડાણપુર્વકની તથા અભ્યાસપુર્વકની વ્યાપક ચર્ચા કરી છે : જે ગુજરાતમાં અગાઉ કોઈએ જ કરી નથી. રમણભાઈની કલમ સતત સામાજીક સુધારાઓ માટે વહેતી રહી છે. એમની લેખનપ્રવૃત્તીમાં રૅશનાલીઝમનો પ્રચાર જ મુખ્ય બાબત રહી છે. દુનીયાના લગભગ દરેકે દરેક વીષયમાં એમને રસ અને જાણકારી, જાણે એક 'હરતી ફરતી લાયબ્રેરી' !

પરમ્પરાને આંખો મીંચીને સ્વીકારે એ રમણભાઈ નહીં; પડકારે એ જ રમણભાઈ! રમણભાઈ પ્રવાહને પારખીને તેની દીશામાં તરનારા માણસ નથી; પરન્તુ વીવેકબુદ્ધીના તરાપા પર, પ્રવાહની વીરુદ્ધમાં તરનારા માણસ છે. (–અને તેથી જ રમણભાઈને 'સામાપુરનો તરવૈયો' કહીને ઓળખાવ્યા છે, તે યથાર્થ પુરવાર થાય છે.)

હળાહળ પ્રદુષણયુક્ત વાતાવરણમાં આટલા પ્રામાણીક, સાચકલા અને તન્તોતન્ત લાગણીથી લથબથ એવા માણસને દીવો લઈને શોધવા નીકળવું પડે ! ઓગણીસમી સદીમાં સુરતને નર્મદની જેટલી જરુર, એટલી વીસમી સદીમાં ગુજરાતને રમણભાઈની જરુર !

–વલ્લભભાઈ ઈટાલીયા

('લોક સમર્થન'માંથી ટુંકાવીને : સાભાર.. )

●સમાપ્ત●

..અનુક્રમણીકા..